ગ્રન્થાંક ૭૨

શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ વિરચિતં

# ભાષ્યત્રયમ્

(સાર્થ)

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના
આરાધક જિજ્ઞાસુઓ માટે

અત્યંત ઉપયોગી ગ્રન્થ

: પ્રકાશક :
(સદ્‌ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)
શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
અને
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા

કિંમત રૂા. ૪૬=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ.

सम्यग्-दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।

શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ વિરચિતં

# ભાષ્યત્રયમ્

## [સાર્થ]

દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના
આરાધક જિજ્ઞાસુઓ માટે
અત્યંત ઉપયોગી ગ્રન્થ


: પ્રકાશક :

(સદ્ગત શેઠશ્રી વેણીચંદ સુરચંદ સંસ્થાપિત)

**શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**

અને

**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા**

વીર સં. ૨૫૩૩ ઈ. સ. ૨૦૦૬ વિ. સં. ૨૦૬૩

આવૃત્તિ ૮મી નકલ ૩૦૦૦

કિંમત : રૂા. ૪૬=૦૦

છાપેલી કિંમતથી વધારે કિંમત લેવી નહિ

# પ્રકાશકીય નિવેદન

૧ ભાષ્યત્રયમ્‌ની આ અગાઉ સાત આવૃત્તિઓ બહાર પડી ચૂકી છે સાતમી આવૃત્તિની ૩૦૦૦ નકલ ખલાસ થતાં આ આઠમી આવૃત્તિની ૩૦૦૦ નકલ જૈન સમાજ સમક્ષ મૂકતાં અમને અત્યંત હર્ષ થાય છે. તેમજ આ ગ્રંથ સર્વ કોઇને વધારે ઉપકારક બનશે એમ ઇચ્છીએ છીએ.

૨ વિધિમાર્ગના અનુભવીઓને આ ગ્રંથના ભાવાર્થમાં કોઇ સ્થાને ભૂલ અથવા વિપરીતપણું જણાય તો તેઓ અમને લખીને મોકલશે એવી વિનંતિ છે. જેથી આગામી આવૃત્તિમાં સુધારી શકાય.

૩ આ ગ્રંથના પ્રકાશનમાં પ્રેસ દોષાદિના કારણે પ્રુફ આદિ જોવામાં જે કોઇ ક્ષતિઓ અગર ત્રુટિઓ રહી ગઇ હોય તે સુધારીને વાંચવા વિનંતિ તેમજ અમને જણાવવાથી આગામી આવૃત્તિઓમાં સુધારી શકાય.

૪ સારા કાગળ, સુંદર છપાઇ, તથા પાકું બાઇન્ડીંગ હોવા છતાં સંસ્થાના ઉદ્દેશ મુજબ કિંમત ઓછી રાખવામાં આવેલ છે.

મહેસાણા
૨૦૬૩ માગસર

લિ.
**ડૉ. શ્રી મફતલાલ જે. શાહ**
ઓનરરી સેક્રેટરી

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**<br>**સ્ટેશન રોડ,**<br>**મહેસાણા - ૩૮૪૦૦૧**<br>ફોન : (૦૨૭૬૨) ૨૨૨૯૨૭ | **શ્રી જૈન શ્રેયસ્કર મંડળ**<br>**બાબુ બિલ્ડીંગ,**<br>**પાલીતાણા, સૌરાષ્ટ્ર**<br>**પીન - ૩૬૪૨૭૦** |


: મુદ્રક :

**ભરત પ્રિન્ટરી**

**કાંતિલાલ ડી. શાહ**

ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, **અમદાવાદ-૧.**

**ફોન : ૨૨૧૬૪૭૯૮**

# પ્રસ્તાવના

શ્રી જૈનદર્શનમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણ તત્ત્વ પ્રસિદ્ધ છે, તે જ ત્રણ તત્ત્વને આદરપૂર્વક આરાધવાની વિધિરૂપ શ્રી **દેવેન્દ્રસૂરીશ્વરજીએ** આ ગ્રંથમાં કહેલ **ત્રણ ભાષ્ય** રચ્યાં છે. તેમાં **ચૈત્યવંદન ભાષ્ય** દેવતત્વરૂપ છે, કારણ કે એમાં શ્રી અરિહંતદેવને વંદના કરવાનો વિધિ ચોવીસ દ્વારોથી દર્શાવેલો છે. **ગુરુવંદન ભાષ્ય** ગુરુતત્ત્વના સ્વરૂપવાળું છે, કારણ કે એમાં ગુરુને વંદના કરવાનો વિધિ દર્શાવ્યો છે અને **પ્રત્યાખ્યાન ભાષ્ય** ધર્મતત્ત્વરૂપ છે, કારણ કે સાધુનો સર્વવિરતિધર્મ મૂળગુણથી અને ઉત્તરગુણથી એમ બે પ્રકારનો છે. તેમાં પાંચ મહાવ્રત તે મૂળ ગુણ ધર્મ. અને પિંડવિશુદ્ધિ આદિ (આહાર વિધિ વગેરેના) આચાર તે ઉત્તરગુણ ધર્મ. તેમજ શ્રાવકના દેશવિરતિ ધર્મમાં પણ પાંચ અણુવ્રત તે મૂળગુણ ધર્મ અને શેષ ૭ વ્રત તે ઉત્તરગુણ ધર્મ છે. ત્યાં આ પ્રત્યાખ્યાન ભાષ્યમાં કહેલ ૧૦ પ્રકારનાં કાળ-પ્રત્યાખ્યાનો તે સાધુનો અને શ્રાવકનો ઉત્તરગુણ ધર્મ છે. માટે પ્રત્યાખ્યાનભાષ્ય ધર્મતત્ત્વરૂપ છે.

આ ભાષ્યોમાં દેવવંદનવિધિ, ગુરુવંદનવિધિ અને પ્રત્યાખ્યાનવિધિ દર્શાવેલા હોવાથી આ ગ્રન્થ વિધિ-માર્ગનો અથવા ક્રિયા-માર્ગનો ગ્રન્થ ગણાય.

આ ગ્રંથમાં ચૈત્યવંદન સૂત્રો, દ્વાદશાવર્ત-વંદનસૂત્ર અને પ્રત્યાખ્યાનના આલાપકો કહ્યા નથી તે પ્રતિક્રમણ વગેરે ગ્રન્થોમાં છપાઈ ગયેલા હોવાથી પ્રસિદ્ધ છે. માટે તેમાંથી જાણી લેવા.

चैत्यवंदन-भाष्यमां-નામજિન-સ્થાપનાજિન (એક ચૈત્યની પ્રતિમા) દ્રવ્યજિન-ભાવજિન-ત્રણે લોકની સર્વ પ્રતિમા, વર્તમાનમાં વિચરતા જિનેશ્વરો-(પ્રસંગે) શ્રુતજ્ઞાન, સર્વસિદ્ધ-વર્તમાનશાસનના નાયક-ગિરનાર તીર્થ-અને અષ્ટાપદ વગેરે તીર્થ એ ૧૧ ને વંદના-નમસ્કાર અને તે ઉપરાંત શાસનરક્ષક સમ્યગ્-દૃષ્ટિ દેવદેવીનું સ્મરણ. એ ૧૨ વિષય મુખ્ય છે કે જેને ગ્રન્થકર્તાએ ૪૧ થી ૪૫ મી ગાથા સુધીમાં ૧૨ અધિકારરૂપે સ્પષ્ટ

દર્શાવ્યા છે અને પ્રસંગથી બીજી અનેક વિધિઓ ૨૪ દ્વારના ૨૦૭૪ બોલથી-પ્રતિભેદથી દર્શાવી છે.

गुरुवंदन-ભાષ્યમાં-આચાર્ય શ્રી આદિ પદવીધર મુનિમહારાજની ૧૨ આવર્તવાળા વંદનથી વંદના કરવાનો વિધિ મુખ્ય દર્શાવ્યો છે. અને પ્રસંગે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘમાં પરસ્પર વંદનનો વિધિ, વંદનાનો સમય ઇત્યાદિ અનેક વિધિઓ ૨૨ દ્વારના ૪૯૨ પ્રતિભેદથી દર્શાવી છે.

प्रत्याख्यान-ભાષ્યમાં-નમુક્કારસહિયં આદિ ૧૦ પ્રકારના કાળ પ્રત્યાખ્યાનનો મુખ્ય વિષય છે, અને તે પ્રસંગે ચાર પ્રકારનો આહાર, બાવીસ પ્રકારના આગાર-અપવાદ, ભક્ષ્ય-અભક્ષ્ય વિગઇઓ, ભક્ષ્ય વિગઇનાં નીવિયાતાં અને પ્રત્યાખ્યાનના પ્રકાર આદિ અનેક પ્રકારનું સ્વરૂપ દર્શાવ્યું છે આ ભાષ્યનો વિષય પ્રથમના બે કરતાં કઠિન છે.

આ ત્રણે ભાષ્યનો વિષય ગ્રન્થકર્તાએ શ્રી આવશ્યક-સૂત્રની ચૂર્ણિ, નિર્યુક્તિ અને ભાષ્ય વગેરે સિદ્ધાન્તોમાંથી અતિ સંક્ષેપમાં ઉદ્ધર્યો છે. જેથી અભ્યાસીઓને અતિ સુગમતાવાળો છે.

વર્તમાન સમયમાં તો વિધિવાદના એ ત્રણે વિષયને અંગે પઠન-પાઠન કરવા યોગ્ય આ જ ગ્રન્થ ઉપલબ્ધ થાય છે, એ ત્રણે ભાષ્યની અવચૂરિ પંદરમા સૈકામાં થયેલા અતિપ્રસિદ્ધ આચાર્ય શ્રી **સોમસુંદરસૂરિજી**એ રચી છે તથા ચૈત્યવંદન વિધિના સંબંધમાં તો આ ભાષ્યની પૂર્વે આચાર્ય શ્રી **શાન્તિસૂરિજી**એ ચૈત્યવંદન સૂત્રો સહિત ૯૧૦ ગાથાઓનો "चेइयवंदण महाभास" નામનો ગ્રન્થ રચેલો છે. તે ત્રણેય ભાષ્યની અવચૂરિ તથા ચેઇયવંદણ મહાભાસ એ બન્ને છપાઇને પ્રસિદ્ધ પણ થયા છે.

શ્રી **જ્ઞાનવિમળસૂરીશ્વરજી**એ આ ત્રણે ભાષ્યનો બાલાવબોધ (ભાષા અર્થ) લખેલો છે તથા ચૈત્યવંદન ભાષ્યની સંઘાચારવૃત્તિ આચાર્ય **દેવેન્દ્રસૂરિજી**ના શિષ્ય શ્રી **ધર્મઘોષસૂરિજી**એ રચી છે.

આ ભાષ્યોનો અર્થ લખવામાં શ્રી આવશ્યક-નિર્યુક્તિ, આવશ્યકવૃત્તિ પંચાશક, પ્રવચનસારોદ્ધારવૃત્તિ, ધર્મસંગ્રહવૃત્તિ-ઇત્યાદિ ગ્રન્થોની તેમજ ચૈત્યવંદન ભાષ્યનો અર્થ લખવામાં ચેઈયવંદણ મહાભાસ વગેરેની સહાય લીધી છે.

શ્રી તપગચ્છરૂપી ગંગા-પ્રવાહને હિમાલય તુલ્ય શ્રીમદ્ **જગચ્ચંદ્રસૂરિજી મ.** કે જેમને આયંબિલ તપના પ્રભાવથી વશ થઈ **ચિતોડના રાણાએ 'તપા'** એવું બિરુદ આપ્યું (જેથી તપગચ્છ નામ પડ્યું) અને તે રાણાની સભામાં દિગંબરાચાર્યો સાથે વાદ કરતાં હીરા પેઠે અભેદ્ય રહ્યાથી જેમને **હીરલા જગચ્ચંદ્રસૂરિજી** એવું પણ બિરૂદ **રાણાશ્રી**એ આપ્યું હતું તેમના શિષ્ય શ્રીમદ્ **દેવેન્દ્રસૂરિજી**એ ત્રણ ભાષ્યાત્મક આ ગ્રન્થ રચેલો છે.

ઉક્ત મહાત્માએ આ સિવાય વંદારુવૃત્તિ, સારવૃત્તિદશા, કર્મગ્રન્થ તપાસ્તમોપહા, સિદ્ધપંચાશિકા, શ્રાદ્ધદિનકૃત્યસૂત્ર અને વૃત્તિ, ધર્મરત્નવૃત્તિ, નવીનકર્મગ્રંથપાંચ વૃત્તિ સહિત, સિદ્ધદંડિકાસ્તવ, સુદર્શનચરિત્ર, સિરિઉસહવદ્ધમાણ પ્રમુખ સ્તવનો વગેરે અનેક ગ્રન્થો બનાવી મહદ્ ઉપકાર કર્યો છે.

તેમને **'વિદ્યાનંદ'** અને **'ધર્મકીર્તિ'** ઉપાધ્યાય નામના બે શિષ્યો હતા. ઉપા. શ્રી ધર્મકીર્તિને પાછળથી સૂરિપદ મળ્યું ત્યારે તેમનું આચાર્ય શ્રી **'ધર્મઘોષસૂરિ'** એવું નામ પડ્યું. તેઓ શ્રી **દેવેન્દ્રસૂરિજી**ની પાટે આવ્યા.

તેમણે પણ શત્રુંજયાદિ તીર્થનાં કાવ્યો, ચોવીસ જિનસ્તુતિ, નંદી સ્તુતિ, સ્વગુરુકૃત-ચૈત્ય૦ ભાષ્યની વૃત્તિ (સંઘાચાર નામની) વગેરે સંસ્કૃત ગ્રંથો તથા કેટલાએક પ્રાકૃત પ્રકરણો અવચૂરિ સાથેનાં બનાવેલાં છે.

**પ્રકાશક** -

# १ श्री चैत्य-वन्दन-भाष्यम्

वंदित्तु[३] वंदणिज्जे[१] सव्वे[२] चिइ-वंदणाऽऽइसु[५]-वियारं ।
बहु-वित्ति-भास[४]-चुण्णि-सुयाऽणुसारेण वुच्छामि[६] ।।१।।

दहतिग[१] अहिगमपणगं[२] दुदिसि[३] तिहुग्गह[४] तिहाउ[५] वंदणया[६]।
पणिवाय[७] नमुक्कारा[८] वन्ना[११] सोलसय[९]-सयाला[१०] ।।२।।

इगसीइसयं[१२] तु पया[१३] सगनउई[१४] संपया[१५] उ पण[१६] दंडा[१७] ।
बार[१८] अहिगार[१९] चउ[२०]-वंदणिज्ज सरणिज्ज[२१] चउह[२२]-जिणा ।।३।।

चउरो[२३] थुई[२४] निमित्तट्ठ[२५] बार[२६] हेऊ[२७] अ सोला[२८] आगारा[२९] ।
गुणवीस[३०]दोस[३१] उस्सग्ग-माणं[३२] थुत्तं[३३] च सग[३४] वेला[३५] ।।४।।

दस[३६]-आसायण-चाओ सव्वे[४०] चिइ-वंदणाइ[३९] ठाणाइं[४१] ।
चउवीस[३७] दुवारेहिं[३८] दु-सहस्सा[४२] हुंति[४४] चउसयरा[४३] ।।५।।

# ૧ શ્રી ચૈત્ય-વન્દન ભાષ્ય

**મંગળાચરણઃ વિષયઃ પરંપરા-સંબંધઃ-અધિકારીઃ પ્રયોજનઃ**

વંદન કરવા યોગ્ય સર્વજ્ઞોને (સર્વને) વંદન કરી, અનેક ટીકાઓઃ ભાષ્યોઃ ચૂર્ણિઓઃ અને આગમોઃ અનુસાર ચૈત્યવંદન વગેરેનો સુવિચાર કહું છું. ।।૧।।

**૨૪ મુખ્ય દ્વારો-પેટા ભેદોની સંખ્યા સાથે.**

૧-૧૦ ૨-૫ ૩-૨ ૪-૩

દશત્રિકઃ પાંચ અભિગમઃ બે દિશાઓઃ ત્રણ પ્રકારના અવગ્રહઃ

૫-૩ ૬-૧ ૭-૧ ૮-૧૬૪૭

ત્રણ પ્રકારની વંદનાઃ પ્રણિપાતઃ નમસ્કારઃ સોલસો સુડતાલીસ અક્ષરોઃ ।।૨।।

૯-૧૮૧ ૧૦-૯૭ ૧૧-૫

એકસો એક્યાસી પદોઃ સત્તાણું સંપદાઓઃ પાંચ દંડકોઃ

૧૨-૧૨ ૧૩-૪ ૧૪-૧

બાર અધિકારોઃ ચાર વંદન કરવા યોગ્યઃ સ્મરણ કરવા યોગ્યઃ

૧૫-૪

ચાર પ્રકારના જિનેશ્વર ભગવંતોઃ ।।૩।।

૧૬-૪ ૧૭-૮ ૧૮-૧૨ ૧૯-૧૬

ચાર સ્તુતિઓઃ આઠ નિમિત્તોઃ બાર હેતુઓઃ સોલ આગારોઃ

૨૦-૧૯ ૨૧-૧ ૨૨-૧ ૨૩-૭

ઓગણીસ દોષોઃ કાઉસ્સગ્ગનું પ્રમાણઃ સ્તવનઃ સાત વેળાઃ (ચૈત્યવંદન) ।।૪।।

૨૪-૧૦

દશ આશાતનાઓનો ત્યાગઃ

(એ) ચોવીસ દ્વારોને આશ્રયીને ચૈત્યવંદનામાં (નાં) સર્વે સ્થાનો બે હજાર ચુમ્મોત્તેર (૨૦૭૪) છે. ।।૫।।

तिन्नि निसीही तिन्नि उ पयाहिणा तिन्नि चेव य पणामा
तिविहा पूया य तहा अवत्थ-तिय-भावणं चेव ॥६॥

ति-दिसि-निरिक्खण-विरई पय-भूमि-पमज्जणं च तिक्खुत्तो
वन्नाऽऽइ-तियं मुद्दा-तियं च तिविहं च पणिहाणं ॥७॥

घर-जिणहर-जिणपूआ-वावारच्चायओ निसीहि-तिगं।
अग्गद्दारे मज्झे तइया चिइ-वंदणा-समए ॥८॥

अंजलि-बद्धो अद्धोणओ अ पंचंगओ अ ति-पणामा।
सव्वत्थ वा तिवारं सिराइ-नमणे पणाम-तियं ॥९॥

अंगऽग्ग-भाव-भेया, पुप्फाहारत्थुईहिं पूय-तिगं ।
पंचुवयारा अट्ठोवयार सव्वोवयारा वा ॥१०॥

भाविज्ज अवत्थ-तियं पिंडत्थ पयत्थ रूव-रहिअत्तं ।
छउमत्थ-केवलित्तं सिद्धत्तं चेव तस्सत्थो ॥११॥

### ૧. દશત્રિકઃ

ત્રણ નિસીહિઃ ત્રણ પ્રદક્ષિણાઃ ત્રણ પ્રણામોઃ ત્રણ પ્રકારની પૂજાઃ અને ત્રણ અવસ્થાની ભાવનાઃ ॥૬॥

ત્રણ દિશા તરફ જોવાનો ત્યાગઃ ત્રણ વાર પગ નીચેની જમીનનું પ્રમાર્જનઃ વર્ણ વગેરે ત્રણઃ ત્રણ મુદ્રાઃ અને ત્રણ પ્રકારનું પ્રણિધાનઃ ॥૭॥

### ૨. ત્રણ નિસીહિઓઃ

મુખ્ય બારણેઃ વચમાંઃ અને ત્રીજી ચૈત્યવંદન વખતેઃ (અનુક્રમે) ઘરનીઃ જિનમંદિરનીઃ અને (દ્રવ્ય) જિનપૂજાનીઃ પ્રવૃત્તિના ત્યાગને આશ્રયીને ત્રણ નિસીહિઓ (થાય છે.) ॥૮॥

### ૩. પ્રણામત્રિકઃ

અંજલિબદ્ધઃ અર્ધાવનતઃ અને પંચાંગઃ એ ત્રણ પ્રણામોઃ અથવા-દરેક ઠેકાણે ત્રણવાર મસ્તક વગેરે (અંગો) નમાવવાથી ત્રણ પ્રણામો (થાય છે). ॥૯॥

### ૪. પૂજાત્રિકઃ

અંગઃ અગ્રઃ અને ભાવઃના ભેદે, પુષ્પઃ આહારઃ અને સ્તુતિઃએ કરીને ત્રણ પૂજા; અથવા પંચોપચારીઃ અષ્ટોપચારીઃ અને સર્વોપચારીઃ (એ ત્રણ પૂજા). ॥૧૦॥

### ૫. અવસ્થાત્રિકઃ

પિંડસ્થઃ પદસ્થઃ અને રૂપરહિતત્વઃ એ ત્રણ અવસ્થા ભાવવી. અને છદ્મસ્થત્વઃ કેવલિત્વઃ અને સિદ્ધત્વઃ તેનો અર્થ છે. ॥૧૧॥

न्हवणच्चगेहिं छउमत्थ-वत्थपडिहारगेहिं केवलियं ।
पलियंकुस्सग्गेहि अ जिणस्स भाविज्ज सिद्धत्तं ॥१२॥

उड्ढा-ऽहोतिरिआणं तिदिसाण निरिक्खणं चइज्जहवा ।
पच्छिम-दाहिण-वामाण जिण-मुह-न्नत्थ-दिट्ठि-जुओ ॥१३॥

वन्न-तियं वन्नत्था-ऽऽलंबणमालंबणं तु पडिमाई ।
जोग-जिण-मुत्तसुत्ती-मुद्दा-भेएण मुद्द-तियं ॥१४॥

अन्नुन्नंतरिअंगुलि-कोसा-ऽऽगारेहिं दोहिं हत्थेहिं ।
पिट्टोवरि कुप्पर-संठिएहिं तह जोग-मुद्दत्ति ॥१५॥

चत्तारि अंगुलाइं पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।
पायाणं उस्सग्गो एसा पुण होइ जिण-मुद्दा ॥१६॥

मुत्ता-सुत्ती मुद्दा जत्थ समा दोवि गब्भआ हत्था ।
ते पुण निलाड-देसे लग्गा अन्ने अलग्गत्ति ॥१७॥

જિનેશ્વર ભગવંતના સ્નાનઃ અને પૂજાઃ વડે છદ્મસ્થ અવસ્થાઃ પ્રાતિહાર્યો વડે કેવળિપણું; પર્યંકાસનઃ તથા કાઉસ્સગ્ગઃ વડે સિદ્ધપણું : ભાવવું. ॥૧૨॥

### ૬. દિશિ-નિરીક્ષણ વર્જન-ત્રિકઃ

જિનેશ્વર ભગવંતના મુખ ઉપર સ્થાપિત દૃષ્ટિવાળા થઈને ઉપરઃ નીચેઃ અને આજુબાજુઃ અથવા-પાછળઃ જમણીઃ અને ડાબીઃ (એ) ત્રણ દિશાઓ તરફ જોવાનો ત્યાગ કરવો. ॥૧૩॥

### ૭. વર્ણાદિ-ત્રિકઃ અને મુદ્રાત્રિકઃ

અક્ષર (શબ્દ)ઃ અને અર્થઃ તથા પ્રતિમા વગેરેઃનું આલંબનઃ એ વર્ણાદિ આલંબનત્રિક છે.

અને યોગમુદ્રાઃ જિનમુદ્રાઃ ને મુક્તાશુક્તિમુદ્રાઃ એ ભેદ વડે મુદ્રાત્રિક છે. ॥૧૪॥

### યોગમુદ્રાઃ

પરસ્પરના આંતરાઓમાં આંગળીયો ગોઠવી ડોડાના આકારે બનાવી પેટ ઉપર કોણી રાખેલા, બે હાથ વડે થયેલા આકારવાળી મુદ્રા તે-યોગમુદ્રા છે. ॥૧૫॥

### જિનમુદ્રાઃ

અને જેમાં, પગનું અંતરઃઆગળ-ચાર આંગળઃ અને પાછળ કંઈક ઓછુંઃ હોયઃ એ-જિનમુદ્રા. ॥૧૬॥

### મુક્તા-શુક્તિમુદ્રાઃ

જેમાં, સરખા બન્ને ય હાથ ગર્ભિત રાખી અને તે લલાટ પ્રદેશને અડાડેલા હોયઃ કોઈ આચાર્ય કહે છે, કે-"અડાડેલા ન હોય" તે-મુક્તાશુક્તિમુદ્રા. ॥૧૭॥

पंचंगो पणिवाओ थय-पाढो होइ जोग-मुद्दाए ।
वंदण जिण-मुद्दाए पणिहाणं मुत्त-सुत्तीए ॥१८॥

पणिहाण-तियं चेइअ-मुणि-वंदण-पत्थणा-सरूवं वा।
मण-वय-काएगत्तं सेस-तिगत्थो य पयडुत्ति ॥१९॥

सच्चित्त-दव्वमुज्झण-मच्चित्तमणुज्झणं मणेगत्तं ।
इग-साडि-उत्तरासंगु अंजली सिरसि जिण-दिट्ठे ॥२०॥

इय पंच-विहा-ऽभिगमो अहवा मुच्चंति राय-चिण्हाइं।
खग्गं छत्तोवाणह मउडं चमरे अ पंचमए ॥२१॥

वंदंति जिणे दाहिण-दिसिट्ठिया पुरिस वामदिसि नारी ।
नव-कर जहन्न सट्ठि-कर जिट्ठ मज्झुग्गहो सेसो ॥२२॥

नमुक्कारेण जहन्ना चिइ-वंदण मज्झ दंड-थुइ-जुअला।
पण-दंड-थुइ-चउक्कग-थय-पणिहाणेहिं उक्कोसा ॥२३॥

**ત્રણ મુદ્રાનો ઉપયોગઃ**

પંચાંગ પ્રણિપાતઃ અને સ્તવપાઠઃ યોગમુદ્રાએઃ વંદનઃ જિનમુદ્રાએઃ અને પ્રણિધાનઃ મુક્તાશુક્તિમુદ્રાએઃ થાય છે. ॥૧૮॥

**૮. પ્રણિધાનત્રિકઃ**

ચૈત્યવંદનઃ મુનિવંદનઃ અને પ્રાર્થનાસ્વરૂપઃ અથવા મનઃ વચનઃ કાયાઃનું એકાગ્રપણુંઃ એ-પ્રણિધાનત્રિક (ગણાય છે.)

અને બાકીના (બે) ત્રિકોનો અર્થ સરળ છે. (દશ ત્રિક પૂરાં) ॥૧૯॥

**૨. પાંચ અભિગમોઃ**

સચિત્ત વસ્તુઓ છોડી દેવીઃ અચિત્ત વસ્તુઓ રાખવીઃ મનની એકાગ્રતાઃ એક શાટક ઉત્તરાસંગઃ અને જિનેશ્વર પરમાત્માને જોતાંની સાથે જ મસ્તકે અંજલિ જોડવીઃ ॥૨૦॥

**બીજી રીતે પાંચ અભિગમઃ**

એ પાંચ પ્રકારનો અભિગમ. અથવા તલવારઃ છત્રઃ મોજડીઃ મુગુટઃ અને પાંચમું ચામરઃ એ રાજચિહ્નો બહાર મૂકી દે છે. ॥૨૧॥

**૩ બે બાજુઃ**

જમણી બાજુએ ઊભા રહેલા પુરુષોઃ અને ડાબી બાજુએ ઊભી રહેલી સ્ત્રીઓઃ જિનેશ્વર પ્રભુને વંદન કરે.

**૪. અવગ્રહઃ**

જઘન્યઃ-નવ હાથઃ ઉત્કૃષ્ટઃ-સાઠ હાથઃ બાકીનો-મધ્યમઃ અવગ્રહ છે. ॥૨૨॥

**૫. ત્રણ પ્રકારનાં વંદનોઃ**

નમસ્કાર વડે જઘન્યઃ દંડક અને સ્તુતિયુગલ વડે મધ્યમઃ પાંચ દંડક, ચાર સ્તુતિ, સ્તવન અને પ્રણિધાનો વડે ઉત્કૃષ્ટઃ ચૈત્યવંદના થાય છે. ॥૨૩॥

अन्ने[१] बिंति[२] इगेणं[३] सक्क-त्थएणं[४] जहन्न[५] वंदणया[१२] ।
तदुग[६]-तिगेण मज्झा[७] उक्कोसा[११] चउहिं[८] पंचहिं[१०] वा[९] ॥२४॥

पणिवाओ[७] पंचगो[६] दो[१] जाणू[२] कर[३]-दुगुत्तमंगं[५] च[४] ।
सुमहत्थ[१३]-नमुक्कारा[१४] इग[८] दुग[७] तिग[१०] जाव[११] अट्ठ-सयं[१२] ॥२५॥

अड-सट्ठि[१] अट्ठ[२] वीसा नव[३]-नउय-सयं च[९] दु-सय-सग-नउआ[४]
दो-गुणतीस[५] दुसट्ठा[६] दु-सोल[७] अड-नउअ[८]-सय दु-वन्न[१०]-
सयं ॥२६॥

इय[१] नवकार-खमासमण-इरिय-सक्क-त्थयाऽऽइ-दंडेसु[२] ।
पणिहाणेसु[४] अ[३] अ[५]-दुरुत्त-वन्न सोल[६]-सय-सीयाला ॥२७॥

नव[२] बत्तीस[३] तित्तीसा[४] तिचत्त[५] अडवीस[६] सोल[७] वीस[८] पया[१०] ।
मंगल[१]-इरिया-सक्क-त्थया-इसु एगसीइ[९]-सय ॥२८॥

अट्ठट्ठ[५][६][७][८]-नवट्ठ य अट्ठवीस[९] सोलस[१०] य वीस[११] वीसामा[१३] ।
कमसो[४] मंगल[१] इरिया[२] सक्क-त्थया[३]-ऽऽईसु सग-नउई[१२] ॥२९॥

### તેમાં મતાન્તર

બીજા આચાર્ય ભગવંતો કહે છે કે-"એક નમુત્થુણં વડે જઘન્યઃ બે કે ત્રણ વડે મધ્યમઃ અને ચાર કે પાંચ વડે ઉત્કૃષ્ટઃ (ચૈત્ય) વંદના થાય છે. ॥૨૪॥

### ૬. પઞ્ચાઙ્ગ પ્રણિપાતઃ

બે ઘુંટણઃ બે હાથ નેઃ મસ્તકઃ એ પાંચ અંગે પ્રણિપાત-નમસ્કાર થાય છે.

### ૭. સ્તુતિઃ

એકઃ બેઃ ત્રણઃથી શરૂ કરીને એકશો આઠઃ સુધીનાઃ ઉત્તમઃ અને વિશાળઃ અર્થોથી ભરેલા શ્લોકોઃ-કડીઓ વડે (સ્તુતિ કરીને) નમસ્કારો થાય છે. ॥૨૫॥

### ૮. કુલ અક્ષરોઃ

અડસઠઃ અઠ્ઠાવીસઃ એકસો નવાણુંઃ બસો સત્તાણુંઃ બસો ઓગણત્રીસઃ બસો સાઠઃ બસો સોળઃ એકસો અઠ્ઠાણુંઃ એકસો બાવનઃ ॥૨૬॥

એ પ્રમાણેઃ-નવકારઃ ખમાસમણઃ ઈરિયાવહિયંઃ અને શક્રસ્તવઃ વગેરે દંડકોમાંઃ અને પ્રણિધાનોમાં સર્વ મળી બીજીવાર નહિ બોલાયેલા સોળસો સુડતાળીસ (અક્ષરો છે.) ॥૨૭॥

### ૯ કુલ-પદોઃ

મંગળસૂત્ર-નવકાર-ઇરિયાવહિયંઃ ને શક્રસ્તવઃ વગેરેમાં (અનુક્રમે) નવઃ બત્રીસઃ તેત્રીસઃ તેંતાલીસઃ અઠ્ઠાવીસઃ સોળઃ ને વીસઃ (સર્વ મળી) એકસો એક્યાસી (પદો) છે. ॥૨૮॥

### ૧૦. કુલ સંપદાઓઃ

મંગળસૂત્રઃ ઈરિયાવહિયંઃને શક્રસ્તવઃ વગેરેમાં અનુક્રમે આઠઃ આઠઃ નવઃ આઠઃ અઠ્ઠાવીસઃ સોળઃ અને વીસઃ (એમ સર્વ મળી) સત્તાણું સંપદાઓ-વિસામાઓ છે. ॥૨૯॥

३ २ ५ ६ १ ७ ४ ८
वन्न-ऽट्ठ-सट्ठि, नव-पय नवकारे, अट्ठ संपया तत्थ ।
९ १० ११ १२ १३
सग-सपय पय-तुल्ला सतरक्खर अट्ठमी दु-पया ॥३०॥

२ १ ४ ३ ५
“नव-ऽक्खरऽट्ठमी दु-पय छट्ठी” इत्यन्ये ।

१ २ ३ ४ ४ ५
पणिवाय अक्खराइं अट्ठावीसं, तहा य इरियाए ।
६ ८ ९ १०
नव-नउयमक्खर-सयं दु-तीस-पय संपया-अट्ठ ॥३१॥

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
दुग दुग इग चउ इग पण इगार छग, इरियि संपयाइ-पया ।
११ १२ १३ १४ १५ १६ १७ १८
इच्छा इरि गम पाणा जे मे एगिंदि अभि तस्स ॥३२॥

१ २ ३ ४ ५
अब्भुवगमो निमित्तं ओहेयर-हेउ संगहे पञ्च ।
६ ७ ८
जीव-विराहण-पडिक्कमण-भेयओ तिन्नि चूलाए ॥३३॥

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११
दु ति चउ पण पण पण दु चउ ति पय सक्क त्थय-
संपयाइपया ।
१२ १३ १४ १५ १६ १७ १८ १९
नमु आइग पुरिसो लोगु अभय धम्म-ऽप्प-जिण सव्वं ।३४।

**એક એક સૂત્રમાં અક્ષરો: પદો: અને સંપદાઓ:**

નવકારમાં - અક્ષરો:-અડસઠ: પદો:-નવ:ને સંપદાઓ આઠ: છે. તેમાં-સાત સંપદાઓ પદ પ્રમાણે છે. અને સત્તર અક્ષરોવાળી આઠમી સંપદા બે પદોવાળી છે. ॥૩૦॥

(પરંતુ) આઠમી સંપદા નવ અક્ષરોવાળી:ને છટ્ઠી સંપદા બે પદોવાળી: છે (એમ બીજા આચાર્ય ભગવંતો કહે છે.)

**પ્રણિપાત તથા ઈરિયાવહિયં સૂત્રમાં-**

પ્રણિપાતમાં અક્ષરો: અટ્ઠાવીસ તથા-ઈરિયાવહિયંમાં એકસો નવાણું અક્ષરો: બત્રીસ-પદો:ને સંપદા-આઠ: છે. ॥૩૧॥

**તેની સંપદાઓનાં આદિ પદો:**

ઈરિયાવહિયં માં-બે: બે: એક: ચાર: એક: પાંચ: અગિઆર: અને છ:પદો સંપદાઓમાં છે. આદિપદો ઈચ્છામિ: ઈરિયાવહિયાએ: ગમણાગમણે: પાણક્કમણે: જે મે જીવા વિરાહિયા: એગિંદિયા: અભિહયા: ને તસ્સ ઉત્તરીકરણેણં૦ ॥૩૨॥

**સંપદાઓનાં નામો:**

અભ્યુપગમ: નિમિત્ત: ઓઘ-સામાન્યહેતુ: વિશેષહેતુ: અને સંગ્રહ: એ પાંચ: અને જીવ: વિરાધના: અને પ્રતિક્રમણ: એ ભેદ-નામથી ચૂલિકામાં ત્રણ છે. ॥૩૩॥

**શક્રસ્તવમાં**

બે: ત્રણ: ચાર: પાંચ: પાંચ: પાંચ: બે: ચાર: અને ત્રણ: પદો છે. શક્રસ્તવમાં સંપદાઓનાં આદિ પદો:-નમુત્થુણં: આઈ-ગરાણં: પુરિસુત્તમાણં: લોગુત્તમાણં: અભયદયાણં: ધમ્મદયાણં: અપ્પડિહયવરનાણદંસણધરાણં:જિણાણં: ને સવ્વન્નૂણં: ॥૩૪॥

थोअव्व[१]-संपया ओह[२]-इयर-हेऊवओग[३] तद्धेउ[४] ।
स-विसेसुवओग[५] सरूव[६] हेउनियसम[७] फल[८] य मुक्खे[९] ।३५।

दो-सग-नउया[२] वन्ना[३] नव[४] संपय[५] पय[७] तित्तीस[६] सक्क-थए[१] ।
चेइयथयट्ठसंपय[८] तिचत्तपय[९] वन्न[११] दुसयगुणतीसा[१०] ।।३६।।

दु[२] छ[३] सग[४] नव[५] तिय[६] छ[७] च्चउ[८] छप्पय[९] चिइसंपया[१], पया[११] पढमा[१०]।
अरिहं[११] वंदण[१२] सद्धा[१३] अन्न[१४] सुहुम[१५] एव[१६] जा[१७] ताव[१८] ।।३७।।

अब्भुवगमो[१] निमित्तं[२] हेऊ[३] इग[४]-बहु वयंत आगारा ।
आगंतुग[५]-आगारा उस्सग्गा[६]-ऽवहि[७] सरूव[८]ऽट्ठ ।३८।

नामथयाइसु[१] संपय[२] पयसम[३] अडवीस[५] सोल[६] वीस[७] कमा[४] ।
अदुरुत्तवन्न[८] दो[९]-सट्ठ-दु-सयसोल-ट्ठ-नउअ-सयं ।३९।

**તેનાં નામોઃ**

સ્તોતવ્યઃ ઓઘ-સામાન્યહેતુઃ વિશેષહેતુઃ ઉપયોગઃ તદ્ધેતુઃ સવિશેષોપયોગઃ સ્વરૂપ હેતુઃ નિજસમફલદઃ ને મોક્ષઃ સંપદા છે. ॥૩૫॥

**શક્રસ્તવ તથા ચૈત્યસ્તવમાં-**

શક્રસ્તવમાં-બસોસત્તાણું અક્ષરોઃ નવ સંપદાઓઃ ને તેત્રીસ પદોઃ છે.

ચૈત્યસ્તવમાંઃ-આઠ સંપદાઓઃ તેંતાલીશ પદોઃ અને બસો ઓગણત્રીસ અક્ષરોઃ છે. ॥૩૬॥

**સંખ્યા અને પદોઃ**

ચૈત્યસ્તવની સંપદાઓઃ-બેઃ છઃ સાતઃ નવઃ ત્રણ છઃ ચારઃ ને છઃ પદોવાળી છેઃ પહેલાં પદો-અરિહંત ચેઈયાણંઃ વંદણવત્તિયાએઃ સદ્ધાએઃ અન્નત્થ ઊસસિએણંઃ સુહુમેહિં અંગસંચાલેહિંઃ એવમાઈએહિં આગારેહિંઃ જાવ અરિહંતાણંઃ તાવ કાયં ॥૩૭॥

**તે સંપદાઓનાં નામોઃ**

અભ્યુપગમઃ નિમિત્તઃ હેતુઃ એકવચનાન્ત આગારઃ બહુવચનાન્ત આગારઃ આગંતુક આગારઃ કાયોત્સર્ગનો અવધિઃ અને સ્વરૂપઃ એ આઠ (નામ) છે. ॥૩૮॥

નામસ્તવાદિકમાં સંપદાઓ પદો જેટલી છે. અનુક્રમે અઠ્યાવીશઃ સોળઃને વીસ છે. અને ફરીથી નહિ બોલાયેલા અક્ષરો-બસો સાઠઃ બસો સોળઃ ને એકસો અટ્ઠાણું છે. ॥૩૯॥

पणिहाणि[૧] दुवन्नसयं[૨] कमेण[૩]-सग[૪]-ति-चउवीस-तित्तीसा
गुणतीस[૫] अट्ठावीसा[૬] चउतीसिग[૭]-तीस[૮]-बारगुरुवन्ना[૯] ।४०।

पण[૭] दंडा[૮] सक्कत्थय[૨] चेइय[૩] नाम[૪] सुअ[૫] सिद्धथय[૬] इत्थ[૧] ।
दो[૧૦] इग[૧૧] दो[૧૨] दो[૧૩] पंच[૧૪] य अहिगारा[૧૬] बारस[૧૭] कमेण[૯] ॥४१॥

नमु[૨] जेय[૩] अ अरिहं[૪] लोग[૫] सव्व[૬] पुक्खर[૭] तम[૮] सिद्ध[૯] जो देवा[૧૦]।
उर्ज्जिज[૧૨] चत्ता[૧૨] वेयावच्चग[૧૩] अहिगार[૧]-पढम-पया ॥४२॥

पढमहिगारे[૧] वंदे[૯] भाव[૨]-जिणे बीयअंमि[૩] दव्व[૪]-जिणे ।
इग-चेइय[૬]-ठवण-जिणे तइय[૫] चउत्थंमि[૭] नाम[૮]-जिणे ॥४३॥

तिहुअण[૩]-ठवण-जिणे पुण[૧] पंचमए[૨] विहरमाण[૫]-जिण छट्ठे[૪]।
सत्तमए[૬] सुअ[૭]-नाणं अट्ठमए[૮] सव्वसिद्ध[૯]-थुई ॥४४॥

**ત્રણ પ્રણિધાનોમાંઃ-**

પ્રણિધાનોમાં-એકસોબાવન (અક્ષર) છે.

**ગુરુ એટલે જોડેલા અક્ષરો-**

અનુક્રમે-સાતઃ ત્રણઃ ચોવીસ.ઃ તેત્રીસ. ઓગણત્રીસ. અઠ્યાવીસઃ ચોત્રીસઃ એકત્રીસઃ અને બારઃ ગુરુ-જોડેલા અક્ષરો-વ્યંજનો છે. ॥૪૦॥

**૧૧. પાંચ દંડકઃ અને ૧૨. અધિકારોઃ-**

અહિં-શક્રસ્તવઃ ચૈત્યસ્તવઃ નામસ્તવઃ શ્રુતસ્તવઃ સિદ્ધસ્તવઃ એ પાંચ દંડક છે. (તેમાં) અનુક્રમે બેઃ એકઃ બેઃ બેઃ અને પાંચઃ (એમ) બાર અધિકારો છે. ॥૪૧॥

**૧૨. અધિકારની મર્યાદાઃ**

એ અધિકારોનાં પહેલાં પદો-નમુઃ જે અ અ૦ઃ અરિહંઃ લોગસ્સઃ સવ્વલોએઃ પુક્ખરવરઃ તમતિમિરઃ સિદ્ધાણં બુદ્ધાણંઃ જો દેવાણઃ ઉજ્જિંજતઃ ચત્તારિઃ ને વેયાવચ્ચગઃ ॥૪૨॥

**૧૨ અધિકારના વિષયોઃ-**

પહેલા અધિકારમાં ભાવજિનેશ્વરોનેઃ બીજામાં દ્રવ્ય જિનેશ્વરોનેઃ ત્રીજામાં એક દેહરાસરમાં રહેલા સ્થાપના જિનેશ્વરોનેઃ અને ચોથામાં નામ જિનેશ્વરોનેઃ વંદના કરું છું : ॥૪૩॥

વળી, પાંચમામાં ત્રણે જગત્‌માં રહેલા સ્થાપના જિનેશ્વરોનેઃ છઠ્ઠામાં વિચરતા જિનેશ્વરોનેઃ સાતમામાં શ્રુતજ્ઞાનનેઃ (વંદન). આઠમામાં સર્વ સિદ્ધ પરમાત્માઓની સ્તુતિ છે. ॥૪૪॥

तित्था-ऽहिव-वीर-थुई नवमे दसमे य उज्जयंत थुई ।
अट्ठावयाइ इगदसि सुदिट्ठि-सुर-समरणा चरिमे ॥४५॥

नव अहिगारा इह ललिय-वित्थरा-वित्तिमाइ-अणुसारा।
तिन्नि सुअ-परंपरया बीओ दसमो इगारसमो ॥४६॥

आवस्सय-चुन्नीए जं भणियं "सेसया जहिच्छाए" ।
तेणं उज्जिता-ऽऽइ वि अहिगारा सुअ-मया चेव ॥४७॥

बीओ सुअत्थयाई (इ) अत्थओ वन्निओ तहिं चेव ।
सक्कथयते पढिओ दव्वारिह-वसरि पयडत्थो ॥४८॥

असढाइन्नणवज्जं गीअत्थ अवारयंति मज्झत्था ।
"आयरणावि हु आण"-त्ति वयणओ सुबहु मन्नंति ॥४९॥

चउ वंदणिज्जजिण-मुणि सुय-सिद्धा इह, सुरा य सरणिज्जा,
चउह जिणा-नाम-ठ(ट्ठ)वण-दव्व-भाव-जिणभेएणं ॥५०॥

નવમામાં શાસનના અધિપતિ શ્રી વીર પ્રભુની સ્તુતિઃ દશમામાં શ્રી ગિરનાર તીર્થની સ્તુતિઃ અગિઆરમામાં અષ્ટાપદ વગેરે તીર્થોની (સ્તુતિ)ઃ અને છેલ્લા (અધિકાર)માં સમ્યગ્દૃષ્ટિ દેવોનું સ્મરણ છે. ॥૪૫॥

**એ અધિકારોને શાસ્ત્રનો આધાર-**

અહિં નવ અધિકાર લલિતવિસ્તરાવૃત્તિ વગેરે અનુસારે છે, અને બીજોઃ દશમો અને અગિઆરમોઃ એ ત્રણ શ્રુત પરંપરાએ છે. ॥૪૬॥

**આવશ્યક ચૂર્ણિનું પ્રમાણઃ**

જે કારણથી-આવશ્યક ચૂર્ણિમાં "બાકીના અધિકારો ઇચ્છાપ્રમાણે" એમ કહ્યું છે, તે કારણથી શ્રી ગિરનાર વગેરે (ત્રણ) અધિકાર પણ આગમની આજ્ઞા રૂપ જ છે. ॥૪૭॥

બીજો અધિકાર પણ ત્યાં (આવ૦ ચૂ૦ માં)જ શ્રુતસ્તવની શરૂઆતમાં અર્થરૂપે કહ્યો છે, તે દ્રવ્ય અરિહંતોને (વાંદવાના) પ્રસંગે શક્રસ્તવને છેડે ગોઠવ્યો છે, (તેનું કારણ)સ્પષ્ટ છે. ॥૪૮॥

**પ્રામાણિક આચરણ**

અશઠ આચાર્યે આચરેલ (આચરણા જો) નિર્દોષ હોય, તો મધ્યસ્થ ગીતાર્થો તેને નિષેધતા નથી, પરન્તુ "તેવી આચરણા પણ પ્રભુની આજ્ઞા જ છે" એવું આગમવચન હોવાથી તેનો બહુમાનપૂર્વક સ્વીકાર કરે છે. ॥૪૯॥

**૧૩. ચાર વંદનીયઃ**

અહિં (ચૈત્યવં૦માં) શ્રી જિનેશ્વર ભગવંતોઃ મુનિરાજાઓઃ શ્રુતજ્ઞાનઃ અને સિદ્ધ પરમાત્માઓઃ એ ચાર વાંદવા લાયક છે.

**૧૪. સ્મરણ કરવા લાયકઃ**

અને શાસનદેવોઃ સંભારવા લાયક છે.

**૧૫. ચાર પ્રકારના જિનેશ્વરોઃ**

નામ જિનેશ્વરઃ સ્થાપના જિનેશ્વરઃ દ્રવ્ય જિનેશ્વરઃ અને ભાવ જિનેશ્વરઃ એ ભેદોથી જિનેશ્વર ભગવંતો ચાર પ્રકારના કહ્યા છેઃ ॥૫૦॥

नाम-जिणा जिण-नामा ठवण-जिणा पुण जिणिंद-पडि-
माओ ।
दव्वजिणा जिण-जीवा भावजिणा समवसरणत्था ॥५१॥

अहिगय-जिण पढम-थुई बीया सव्वाण तइय नाणस्स।
वेयावच्च-गराणं उवओगत्थं चउत्थ-थुई ॥५२॥

पाव-खवणत्थ इरियाइ वंदण-व्वत्तियाइ छ निमित्ता ।
पवयण-सुर-सरणत्थं उस्सग्गो इय निमित्तट्ठ ॥५३॥

चउ तस्स उत्तरीकरण-पमुह सद्धाइया य पण हेउ ।
वेयावच्चगरत्ताइ तिन्नि इअ हेउ बारसगं ॥५४॥

अन्नत्थयाइ बारस आगारा एवमाइया चउरो ।
अगणी पणिंदि-छिंदण-बोही-खोभाइ डक्को अ ॥५५॥

घोडग लय खंभाई मालु द्धी निअल सबरि खलिण वहू ।
लंबुत्तर थण संजइ भमुहंगुलि वायस कविट्ठो ॥५६॥

सिरकंप मूअ वारुणि पेहत्ति चइज्ज दोस उस्सग्गे ।
लंबुत्तर थण संजइ न दोस समणीण सवहु सड्ढीणं ॥५७॥

**ચાર પ્રકારના જિનેશ્વરોનું સ્વરૂપ :**

જિનેશ્વર ભગવંતનું નામ, તે-નામ જિનેશ્વરઃ અને શ્રીજિનેન્દ્ર ભગવંતોની પ્રતિમાઓ, તે-સ્થાપના જિનેશ્વરઃ શ્રીજિનેશ્વર ભગવંતોના (પહેલાંની અને પછીની અવસ્થાવાળા) જીવો, તે-દ્રવ્ય જિનેશ્વરઃ અને સમવસરણમાં બેઠેલા પ્રભુ, તે-ભાવજિનેશ્વરો. ॥૫૧॥

**૧૬. ચાર સ્તુતિઓ :**

પહેલી થોય અમુક એક ખાસ જિનેશ્વર ભગવંતનીઃ બીજી સર્વ જિનેશ્વરોનીઃ ત્રીજી જ્ઞાનનીઃ અને ચોથી થોય વૈયાવૃત્ય કરનાર શાસનદેવોના ઉપયોગ માટેનીઃ છે. ॥૫૨॥

**૧૭. આઠ નિમિત્તો :**

પાપ ખપાવવા માટે ઇરિયાવહિયં, વંદણવત્તિયાએ વગેરે છ નિમિત્તો, અને શાસનદેવને સંભારવા માટે કાઉસ્સગ્ગ, એ આઠ નિમિત્ત છે. ॥૫૩॥

**૧૮. બાર હેતુઓ :**

તસ્સઉત્તરીઃ વગેરે ચારઃસદ્ધાએ વગેરે પાંચ અને વેયાવચ્ચગરાણં વગેરે ત્રણઃ એ પ્રમાણે બાર હેતુઓ છે. ॥૫૪॥

**૧૯. બાર અથવા સોળ આગારો :**

અન્નત્થઊસસિએણં વગેરે બાર આગારઃ અને એવમાઇએહિં વગેરે ચાર આગારઃ તે અગ્નિનો, પંચેન્દ્રિયની આડ (અથવા વધ)નો, રાજાદિકથી ગભરાટનો, અને સર્પનો. ॥૫૫॥

**૨૦. કાઉસ્સગ્ગના ઓગણીશ દોષો :**

ઘોટક-લતા-સ્તંભાદિ-માળ-ઉદ્ધિ-નિગડ-શબરી-ખલિન-વધૂ-લંબુત્તર-સ્તન-સંયતિ-ભ્રમિતાંગુલી-વાયસ-ને કપિત્થ ॥૫૬॥

શિરઃકંપ-મૂક-વારુણી-અને પ્રેક્ષણઃ એ પ્રમાણે દોષો કાઉસ્સગ્ગમાં તજવા. એમાં-સાધ્વીજીને લંબુત્તરઃસ્તનઃ અને સંયતિઃ દોષ ન લાગે, ને વધૂદોષ સહિત શ્રાવિકાને ન લાગે. ॥૫૭॥

इरि-उस्सग्ग-पमाणं पण-वीसुस्सास अट्ठ सेसेसु ।
गंभीर-महुर-सद्दं महत्थ-जुत्तं हवइ थुत्तं ॥५८॥

पडिकमणे चेइय-जिमण-चरम-पडिकमण-सुअण-पडिबोहे ।
चिइ-वंदण इय जइणो सत्त उ वेला अहोरत्ते ॥५९॥

पडिकमओ गिहिणोवि हु सग-वेला पंच-वेल इयरस्स ।
पूआसु ति-संझासु अ होइ ति-वेला जहन्नेणं ॥६०॥

तंबोल पाण भोयणुवाणह मेहुन्न सुअण निट्ठवणं ।
मुत्तुच्चारं जूअं वज्जे जिण-नाह-जगईए ॥६१॥

इरि-नमुकार-नमुत्थुण-रिहंत-थुइ-लोग-सव्व-थुइ-पुक्ख ।
थुइ-सिद्धा-वेया-थुइ-नमुत्थु-जावंति-थय-जयवी ॥६२॥

सव्वोवाहि-विसुद्धं एवं जो वंदए सया देवे ।
देविंद-विंद-महिअं परम-पयं पावइ लहु सो ॥६३॥

**૨૧ કાઉસ્સગ્ગનું પ્રમાણ :**

ઇરિયાવહિયંના કાઉસ્સગ્ગનું પ્રમાણ-પચ્ચીસ શ્વાસોચ્છ્વાસઃ અને બાકીના કાઉસ્સગ્ગોમાં આઠઃ શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ.

**૨૨. સ્તવનના ગુણો :**

સ્તવન-ગંભીર આશયવાળું : મધુર શબ્દોવાળું : અને વિશાળ ભાવાર્થવાળું હોવું જોઈએ. ।।૫૮।।

**૨૩. સાત ચૈત્યવંદનો :**

પ્રતિક્રમણ વખતેઃ દેહરાસરમાંઃ ગોચરી વખતેઃ છેલ્લા પ્રહરમાંઃ પ્રતિક્રમણમાંઃ સૂવાના સમયેઃ ને જાગવાના સમયેઃ એ પ્રમાણે મુનિમહારાજને એક દિવસ-રાતમાં સાત વેળા ચૈત્યવંદન કરવાનું હોય છે. ।।૫૯।।

**શ્રાવકને ચૈત્યવંદન કયારે કરવાંઃ**

પ્રતિક્રમણ કરતા ગૃહસ્થને પણ સાત વખત, બીજાને પાંચ વખત, અને જઘન્યથી ત્રણ સંધ્યાકાળની ત્રણ પૂજાઓમાં ત્રણ વેળા હોય જ. ।।૬૦।।

**૨૪. દશ આશાતનાઃ**

શ્રી જિનેશ્વરના દેહરાસરની જગતીમાં પાનસોપારી ખાવાં, પાણી પીવું, ભોજન કરવું, પગરખાં પહેરી રાખવાં, સ્ત્રીસંગ કરવો, સૂઈ જવું, થુંકવું, પેસાબ કરવો, ઝાડે ફરવું, જુગાર રમવો-એ ન કરવાં. ।।૬૧।।

**દેવવંદન વિધિ :-**

ઇરિયાવહિયં, નમસ્કાર, નમુત્થુણં, અરિહંત, થોય, લોગસ્સ, સવ્વલોએ૰, થોય, પુક્ખરવરદી, થોય, સિદ્ધાણં, વેયાવચ્ચ, થોય, નમુત્થુણં, જાવંતિ૰ (બે.) સ્તવન, અને જયવીઅરાય ।।૬૨।।

**ઉપસંહારઃ**

એ પ્રમાણે જે કોઇસર્વ ઉપાધિવડે વિશુદ્ધ થઇને દરરોજ શ્રી જિનેશ્વરદેવોને વંદન કરે, તે દેવના ઇન્દ્રો વડે અથવા શ્રીદેવેન્દ્રસૂરિ વડે સ્તુતિ કરાયેલા મોક્ષપદને જલ્દી પ્રાપ્ત કરે છે. ।।૬૩।।

# श्री-गुरु-वन्दन-भाष्यम्

गुरु-वंदणमह तिविहं तं फिट्टा छोभ बारसाऽऽवत्तं ।
सिर-नमणाइसु पढमं पुण्ण-खमा-समण-दुगि बीअं ॥१॥

जह दूओ रायाणं नमिउं कज्जं निवेइउं पच्छा ।
विसज्जिओ वि वंदिय गच्छइ, एमेव इत्थ दुगं ॥२॥

आयास्स उ मूलं विणओ, सो गुणवओ य पडिवत्ती,
सा य विहिवंदणाओ, विही इमो बारसावत्ते ॥३॥

तइयं तु छंदण-दुगे तत्थ मिहो आइमं सयल-संघे ।
बीयं तु दंसणीण य पयट्ठियाणं च तइयं तु ॥४॥

वंदण-चिइ-किइकम्मं पूया-कम्मं च विणय-कम्मं च ।
कायव्वं कस्स व? केण वावि? काहेव? कइ-खुत्तो? ॥५॥

कइओणयं? कइ-सिरं! कइहिं व आवस्सएहिं परिसुद्धं?।
कइ-दोस-विप्पमुक्कं किइकम्मं कीस कीरइ वा? ॥६॥

# ગુરુવન્દન ભાષ્ય

## ગ્રન્થ સંબંધ: વંદનના પ્રકાર

હવે ગુરુવંદન. તે ત્રણ પ્રકારે છેઃ તે ફિટ્ટાઃ છોભઃ અને દ્વાદશાવર્તઃ પહેલું છોભ મસ્તક નમાવવા વગેરેથીઃ અને બીજુંઃ સંપૂર્ણ બે ખમાસમણ દેવાથી. ॥૧॥

## બે વંદનનું કારણ

જેમ, દૂત રાજાઓને નમસ્કાર કરી, પછી કાર્ય નિવેદન કરે, પછી વિસર્જન કરાયા પછી પણ નમસ્કાર કરીને જાય છે. એ પ્રમાણે જ અહિં બે (ખમાસમણ દેવાય છે.) ॥૨॥

## વંદનની આવશ્યકતા

આચારનું મૂળ તો વિનય છે, તે ગુણવાનની ભક્તિ છે, તે (ભક્તિ) વિધિપૂર્વક વંદના કરવાથી થાય છે, અને એ વિધિ દ્વાદશાવર્ત વંદનમાં છે. ॥૩॥

## કયું વંદન કોને કોને કરાય ?

અને ત્રીજા પ્રકારનું વંદન તે બે વાંદણાંઃ તેમાંનું પહેલું વંદન ચતુર્વિધ સંઘમાં પરસ્પરઃ બીજું તો મુનિમહારાજોને અને ત્રીજું તો પદવીધર મુનિમહારાજોને. ॥૪॥

## વંદનનાં-નામોઃ વગેરે આવશ્યક નિર્યુક્તિ સૂચિત દ્વારો

વંદનકર્મઃ ચિતિકર્મઃ કૃતિકર્મઃ પૂજાકર્મઃ અને વિનયકર્મઃકોને ? અથવા કોણે ? અથવા કયારે ? અથવા કેટલીવાર ? કરવું. ॥૫॥

વન્દનઃ કેટલા નમનવાળું ? કેટલા શીર્ષ નમસ્કારવાળું ? કેટલાં આવશ્યકો વડે વિશુદ્ધ ? કેટલા દોષ વિનાનું ? અને શા માટે ? કરાય છે. ॥૬॥

१ २ ३ ४ ५
पणनाम पणा-ऽऽहरणा अ-जुग्ग-पणजुग्ग-पणचउअ-दाया।
६ ७ ८ ९ १०
चउ-दाय पण-निसेहा चउ अ-णिसेह-ऽट्ठ-कारणया ॥७॥

११ १२ १३ १४
आवस्सय मुहणंतय-तणु-पेह-पणीस दोस-बत्तीसा ।
१५ १६ १७ १८ १९
छ गुण गुरुठवण दुग्गह दु-छवीसक्खर गुरुपणीसा ॥८॥

२० २१ २२ २३ २४
पय अड-वन्न छ-ठाणा छ-ग्गुरु-वयणा असायण-ति-त्तीसं।
२५ २६
दुविही दु-वीस-दारेहिं चउ-सया-बाणउइ ठाणा ॥९॥

१ २ ३ ४ ५
वंदणयं चिइ-कम्मं किइ-कम्मं पूअ-कम्मं विणय-कम्मं ।
६ ८ ९ १० ७
गुरुवंदण-पण-नामा दव्वे भावे दुहोहेण ( दुहाहरणा ) ।१०।

३ ४ ५ ६ ७ ८
सीयलय खुड्डुए वीर-कन्ह सेवग-दु पालए संबे ।
१० ९ ११ १ २
पंचे ए दिट्ठंता किइ-कम्मे दव्व-भावेहिं ॥११॥

## મુખ્ય દ્વારો.

પાંચ [૧-૫] નામઃ પાંચ [૨-૫] દૃષ્ટાન્તઃ પાંચ [૩-૫] પ્રકારના વંદનને અયોગ્યઃ પાંચ [૪-૫] પ્રકારના વંદન યોગ્યઃ વંદન [૫-૪] કરાવવાને અયોગ્ય ચારઃ ચાર [૬-૪] લાયકઃ વંદન [૭-૫] કરનારના પાંચ નિષેધોઃ ચાર સ્થાને [૮-૪] નિષેધ નહિઃ આઠ [૯-૮] કારણોઃ ॥૭॥

પચ્ચીસ [૧૦-૨૫] આવશ્યકઃ પચ્ચીશ મુહપત્તિની [૧૧-૨૫] પડિલેહણાઃ [૧૨-૨૫] શરીરની પડિલેહણાઃ [૧૩-૩૨] બત્રીશ-દોષઃ [૧૪-૬] છ ગુણઃ ગુરુમહારાજની [૧૫-૧] સ્થાપનાઃ [૧૬-૨] બે અવગ્રહઃ બસો [૧૭-૨૨૬] છવ્વીશ અક્ષરઃ [૨૫] પચ્ચીશ જોડાઅક્ષરઃ ॥૮॥

[૧૮-૫૮] અટ્ઠાવન પદઃ [૧૯-૬] છ સ્થાનઃ ગુરુ [૨૦-૬] મહારાજનાં છ વચનઃ [૨૧-૩૩] તેત્રીસ આશાતનાઃ [૨૨-૨] બે વિધિઃ (એ બાવીશ દ્વારો વડે ગુરુવંદનના) ચારસો બાણું સ્થાન-પ્રકાર છે. ॥૯॥

૧

### ૧. ગુરુવંદનના પાંચ નામ :

વંદનકર્મ : ચિતિકર્મઃ કૃતિકર્મ : પૂજાકર્મઃ અને વિનયકર્મ : એ ગુરુવંદનાનાં પાંચ નામ છે. અને તે ઓઘથી (સામાન્ય રીતે) દ્રવ્યથીઃ ને ભાવથીઃ એમ બે બે પ્રકારે છે (અથવા દરેકનાં દ્રવ્યથી ને ભાવથી એમ બબ્બે પ્રકારનાં ઉદાહરણ છે.) ॥૧૦॥

### ૨. દ્રવ્યઃ અને ભાવઃ વન્દનનાં દ્રષ્ટાંતોઃ

ગુરુવંદનમાં-દ્રવ્યથી અને ભાવથી શીતલાચાર્ય, અને ક્ષુલ્લક સાધુ. વીરાશાલવીઃ અને કૃષ્ણઃ બે રાજસેવકઃ પાલકકુમાર અને શાંબકુમારઃ એ પાંચ દૃષ્ટાંતો છે. ॥૧૧॥

पासत्थो ओसन्नो कुसील संसत्तओ अहा-च्छंदो ।
दुग-दुग-ति-दुणेग-विहा अ-वंदणिज्जा जिण-मयंमि ॥१२॥

आयारिय उवज्झाए पवत्ति थेरे तहेव रायणिए ।
किइ-कम्म-निज्जरऽट्ठा कायव्वमिमेसि पंचण्हं ॥१३॥

माय-पिय-जिट्ठ-भाया ओमावि तहेव सव्व-रायणिए ।
किइ-कम्मं न कारिज्जा चउ समणाई कुणंति पुणो ॥१४॥

विक्खित्त पराहुत्ते अ पमत्ते मा कयाइ वंदिज्जा ।
आहारं नीहारं कुणमाणे काउ-कामे य ॥१५॥

पसंते आसण-त्थे अ उवसंते उवट्ठिए ।
अणुन्नवित्तु मेहावी किइ-कम्मं पउंजइ ॥१६॥

पडिकमणे सज्झाए काउस्सग्गा-ऽवराह-पाहुणए ।
आलोयण-संवरणे उत्तमऽट्ठे य वंदणयं ॥१७॥

### ૩. અવંદનીય-૫

બે: બે: ત્રણ: બે: અને અનેક:પ્રકારના પાર્શ્વસ્થ: અવસન્ન: કુશીલ: સંસક્ત: અને યથાછંદ: સાધુ શ્રી જૈનદર્શનમાં વંદન કરવા યોગ્ય નથી. ॥૧૨॥

### ૪. વંદન કરવા યોગ્ય-૫

આચાર્ય: ઉપાધ્યાય: પ્રવર્તક: સ્થવિર: તેમજ રાત્નિક: એ પાંચને વંદન કરવાથી થતી નિર્જરાનો લાભ મેળવવા વંદન કરવું જ જોઇએ. ॥૧૩॥

### ૫. અવંદનીય-૪

માતા: પિતા: મોટાભાઇ: તેમજ ઓછા દીક્ષા પર્યાયવાળા છતાં સર્વ રત્નાધિક: પાસે વંદન કરાવવું નહીં. અને, બાકીના સાધુ આદિ (ચતુર્વિધ સંઘ પરસ્પર) વંદના કરે. ॥૧૪॥

### ૬. વંદન કરવાના અનવસર-૫

વ્યાકુળ ચિત્તવાળા: મ્હોં ફેરવીને બેઠા હોય: પ્રમાદમાં હોય: આહાર-નિહાર કરતા હોય: અથવા કરવાની તૈયારીમાં હોય: તો કદી પણ વાંદવા નહિ. ॥૧૫॥

### ૭-૮ વંદન કરવાના અવસર-૪

સ્વસ્થ: આસનપર બરાબર બેઠેલા: શાન્ત: બરોબર અભિમુખ: એવા ગુરુને, અનુજ્ઞા મળેલા ડાહ્યા શિષ્યે વંદન કરવું. ॥૧૬॥

### ૯. વંદન કરવાનાં નિમિત્તો-૮

પ્રતિક્રમણ: સ્વાધ્યાય: કાઉસ્સગ્ગ માટે: અપરાધ ખમાવવા: પ્રાહુણા (તરીકે કોઇ નવા મુનિ આવે તે): આલોચના: પ્રત્યાખ્યાન: અને સંલેખનાદિક મહાન કાર્ય : એ (આઠ નિમિત્તે) દ્વાદશાવર્ત વંદન કરવું. ॥૧૭॥

दोऽवणयमहा-जायं आवत्ता बार चउ-सिर-ति-गुत्तं ।
दुपवेसिग-निक्खमणं पण-वीसा-ऽऽवसयकिइ कम्मे ।१८।

किइ-कम्मंपि कुणंतो न होइ किइ-कम्म-निज्जरा-भागी ।
पण-वीसामन्नयरं साहु ठाणं विराहंतो ।।१९।।

दिट्ठि-पडिलेह एगा छ उड्ढ पप्फोड तिग-तिगंतरिया ।
अक्खोड पमज्जणया नव नव मुहपत्ति पण वीसा ।।२०।।

पायाहिणेण तिय तिय वामेयर-बाहु-सीस-मुह-हियए ।
अंसुड्ढाहो पिट्ठे चउ छप्पय देह-पण-वीसा ।।२१।।

आवस्सएसु जह जह कुणइ पयत्तं अ-हीणमइरित्तं ।
ति-विह-करणोवउत्तो तह तह से निज्जरा होइ ।।२२।।

दोस अणाढिय थड्ढिय पविद्ध परिपिंडियं च टोल-गइं ।
अंकुस कच्छभ-रिंगिय मच्छुव्वत्तं मण-पउट्ठं ।।२३।।

वेइय-बद्ध भयंतं भय गारव मित्त कारणा तिन्नं ।
पडणीय रुट्ठ तज्जिय सढ हीलिय विपलिउंचियं ।२४।

## ૧૦. દ્વાદશાવર્ત વંદનના આવશ્યકો : ૨૫

દ્વાદશાવર્ત વંદનમાં-બે અવનતઃ એક યથાજાત મુદ્રાઃ બાર આવર્ત્તઃ ચાર શીર્ષનમનઃ ત્રણ ગુપ્તિઃ બે વાર પ્રવેશઃ અને એકવાર બહાર નિકળવુંઃ એ પચીસ આવશ્યક છે. ॥૧૮॥

**૨૫. આવશ્યક બરાબર ન સાચવવાથી વિરાધના થાય છે.**

વંદન કરવા છતાં સાધુ એ પચીસમાંના કોઈ એક આવશ્યકની પણ વિરાધના કરે, તો વંદનક્રિયાથી થતી કર્મની નિર્જરાનો ભાગીદાર ન થાય. ॥૧૯॥

## ૧૧. મુહપત્તિની પડિલેહણા-૨૫

એક દૃષ્ટિ પડિલેહણાઃ છ ઊર્ધ્વ પ્રસ્ફોટક અને ત્રણ ત્રણને આંતરે નવ અખ્ખોડાઃ અને નવ પ્રમાર્જનાઃ એ મુહપત્તિની પચીસ (પડિલેહણા) ॥૨૦॥

## ૧૨. શરીરની પડિલેહણા-૨૫

પ્રદક્ષિણાના ક્રમે ડાબો અને જમણો હાથઃ મસ્તકઃ મુખઃ અને છાતીઃ ત્રણ ત્રણ, બે ખભાની ઉપર-અને-નીચે-પાછળની ચારઃ અને પગની છઃ એમ શરીરની પચીસ પડિલેહણા. ॥૨૧॥

**વંદનમાં સાવધાનતા**

ત્રણ પ્રકારના કરણમાં ઉપયોગવાળો આવશ્યકોમાં જેમ જેમ ઓછો નહિ તેમ અધિક નહિં એવો પ્રયત્ન કરે, તેમ તેને નિર્જરા થાય. ॥૨૨॥

## ૧૩. દોષ-૩૨

અનાદૃત-સ્તબ્ધ-પ્રવિદ્ધ-પરિપિંડિત-ટોલગતિ-અંકુશ-કચ્છપરિંગિતઃમત્સ્યોદ્વૃત્તઃમનપ્રદુષ્ટઃવેદિકાબદ્ધઃ ભજન્ત-ભય-ગારવ-મિત્ર-કારણ-સ્તેન-પ્રત્યનિક-રુષ્ટ-તર્જિત-શઠ-હીલિત-વિપુરિકુંચિત-દષ્ટાદષ્ટ-શૃંગ-કર-કરમોચન-આશ્લિષ્ટઅનાશ્લિષ્ટ-

૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭
दिट्ठमदिट्ठं सिंगं क र तम्मोअण अलिद्धणालिद्धं ।
૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨
ऊणं उत्तर-चूलिअ मूअं ढड्ढर चुडलियं च ॥२५॥

૩ ૪ ૧ ૫ ૨
बत्तीस-दोस-परिसुद्धं किइ-कम्मं जो पउंजइ गुरूणं
૬ ૧૧ ૮ ૭ ૧૦ ૯
सो पावइ निव्वाणं अचिरेण विमाण-वासं वा ॥२६॥

૧ ૧૦ ૧૧ ૨ ૩ ૪
इह छच्च गुणा विणओवयार माणाऽऽइ भंग गुरु-पूआ ।
૫ ૮ ૬ ૭ ૯
तित्थयराण य आणा सुय-धम्माऽऽराहणाकिरिया ॥२७॥

૩ ૪ ૫ ૬ ૭ ૮
गुरु-गुण-जुत्तं तु गुरुं ठाविज्जा अहव तत्थ अक्खाई ।
૯ ૧૦ ૧૧ ૧૨ ૧ ૨
अहवा नाणाइ-तियं ठविज्ज सक्ख गुरु-अभावे ॥२८॥

૨ ૪ ૩ ૫ ૬ ૭ ૮
अक्खे वराडए वा कट्ठे पुत्थे अ चित्त-कम्मे अ ।
૯ ૧૦ ૧ ૧૧ ૧૨
सब्भावमसब्भावं गुरु-ठवणा इत्तराऽऽव-कहा ॥२९॥

૫ ૮ ૬
गुरुविरहंमि ठवणा गुरूवएसोवदंसणत्थं च ।
૧ ૨ ૩ ૪
जिण-विरहंमि जिण-बिंब-सेवणाऽऽमतणं सहलं ॥३०॥

૪ ૨ ૧ ૫ ૬ ૭ ૩
चउ-दिसि गुरुग्गहो इह अहुट्ठ तेरस करे स-पर-पक्खे
૯ ૧૨ ૧૩ ૮ ૧૦
अणणुन्नायस्स सया न कप्पए तत्थ पविसेउं ॥३१॥

-ઊણ-ઉત્તરચૂડ-મૂક-ઢઢ્ઢર-અને ચુડલિકઃ એ બત્રીશ દોષો છે. ॥૨૩-૨૪-૨૫॥

### નિર્દોષ વંદનનું ફળ

જે, ગુરુમહારાજને બત્રીસ દોષ વિનાનું દ્વાદશાવર્ત વંદન કરે, તે અલ્પકાળમાં મોક્ષ અથવા વિમાનવાસ પામે છે. ॥૨૬॥

### ૧૪. વંદનનાં પરિણામો- ૬ ગુણ

વંદન કરવામાં વિનયોપચારઃ અભિમાન વગેરેનો નાશઃ ગુરુજનની પૂજાઃ શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું આરાધનઃ શ્રુતધર્મનું આરાધનઃ અને અક્રિયાઃ એ છ ગુણ (ઉત્પન્ન થાય) છે. ॥૨૭॥

### ૧૫. ગુરુની સ્થાપના

સાક્ષાત્ ગુરુને અભાવે ગુરુ મહારાજ જેવા ગુણવાળા ગુરુ સ્થાપવા, અથવા તે ઠેકાણે અક્ષ વગેરે, અથવા જ્ઞાન વગેરેનાં (ઉપકરણ) ત્રણ સ્થાપવાં. ॥૨૮॥

ગુરુની સ્થાપના અક્ષમાંઃ કોડામાંઃ કાષ્ઠમાંઃ પુસ્તકમાંઃ અને ચિત્રકામમાં કરાય છે.

સ્થાપના સદ્ભાવઃ અને અસદ્ભાવઃ, ઈત્વરઃ અને યાવત્કથિતઃ એમ બે-બે પ્રકારની છે. ॥૨૯॥

### સ્થાપનાનું દૃષ્ટાન્ત

શ્રી જિનેશ્વર ભગવંતના અભાવે જેમ શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાની સેવા અને આમંત્રણ સફળ થાય છે. તેમ ગુરુમહારાજના અભાવે ગુરુના ઉપદેશ અને દર્શન માટે સ્થાપના સફળ છે. ॥૩૦॥

### ૧૬. અવગ્રહ

અહીં ગુરુ મહારાજનો અવગ્રહ સ્વપક્ષમાં ને પરપક્ષમાં ચારેય દિશાએ સાડા ત્રણ હાથ અને તેર હાથ હોય છે, તેમાં આજ્ઞા લીધા વિના પ્રવેશ કરવાનું કોઇ વાર કલ્પે નહિ. ॥૩૧॥

पण तिग बारस दुग तिग चउरो छट्ठाण पय इगुणतीसं।
गुणतीस सेस आवस्सयाइ सव्व-पय अड-वन्ना ॥३२॥

इच्छा य अणुन्नवणा अव्वाबाहं च जत्त जवणा य ।
अवराह-खामणावि अ वंदण-दायस्स छ-ट्ठाणा ॥३३॥

छंदेणऽणुजाणामि तहत्ति तुब्भंपि वट्टए एवं ।
अहमवि खामेमि तुमं वयणाइं वंदण-ऽरिहस्स ॥३४॥

पुरओ-पक्खाऽऽसन्ने गंता चिट्ठण-निसीअणा-ऽऽयमणे ।
आलोअण-ऽपडिसुणणे पुव्वा-ऽऽलवणे य आलोए ॥३५॥

तह उवदंस निमंतण खद्धाययणे तहा अपडिसुणणे ।
खद्धत्ति य तत्थगए किं तुं तज्जाय नो-सुमणे ॥३६॥

नो सरसि कहंछित्ता परिसंभित्ता अणुट्ठियाइ कहे ।
संथार-पाय-घट्टण-चिट्ठुच्च-समासणे आवि ॥३७॥

इरिया कुसुमिणुसग्गो चिइ-वंदण पुत्ति वंदणा-ऽऽलोयं ।
वंदण खामण वंदण संवर चउ-छोभ दु-सज्झाओ ॥३८॥

## ૧૮. વંદનસૂત્રનાં પદો-૫૮

છ સ્થાનમાં-પાંચ: ત્રણ: બાર: બે: ત્રણ: ને ચાર: મળી ઓગણત્રીસ, અને બાકીનાં આવસ્સિયાએ વગેરે ઓગણત્રીસ પદો (છે). એમ સર્વે પદો અઠ્ઠાવન છે. ॥૩૨॥

## ૧૯. શિષ્યના ૬ બોલ

ઈચ્છા: અનુજ્ઞા અવ્યાબાધ: સંયમયાત્રા: શરીરની શાંતિ: અને અપરાધની ક્ષમાપના: વંદન કરનારનાં એ છ સ્થાનો છે. ॥૩૩॥

## ૨૦. ગુરુના ૬ બોલ

છંદેણ: અણુજાણામિ: તહત્તિ: તુબ્ભંપિવટ્ટએ: એવં: અને અહમવિ ખામેમિ તુમં: એ વંદન કરવા યોગ્ય ગુરુનાં છ વચનો છે. ॥૩૪॥

## ૨૧. આશાતના-૩૩

આગળ-બાજુમાં અને નજીક-ચાલવું: ઊભા રહેવું: અને બેસવું: આચમન: આલોચન: અપ્રતિશ્રવણ: પૂર્વાલાપન: અને પૂર્વાલોચન: ઉપદર્શન: નિમંત્રણ: ખદ્ધદાન: ખદ્ધાદન: અપ્રતિ-શ્રવણ: ખદ્ધ તત્રગત: શું ?: તું: તજ્જાત: નોસુમન: નો સ્મરણ: કથાછેદ: પરિષદ્‌ભેદ: ન ઊઠેલી સભાને કથા કહેવી: સંથારાને પગ અડાડવા અને તેમાં બેસવું: ઊંચે: તથા સરખે આસને બેસવું. ॥ ૩૫-૩૬-૩૭ ॥

## ૨૨. વિધિ-૨.

### સવારનો સંક્ષિપ્ત ગુરુવંદન વિધિ

ઈરિયા: કુસુમિણ (દુસુમિણ)નો કાઉસ્સગ્ગ: ચૈત્યવંદન: મુહપત્તિ: બે વંદનક: આલોચન: વંદનક: ખામણા: વંદનક: પચ્ચક્ખાણ: ચાર છોભવંદન: બે આદેશ: અને બે સ્વાધ્યાય: ॥૩૮॥

इरिया चिइ-वंदण पुत्ति वंदण चरिम वंदणाऽऽलोयं ।
वंदण-खामण चउछोभ दिवसुस्सग्गो दु-सज्झाओ ॥३९॥

एयं किइ-कम्म-विहिं जुंजंता चरण-करणमाउत्ता ।
साहू खवंति कम्मं अणेग-भव-संचिअमणंतं ॥४०॥

अप्प-मइ-भव्वबोह-ऽत्थ भासियं विवरीयं च जमिह मए ।
तं सोहंतु गियत्था अणभिनिवेसी अ-मच्छरिणो ॥४१॥

## ३. श्री-पच्चक्खाण-भाष्यम्

दस पच्चक्खाण चउ-विहि आहार दुवीसगार अ-दुरुत्ता ।
दसविगइ-तीस विगई-गय दुह-भंगा छ-सुद्धि फलं ॥१॥

अणागयमइक्कंतं कोडी-सहियं नियंटि अणगारं ।
सागारं निरवसेसं परिमाणकडं संके अद्धा ॥२॥

नवकारसहिय पोरिसि पुरिमड्ढेगासणेगठाणे य ।
आयंबिल अभतट्ठे चरिमे अ अभिग्गहे विगई ॥३॥

### સાંજનો સંક્ષિપ્ત ગુરુવંદન વિધિ

ઇરિયાઃ ચૈત્યવંદનઃ મુહપત્તિઃ બે વંદનકઃ દિવસ ચરિમ પચ્ચક્ખાણઃ બે વંદનકઃ આલોચનાઃ બે વંદનકઃ ખામણાંઃ ચાર છોભવંદનઃ દેવસિય પાયચ્છિત્તનો કાઉસ્સગ્ગઃ અને બે આદેશપૂર્વક સ્વાધ્યાય ॥૩૯॥

### ઉપસંહાર અને ફળ

એ પ્રમાણે ગુરુવંદનનો વિધિ કરનારા અને ચરણસિત્તરિ તથા કરણસિત્તરિમાં ઉપયોગવાળા સાધુમહારાજ અનેક ભવોમાં એકઠાં કરેલાં અનન્ત કર્મો ખપાવે છે. ॥૪૦॥

### ગ્રંથકારનું અંતિમ વચન

મેં, ઓછી બુદ્ધિવાળા ભવ્ય જીવોને સમજ પડે તે માટે કહ્યું છે, તેમાં જે કાંઈ વિપરીત હોય, તે કદાગ્રહ વિનાના અને ઈર્ષ્યાવિનાના ગીતાર્થ પુરુષોએ સુધારી લેવું. ॥૪૧॥

## ૩. પચ્ચક્ખાણ ભાષ્ય

દશ પચ્ચક્ખાણઃ ચાર પ્રકારનો વિધિઃ તથા આહારઃ ફરીથી નહિ ઉચ્ચરાએલા બાવીશ આગારઃ દસ વિગઈઃ ત્રીશ નીવિયાતાંઃ બે પ્રકારના ભાંગાઃ છ વિશુદ્ધિઃ અને ફળઃ ॥૧॥

### ૧. દશ પચ્ચક્ખાણ

અનાગતઃ અતિક્રાન્તઃ કોટિસહિતઃ નિયંત્રિતઃ અનાગારઃ સાગારઃ નિરવશેષઃ પરિમાણ કૃતઃ સાંકેતિકઃ અને અદ્ધાઃ ॥૨॥

### દશ કાળ પચ્ચક્ખાણ

નવકારસહિતઃ પોરિસીઃ પુરિમઙ્ઢઃ એકાશનઃ એકલઠાણુંઃ આયંબિલઃ ઉપવાસઃ ચરિમઃ અભિગ્રહઃ અને વિગઈઃ ॥૩॥

उग्गए सूरे अ नमो पोरिसि पच्चक्ख उग्गए सूरे ।
सूरे उग्गए पुरिमं अभतट्ठं पच्चक्खाइ त्ति ॥४॥

भणइ गुरू, सीसो पुण पच्चक्खामि त्ति एव वोसिरइ ।
उवओगित्थ पमाणं, न पमाणं वंजण च्छलणा ॥५॥

पढमे ठाणे तेरस बीए तिन्नि उ तिगाइ तइयंमि ।
पाणस्स चउत्थंमी देसवगासाइ पंचमए ॥६॥

नमु पोरिसि सड्ढा पुरिमवड्ढ अंगुट्ठमाइ अड तेर ।
निवि विगइंबिल तिय तिय दु इगासण एगठाणाइ ॥७॥

पढमंमि चउत्थाई, तेरस बीयंमि तइय पाणस्स ।
देसवगासं तुरिए चरिमे जह-संभवं नेयं ॥८॥

तह मज्झ-पच्चक्खाणेसु न पिहु सूरुग्गयाइ वोसिरइ
करणविहि उ न भन्नइ जहा-ऽऽवसीआइ बिय-छंदे ॥९॥

तह तिविह पच्चक्खाणे भन्नंति य पाणगस्स आगारा ।
दुविहा-ऽऽहारे अच्चित्त-भोइणो तह य फासु-जले ॥१०॥

## ૨. ચાર પ્રકારનો ઉચ્ચારવિધિ

નવકારસહિતના પચ્ચક્ખાણમાં "ઉગ્ગએ સૂરે", પોરિસીના પચ્ચક્ખાણમાં "ઉગ્ગએ સૂરે", પુરિમઙ્ઢ અને ઉપવાસમાં "સૂરે ઉગ્ગએ", "પચ્ચક્ખાઈ" એમ ગુરુ કહે, ત્યારે પણ શિષ્ય "પચ્ચક્ખામિ" એમ કહે, એ પ્રમાણે વોસિરઇ વખતે. અહી ઉપયોગ પ્રમાણ છે, અક્ષરની ભૂલ પ્રમાણ નથી ગણાતી. ॥૪-૫॥

## ઉચ્ચાર-ભેદો

પહેલા સ્થાનમાં તેરઃ બીજામાં ત્રણઃ અને ત્રીજામાં ત્રણઃ ચોથામાં પાણસ્સનાઃ અને પાંચમામાં દેશાવકાશિકઃ વગેરેનો (ઉચ્ચાર થાય છે.) ॥૬॥

## સ્થાનોમાં ઉચ્ચાર પદો

નવકારસીઃ પોરિસીઃ સાઙ્ઢપોરિસીઃ પુરિમઙ્ઢઃ અવઙ્ઢઃને અંગુટ્ઠ સહિયં આદિ આઠઃ મળીને તેર, નીવિઃ વિગઈઃ અને આયંબિલઃ એ ત્રણ, બિઆસણઃ એકાસણઃ અને એકલઠાણું એ ત્રણ. ॥૭॥

પહેલા ઉચ્ચારસ્થાનમાં ચોથ ભક્તાદિઃ બીજામાં તેરઃ ત્રીજામાં પાણસ્સ, ચોથામાં દેશાવકાશિકઃ અને ચરિમ-છેલ્લામાં (પાંચમામાં) યથાસંભવ જાણવું ॥૮॥

બીજા વાંદણામાં જેમ "આવસ્સિઆએ" પદ ફરીથી કહેવાતું નથી, તેમ વચલા પચ્ચક્ખાણોમાં "સૂરે ઉગ્ગએ" વગેરે અને "વોસિરઈ" જુદાં જુદાં કહેવાં નહિ, કેમકે-(એવો) ક્રિયા વિધિ છે. ॥૯॥

તથા તિવિહારના પચ્ચક્ખાણમાંઃ અચિત્તભોજીના દુવિહારમાં તેમજ પ્રાસુક જળના પચ્ચક્ખાણમાંઃ પાણસ્સના (છ) આગાર કહેવાય છે. ॥૧૦॥

इत्तुच्चिय खवणंबिल-निविआइसु फासुयं चिय जलं तु ।
सड्ढा वि पियंति तहा पच्चक्खंति य तिहा-ऽऽहारं ॥११॥

चउहाऽऽहारं तु नमो रत्तिंपि मुणीण सेस तिह चउहा ।
निसि पोरिसि पुरिमेगा-ऽऽसणाइ सड्ढाण दु-ति-
चउहा ॥१२॥

खुह-पसम-खमेगागी आहारि व एइ देइ वा सायं ।
खुहिओ व खिवइ कुट्ठे जं पंकुवमं तमाहारो ॥१३॥

असणे मुग्गोअण-सत्तु-मंड-पय-खज्ज-रब्ब-कंदाई ।
पाणे कंजिय-जव-कयर-कक्कडोदग-सुराइ-जलं ॥१४॥

खाइमि भत्तोस फला-ऽऽइ, साइमे सुंठि-जीर-अजमाई ।
महु-गुल-तंबोलाई अणहारे मोअ-निंबाई ॥१५॥

दो नवकारि छ पोरिसि सग पुरिमड्ढे इगासणे अट्ठ ।
सत्तेगठाणि अंबिलि अट्ठ पण चउत्थि छ प्पाणे ॥१६॥

એટલા માટે જ, ઉપવાસઃ આયંબિલઃ અને નીવિઃ વગેરેમાં શ્રાવકો પણ પ્રાસુક જળ જ પીએ છે, અને તિવિહારનું પચ્ચક્ખાણ કરે છે. ॥૧૧॥

નવકારસી અને મુનિમહારાજનાં રાત્રિનાં પણ પચ્ચક્ખાણો ચઉવિહારમાં જ હોય, બાકીનાં પચ્ચક્ખાણો તિવિહાર અથવા ચઉવિહારવાળાં હોય, અને રાત્રિનાં પચ્ચક્ખાણોઃ પોરિસી વગેરેઃ પુરિમઢ્ઢ વગેરેઃ અને એકાશન વગેરે પચ્ચક્ખાણોઃ શ્રાવકોને દુવિહાર, તિવિહાર અથવા ચઉવિહાર હોય ॥૧૨॥

## ૩. ચાર પ્રકારનો આહાર

એકલો પદાર્થ ક્ષુધા શમાવવામાં સમર્થ હોયઃ અથવા આહાર સાથે ભળેલો હોય; અથવા સ્વાદ આપતો હોયઃ અથવા કાદવ સરખો હોવા છતાં પણ ભૂખ્યો થયેલો માણસ પેટમાં જે ઉતારી જાયઃ તે આહાર ગણાય ॥૧૩॥

અશનમાં-મગઃ ઓદનઃ સાથવોઃ માંડાઃ દૂધઃ ખાજાં, વગેરે. ખાદ્યઃ રાબઃ અને કંદઃ વગેરે. અને પાનમાં-કાંજીનુંઃ જવનુંઃ- કેરાનુંઃ કાકડીઃનું પાણી, તથા મદિરાઃ વગેરેનું પાણી છે. ॥૧૪॥

ખાદિમમાં-ભુંજેલાં ધાન્યઃ અને ફળઃ વગેરે, સ્વાદિમમાં-સુંઠઃ જીરુંઃ અજમોઃ વગેરે, તથા મધઃ ગોળઃ પાનઃ સોપારીઃ વગેરે, અને અણાહારીમાં મૂત્રઃ અને લીંબડોઃ વગેરે છે. ॥૧૫॥

## ૪. બાવીશ આગાર

નવકારસીમાં બે, પોરિસીમાં છ, પુરિમઢ્ઢમાં સાત, એકાશનમાં આઠ, એકલઠાણમાં સાત, આયંબિલમાં આઠ, ઉપવાસમાં પાંચ, અને પાણસ્સમાં છ આગાર છે. ॥૧૬॥

२ १ ४ ३ ६ ५ ८ ७
चउ चरिमे चउभिग्गहि पण पावरणे नवट्ठ निव्वीए ।
९-१४ ११ १२ १० १३
आगारुक्खित्तविवेग मुत्तु दव-विगइ-नियमिट्ठ ।१७।

२ ३ ४ १ ७ ८ ९ १० ११ १२
अन्न सह दु नमुकारे अन्न सह प्पच्छ दिस य साहु सव्व।
५ १३ ६ १४ १६ १५
पोरिसी छ सड्ढ-पोरिसि पुरिमड्ढे सत्त समहत्तरा ॥१८॥

२ ३ ४ ५ ६ ७ ८
अन्न सहस्सागारिअ आउंटण गुरु अ पारि मह सव्व ।
१ १० ११ १५ १२ १३ १४
एग-बियासणि अट्ठ उ सग इगठाणे अउंट विणा ॥१९॥

३ ४ ५ ६ ७ ८ ९ १० ११
अन्न स्सह लेवा गिहं उक्खित्त पडुच्च पारि मह सव्व ।
१ २ १२ १४ १३ १५
विगई निव्विगए नव पडुच्च-विणु अंबिले अट्ठ ॥२०॥

२ ३ ४ ५ ६ ७ १ १० ८ ९
अन्न सह पारि मह सव्व पंच खम( व )णे छ पाणि लेवाई।
१६ ११ १२ १३ १४ १५
चउ चरिमंगुट्ठाई-ऽभिग्गहि अन्न सह मह सव्व ॥२१॥

१ २ ३ ६ ७
दुद्ध-महु-मज्ज-तिल्लं, चउरो दव-विगइ चउर पिंड-दवा।
४ ५७ ८ ९ १०
घय-गुल-दहियं पिसियं मक्खण-पक्कन्न दो पिंडा ॥२२॥

१ २ ४ ५
पोरिसि-सड्ढ-अवड्ढं दु-भत्त-निव्विगइ पोरिसाइ समा।
३
अंगुट्ठ-मुट्ठि-गंठी-सचित्त-दव्वाइऽभिग्गहियं ॥२३॥

ચરિમમાં ચાર, અભિગ્રહમાં ચાર, પ્રાવરણમાં પાંચ, અને નીવિમાં નવ અથવા આઠ આગાર છે. ત્યાં દ્રવવિગઈના ત્યાગમાં “ઉક્ખિત્તવિવેગેણં” આગાર છોડીને બાકીના આઠ છે. ॥૧૭॥

નવકારસીમાં અન્નત્થ-ણાભોગેણંઃ સહસાગારેણંઃ એ બે, પોરિસીમાં ને સાર્ધપોરિસીમાં અન્ન૦ સહ૦ પચ્છન્ન૦ દિસામો૦ સાહુવ૦ સવ્વસમા૦ છ, અને પુરિમડ્ઢમાં મહત્તરા૦ સહિત સાત આગારો છે. ॥૧૮॥

એકાશન અને બિઆસણમાં અન્નત્થ૦ સહસા૦ સાગારિઆ૦ આઉંટણ૦ ગુરુ અબ્ભુ૦ પારિટ્ઠા૦ મહત્તરા૦, અને સવ્વસમાહિ૦ એ આઠ. અને એકલઠાણામાં આઉંટણ-પસારેણં વિના સાત આગાર છે. ॥૧૯॥

વિગઈ અને નીવિમાં અન્નત્થણા૦ સહસા૦ લેવાલેવે૦ ગિહત્થસં૦ ઉક્ખિત્તવિવે૦ પડુચ્ચ૦ પારિટ્ઠા૦ મહત્તરા૦ સવ્વસમાહિ૦ એ નવ, અને આયંબિલમાં પડુચ્ચમક્ખિએણં વિના આઠ આગાર છે ॥૨૦॥

ઉપવાસમાં અન્નત્થણા૦ સહસા૦ પારિટ્ઠા૦ મહત્તરા૦ સવ્વસમાહિ૦ એ પાંચ. પાણસ્સમાં લેવેણ વા આદિ છ, તથા ચરિમમાં, અંગુટ્ઠસહિયં વગેરેમાં, અને અભિગ્રહમાં અન્નત્થણા૦ સહસા૦ મહત્તરા૦ સવ્વસમાહિ૦ એ ચાર-આગાર છે ॥૨૧॥

દૂધઃ મધઃ મદિરાઃ ને તેલઃ એ ચાર દ્રવ-વિગઈ, ઘીઃ ગોળઃ દહિઃ ને માંસઃ એ ચાર પિંડદ્રવ વિગઈ, તથા માખણઃ અને પક્વાન્નઃ એ બે પિંડ વિગઈ છે. ॥૨૨॥

પોરિસીઃ અને સાડ્ઢપોરિસીમાં, અવડ્ઢમાં, બેઆસણામાં, આયંબિલમાં પોરિસી (પુરિમઙ્ઢ, એકાસણું નિવી)વગેરે પ્રમાણે હોય છે. અંગુટ્ઠ-મુટ્ઠિ-ગંઠિસહિતઃ સચિત્ત દ્રવ્યાદિકઃ અને અભિગ્રહઃમાં પણ સરખા હોય છે. ॥૨૩॥

विस्सरणमणाभोगो सहसागारो सयं मुह-पवेसो ।
पच्छन्न-काल मेहाई दिसिविवज्जासु दिसि मोहो ॥२४॥

साहु-वयण-"उग्घाडा-पोरिसि" तणु-सुत्थया समाहित्ति।
संघा-ऽऽइ-कज्ज महत्तर गिहत्थ-बन्दाइ सागारी ॥२५॥

आउंटणमंगाणं गुरु-पाहुण-साहुगुरु-अभुट्ठाणं ।
परिठावण विहिगहिए जईण पावरणि कडि-पट्टो ॥२६॥

खरडिय लूहिय डोवाइ लेव संसट्ठ डुच्च मंडाइ ।
उखित्त पिंडविगईण मक्खियं अंगुलीहिं मणा ॥२७॥

लेवाडं आयामाइ इयर सोवीरमच्छमुसिण-जलं ।
धोयण बहुल ससित्थ उस्सेइम इयर सित्थविणा ॥२८॥

पणचउ चउ चउ दु दुविहछ भक्खदुद्धाइ विगइ इग वीसं।
ति दु ति चउविह अभक्खा चउ महुमाइ विगइ बार ॥२९॥

खीर घय दहिय तिल्लं गुल पक्कन्नं छ भक्ख-विगईओ ।
गो-महिसि-उट्टि-अय-एलगाण पण दुद्ध अह चउरो ॥३०॥

અનાભોગઃ ભુલી જવું, સહસાગારઃ અચાનક મોઢામાં આવી પડવું, પ્રચ્છન્નકાલઃ વાદળાં વગેરેથી, દિગ્મોહઃ દિશા ભૂલી જવી. ॥૨૪॥

સાધુવચનઃ "ઉગ્ઘાડા પોરિસી" શબ્દો, સમાધિઃ શરીરની સ્વસ્થતા, મહત્તરઃ સંઘાદિકનું કામ, સાગારિકઃ ગૃહસ્થ, બન્દી, વગેરે. ॥૨૫॥

આકુઞ્ચન (પ્રસારણ)ઃ શરીરનાં અંગોનું, ગુરુઅભ્યુત્થાનઃ ગુરુ, પ્રાધુર્ણિક સાધુ નિમિત્તે ઊભા થવું, મુનિઓને-પરિઠાવણઃ પરઠવવા યોગ્યને વિધિપૂર્વક ગ્રહણ કરવાનું અને પ્રાવરણઃ ચોલ પટ્ટો લેવાનો હોય. ॥૨૬॥

લેપાલેપઃ ખરડાયા પછી લૂછી નાખેલી કડછી વગેરે આશ્રયી, સંસૃષ્ટઃ શાક અને માંડા વગેરેને સ્પર્શ થયો હોય, ઉત્ક્ષિપ્તઃ કઠણ વિગઈ મૂકીને ઉપાડી લીધી હોય, મ્રક્ષિતઃ આંગળી વગેરેથી સ્હેજ ચોપડેલ હોય. ॥૨૭॥

ઓસામણ વગેરે લેપકૃત્ઃ અલેપકૃત્ઃ કાંજી વગેરે. અચ્છઃ ઉષ્ણ જળ, બહુલઃ ધોવાણ, સસિક્થઃ ઉત્સેદિત-દાણા, આટા વગેરે સહિત. અસિક્થઃ દાણા આટા, વગેરે રહિત. ॥૨૮॥

## ૫. દશ વિગઈઓ

દૂધ વગેરે છ ભક્ષ્ય વિગઈઓ-પાંચઃચારઃચારઃચારઃબેઃ અને બે પ્રકારે, એમ એકવીસ થાય છે. મધ વગેરે ચાર અભક્ષ્ય વિગઈઓ ત્રણઃ બેઃ ત્રણઃ અને ચારઃ પ્રકારે એમ બાર થાય છે. ॥૨૯॥

## ૧૦. વિગઈઓ અને તેના ૩૩ પેટા ભેદો

દૂધઃ ઘીઃ દહીંઃ તેલઃ ગોળઃ અને પકવાન્નઃ છ ભક્ષ્યવિગઈઓ છે. ગાયઃ ભેંસઃ ઊંટડીઃ બકરીઃ અને ઘેટીનું એમ પાંચ પ્રકારે દૂધ, હવે ચાર પ્રકારે ॥૩૦॥ ઘી તથા દહીં-તે ઊંટડી વિના. તલઃ સરસવઃ અળસીઃ

घय[२] दहिया[३] उट्टि-विणा[१]-तिल सरिसव[४] अयसि[५] लट्ट[६] तिल्ल[७] चऊ।
दव-गुड[१०] पिंड[११]-गुडा दो[१२], पक्कन्नं[१४] तिल्ल-घय[१३]-तलियं ॥३१॥

पय[२]-साडि-खीर-पेया-ऽवलेहि दुद्धट्टि दुद्ध[३]-विगइ-गया ।
दक्ख[१]-बहु-अप्प-तंदुल-तच्चुन्नंबिल-सहिय दुद्धे ॥३२॥

निब्भंजण[१]-वीसंदण-पक्कोसहि-तरिय-किट्टि-पक्क-धयं ।
दहिए[२] करंब[३]-सिहरिणि-स-लवण-दहि-घोल-घोल-वडा ।३३।

तिलकुट्टी[१]-निब्भंजण-पक्कतिल-पक्कुसहितरिय-तिल्लमली।
सक्कर[२]-गुल-वाणय-पाय-खंड-अद्ध-कढि-इक्खु-रसो ॥३४॥

पूरिय[१]-तवपूआ बीअ[२]-पूअ तन्नेह[३]-तुरिय-घाणाई ।
गुल[४]-हाणी जल[५]-लप्पसि अ[६] पंचमो[७] पुत्ति-कयपूओ ॥३५॥

दद्ध[२] दही[३] चउरंगुल[४] दव[५]-गुल घय[६]-तिल्ल एग[७] भत्तुवरिं[१] ।
पिंड[९]-गुड-मक्खणाणं अद्दा[११]-ऽऽमलयं[८] च संसट्ठं[१०] ॥३६॥

અને કસુંબીઃ તેલ. ઢીલો ગોળ અને કઠણ ગોળઃ એમ બે પ્રકારે ગોળ. અને તેલમાં, અને ઘીમાં તળેલ પકવાન્નઃ ॥૩૦-૩૧॥

## ૬. ત્રીશ નિવિયાતાં

### ૧. દુધનાં નિવિયાતાં

ધરાખઃ ઘણા અને થોડા ચોખાઃ ચોખાનો આટોઃ અને ખાટા પદાર્થઃ સહિત દૂધ, તે પયસાડીઃ ખીરઃ પેયાઃ અવલેહિકા (ચટાય તેવી)ઃ રાબઃ દુગ્ધાટીઃ દુધ વિગઈ સંબંધી છે. ॥૩૨॥

### ૨. ઘીના અને ૩. દહીંના પાંચ પાંચ નિવિયાતાં

દાઝીયુંઃ દહીંની તરઃ અને આટો પકાવેલું ઘીઃ ઔષધિઓ નાખીને ઉકાળેલા ઘીની તરીઃ કીટ્ટીઃ અને કાંઈ નાંખીને ઉકાળેલ ઘીઃ

દહીંના-કરંબોઃ શિખંડઃ મીઠાવાળું દહીંઃ કપડે છણેલું દહીંઃ અને તે (છણેલું) વડાવાળું દહી : ॥૩૩॥

### ૪. તેલ અને ૫. ગોળનાં પાંચ પાંચ નિવિયાતાં

તિલવટીઃ બાળેલું તેલઃ ઔષધિ નાખી ઉકાળેલું તેલઃ પકવેલી ઔષધિની તરનું તેલઃ અને તેલની મલીઃ

તથા સાકરઃ ગળમાણુંઃ પાયો કરેલો ગોળઃ ખાંડ અને અર્ધ ઉકાળેલ શેરડીનો રસઃ (એ પાંચ ગોળનાં નિવિયાતાં છે.) ॥૩૪॥

### ૬. પક્વાન્નનાં પાંચ નિવિયાતાં

આખી તવીમાં સમાય તેવડા એક પૂડલા પછીનો બીજો પૂડલોઃ તે જ સ્નેહમાંનો ચોથો વગેરે ઘાણઃ ગોળધાણીઃ જળલાપસીઃ અને પાંચમો-પોતું દઈ તળેલો પૂડલોઃ ॥૩૫॥

### ૭. સંસૃષ્ટ દ્રવ્ય

ખાવાની વસ્તુ ઉપર દૂધઃ અને દહીંઃ ચાર આંગળ, ઢીલો ગોળઃ ઘીઃ અને તેલઃ એક-એક આંગળ હોય, કઠણ ગોળ અને માખણના પીલુના મ્હોર જેવડા-કકડા હોય, તો સંસૃષ્ટઃ (કહેવાય) ॥૩૬॥

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
दव्व-हया विगई विगइ-गय पुणो तेण तं हयं दव्वं ।
૧૦ ૧૨ ૧૧ ૯ ૧૬ ૧૩ ૧૪ ૧૫
उद्धरिए तत्तंमि य उक्किट्ठ-दव्वं इमं चन्ने ॥३७॥

૧ ૨ ૩ ૪
तिल-सक्कुलि वर-सोलाइ रायणंबाइ दक्ख-वाणाई ।
૫ ૬ ૭ ૮
डोली तिल्लाई ईय सरसुत्तम-दव्व लेव-कडा ॥३८॥

૨ ૩ ૫ ૪ ૧
विगइ-गया संसट्ठा उत्तमदव्वा य निव्विगइयंमि ।
૬ ૭ ૧૦ ૮ ૯ ૧૧ ૧૨
कारण-जायं मुत्तुं कप्पंति न भुत्तुं, जं वुत्तं ॥३९॥

૪ ૧ ૬ ૫ ૭
विगइं विगई-भीओ विगइ-गयं जो उ भुंजए साहू ।
૯ ૮ ૧૦ ૧૨ ૧૧ ૧૩
विगई विगइ-सहावा विगई विगइं बला नेइ ॥४०॥

૧ ૨ ૩ ૪
कुत्तिय-मच्छिय-भामर-महुं तिहा कट्ठ-पिट्ठ-मज्ज दुहा ।
૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧
जल-थल-खग-मंस तिहा घयव्व मक्खण चउ अभक्खा ॥४१॥

૧
मण-वयण-काय-मणवय-मणतणु-वयतणु-तिजोगि
૩ ૪
सग सत्त ।
૨ ૫ ૬
कर-कारणुमइ दु-ति-जुइ तिकालि सीयाल-भंग-सयं ॥४२॥

### ૮. નીવિયાતાનું લક્ષણ અને મતાન્તરે બીજું નામ

દ્રવ્યથી હણાયેલી વિગઈ: અને તે કારણથી તે વડે હણાયેલું દ્રવ્ય: તળતાં વધેલું ઘી વગેરે: તેમાં નાંખેલું તે દ્રવ્ય પણ: નીવિયાતું છે. બીજા આચાર્ય ભગવંતો એને ઉત્કૃષ્ટ દ્રવ્ય (કહે છે). ॥૩૭॥

### ૯. સરસોત્તમ દ્રવ્ય

તલસાંકળી: વરસોલાં વગેરે: રાયણ અને કેરી વગેરે: તથા દ્રાક્ષનું પાણી વગેરે: ડોળીયું અને તેલ વગેરે: એ સરસ-ઉત્તમ દ્રવ્ય અને લેપકૃત કહેવાય છે. ॥૩૮॥

### ૧૦. નીવિયાતાં: સંસૃષ્ટ: અને ઉત્તમ દ્રવ્યોની કલ્પ્યા-ડકલ્પ્યતા

નીવિમાં-નીવિયાતાં: સંસૃષ્ટ દ્રવ્યો: અને ઉત્તમ દ્રવ્યો: કોઈ ખાસ કારણ હોય તે સિવાય ખાવાં ન કલ્પે, કેમકે-કહ્યું છે કે-॥૩૯॥

### ૧૧. વિગઈ અને નીવિયાતાં ખાવાથી નુકશાન-

દુર્ગતિથી ભય પામેલા જે મુનિરાજ વિગઈ અને નીવિયાતાં ખાય, તેથી વિકારી સ્વભાવવાળી વિગઈઓ વિકારરૂપ હોવાથી બળાત્કારે દુર્ગતિમાં લઈ જાય છે. ॥૪૦॥

### ૧૨. ચાર અભક્ષ્ય મહાવિગઈઓ-

કુંતા: માખી: અને ભમરી:નું મધ-ત્રણ પ્રકારે, કાષ્ઠ: અને લોટ:ની મદિરા-બે પ્રકારે, જળચર: સ્થળચર: અને ખેચર:નું માંસ-ત્રણ પ્રકારે, તથા ઘીની પેઠે માખણ: ચાર પ્રકારે છે. એ અભક્ષ્ય છે. ॥૪૧॥

### ૭. બે પ્રકારે પચ્ચક્ખાણના ભાંગા

મન: વચન: કાયા: મન-વચન: મન-કાયા: વચન:-કાયા: અને ત્રિસંયોગે: કરવું, કરાવવું, અનુમોદવું, બબ્બેના અને ત્રણેયના યોગે, સાતીયા સાત, અને ત્રણ કાળ. એકસો સુડતાલીશ ભાંગા ॥૪૨॥

एयं च उत्त-काले सयं च मण-वय-तणूहिं पालणीयं ।
जाणग-ऽजाणग-पासत्ति भंगचउगे तिसु अणुन्ना ॥४३॥

फासिय-पालिय-सोहिय-तीरियकिट्टिय-आराहिय छ सुद्धं ।
पच्चक्खाणं फासियविहिणोचियकालि जं पत्तं ॥४४॥

पालिय पुणपुण सरियं सोहिय गुरुदत्त-सेस-भोयणओ।
तिरियं समहिय-कालाकिट्टिय भोयण-समय-सरणा ॥४५॥

इय पडियरियं आराहियं तु अहवा छ सुद्धि सद्दहणा ।
जाणण विणयऽणुभासण अणुपालण भावसुद्धि-त्ति ॥४६॥

पच्चक्खाणस्स फलं इह पर-लोए य होइ दुविहं तु ।
इह-लोए धम्मिलाइ दामन्नगमाइ पर-लोए ॥४७॥

पच्चक्खाणमिणं सेविऊण भावेण जिण-वरुद्दिट्ठं ।
पत्ता अणंत-जीवा सासय-सुक्खं अणाबाहं ॥४८॥

इति श्री-भाष्य-त्रयम् ।

એ પચ્ચક્ખાણ શાસ્ત્રમાં કહેલા કાળ પ્રમાણે અને પોતે મન-વચન-કાયાથી પાળવું, તથા-જાણઃ અને અજાણઃ પાસેથી-એમ ચાર ભાંગામાં ત્રણ ભાંગાની આજ્ઞા છે. ॥૪૩॥

## ૮. પચ્ચક્ખાણની છ શુદ્ધિઓ

સ્પર્શિતઃ પાલિતઃ શોધિતઃ તીરિતઃ કીર્તિતઃ અને આરાધિતઃ એ છ શુદ્ધિ છેઃ અને વિધિપૂર્વક જે પચ્ચક્ખાણ યોગ્ય વખતે લીધું હોય તે સ્પર્શિતઃ ॥૪૪॥

વારંવાર સંભાર્યું હોય-તે **પાલિત,** ગુરુ મહારાજને વ્હોરાવ્યા પછી વધેલાનું ભોજન, તે **શોધિતઃ** કંઈક અધિક કાળ થવા દેવો તે **તીરિતઃ** અને ભોજન વખતે સંભારવું, તે **કીર્તિતઃ** ॥૪૫॥

એ પ્રમાણે બરાબર જાળવેલું, તે **આરાધિતઃ** અથવા પચ્ચક્ખાણ (તરફ) શ્રદ્ધાઃ જાણપણુંઃ વિનયઃ અનુભાષણઃ અનુપાલન અને ભાવશુદ્ધિઃ એ પ્રકારે છ શુદ્ધિઓ છે. ॥૪૬॥

## ૯. બે પ્રકારનું ફળ

આ લોકમાં અને પરલોકમાં એમ બે પ્રકારે પચ્ચક્ખાણનું ફળ છે. તેમાં-આ લોકમાં **ધમ્મિલકુમારઃ** અને પરલોકમાં **દામન્નકઃ** વગેરે ॥૪૭॥

શ્રી જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલ આ પચ્ચક્ખાણને ભાવપૂર્વક આદરીને અનન્ત જીવો બાધા રહિત શાશ્વત સુખ પામ્યા છે. ॥૪૮॥

**ત્રણ ભાષ્યના ગાથાર્થ સંપૂર્ણ.**

# भाष्य-त्रयस्य संस्कृत-च्छाया

## १. चैत्य-वन्दन-भाष्यस्य

वन्दित्वा वन्दनीयान् सार्वान् (सर्वान्) चैत्यवन्दनादि-सु- विचारम् ।
बहु-वृत्ति-भाष्य-चूर्णि-सूत्रा-ऽनुसारेण वक्ष्ये ॥१॥

दश-त्रिकमभिगम-पञ्चकं द्वि-दिशौ त्रिधाऽवग्रहस्त्रिधा तु वन्दना ।
प्रणिपात-नमस्कारौ वर्णाः षोडश-शतानि सप्त-चत्त्वारिंशत् ॥२॥

एका-ऽशीत्यधिक-शतं तु पदानि सत-नवतिः संपदस्तु, पञ्च दंडकाः ।
द्वादशा-ऽधिकाराश्चत्वारो वन्दनीयाः स्मरणीयाश्चतुर्धा जिनाः ॥३॥

चतस्रस्स्तुतयो निमित्तान्यष्टौ द्वादश-हेतवश्च षोडशा-ऽऽकाराः ।
एकोन-विंशतिर्दोषाः कायोत्सर्गमानं स्तोत्रं च सप्त-वेलाः ॥४॥

दशाऽऽशातना-त्यागः सर्वाणि चैत्य-वन्दनायां स्थानानि ।
चतुर्विंशति-द्वारैर्द्वि-सहस्रे चतुःसप्तति (श्च) ॥५॥

तिस्रो नैषेधिक्यस्तिस्रस्तु प्रदक्षिणास्त्रयश्च प्रणामाः ।
त्रिविधा पूजा च तथाऽवस्था-त्रिक-भावनं चैव ॥६॥

त्रि-दिक्षु निरीक्षण-विरतिः पद-भूमि-प्रमार्जनं च त्रि-कृत्वः ।
वर्णा-ऽऽदि-त्रिकं मुद्रा-त्रिकं च त्रि-विधं च प्रणिधानम् ॥७॥

गृह-जिनगृह-जिनपूजा-व्यापार-त्यागतो नैषेधिकी-त्रिकम् ।
अग्र-द्वारे मध्ये तृतीया चैत्य-वन्दना-समये ॥८॥

अञ्जलि-बद्धोऽर्धाऽवनतश्च पञ्चा-ऽङ्गश्च त्रयः पणामाः ।
सर्वत्र वा त्रि-वारं शिर-आदि-नमने प्रमाण-त्रिकम् ॥९॥

अङ्गा-ऽग्र-भाव-भेदात्पुष्पाऽऽहार-स्तुतिभिः पूजा-त्रिकम् ।
पञ्चोपचाराऽष्टोपचारा सर्वोपचारा वा ॥१०॥

भावयेदवस्था-त्रिकं पिण्ड-स्थ-पद-स्थ-रूप रहितत्वम् ।
छद्मस्थत्वं केवलित्वं सिद्धत्वं चैव, तस्याऽर्थः ॥११॥

स्नपनाऽर्च्चकैश्छद्म-स्था-ऽवस्था प्रातिहार्यैः केवलित्वम् ।
पर्यङ्कोत्सर्गाभ्यां च जिनस्य भावयेत् सिद्धत्वम् ॥१२॥

उर्ध्वाधस्तीरश्चीनां त्रि-दिशां निरीक्षणं त्याज्यमथवा ।
पश्चिम-दक्षिण-वामानां जिन-मुख-न्यस्त-दृष्टि-युतः ॥१३॥

वर्ण-त्रिकं वर्णाऽर्था-ऽऽलम्बनमालम्बनं तु प्रतिमादेः ।
योग-जिन-मुक्ता-शुक्ति-मुद्रा-भेदेन मुद्रा-त्रिकम् ॥१४॥

अन्योन्या-ऽन्तरिता-ऽङ्गुलि-कोशा-ऽऽकाराभ्यां द्वाभ्यां हस्ताभ्याम् ।
पिट्टोपरि-कूर्पर-संस्थिताभ्यां तथा योगमुद्रेति ॥१५॥

चत्वार्यङ्गुलानि पुरत ऊनानि यत्र पश्चिमतः ।
पादयोरुत्सर्गः एषा पुनर्भवति जिनमुद्रा ॥१६॥

मुक्ता-शुक्तिर्मुद्रा यत्र-समौ द्वावपि गर्भितौ हस्तौ ।
तौ पुनर्ललाट-देशे लग्नौ "अन्येऽलग्नाविति" ॥१७॥

पञ्चा-ऽङ्गः प्रणिपातः स्तव-पाठो भवति योग-मुद्रया ।
वन्दनं जिन-मुद्रया प्रणिधानं मुक्ता-शुक्त्या ॥१८॥

प्रणिधान-त्रिकं चैत्य-मुनि-वन्दन-प्रार्थना-स्वरूपं वा ।
मनो-वचः-कायैकत्त्वम् शेष-त्रिका-ऽर्थश्च प्रकट इति ॥१९॥

स-चित्त-द्रव्योज्झनम-चित्तानुज्झनं मन-एकत्वम् ।
एक-शाटकोत्तरा-ऽऽसङ्गमञ्जलिः शिरसि जिने दृष्टे ॥२०॥

इति पञ्च-विधा-ऽभिगमोऽथवा मुच्यन्ते राज-चिह्नानि ।
खड्गं छत्रमुपानन्मुकुटं चामरश्च पञ्चमे ॥२१॥

वन्दन्ति जिनान् दक्षिण-दिक्-स्थिताः पुरुषा वाम-दिशि नार्यः ।
नव-करो जघन्यः षष्टि-करो ज्येष्ठो मध्याऽवग्रहः शेषः ॥२२॥

नमस्कारेण जघन्या चैत्य-वन्दना मध्यमा दण्डक-स्तुति-युगला ।
पञ्च-दण्डक-स्तुति-चतुष्क-स्तव-प्रणिधानैरुत्कृष्टा ॥२३॥

अन्ये ब्रुवन्त्येकेन शक्र-स्तवेन जघन्या वन्दना ।
तद्-द्विक त्रिकेन मध्यमोत्कृष्टा चतुर्भिः पञ्चभिर्वा ॥२४॥

प्रणिपातः पञ्चाङ्गो द्वे जानू कर-द्विकमुत्तमा-ऽङ्गं च ।
सु-महा-ऽर्था नमस्काराः एको द्वौ त्रयो यावदष्टाऽधिक-शतम् ॥२५॥

अष्ट-षष्टिरष्टा-विंशतिर्नव-नवत्यधिकशतं च द्वे शते सप्त-नवत्यधिके ।
द्वे शते एकोन-त्रिंशदधिके द्वे शते षष्ट्यधिके द्वे शते षोडशाऽधिके ।
अष्ट-नवत्यधिकःशतं द्वि-पञ्चाशदधिक-शतम् ॥२६॥

इति नवकार-क्षमा-श्रमणेर्या-पथिकी-शक्र-स्तवा-ऽऽदि-दण्डकेषु ।
प्रणिधानेषु चाऽद्विरुक्त-वर्णाः षोडश-शतानि सप्त-चत्वारिंशद् ॥२७॥
नव द्वा-त्रिंशत् त्रयस्त्रिंशत् त्रि-चत्वारिंशदष्टा-विंशतिः
षोडश विंशतिः पदानि ।
मङ्गलेर्या-शक्र-स्तवा-ऽऽदिष्वेकाशीत्यधिक-शतम् ॥२८॥

अष्टा-ऽष्टा नवा-ऽष्ट चाष्टा-विंशतिः षोडशश्च विंशतिर्विश्रामाः ।
क्रमशो मङ्गलेर्या-शक्र-स्तवादिषु सप्त-नवतिः ॥२९॥
वर्णा अष्ट-षष्टिर्नव पदानि नवकारेऽष्ट संपदस्तत्र ।
सप्त संपदः पद-तुल्याः सप्त-दशा-ऽक्षराऽष्टमी द्वि-पदा ॥३०॥
("नवा-ऽक्षराऽष्टमी द्वि-पदा" षष्ठी इत्यन्ये)
प्रणिपातेऽक्षराण्यष्टा-विंशतिस्तथा चेर्यायाम् ।
नव-नवत्यधिकाऽक्षर-शतं द्वा-त्रिंशत्पदानि संपदोऽष्टौ ॥३१॥
द्वि-द्व्यैक-चतुरेक-पञ्चैकादश-षडीर्या-संपदादि-पदानि ।
इच्छा० इरि० गम० पाणा० जे मे० एगिंदि अभि० तस्स० ॥३२॥
अभ्युपगमो निमित्तौघेतर-हेतुके संग्रहाः पञ्च ।
जीव-विराधना-प्रतिक्रमण-भेदतस्तिस्रश्चूलायाम् ॥३३॥
द्वि-त्रि-चतुष्प-ञ्चपञ्च-पञ्च-द्वि-चतुस्त्रिपदानि शक्र-स्तव-संपदादि-पदानि ।
नमु० आइग० पुरिसु० लोगु० अभय० धम्म० ऽप्प० जिण० सव्वं० ॥३४॥
स्तोतव्य-संपदोघेतर-हेतूपयोग-तद्धेतुकाः ।
स-विशेषोपयोग-स्वरूप-हेतु-निज-सम-फल-द-मोक्षाः ॥३५॥
द्वे शते सप्त-नवत्यधिके वर्णा नव संपदः पदानि त्रयस्त्रिंशच्छक्रस्तवे ।
चैत्य-स्तवमष्ट-संपत्त्रि-चत्वारिंशत्पदानि वर्णा द्वे शते एकोन-त्रिंशदधिकाः ॥३६॥
द्वि-षट्-सप्त-नव-त्रि-षट्-चतुः षट्-पदानि चैत्य-संपद् पदानि प्रथमानि-
अरिहं० वंदण- सद्धा० अन्न० सुहुम० एव० जा० ताव० ॥३७॥
अभ्युपगमो निमित्तं हेतुरेक-बहु-वचना-ऽन्ता-ऽऽकाराः ।
आगन्तुका-ऽऽकारा उत्सर्गा-ऽवधिः स्वरूपमष्टौ ॥३८॥
नाम-स्तवादिषु संपदः पद-समा अष्टाविंशतिः षोडश विंशतिः क्रमात् ।
अ-द्विरुक्त-वर्णा-षष्ट्यधिक-शत-द्वयं षोडशाधिक-शत-द्वयं,
अष्टनवत्यधिकशतम् ॥३९॥
प्रणिधाने द्वि-पञ्चाशदधिक-शतं क्रमादेषु सप्त-त्रि-चतुर्विंशतिः ।
त्रयस्त्रिंशदेकोनत्रिंशदष्टाविंशति चतुस्त्रिंशदेकत्रिंशद्द्वादशगुरु-वर्णाः ॥४०॥
पञ्च दण्डकाः शक्रस्तव-चैत्य-नाम-श्रुत-सिद्ध-स्तवा अत्र ।
द्वावेको द्वौ द्वौ पञ्च चाधिकारा द्वादशाः क्रमेण ॥४१॥
नमु० जेय अ० अरिहं० लोग० सव्व० पुक्ख० तम० सिद्ध० जो देवा० ।
उज्जिं० चत्ता० वेयावच्चग० अधिकार-प्रथम-पदानि ॥४२॥

प्रथमा-ऽधिकारे वन्दे भाव-जिनान् द्वितीये द्रव्य-जिनान् ।
एक-चैत्य-स्थापना-जिनान् तृतीये चतुर्थे नाम-जिनान् ॥४३॥

त्रि-भुवन-स्थापना-जिनान् पुनः पञ्चमे विहरतो जिनान् षष्ठे ।
सप्तमे श्रुत-ज्ञानमष्टमे सर्व-सिद्ध-स्तुतिः ॥४४॥

तीर्था-ऽधिप-वीर-स्तुतिर्नवमे दशमे चोज्जयन्त-स्तुतिः ।
अष्टापदादिरेकादशे सुदृष्टि-सुर-स्मरणं चरिमे ॥४५॥

नवाधिकारा अत्र-ललित-विस्तरा-वृत्त्याद्यनुसारेण ।
त्रयः श्रुतपरम्परया द्वितीयो दशम एकादशः ॥४६॥

आवश्यकचूर्ण्यां यद्भणितं "शेषा यथेच्छया" ।
तेनोज्जयन्तादयोऽप्यधिकाराः श्रुतमता श्चैव ॥४७॥

द्वितीयः श्रुतस्तवादावर्थतो वर्णितस्तत्र चैव ।
शक्र-स्तवान्ते पठितो द्रव्यार्हदवसरे प्रकटार्थः ॥४८॥

अ-शठाचीर्णमनवद्यं गीतार्था न वारयन्ति मध्यस्थाः ।
आचरणाऽपि खलु आज्ञेति-वचनतः सुबहु मन्यन्ते ॥४९॥

चत्त्वारो वन्दनीया जिन-मुनि-श्रुत-सिद्धाः अत्र सुराश्च स्मरणीयाः ।
चतुर्धा जिनाः नाम-स्थापना-द्रव्य-भाव-जिन-भेदेन ॥५०॥

नाम-जिना जिन नामानि, स्थापना-जिनाः पुनर्जिनेन्द्र-प्रतिमाः ।
द्रव्य-जिना जिनजीवाः, भाव-जिनाः समवसरण-स्थाः ॥५१॥

अधिकृत-जिनस्य प्रथमा स्तुतिर्द्वितीया सर्वेषां तृतीया ज्ञानस्य ।
वैया-वृत्यकराणामुपयोगार्थं चतुर्थी स्तुतिः ॥५२॥

पाप-क्षपणा-ऽर्थमीर्यापथिकी वन्दनप्रत्ययादीनि षण्निमित्तानि ।
प्रवचन-सुर-स्मरणाऽर्थमुत्सर्ग इति निमित्तान्यष्टौ ॥५३॥

चत्वारः तस्योत्तरी-करण-प्रमुखाः श्रद्धादिकाश्च पञ्चहेतवः ।
वैयावृत्य-करत्त्वादि त्रीणीति हेतवो द्वादश ॥५४॥

"अन्यत्र० आदि द्वादश" आकारा एवमादिका श्चत्वारः ।
अग्निः पञ्चेन्द्रिय-च्छेदन बोधि-क्षोभा-ऽऽदि दंशश्च ॥५५॥

घोटक-लता-स्तम्भा-ऽऽदि मालोद्धी-निगड-शबरि-खलिन-वधू-।
लम्बदुत्तरीय-स्तन-संयति-भ्रमिता-ऽङ्गुलि-वायस-कपित्थाः ॥५६॥
शिरःकम्पः मूक-वारुणि प्रेक्ष्या इति त्यजेद्दोषमुत्सर्गे ।
लम्बदुत्तर-संयतीर्न दोषाः श्रमणीनां स-वधूः श्राद्धीनाम् ॥५७॥

ईर्योत्सर्ग-प्रमाणं पञ्चविंशतिरुच्छ्वासा अष्ट शेषेषु ।
गभीरं मधुर-शब्दं महाऽर्थ-युक्तं भवति स्तोत्रम् (स्तवम्) ॥५८॥

प्रतिक्रमणे चैत्ये जेमने चरिमे प्रतिक्रमणे शयने प्रतिबोधे ।
चैत्य-वन्दनमिति यतीनां सप्त तु वेला अहोरात्रे ॥५९॥

प्रतिक्रामतो गृहिणोऽपि खलु सप्त वेलं पञ्च-वेलमितरस्य ।
पूजासु त्रि-संध्यासु च भवति त्रि-वेलं जघन्येन ॥६०॥

ताम्बूल-पान-भोजनोपानन् मैथुन-शयन-निष्ठीवनम् ।
मूत्रमुच्चारं द्यूतं वर्जयेज्जिन-नाथजगत्याम् ॥६१॥

ईरिया-नमस्कार-नमोत्थुण-मरिहंत-स्तुति-लोगस्स-सव्व-स्तुति-पुक्खर-
स्तुति-सिद्धाणं-वेयावच्च-स्तुति-नमुत्थुणं-जावंति-स्तव-जयवीअराय ॥६२॥

सर्वोपाधि-विशुद्धमेवं यो वन्दते सदा देवम् ।
देवेन्द्रवृन्दमहितं परम-पदं प्राप्नोति लघु सः ॥६३॥

--------

## २. श्री-गुरु-वन्दन-भाष्यस्य-

गुरु-वन्दनमथ त्रिविधं तत्फिट्टा-छोभ-द्वादशा-ऽऽवर्त्तम् ।
शिरोनमनादिषु प्रथमं पूर्ण-क्षमा-श्रमण-द्विके द्वितीयम् ॥१॥

यथा दूतो राजानं नत्वा कार्यं निवेद्य पश्चात् ।
विसर्जितोऽपि वन्दित्वा गच्छत्येवमेवात्र द्विकम् ॥२॥

आचारस्य तु मूलं विनयः स गुणवतश्च प्रतिपत्तिः ।
सा च विधि-वन्दनतो विधिश्चासौ द्वादशा-ऽऽवर्ते ॥३॥

तृतीयं तु छन्दनक-द्विके तत्र मिथ आदिमं सकल-संघस्य ।
द्वितीयं तु दर्शनिनश्च पद-स्थितानां च तृतीयं तु ॥४॥

वन्दन-चिति-कृति-कर्म्म-पूजा-कर्म च विनय-कर्म च ।
कर्त्तव्यं कस्य वा केन वाऽपि कदा वा कति-कृत्वः ॥५॥

कत्यवनतं कति-शिरः कतिभिर्वाऽऽवश्यकैः परिशुद्धम् ।
कति-दोष-विप्रमुक्तं कृति-कर्म कस्मात् क्रियते वा ? ॥६॥

पञ्च-नामानि पञ्चोदाहरणान्ययोग्य-पञ्चकं योग्यपञ्चकं चत्वारोऽदातारः ।
चत्वारो दातारः- पञ्च-निषेधाश्चत्वारोऽनिषेधा अष्ट कारणानि ॥७॥
आवश्यक-मुखा-ऽनन्तक-तनु-प्रेक्षा-पञ्च-विंशतिर्दोषा द्वात्रिंशत् ।
षड्-गुणा गुरु-स्थापना द्व्यवग्रहो द्वि-षड्-विंशत्यक्षर-गुरु-पञ्चविंशतिः ॥८॥

पदान्यष्ट-पञ्चाशत् षट्-स्थानानि षट्-गुरु-वचनान्याशातनास्त्रयस्त्रिंशत् ।
द्वौ विधी द्वा-विंशति-द्वारैश्चतुः शतानि द्वि-नवतिः स्थानानि ॥९॥

वन्दनकं चिति-कर्म कृति-कर्म पूजा-कर्म विनय-कर्म ।
गुरु-वन्दन-पञ्चनामानि द्रव्यतो भावतो द्विधौघेन (द्विधोदाहरणानि) ॥१०॥

शीतलकः क्षुल्लको वीर-कृष्णौ सेवकद्वयः पालकः शाम्बः ।
पञ्चैते दृष्टान्ताः कृति-कर्मे द्रव्य-भावाभ्याम् ॥११॥

पार्श्व-स्थोऽवसन्नः कु-शीलः संसक्तो यथा-छन्दः ।
द्वि-द्वि-त्रि-द्व्यनेक-विधा अवन्दनीया जिन-मते ॥१२॥

आचार्य उपाध्यायः प्रवर्तकः स्थविरस्तथैव रात्निकः ।
कृति-कर्म निर्जरा-ऽर्थं कर्त्तव्यमेतेषां पञ्चानाम् ॥१३॥

माता पिता ज्येष्ठ-भ्राताऽवमा अपि-तथैव सर्व-रात्निकः ।
कृति-कर्म न कारयेच्चत्त्वारः श्रमणा-ऽऽदयः कुर्वन्ति पुनः ॥१४॥

व्याक्षिप्तं पराङ्मुखं च प्रमत्तं मा कदाचिद्वन्देत ।
आहारं निहारं कुर्वन्तं कर्तु-कामं च ॥१५॥

प्रशान्तमासन-स्थं चोपशान्तमुपस्थितम् ।
अनुज्ञाप्य मेधावी कृति-कर्म प्रयुनक्ति ॥१६॥

प्रतिक्रमणे स्वाध्याये कायोत्सर्गे-ऽपराधे प्राघूर्णके ।
आलोचने संवरणे उत्तमा-ऽर्थे च वन्दनकम् ॥१७॥

द्व्यवनतं यथा-जातमावर्त्ता द्वादश चतुः- शिरस्त्रि-गुप्तम् ।
द्वि-प्रवेशमेक-निष्क्रमणं पञ्चविंशत्यावश्यकानि कृति-कर्मे ॥१८॥

कृति-कर्माऽपि कुर्वन्न भवति कृति-कर्म-निर्ज्जरा-भागी ।
पञ्च-विंशतीनामन्यतरं साधुः स्थानं विराधयन् ॥१९॥

दृष्टि-प्रतिलेखनैका षड्ड्ध्र्व-प्रस्फोटास्त्रिक-त्रिकाऽन्तरिताः ।
अक्षोटाः प्रमार्जना नवनवमुख-वस्त्रिकायाः पञ्चविंशतिः ॥२०॥

प्रदक्षिणया त्रिकं त्रिकं वामेतर-बाहु-शीर्ष-मुख-हृदयेषु ।
अंसोर्ध्वा-ऽधः-पृष्ठे चतस्त्रः षट् पादयोर्देहस्य पञ्च विंशतिः ॥२१॥

आवश्यकेषु यथा यथा करोति प्रयत्नम-हीना-ऽतिरिक्तम् ।
त्रि-विध-करणोपयुक्तस्तथा तथा तस्य निर्जरा भवति ॥२२॥
दोषाः-अनादृतं स्तब्धं प्रविद्धं परिपिण्डितं च टोल-गतिः ।
अङ्कुशं कच्छप-रिङ्गितं मत्स्योद्वृत्तं मनः-प्रदुष्टम् ॥२३॥

वेदिका-बद्धं भजन्तं भयं गौरवं मित्रं कारणं स्तैन्यम् ।
प्रत्यनिकं रुष्टं तर्जितं शठं हीलितं विपरिकुञ्चितम् ॥२४॥

दृष्टा-दृष्टं शृङ्गं करं तन्मोचनमाश्लिष्टा-ऽनाश्लिष्टम् ।
ऊनमुत्तर-चूलिकं मूकं ढड्ढरं चुडलिकम् च ॥२५॥

द्वा-त्रिंशद्दोष-परिशुद्धं कृति-कर्म यः प्रयुनक्ति गुरूणाम् ।
स प्राप्नोति निर्वाणमचिरेण विमान-वासं वा ॥२६॥

अत्र षट् च गुणा-विनय उपचारो मानादिभङ्गो गुरु-पूजा ।
तीर्थ-कराणां चाज्ञा श्रुत-धर्मा-ऽऽराधनाऽक्रिया ॥२७॥

गुरु-गुण-युक्तं तु गुरुं स्थापयेदथवा तत्रा-ऽक्षादीन् ।
अथवा ज्ञाना-ऽऽदि-त्रिकं स्थापयेत् साक्षात्-गुर्वभावे ॥२८॥

अक्षे वराटके वा काष्ठे पुस्तके च चित्र-कर्मणि च ।
सद्भावाऽसद्भावा गुरु-स्थापनेत्वरा यावत्कथिका ॥२९॥

गुरु-विरहे स्थापना गुरुमदेशोपदर्शना-ऽर्थं च ।
जिन-विरहे जिन-बिम्ब-सेवना-ऽऽमन्त्रणं स-फलम् ॥३०॥

चतुर्दिक्षु गुर्ववग्रहोऽत्राघ्युष्ट-त्रयोदश-कराः स्व-पर-पक्षयोः ।
अननुज्ञातस्य सदा न कल्पते तत्र प्रवेष्टुम् ॥३१॥

पञ्च-त्रि-द्वादश-द्वि-त्रि-चत्वारि षट्-स्थान-पदान्येकोन-त्रिंशत् ।
एकोनत्रिंशच्छेषाणि "आवसियाए" इत्यादीनि सर्वपदान्यष्टपञ्चाशत् ॥३२॥

इच्छा चानुज्ञापनाऽव्याबाधा च यात्रा यापना च ।
अपराधक्षमापनाऽपि च वन्दन-दातुः षट्-स्थानानि ॥३३॥

"छन्देण" "अणुजाणामि" "तहत्ति" "तुभंपि वट्टए" "एवं" ।
"अहमवि खमेमि तुमं" वचनानि वन्दनार्हस्य ॥३४॥

पुरतः पक्षासन्ने गन्ता तिष्ठमानो निषीदना-ऽऽचमने ।
आलोचना-ऽप्रतिश्रवणे पूर्वा-ऽऽलापने चा-ऽऽलोचे ॥३५॥

तथोपदर्श-निमन्त्रण-खद्धादाऽदने तथाऽप्रतिश्रवणे ।
खद्धति च तत्र-गत किं त्वं तज्जात नो-सुमनाः ॥३६॥

नो स्मरसि ? कथां छेत्ता परिषदं भेत्ताऽनुत्थिताया कथयेत् ।
संस्तारक-पाद संघट्टन-स्थाने उच्च-समासने चापि ॥३७॥
ईर्या-कु-स्वप्नोत्सर्ग-चैत्य-वन्दन-मुख-वस्त्रिका-वन्दनका-ऽऽलोचनम् ।
वन्दनक-क्षमापना-वन्दनक-संवर-चतुश्च्छोभ-द्वि-स्वाध्यायः ॥३८॥

ईर्या-चैत्य-वंन्दन-मुख-वस्त्रिका-वन्दनक-चरिम-वन्दनका-ऽऽलोचनम् ।
वन्दनक-क्षमापना-चतुश्च्छोभ-दिवसोत्सर्गो द्वि-स्वाध्यायः ॥३९॥

एनं कृति-कर्म-विधिं योक्तारश्चरण-करणा-ऽऽयुक्ताः ।
साधवः क्षपयन्ति कर्माऽनेक-भव-संचितमनन्तम् ॥४०॥

अल्प-मति-भव्य-बोधा-ऽर्थं भाषितं विपरीतं च यदत्र मया ।
तच्छोधयन्तु गीतार्था अनभिनिवेषिणोऽमत्सरिणः ॥४१॥

---------

## ३. श्री-प्रत्याख्यान-भाष्यस्य.

दश प्रत्याख्यानानि चत्वारो विधय आहारा द्वा-विंशत्याकारा अद्विरुक्ता ।
दश विकृतयस्त्रिशद्विकृति-गतानि द्विधा भङ्गाः षट्छुद्धयः फलम् ॥१॥

अनागतमतिक्रान्तं कोटि-सहितं नियन्त्रितमनाकारम् ।
सागारं निरवशेषं परिमाण-कृतं संकेतिकमद्धा ॥२॥

नमस्कार-सहितं पौरुषी पुरिमार्द्धैकाशनैकस्थानानि च ।
आचाम्लमभक्तार्थं चरिमं चाऽभिग्रहं विकृतिः ॥३॥

"ऊग्गए सूरे" च नमस्कार-सहिते पौरुषी प्रत्याख्याने "उग्गए सूरे" ।
"सूरे उग्गए" पुरिमार्धेऽभक्तार्थे "पच्चक्खाइ" इति ॥४॥

भणति गुरु शिष्यः पुनः "पच्चक्खामि" इत्येवं "वोसिरइ ।
उपयोगोऽत्र प्रमाणं न प्रमाणं व्यञ्जन-स्खलना ॥५॥

प्रथमे स्थाने त्रयोदश द्वितीये त्रीणि तु त्रिकं च तृतीये ।
पानकस्य चतुर्थे देशाऽवकाशादीनि पञ्चमे ॥६॥

नमस्कार-सहितं पौरुषी सार्धपौरुषी-
पुरिमा-ऽर्धोऽपार्धोङ्गुष्ठसहिताद्यष्टकं त्रयोदश ।
निर्विकृति विकृत्याचाम्लत्रिकं त्रिक द्व्येकाशनैक-स्थानादेः ॥७॥

प्रथमे चतुर्थादीनि त्रयोदश द्वितीये तृतीये पानस्य ।
देशावकाशिकं तुर्ये, चरिमे यथा-संभवं ज्ञेयम् ॥८॥

तथा मध्य-प्रत्याख्यानेषु न पृथक् "सूरे उग्गए" इत्यादि "वोसिरइ" ।
करण-विधिस्तु न भण्यते यथा "आवसियाए" द्वितीय-वन्दनके ॥९॥

तथा त्रि-विधा-ऽऽहार-प्रत्याख्याने भण्यन्ते पानकस्याऽऽकारः ।
द्वि-विधा-ऽऽहारेऽचित्त-भोजिनस्तथा च प्रासुक-जले ॥१०॥

इतश्चैव क्षपणा-ऽऽचाम्ल-निर्विकृत्यादिषु प्रासुकं चैव जलं तु ।
श्राद्धा अपि पिबन्ति तथा प्रत्याख्यान्ति त्रिविधा-ऽऽहारम् ॥११॥

चतुर्विधा-ऽऽहारं तु नमस्कार-सहितं-
रात्रिकमपि मुनीना शेषाणि त्रिविध-चतुर्विधाहाराणि ।
नैशिक-पौरुषी-पुरिमार्धैकाशनादीनि श्राद्धानां द्वित्रिचतुर्बिधाहाराणि ॥१२॥

क्षुधाप्रशमक्षम एकाकी, आहारे वैति ददाति वा स्वादम् ।
क्षुधितो वा क्षिपति कोष्ठे यत्पङ्कोपमं स आहारः ॥१३॥

अशने मुद्गौदन-सक्तु-मण्डक-पयः-खाद्य-रब्बा-कन्दादयः ।
पाने काञ्जिक-यव-करीर-कर्कट्योदक-सुरा-जलानि ॥१४॥

खादिमे-भक्तोषं फलादि स्वादिमे शुष्ठी-जीरका-ऽजमादि ।
मधु-गुड-ताम्बूलादि अनाहारे मोक-निम्बादि ॥१५॥

द्वौ नमस्कार-सहिते, षट् पौरुष्यां, सप्त पुरिमार्ध एका-ऽशनेऽष्टौ ।
सप्तैकस्थान आचाम्लेऽष्टौ पञ्च चतुर्थे षट् पानके ॥१६॥

चत्वारश्चरिमे चत्वारोऽभिग्रहे पञ्च प्रावरणे नवा-ऽष्टौ निर्विकृतौ ।
आकारं "उक्खित्तविवेगेणं" मुक्त्वा द्रव-विकृति-नियमेऽष्टौ ॥१७॥

अन्नत्थ० सहसा० द्वे नमस्कार सहिते अन्न०
सहसा० पच्छन्न० दिसा० च साहु० सव्व० ।
पौरुष्यां षट् सार्ध-पौरुष्यां पुरिमा-ऽर्धे सप्त स-महत्तरा० ॥१८॥

अन्नत्थ० सहसा० सागारि० च आउण्टण० गुरु-अब्भु० च
पारिठ्ठा० महत्तरा० सव्व-समाहि० ।
एक-द्व्यशनयोरष्टौ तु सप्तैकस्थाने आउण्टण० विणा ॥१९॥

अन्नत्थ० सहसा० लेवा० गिहत्थ०उक्खित्त०
पडुच्च० पारिठ्ठा० महत्तरा० सव्व-समाहि० ।
विकृतौ निर्विकृतौ नव पडुच्च० विनाऽचाम्लेष्टौ ॥२०॥

अन्नत्थ० सहसा० पारिठ्ठा० महत्तरा० सव्व-समाहि०
पञ्च क्षपणे षट् पाने "लेवेण वा" आदि ।
चत्वारश्चरिमाङ्गुष्ठ-सहिताद्यभिग्रहेषु अन्नत्थ०
सहस्त्रो० महत्तरा० सव्व-समाहि० ॥२१॥

दुग्ध-मधु-मद्य-तैलानि चतस्त्रो द्रव-विकृतयश्चतस्रः पिण्डद्रवाः ।
घृत-गुड-दधि-पिशितानि म्रक्षण-पक्वान्ने द्वे पिण्डे ॥२२॥

पौरुषी-सार्धा-पार्धानि, द्वि-भक्तं निर्विकृतिः पौरिष्याद्यानि समानि ।
अङ्गुष्ठ-मुष्टि-ग्रन्थि-सचित्त-द्रव्याद्याभिग्रहिकम् ॥२३॥

विस्मरणमनाभोगः सहसा-ऽऽकारः स्वयं मुख-प्रवेशः ।
प्रच्छन्न-कालः मेघादिना दिग्-विपर्यासे दिग्मोहः ॥२४॥

साधु-वचनमुद्धाटा पौरुषी तनु-स्वस्थता समाधिरिति ।
संघा-ऽऽरि-कार्य महत्तरो गृहि-बन्द्यादि सागारिकः ॥२५॥

आकुञ्चनमङ्गानां गुरु-प्राघूर्णक-साध्वोर्गुर्वभ्युत्थानम् ।
परिष्ठापनिकं विधि-गृहीते यतीनां प्रावरणे कटि-पटः ॥२६॥

खरण्टित-लूहित-दर्व्यादिर्लेपः संसृष्टः "डुच्च (शाक)-मण्डकादिः ।
उत्क्षिप्तः पिण्ड-विकृतीनां म्रक्षितमङ्गुलीभिर्मनाक् ॥२७॥

लेपमायामादिरितरत् सौवीरमच्छमुष्ण-जलम् ।
धावनं बहुलं स-सिक्थमुत्स्वेदिममितरत् सिक्थं विना ॥२८॥

पञ्च-चतुः-चतुः-चतु-र्द्वि-र्द्विविधाः षड् भक्ष्या
दुग्धा-ऽऽदि-विकृतय एक-विंशतिः ।
त्रि-द्वि-त्रि-चतुर्विधा अभक्ष्याश्चतस्रो मध्वादि-विकृतयो द्वादश ॥२९॥

क्षीर-घृत-दधि-तैल-गुडपक्वान्नानि षड् भक्ष्य-विकृतयः ।
गो-महिष्युष्ट्र्यजैडकानां पञ्च दुग्धान्यथ चत्वारि ॥३०॥

घृत-दधिन्युष्ट्रीं विना तिल-सर्षपा-ऽतसी-लट्ट-तैलानि चत्वारि ।
द्रव-गुड-पिण्ड-गुडौ द्वौ, पक्वान्नं तैल-घृत-तलितम् ॥३१॥

पयः शाटी-क्षीर-पेया-ऽवलेहि-दुग्धाट्यः दुग्ध-विकृति-गतानि ।
द्राक्षा-बह्वल्प-तण्डुल-तच्चूर्णा-ऽऽम्ल-सहिते-दुग्धस्य ॥३२॥

निर्भञ्जन विस्पन्दनं पक्वौषधि-तरिका किट्टिः पक्व-घृतम् ।
दधि करम्ब-शिखरिणी-स-लवण-दधि-घोल-घोल-वटकानि ॥३३॥

तिल-कुट्टिर्निर्भञ्जनं पक्व-तैलं पक्वौषध-तरिका-तैल-मलिका ।
शर्करा गुडपानीयं पाकः खण्डाऽर्ध-क्वथितेक्षु-रसः ॥३४॥

पूरित-तापका-ऽपूपाद्द्वितीयापूपस्तत्स्नेह-तुर्य-घानादिः ।
गुड-धानिका जल-लपनश्रीः पञ्चमः पोत-कृत-पूपकः ॥३५॥

दुग्धं दधि चत्वार्यङ्गुलानि द्रव-गुड-घृत-तैलान्येकं भक्तोपरि ।
पिण्ड-गुड-म्रक्षणयोरार्द्रा-ऽऽमलक-मानं च संसृष्टम् ॥३६॥

द्रव्य-हता विकृतिर्विकृति-गतं पुनस्तेन तद्गतं द्रव्यम् ।
उद्धृते तत्तस्मिंश्चोत्कृष्ट-द्रव्यमिदं चान्ये ॥३७॥

तिल-शष्कुली वरसोलादि राजादनाम्रादि द्राक्षा-पानादि ।
डोली-तैलादिकानीति सरसोत्तम-द्रव्याणि लेप-कृतानि ॥३८॥

विकृति-गतानि संसृष्टान्युत्तम-द्रव्याणि च निर्विकृतिके ।
कारण-जातं मुक्त्वा कल्पन्ते न भोक्तुं यदुक्तम् ॥३९॥

विकृतिं विगतिं-भीतो विकृति-गतं यस्तु भुङ्क्ते साधुः ।
विकृतिर्विकृति-स्व-भावा विकृतिर्विगतिं बलान्नयति ॥४०॥

कौन्तिकं माक्षिकं भ्रामरं मधु त्रिधा काष्ठं पैष्टं मद्यं द्विधा
जलचर-स्थलचर-खगमांसं त्रिधा घृतवन्म्रक्षणं चतुर्धाऽभक्ष्याः ॥४१॥

मनोवचन-काया- मनो-वचने मनस्तनूवचस्तनू त्रियोगी सप्त-सप्तकाः ।
कारणं कारणमनुमति र्द्वि-त्रियोगी त्रि-कालेन सप्त-चत्वारिंशदधिकं भङ्ग-शतम् ॥४२॥

एतच्चोक्त-काले स्वयं च मनो-वचस्तनुभिः पालनीयम् ।
ज्ञात्रज्ञातृ-पार्श्वे इति भङ्ग-चतुष्के त्रिष्वनुज्ञा ॥४३॥

स्पृष्टं पालितं शोधितं तीरितं कीर्तितमाराधितं षट्-शुद्धि-युक्तं ।
प्रत्याख्यानं स्पृष्टं विधिनोचित-काले यत्प्राप्तम् ॥४४॥

पालितं पुनः पुनः स्मृतं, शोधितं गुरु-दत्त-शेष-भोजनतः ।
तीरितं समधिक-कालात्, कीर्त्तितं भोजन-समय-स्मरणात् ॥४५॥

इति प्रतिचरितमाराधितं त्वथवा षट् शुद्धयः-श्रद्धा ।
ज्ञानं विनयोऽनुभाषणमनुपालन-भावशुद्धयः इति ॥४६॥

प्रत्याख्यानस्य फलमत्र पर-लोके च भवति द्वि-विधं तु ।
इहलोके धम्मिलादयो दामन्नकादयः पर-लोके ॥४७॥

प्रत्याख्यानमिदमासेव्य भावेन जिनवरोद्दिष्टम् ।
प्राप्ता अनन्ता जीवाः शाश्वत-सुखमनाबाधम् ॥४८॥X

---

X प्राकृतानुशासनसिद्ध-विभक्ति-लोपादिभिः संदिग्ध-स्थलेष्वन्यथापि संभवति संस्कृतच्छाया, संशोध्या धीधनैः ।

# શ્રી ચૈત્યવન્દન ભાષ્ય

### મંગળાચરણઃ વિષયઃ પરંપરા-સંબંધઃ પ્રયોજનઃ અધિકારીઃ

**वंदित्तु वंदणिज्जे सव्वे चिइ-वन्दणाऽऽइ-सु-वियारं ।**

**बहु-वित्ति-भास-चुण्णी-सुया-ऽणुसारेण-वुच्छामि ॥१॥**

(**अन्वय** :- सव्वे वंदणिज्जे वंदित्तु, बहु-वित्ति-भास-चुण्णी-सुयाऽणुसारेण चिइ-वंदणाऽऽइ सु-वियारं. वुच्छामि १.)

**શબ્દાર્થ** :- **વંદિત્તુ**=વંદન કરી. **વંદણિજ્જે**=વંદન કરવા યોગ્ય. **સવ્વે**=સર્વને અથવા સર્વ જાણનાર-સર્વજ્ઞોને. **ચિઈ-વંદણાડડઈ-સુ-વિયારં**=ચૈત્યવન્દન વગેરેનો સુ એટલે વ્યવસ્થિત વિચાર. **બહુ-વિત્તિ-ભાસ-ચુણ્ણી-સુયાડણુસારેણ**=અનેક-ટીકાઓઃ ભાષ્યોઃ ચૂર્ણિઓઃ અને આગમોઃ અનુસાર. **વુચ્છામિ**=કહું છું. ૧.

**ગાથાર્થઃ-**

**વંદન કરવા યોગ્ય સર્વજ્ઞોને (સર્વને) વંદન કરી. અનેક ટીકાઓઃ ભાષ્યોઃ ચૂર્ણિઓઃ અને આગમોઃ અનુસાર ચૈત્યવંદન વગેરેનો સુવિચાર કહું છું. ૧.**

**વિશેષાર્થઃ- સવ્વે** સુધી **મંગળાચરણ છે. સુવિચાર** સુધી ગ્રંથનો **વિષય** બતાવ્યો છે. અહીં ત્રણેય ભાષ્યરૂપ એક સળંગ ગ્રંથ સમજવાનો છે. કેમકે-**ચિઈ-વંદણાઈ-સુ-વિયારં**-માં **આદિ** પદથી **ચૈત્યવંદનઃ ગુરૂવંદનઃ** અને **પ્રત્યાખ્યાનઃ** એ ત્રણેયનો **સુવિચાર** કહેવાનો છે. તેથી ગ્રન્થનું નામ **ભાષ્યત્રયમ્** કહેવાય છે. બાકીના **બહુ વિત્તિ** વગેરે પદોથી આ ગ્રંથ **પરંપરાગત** રૂપ હોવાનો સંબંધ બતાવ્યો છે. અને સાથે સાથે ગ્રંથકારને આ વિષયનું જ્ઞાન પોતાના ગુરુઓ મારફત પરંપરાએ મળેલું છે, એવો **ગુરૂ પરંપરા** સંબંધ પણ ગર્ભિત રીતે સૂચવ્યો છે. જૈનધર્મની આરાધના કરવાની ઈચ્છાવાળા ભવ્યજીવો આ ગ્રંથ ભણવા-સમજવાના અધિકારીઓ છે. તથા અલ્પબુદ્ધિવાળા જીવો-ઘણા ભાષ્યો-ચૂર્ણિઓ વગેરે ગ્રંથો સમજી ન શકે, માટે **બાળ જીવોને** સમજાવવા માટે **ટુંકામાં નવો ગ્રંથ રચવાનું** નજીકનું પ્રયોજન છે. તથા ગ્રંથકારની બાળજીવો ઉપર ઉપકાર કરવાની બુદ્ધિરૂપી ઉત્તમ ભાવનાથી થતી કર્મનિર્જરા, ભણનાર તથા તે પ્રમાણે આચરણ કરનારને આચારનું જ્ઞાન

થવાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા તથા તે અનુસાર ઉત્તમ આચાર પાળવાથી જૂના પાપકર્મોની નિર્જરા થવાથી અને એ **રીતે** નિર્જરાની પરંપરા મારફત ગ્રંથકારને અને ભણનારને **મોક્ષ** મળે, એમ બંનેયનું અંતિમ **પરંપરા પ્રયોજન છે.** એટલે ગ્રંથકાર પરંપરાએ **મોક્ષ** મેળવવા ગ્રંથ બનાવે છે, અને ભણનારનો ઉદ્દેશ પણ **મોક્ષ** મેળવવા ભણવાનો હોય છે- અને તે માટે જ ભણવાનો ઉદ્દેશ હોવો જોઇએ.

સંબંધ સમજવા પંચાંગીનું સ્વરૂપ આપણે જાણવું જોઇએ.

## પંચાંગીની સમજ :-

**સૂત્ર**-અર્હત્-તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાન વડે જાણેલા લોકાડલોકના ત્રણે ય કાળના સર્વ-દ્રવ્યોઃ ક્ષેત્રોઃ કાળોઃ અને ભાવોઃનો ઉપદેશ આપે છે. તે ઉપદેશરૂપે કહેલી હકીકતો ગણધર ભગવંતો **સૂત્ર**-રૂપે ગૂંથે છે. તે તથા ૧૦ માથી ૧૪ મા પૂર્વ સુધીનું જ્ઞાન ધરાવતા શ્રુતજ્ઞાનીઓ તથા **પ્રત્યેકબુદ્ધ** મહાત્માઓ પ્રાણીઓના અનુગ્રહ માટે જે ગ્રંથરૂપે ગૂંથે છે, તે પણ **સૂત્ર** કહેવાય છે. **અંગ ઉપાંગ,** વગેરે પવિત્ર મૂળ **આગમો** છે.

**નિર્યુક્તિ**-સૂત્ર સાથે ગર્ભિત રીતે સંબંધ ધરાવતા પદાર્થોનું નય, નિક્ષેપા, અનુગમ વગેરે પૂર્વક નિરૂપણ કરી સૂત્રનું સ્વરૂપ સમજાવે, તે પ્રાકૃત ગાથા બદ્ધ, પ્રાયઃ ચૌદપૂર્વધરકૃત **નિર્યુક્તિ** પ્રસિદ્ધ છે.

**ભાષ્ય**-સૂત્ર અને નિર્યુક્તિમાં જે ખાસ કહેવાનું હોય, તે સંક્ષેપમાં ચોક્કસ સ્વરૂપમાં સમજાવે, તે **ભાષ્ય** કહેવાય છે.

**ચૂર્ણિ**-ઉપરનાં ત્રણેય અંગોની દરેક વિગત સ્પષ્ટ કરીને સમજાવે, તે ચૂર્ણિ કહેવાય છે. અને તે લગભગ **પ્રાકૃત** ભાષામાં હોય છે. તેમાં **સંસ્કૃત** ભાષાનું પણ મિશ્રણ જોવામાં આવે છે.

**વૃત્તિ**-ઉપરનાં ચારેય અંગોને લક્ષ્યમાં રાખીને જરૂર પૂરતા વિસ્તારથી સંસ્કૃત ભાષામાં રચાયેલી જૈનાગમોની ટીકા, તે **વૃત્તિ** કહેવાય છે.

જૈન આગમોનાં આ પાંચ અંગ કહેવાય છે અને અત્યારે ઘણાં સૂત્રોનાં પાંચેય અંગો વિદ્યમાન છે.

તીર્થંકર પરમાત્માનો ઉપદેશ-**આત્માગમ.**

ગણધર ભગવંતોની સૂત્રરચના-**અનન્તરાગમ** અને ત્યાર પછીની તેને અનુસરતી સુવિહિત પુરુષોની બધી રચનાઓ **પરંપરાગમ** કહેવાય છે.

ત્રણેય પ્રકારના આગમો પ્રમાણ માનવાં, એ સાચા જૈનનું લક્ષણ છે. તેમાં શંકા-સંદેહ કરવો, એ મિથ્યાત્વ હોવાનું લક્ષણ છે. સમજવા માટે પ્રશ્ન કરવામાં દોષ નથી, પરંતુ પંચાંગીમાં કહેલી વાતો સાચી હશે ? કે ખોટી ? એવો સંદેહ થવો એ સત્ય જ્ઞાનથી દૂર લઈ જનાર હોવાથી મિથ્યાત્વ છે.

આ ગ્રંથ, ઉપર જણાવેલા પાંચેય અંગો અનુસારે રચેલ છે, માટે પ્રમાણભૂત છે. **"સૂયાણુસારેણ"** એ પદ મૂકીને આચાર્ય ભગવંતે આગમ-પરંપરા અને ગુરુ-પરંપરા અનુસાર આ ગ્રંથની રચના કરેલી હોવાનું ગર્ભિત રીતે સૂચન કરેલું છે.

બીજા મોટા ગ્રંથો વિદ્યમાન છતાં પોતાનું અને બીજા બાળજીવોનું કલ્યાણ થાય, માટે સંક્ષેપમાં આ ગ્રંથની રચના કરવી, એ પ્રોયજન છે. મંગળાચરણ તથા વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકારી એ ચાર અનુબંધ. એમ પાંચ મુદ્દા આ પહેલી ગાથામાં બતાવ્યા છે, તથા સૂચવ્યા છે.

**ચૈત્ય**=શબ્દના ઘણા અર્થો છે. અહીં જિનમન્દિર અને જિનપ્રતિમા એ અર્થ સમજવાનો છે. चित्यायां भवम्, चैत्यम्=એટલે નિર્વાણ પામેલા તીર્થંકરોની ચિતાને સ્થાને કરવામાં આવેલા સ્તૂપ અને પગલાં કે પ્રતિમા રૂપે સ્મારકો અને તેના અનુકરણ રૂપ એવાં બીજાં પણ જે જે સ્મારકો હોય, તે પણ चैत्यमिव चैत्यम्=એ અર્થ પ્રમાણે ચૈત્ય કહેવાય છે. એટલે મંદિર અને પ્રતિમામાં ચૈત્ય શબ્દ સાર્થક છે. એ બન્નેય દ્વારા જો કે પરમોપકારી તીર્થંકર પરમાત્માઓ તરફ જ પરમ લોકોત્તર વિનય બતાવવાનો છે. તે બતાવવાના આચારનો વિધિ બતાવનારી અને તેમાં આવતાં મૂળ સૂત્રો વિષે ટૂંકામાં ભાવાર્થ રૂપે વિવેચન કરનારી હોવાથી આ ગાથાઓ **ચૈત્યવંદન ભાષ્ય ગ્રન્થ**ની કહેવામાં આવે છે.

चिइवंदण इ=શબ્દમાં આદિ શબ્દથી **ગુરુવંદન** અને **પ્રત્યાખ્યાન ભાષ્ય** પણ સમજવાં.

તીર્થંકર પરમાત્માઓનાં ચરિત્રો વાંચતાં તેઓમાં પરમ ઉચ્ચ ચારિત્ર, તપ, વીર્ય અને અનંતજ્ઞાન હોવાનું આપણને સમજાય છે તથા પ્રાણીમાત્રના કલ્યાણ માટે તેઓએ પરમાર્થનો જે મહાન ઉપદેશ આપ્યો હતો, જેની જગત ઉપર આજે પણ અસર પડેલી જોવામાં આવે છે.

પોતે કૃત-કૃત્ય છતાં, **ધર્મતીર્થરૂપ-જૈનશાસન** સ્થાપીને જીવોના ચારિત્ર અને

સદ્વર્તનમાંની પવિત્રતા લાંબા કાળ સુધી રહ્યા કરે, માટે ઊંચામાં ઊંચું સાધન ગોઠવી આપ્યું છે.

જેને લીધે આજે પણ અનેક જીવો ઉચ્ચ ચારિત્ર પાત્ર છે, ત્યાગી છે, મહાત્માઓ છે અને ઘણા જીવો તેવા થવા પ્રયાસ પણ કરે છે અને બીજા અનેક જીવોને સન્માર્ગનો બોધ આપી ક્લેશો દુઃખો-વિટંબનાઓથી બચાવી લઈ શકાય છે. પછી તે જીવો માનવો હોય કે બીજાં કોઈ પણ જાતનાં પ્રાણીઓ હોય. તેમજ બીજા અનેક માનવજીવોના જીવનમાં આજે પણ જે સચ્ચારિત્ર, સદ્વર્તન, નીતિમય જીવન ચાલે છે, પછી તે આર્ય હોય કે અનાર્ય જાતના માનવ હોય. તથા આપણે જંગલી દશામાં નથી, તથા આપણને અનેક સદ્ગુણો અનાયાસે વારસામાં મળ્યા છે, તે બધો પ્રતાપ સીધો કે આડકતરો તીર્થંકર પરમાત્માઓનો જ છે.

તથા લોક-વ્યવહારમાં જે સુવ્યવસ્થા, પ્રામાણિકતા, નિયમબદ્ધતા, સુલેહ, શાંતિ, સદાચાર, સદ્ગુણો, પરોપકારી ભાવના, સારાં બંધારણો વગેરે પ્રચલિત છે, તે બધો પ્રતાપ એ તીર્થંકર પરમાત્માઓનો છે, તે સર્વેનો લાભ આજનો જનસમાજ અને પ્રાણી માત્ર લે છે, અને તેથી કરી સર્વના જીવનમાં અનાયાસે પણ જે સુવ્યવસ્થા અને સુઘટના રહ્યા કરે છે, તે સર્વ ઉપકાર એ પરમાત્માઓનો જ છે. માટે કોઇ પણ સમજુ માનવ પોતાના જીવનની કોઇ પણ ક્ષણમાં એ પરમાત્માઓ પ્રત્યેની ભક્તિ કરવાની પોતાની ફરજ ચૂકે જ નહીં, ચૂકવી જોઇએ જ નહીં અને જ્યારે જ્યારે અનુકૂળતા મળે ત્યારે ત્યારે તેમનો લોકોત્તર પરમ વિનય કરવા ચૂકવું નહીં જોઇએ. આ દુનિયાનો કોઈપણ કૃતજ્ઞ માનવ એ કર્તવ્ય ચૂકે પણ નહીં જ.

પરમાત્મા પ્રત્યે લોકોત્તર પરમ વિનય કરવાના અનેક પ્રકારો છે, પરંતુ તે સર્વમાં ચૈત્યવંદન ખાસ મુખ્ય હોવાથી તે વિષે વિચાર કરવાથી લગભગ સર્વ પ્રકારો જાણવાનો માર્ગ સરળ થાય છે.

વાદીવેતાલ **શ્રી શાંતિસૂરિ** મહારાજનો **ચિઈવંદણ મહાભાસ** નામનો મોટો ગ્રંથ વિદ્યમાન છતાં, તેને અનુસરીને બાળજીવો માટે આ ગ્રંથ સંક્ષેપમાં રચવામાં આવેલ છે.

જો કે ચૈત્ય મારફત તીર્થંકર પરમાત્માની જ ભક્તિ કરવાનો ઉદ્દેશ છે, પરંતુ બાળજીવોના મનમાં ચૈત્ય નામની ધર્મ સંસ્થા કેન્દ્રિત કરવામાં આવે છે. બાળકો

નિશાળે જાય છે, નિશાળે જવાનું મુખ્ય પ્રયોજન તો જ્ઞાન મેળવવાનું છે. છતાં "જ્ઞાન મેળવવા જાઉં છું." એમ બોલવાને બદલે "નિશાળે જાઉં છું." એમ બોલે છે, તે પ્રમાણે "ચૈત્યવંદન કરવા જાઉં છું." એટલે ભક્તિ કરવાની સંસ્થા જે ચૈત્ય છે, તેની પ્રધાનતા બાળજીવોના મનમાં ઠસાવવાની વ્યવહારુ યોજના ખાતર ચૈત્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે-જેમ નિશાળ-જ્ઞાન ભણાવવાની સંસ્થા છે, મંડી-દાણ ચૂકવવાની સંસ્થા છે, ચાવડી-ચોકીની સંસ્થા છે, તે પ્રમાણે પરમાત્માની ભક્તિ કરવાની અને એકંદર સર્વ ધાર્મિક પ્રવૃત્તિની કેન્દ્રભૂત સંસ્થા **ચૈત્ય** છે, અને તે સંસ્થા સર્વ સંસ્થાઓમાં મુખ્ય શિરોમણિરૂપ સંસ્થા છે.

**ચૈત્ય** મારફત પરમાત્માની ભક્તિ કરવાના સંખ્યાબંધ પ્રકારો છે, તે આ ગ્રંથથી અને ગુરુગમથી સમજવા. ૧.

## ૨૪ મુખ્ય દ્વારોઃ પેટા ભેદોની સંખ્યા સાથેઃ

**दहतिग अहिगमपणगं दुदिसि तिहुग्गह तिहा उ वंदणया।**
**पणिवाय नमुक्कारा वन्ना सोलसय-सीयाला ॥२॥**
**इगसीइसयं तु पया सगनउई संपया उ पण दंडा ।**
**बार अहिगार चउ-वंदणिज्ज सरणिज्ज चउह-जिणा ॥३॥**
**चउरो थुई निमित्तट्ठ बार हेउ अ सोल आगारा ।**
**गुणवीसदोस उस्सग्ग-माणं थुत्तं च सग वेला ॥४॥**
**दस-आसायण-चाओ सव्वे चिइ-वंदणाइ ठाणाइं ।**
**चउवीस दुवारेहिं दु-सहस्सा हुंति चउसयरा ॥५॥**

(**अन्वय** :- दह-तिग अहिगम-पणगं दु-दिसि तिहुग्गह तिहा वंदणया पणिवाय-नमुक्कारा सोलसय सीयाला वन्ना इगसीइसयं पया सगनऊई संपया पण दंडा बार अहिगार चउ वंदणिज्ज सरणिज्ज चउह जिणा चउरो थुई अट्ठ निमित्त बारहेउ सोल आगारा गुणवीस दोस उस्सग्गमाणं थुत्तं सग वेला दस आसायणचाओ चउवीस दुवारेहिं चिइवंदणाइ सव्वे ठाणाइं दुसहस्सा चउसयरा हुंति । उ तु अ च समुच्चयार्था अपि पादपूर्त्यर्थम् । २, ३, ४, ५,)

**શબ્દાર્થઃ-** દહતિગ=દશત્રિક. **અહિગમપણગં**=અભિગમપંચક-પાંચ અભિગમ. **દુદિસિ**=બે દિશાઓ. **તિહુગ્ગહ**=ત્રણ પ્રકારનો અવગ્રહ. **તિહા**=ત્રણ પ્રકારે. ઉ=અને. **વંદણયા**=વંદનતા-વંદન. **પણિવાય**=પ્રણિપાત. **નમુક્કારા**=નમસ્કારો. **વન્ના**=વર્ણો, અક્ષરો. **સોલસયસીયાલા**=સોળસો સુડતાલીશ-૨.

**ઇગસીઇસયં**=એકસો એકયાશી. **પયા**=પદો. **સગનઉઈ**=સત્તાણું.-**સંપયા**=સંપદાઓ. **પણ**=પાંચ. **દંડા**=દંડકો. **બાર**=બાર. **અહિગારા**=અધિકારો. **ચઉવંદણિજ્જ**=ચાર વંદન કરવા યોગ્ય. **સરણિજ્જ**=સ્મરણ કરવા યોગ્ય. **ચઉહ**=ચાર પ્રકારે. **જિણા**=જિનેશ્વર ભગવંતો-૩.

**ચઉરો**=ચાર. **થુઈ**=સ્તુતિઓ. **નિમિત્ત**=નિમિત્તો. **અટ્ઠ**=આઠ. **બાર**=બાર. **હેઊ**=હેતુઓ. **સોલ**=સોળ. **આગારા**=આગારો. **ગુણવીસ**=ઓગણીસ. **દોસ**=દોષો. **ઉસગ્ગમાણં**=કાયોત્સર્ગનું પ્રમાણ. **થુત્તં**=સ્તવન. **સગ**=સાત. **વેલા**=વખત-૪.

**દસ આસાયણચાઓ**=દશ આશાતનાઓનો ત્યાગ. **સવ્વે**=સર્વે. **ચિઈ-વંદણાઈ**=ચૈત્યવંદનાનાં. **ઠાણાઈ**=સ્થાનકો. **ચઉવીસ-દુવારેહિં**=ચોવીસ દ્વારોને આશ્રયીને. **દુસહસ્સા**=બે હજાર. **હુંતિ**=થાય છે. **ચઉસયરા**=ચુમ્મોત્તર-૫.

**ગાથાર્થ :-**

**દશત્રિકઃ પાંચ અભિગમઃ બે દિશાઓઃ ત્રણ પ્રકારના અવગ્રહોઃ ત્રણ પ્રકારની વંદનાઃ પ્રણિપાતઃ નમસ્કારોઃ સોળસો સુડતાલીસ અક્ષરોઃ ૨.**

**એકસો એકયાસી પદોઃ સત્તાણું સંપદાઓઃ પાંચ દંડકોઃ બાર અધિકારોઃ ચાર વંદન કરવા યોગ્યઃ એક સ્મરણ કરવા યોગ્યઃ ચાર પ્રકારના જિનેશ્વર ભગવંતોઃ ૩.**

**ચાર સ્તુતિઓઃ આઠ નિમિત્તોઃ બાર હેતુઓઃ સોળ આગારોઃ ઓગણીસ દોષોઃ કાઉસ્સગ્ગનું પ્રમાણઃ સ્તવનઃ સાત વેળાઃ ૪. દશ આશાતનાઓનો ત્યાગઃ**

**(એ) ચોવીશ દ્વારોને આશ્રયીને ચૈત્યવંદનાનાં સર્વ સ્થાનો બે હજાર ચુમ્મોતેર (૨૦૭૪) થાય છે. ૫.**

**વિશેષાર્થ :-** આ ચારેય ગાથાઓમાં ચૈત્યવંદન ભાષ્યમાં વર્ણવવાનાં મુખ્ય ૨૪ દ્વારો અને તેના ૨૦૭૪ પેટા ભેદો વર્ણવવાના છે. તે ટૂંકામાં સૂચવ્યા છે, ગાથાઓમાં ઉ-તુ-ય-વગેરે શબ્દો છે, તે ભેદોનો સંગ્રહ કરવા માટે છે. અને પાદપૂર્તિ માટે પણ ગણી શકાય છે. એ પ્રમાણે દરેક ઠેકાણે સમજી લેવું.

| સંખ્યા | દ્વાર | કુલ. | સંખ્યા | દ્વાર | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૦ | ત્રિક | ૩૦ | ૪ | વંદનીય | ૪ |
| ૫ | અભિગમ | ૫ | ૧ | સ્મરણીય | ૧ |
| ૨ | દિશિસ્થિતિ | ૨ | ૪ | જિનેશ્વરો | ૪ |
| ૩ | અવગ્રહ | ૩ | ૪ | સ્તુતિ | ૪ |
| ૩ | વંદના | ૩ | ૮ | નિમિત્ત | ૮ |
| ૧ | પ્રણિપ્રાત | ૧ | ૧૨ | હેતુ | ૧૨ |
| ૧ | નમસ્કાર | ૧ | ૧૬ | આગાર | ૧૬ |
| ૧૬૪૭ | અક્ષરો | ૧૬૪૭ | ૧૯ | કાયોત્સર્ગના દોષો | ૧૯ |
| ૧૮૧ | પદો | ૧૮૧ | ૧ | કાયોત્સર્ગનું પ્રમાણ | ૧ |
| ૯૭ | સંપદા | ૯૭ | ૧ | સ્તવન | ૧ |
| ૫ | દંડક | ૫ | ૭ | ચૈત્યવંદન | ૭ |
| ૧૨ | અધિકાર | ૧૨ | ૧૦ | આશાતનાનો ત્યાગ | ૧૦ |

૩ નિસીહિ, ૩ દિશિનિરીક્ષણ, ૧૯ કાયોત્સર્ગના દોષો અને ૧૦ આશાતનાઓ એ ૩૫ બોલો ત્યાગ કરવા યોગ્ય છે, બાકીના ૨૦૩૯ બોલો આચરવા યોગ્ય છે.

# ૨૪ મુખ્ય દ્વારો અને તેનાં ૨૦૭૪ પેટા દ્વારોની વિસ્તારથી સમજ

### ૧ દશત્રિક પ્રકરણ

### ૧ દશત્રિકનાં નામો

**तिन्नि निसीही तिनि उ पयाहिणा तिन्नि चेव य पणामा ।**
**तिविहा पूया य तहा अवत्थ-तिय-भावणं चेव ॥६॥**
**ति-दिसि-निरिक्खण-विरई पय-भूमि-पमज्जणं च तिक्खुत्तो ।**
**वन्ना-ऽऽ-इ तियं मुद्दा-तियं च तिविहं च पणिहाणं ॥७॥**

( **अन्वय :-** तिन्नि निसीही तिन्नि पयाहिणा तिन्नि पणामा तिविहा पूया अवत्थतिय-भावणं तिदिसि निरिक्खण-विरई तिखुत्तो पय-भूमि-पमज्जणं वन्नाइ-तियं मुद्दा-तियं तिविहं च पणिहाणं उ-च-य-चेवाः समुच्चयार्थाः पादपूर्त्यर्थमपि)

શબ્દાર્થ:- **તિન્નિ**=ત્રણ **નિસીહિ**=નિસીહિ. **પયાહિણા**=પ્રદક્ષિણા. **પણામા**=પ્રણામો. **તિવિહા**=ત્રણ પ્રકારે. **પૂયા**=પૂજા. **અવત્થ-તિય-ભાવણં**=ત્રણ અવસ્થા ભાવવી. **તિ-દિસિ-નિરિક્ખણ-વિરઈ**=ત્રણ દિશાઓ તરફ જોવું નહિ. **તિક્ખુત્તો**=ત્રણ વાર. **પયભૂમિ-પમજ્જણં**=પગની જમીનની પ્રમાર્જના કરવી. **વન્નાઈ-તિયં**=વર્ણાદિક ત્રણ. **મુદ્દા-તિયં**=ત્રણ મુદ્રાઓ. **તિવિહં**=ત્રણ પ્રકારે. **પણિહાણં**=પ્રણિધાન.

### ગાથાર્થ :-

**ત્રણ નિસીહિઃ ત્રણ પ્રદક્ષિણાઓઃ ત્રણ પ્રણામોઃ ત્રણ પ્રકારે પૂજાઃ ત્રણ અવસ્થાઓ ભાવવીઃ ૬.**

**ત્રણ દિશા તરફ જોવું નહિઃ ત્રણ વાર પગની જમીનની પ્રમાર્જના કરવીઃ વર્ણાદિક ત્રણઃ ત્રણ મુદ્રાઓ અને ત્રણ પ્રકારનાં પ્રણિધાનોઃ ૭**

### વિશેષાર્થ :-

| | |
|---|---|
| ત્રણ નિસીહિઓ. | ત્રણ દિશામાં નિરીક્ષણનો ત્યાગ. |
| ત્રણ પ્રદક્ષિણા. | ત્રણ વાર પગની ભૂમિની પ્રમાર્જના. |
| ત્રણ પ્રણામ. | ત્રણ વર્ણાદિકનું આલંબન. |
| ત્રણ પૂજા. | ત્રણ મુદ્રા. |
| ત્રણ અવસ્થાની ભાવના. | ત્રણ પ્રણિધાન. |

નિસીહિ=નિષેધ, અટકાયત. પ્રદક્ષિણા=પ્રભુને ફરતી પ્રદક્ષિણા દેવી. અવસ્થા=પ્રભુના જીવનના મુખ્ય પ્રસંગો.

ત્રિદિશિ-નિરીક્ષણ=પ્રભુની સામે મુખ રાખવું. બાકીની ત્રણ બાજુ ન જોવું. પ્રમાર્જના=ભૂમિ સાફ કરવી, જંતુ આદિની રક્ષા માટે. આલંબન=ભાવની વૃદ્ધિ થવામાં મદદરૂપ. મુદ્રા=ભાવસૂચક આકાર. પ્રણિધાન=મન, વચન, કાયાની એકાગ્રતા.

આ દશેય ત્રિકનો વિસ્તાર હવે પછીની ગાથાઓમાં કહેવામાં આવશે. ૬-૭.

## ૨. દશત્રિકની વિસ્તારથી સમજ-

### ૧. ત્રણ નિસીહિ

**घर-जिणहर-जिणपूआ-वावार-च्चायओ निसीहि-तिगं ।**
**अग्ग-द्दारे मज्झे तइया चिइ-वंदणा-समए ॥८॥**

( **अन्वय** :- अग्गद्दारे मज्झे तइया चिइ-वंदणा समये घर-जिणहर-जिणपूआ-वावार-च्चायओ निसीहि-तिगं ॥८॥

**શબ્દાર્થઃ- ઘર-જિણહર-જિણ-પૂઆ-વાવાર-ચ્ચાયઓ**=(પોતાનું) ઘર, જિનમંદિર અને જિનપૂજાના વ્યાપારના ત્યાગને આશ્રયીને. **નિસીહિતિગં**=ત્રણ નિસીહિઓ. **અગ્ગદારે**=મુખ્ય બારણે. **મજ્ઝે**=વચમાં. **તઈયા**=ત્રીજી. **ચિઈવંદણા-સમયે**=ચૈત્યવંદન વખતે. ૮.

**ગાથાર્થ :-**

**મુખ્ય બારણેઃ વચમાં અને ત્રીજી ચૈત્યવંદન વખતેઃ (અનુક્રમે) ઘરનીઃ જિનમંદિરની અને જિનપૂજાનીઃ (દ્રવ્ય) પ્રવૃત્તિના ત્યાગને આશ્રયીને ત્રણ નિસીહિઓ થાય છે. ૮.**

**વિશેષાર્થ :- નિસીહિ** એટલે નિષેધ, જિનેશ્વર પ્રભુની ભક્તિના મહાન્ કામમાં પરોવાતાં પહેલાં બીજી પ્રવૃત્તિઓમાંથી પોતાના મનઃ વચનઃ અને કાયાઃ એટલે તેની કોઇ પણ પ્રવૃત્તિ પાછી ખેંચી લેવી જોઇએ. બીજા કામમાં મન વગેરે પરોવાયાં હોય, તો ભક્તિનું કામ સારી રીતે થઈ શકે નહીં માટે બીજામાંથી ખેંચી લેવાં અને ભક્તિમાં પ્રણિધાન કરવું, એટલે મન, વચન, કાયાની એકાગ્રતા બરાબર કરવી. ત્રણ નિસીહિઓ જિનભક્તિમાં ઉત્તરોત્તર વધારે ને વધારે પરોવાવા માટે ક્રમસર વિકાસ સૂચવે છે.

(૧) જિનમંદિરને કોટ હોય, તો તે કોટના દરવાજે અને કોટ ન હોય તો દેરાસરનું જે મુખ્ય બારણું હોય, ત્યાં પહેલી **નિસીહિ** કહેવી. આથી પ્રભુભક્તિ સિવાયના પોતાના ઘર, દુકાન ધંધા, સામાજિક, દેશ, પરોપકાર, અનુકંપા, સુપાત્ર દાન, વગેરેને લગતાં તમામ કામોમાં ન પડવાની પ્રતિજ્ઞા થાય છે. તેનો વિચાર સરખો પણ કરવાનું બંધ થાય છે. માત્ર અગ્રદ્વારમાં પેઠા પછી ત્યાંના જ કામની છૂટી રહે છે. એટલે દેરાસર સંબંધી જે જે કામ હોય, તે સંભાળવાની પ્રવૃત્તિ ભક્તિની સાથે છૂટી રહે છે. વળી, મુનિમહાત્માઓને વંદન, તેમની સાથે ધર્મચર્ચા વગેરેનો અવકાશ રહે છે.

(૨) કેસર વગેરે ઘસી દ્રવ્યપૂજા માટેની સામગ્રી સાથે પૂજા કરવા જતાં મંદિરના વચમાં બીજી નિસીહિ કહેવી. તેમ કરવાથી જિનમંદિરની વ્યવસ્થા સંબંધિનાં કામોમાંથી યે પ્રવૃત્તિ ખેંચી લઇ માત્ર દ્રવ્યપૂજા મારફત ભક્તિ કરવાની પ્રવૃત્તિમાં લાગવાની છૂટ રહે છે. પછી અનેક પ્રકારે જિનેશ્વર ભગવંતની દ્રવ્યપૂજા કરવામાં તત્પર રહેવાનું હોય છે.

(૩) તમામ પ્રકારે દ્રવ્યપૂજા કર્યા બાદ ચૈત્યવન્દના રૂપ ભાવપૂજા કરતાં પહેલાં ત્રીજી **નિસીહિ** કહેવાની છે. તેથી દ્રવ્યપૂજાનો પણ નિષેધ થઇ જાય છે. માત્ર ભાવપૂજાની જ છૂટી રહે છે.

એટલે ભાવપૂજાને લગતી ચૈત્યવંદન, સ્તવન, કાયોત્સર્ગ, સ્તુતિ વગેરેની છૂટ રહે છે.

અથવા, ત્રણ નિસીહિમાં મન, વચન, કાયાની પ્રવૃત્તિઓનો નિષેધ સૂચવવા માટે દરેક વખતે ત્રણ ત્રણ વાર પણ **નિસીહિ, નિસીહિ, નિસીહિ** એમ ઉપર જણાવેલ ત્રણેય ઠેકાણે બોલાય છે.

અથવા, ઉપર કહેલી ૩ બાબતોના નિષેધવાળી પ્રત્યેક નિસીહિને મન-વચન-કાયાથી તે તે બાબતનો ત્યાગ સૂચવવા માટે પૂર્વોક્ત સ્થાને ૩-૩ વાર કહેવાથી પણ નિસીહિ ત્રણ જ ગણાય છે.

અહીં મુનિમહારાજાઓને અને પૌષધવ્રતી શ્રાવકને તેમની પાસે દ્રવ્યો ન હોવા પૂરતી જ માત્ર દ્રવ્યપૂજા કરવાની ન હોવાથી મુખ્ય દ્વારે પ્રવેશ કરતાં ૧ વાર, અથવા ૩ વાર પહેલી **નિસીહિ** કહેવાની હોય છે, કે જે **નિસીહિ**થી શેષ મુનિચર્યા તથા **પૌષધચર્યા**નો યે ત્યાગ થાય છે અને દહેરાસરની ઉપદેશ યોગ્ય વ્યવસ્થાનો નિષેધ કરવા માટે બીજી **નિસીહિ** રંગમંડપમાં પ્રવેશ કરતાં હોય છે. ત્રીજી ચૈત્યવંદનાના પ્રારંભમાં હોય છે.

તીર્થ અને દહેરાસર સંબંધી ગેરવ્યવસ્થા દૂર કરવાનો ઉપદેશ આપવાનો (સર્વ સાવદ્યના ત્યાગી હોવા છતાં પણ) શ્રી મુનિમહારાજાઓને અધિકાર છે. શ્રાવકોની બેદરકારીથી વિનાશ પામતાં અને અવ્યવસ્થિત વહીવટવાળાં શ્રીજિનચૈત્યો જોઇને પણ શ્રાવકોને માઠું ન લગાડવાના કારણે છતી શક્તિએ પણ મુનિમહારાજ ઉપેક્ષા કરી જેમ તેમ ચાલવા દે, તો તે મુનિમહારાજ શ્રીજિનેન્દ્રપ્રભુની આજ્ઞાના આરાધક કહ્યા નથી. અહીં શ્રીજિનેન્દ્રપ્રભુની આજ્ઞા એ ધર્મ છે, માટે ચૈત્યની અવ્યવસ્થા દૂર કરાવવાના વ્યાપારનો નિષેધ મુનિને તથા વ્રતીગૃહીને આ બીજી **નિસીહિ**માં હોય છે.

તથા ભગવંતના ગભારાની ચારે બાજુ અથવા તો ભગવંતની ચારે બાજુ ત્રણ વાર પ્રદક્ષિણાવર્ત્ત પદ્ધતિએ ભ્રમણ કરવું, તે બીજું **પ્રદક્ષિણાત્રિક** કહેવાય છે.

એમાં ત્રણ વાર ભ્રમણનું કારણ જ્ઞાન-દર્શન-ચારિત્રની પ્રાપ્તિ તથા ભક્તિ-બહુમાનનું યે સૂચક છે, તે વખતે સમવસરણમાં ચારે દિશાએ બેઠેલા ભાવ-અરિહંતની ભાવના ભાવવી, તેમજ ભમતીમાં જો ચારેય તરફ ભગવંત બિરાજમાન હોય તો તે સર્વને પણ વંદન કરતાં કરતાં ભમવું (**પ્રવ૦ સા૦-ધર્મસં૦ ભાવાર્થ**) આ પ્રદક્ષિણા પહેલી નિસીહિ કહ્યા બાદ કરવી, ત્યારબાદ દ્રવ્યપૂજા માટે રંગમંડપમાં પ્રવેશતાં નિસીહિ કહેવાય છે. **શ્રાદ્ધવિધિવૃત્તિઃ**

## ત્રીજું પ્રણામત્રિક

**अञ्जलि-बद्धो अद्धोणओ अ पंचंगओ अ ति-पणामा ।**
**सव्वत्थ वा ति-वारं सिराइ-नमणे पणाम-तियं ॥९॥**

**अन्वय :-** अंजलि-बद्धो अद्धोणओ पंचंगओ ति-पणामा, वा सव्वत्थ तिवारं सिराइ-नमणे पणाम-तियं. ९

**શબ્દાર્થ:-** **અંજલિબદ્ધો**=અંજલિપૂર્વક **અદ્ધોણઓ**=અર્ધાવનત. **પંચંગઓ**=પાંચ અંગથી. **તિપણામા**=ત્રણ પ્રણામ. **વા**=અથવા. **સવ્વત્થ**=સર્વ સ્થાને (ત્રણ પ્રણામમાં). **તિવારં**=ત્રણ વાર. **સિરાઈ-નમણે**=મસ્તકાદિ નમાવવામાં **પણામ-તિયં**=ત્રણ પ્રણામ થાય છે. ૯

### ગાથાર્થ :-

**અંજલિ સહિત પ્રણામઃ અર્ધાવનત પ્રણામઃ અને પંચાંગ પ્રણામઃ એ ત્રણ પ્રણામ છે. અથવા (ભૂમિ આદિ સર્વ સ્થાનોમાં) ત્રણવાર મસ્તક વગેરે નમાવવાથી પણ ત્રણ પ્રકારના પ્રણામ (ગણાય છે). ૯.**

**વિશેષાર્થઃ-** બે હથેલી જોડીને (બે હાથ જોડીને) મસ્તકે સ્થાપવા, તે **૧ અંજલિબદ્ધ પ્રણામ.** ઊભા રહીને કિંચિત્ મસ્તક નમાવવું, અથવા મસ્તક અને હાથ વડે ભૂમિસ્પર્શ અથવા ચરણસ્પર્શ કરવો ઈત્યાદિ રીતે પાંચ અંગમાંથી કોઈપણ ૧ અંગન્યૂન સુધીનો (૧-૨-૩-૪ અંગ વડે) પ્રણામ કરવો, તે **૨ અર્ધાવનત પ્રણામ.** અને ૨ જાનુ, ૨ હાથ તથા ૧ મસ્તક, એ ૫ અંગ વડે ભૂમિસ્પર્શ કરવા પૂર્વક જે પ્રણામ કરવો, તે **૩ પંચાંગ પ્રણામ.** કહેવાય છે.

અથવા, પૂર્વે કહેલા ત્રણ પ્રકારના પ્રણામમાંથી કોઈ પણ એક પ્રણામ કરતી વખતે, પ્રથમ-મસ્તકને નમાવવા પૂર્વક મસ્તક સન્મુખ રહેલી અંજલીને મસ્તક સન્મુખ દક્ષિણાવર્ત્ત (જમણી પદ્ધતિએ) મંડલાકારે ભમાવવી, અને તે પ્રમાણે ત્રણ

વાર ત્રણ અંજલિભ્રમણ સહિત ત્રણ વાર મસ્તક નમાવવું, તે પણ બીજી રીતે ત્રણ પ્રકારના પ્રણામ જાણવા.

અહીં વિશેષ એ છે કે-સ્ત્રીઓએ અંજલિબદ્ધ પ્રણામ કરતી વખતે હાથ ઊંચા કરી મસ્તકે લગાડવા નહીં, પરંતુ યથાસ્થાને જ રાખી ત્રણ વાર અંજલિભ્રમણ કરી મસ્તક નમાવવું. **શક્રસ્તવાદિમાં** પણ દરેક ઠેકાણે સ્ત્રીઓ માટે એ પ્રમાણે વિધિ સાચવવો. ૯

## ૪. પૂજાત્રિક-ત્રણ પ્રકારની પૂજા

**अंगग्ग-भाव-भेया पुप्फाऽऽहार-थुईहिं पूय-तिगं ।**
**पंचुवयारा अट्ठो-वयार सव्वोवयारा वा ॥१०॥**

**શબ્દાર્થ:-** **અંગગ્ગ-ભાવ-ભેયા** = અંગ, અગ્ર અને ભાવ ના ભેદથી. **પુપ્ફાઽઽહાર-થુઈહિં** = પુષ્પ, નૈવેદ્ય, સ્તુતિ વડે. **પૂય-તિગં** = ત્રણે પ્રકારની પૂજા. **પંચુવયારા**= પંચોપચારી. **અટ્ઠોવયાર** = અષ્ટોપચારી. **સવ્વોવયારા** = સર્વોપચારી પૂજા. **વા** = અથવા. ૧૦

**ગાથાર્થ :-**

**અંગઃ અગ્રઃ અને ભાવઃ ના ભેદે પુષ્પઃ આહારઃ અને સ્તુતિઃ એ કરીને ત્રણ પ્રકારે પૂજા, અથવા પંચોપચારીઃ અષ્ટોપચારીઃ અને સર્વોપચારીઃ એ (ત્રણ પૂજા) ૧૦.**

**વિશેષાર્થ:-** પુષ્પ શબ્દના ઉપલક્ષણથી નિર્માલ્ય ઉતારવું. મોરપીંછીથી પ્રમાર્જના કરવી, પંચામૃતથી અભિષેક કરવો. ૩-૫ કે ૭ વાર કુસુમાંજલિનો પ્રક્ષેપ કરવો, અંગલૂંછણ, વિલેપન, નવાંગપૂજા, પુષ્પપૂજા, આંગી ચઢાવવી કે કરવી, પ્રભુના હાથમાં બીજોરું વગેરે મૂકવું, ધૂપ કરવો, વાસક્ષેપ કરવો, કસ્તૂરી આદિથી પ્રભુના શરીરે પત્ર વગેરેની રચના કરવી; આભરણ તથા વસ્ત્ર પહેરાવવાં ઈત્યાદિ અનેક પ્રકારની **અંગપૂજાનો** સમાવેશ થાય છે.

૨. તથા આહાર શબ્દથી અગ્રપૂજા કહી છે, ઉપલક્ષણથી ધૂપ, દીપક, અક્ષતાદિ વડે અષ્ટમંગળ આલેખવાં, ફૂલનો પગર ભરવો, અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એ ચાર પ્રકારનું નૈવેદ્ય ધરવું, ઉત્તમ ફળ મૂકવાં, ગીત-નૃત્ય-વાજિંત્ર-આરતી-મંગળ દીવો ઉતારવો. ઈત્યાદિ અનેક પ્રકારની **અગ્રપૂજા** છે.

૩. પ્રભુની આગળ ચૈત્યવંદન કરવું, તે **ભાવપૂજા** છે.

અથવા, (ચંદનાદિ વડે) ગંધ, પુષ્પાદિ, વાસક્ષેપ, ધૂપ અને દીપવડે પૂજા, અથવા કેટલાક આચાર્યોના મતે પુષ્પ-અક્ષત-ગંધ-ધૂપ-અને દીપ એ પ્રમાણે **પાંચ પ્રકારની** પૂજા ગણાય છે.

પુષ્પ-અક્ષત-ગંધ-દીપ-ધૂપ-નૈવેદ્ય-ફળ અને જળ એ પ્રમાણે આઠ પ્રકારની પૂજા ગણાય છે.

પૂજા યોગ્ય સર્વ પ્રકારની ઉત્તમ વસ્તુઓ વડે પૂજા કરવી, તે ૧૭ ભેદી, ૨૧ ભેદી, ૬૪ પ્રકારી, ૯૯ પ્રકારી ઇત્યાદિ અનેક પ્રકારની પૂજા **સર્વોપચારી** પૂજા કહેવાય છે.

અથવા અંગાદિ ત્રણે ય ભેદથી પૂજા કરવી, તે પણ સર્વોપચારી પૂજા છે.

અથવા, એક અંગપૂજા કે જેનું ફળ વિઘ્નોપશાન્તિ છે,તે **વિઘ્નોપશામિકા.** બીજી અગ્રપૂજા કે જેનું ફળ આત્માનો અભ્યુદય થવા રૂપ છે, તેથી એ **અભ્યુદયસાધની** અને ત્રીજી જેનું ફળ મોક્ષ છે, તે **નિવૃત્તિકારિણી ભાવપૂજા.** એ રીતે પણ ત્રણ પ્રકારની પૂજા અંગપૂજાદિના ફળ રૂપ ગણાય છે.

અહીં ઉપચાર શબ્દનો અર્થ પૂજા કરવાનાં સાધનોનો પ્રકાર સમજવો. પાંચ દ્રવ્ય વડે કરવામાં આવતા પૂજાના પ્રકારો જેમાં હોય, તે **પંચોપચારી** પૂજા ગણાય. વગેરે ૧૦.

## ૫. અવસ્થાત્રિક-ત્રણ અવસ્થાઓ :

**भाविज्ज अवत्थ-तियं पिंडत्थ-पयत्थ-रूव-रहिअत्तं ।**
**छउमत्थ-केवलित्तं सिद्धत्तं चेव तस्सत्थो ।।११।।**

**શબ્દાર્થ:-** **ભાવિજ્જ**=ભાવવી. **અવત્થ-તિયં**=ત્રણ અવસ્થા. **પિંડત્થ પયત્થ-રૂવ-રહિયત્તં**=પિંડસ્થપણું, પદસ્થપણું અને રૂપરહિતપણું, **છઉમત્થ કેવલિત્તં**=છદ્મસ્થપણું અને કેવલિપણું **સિદ્ધત્તં**=સિદ્ધપણું. **ચેવ**=નિશ્ચય, એ જ. **તસ્સ**=તેનો **અત્થો**=અર્થ છે.

**ગાથાર્થ :-**

**પિંડસ્થપણું: પદસ્થપણું: અને રૂપરહિતપણું: એ ત્રણ અવસ્થા ભાવવી. અને છદ્મસ્થપણું : કેવલિપણું : અને સિદ્ધપણું : તેનો અર્થ છે.**

**વિશેષાર્થ:-પિંડ** એટલે તીર્થંકર ભગવંતનો તીર્થંકર પદવી પામ્યા પહેલાંનો છદ્મસ્થ દેહ, એટલે કે-જન્મથી લઇને સમવસરણ સ્થપાય ત્યાર પહેલાં સુધીનું

દ્રવ્યતીર્થંકરપણું, તેમાં **સ્થ**=રહેલી અવસ્થા, તે **પિંડસ્થ**પણાની **અવસ્થા** એટલે છદ્મસ્થઅવસ્થા ત્રણ પ્રકારની છે. ૧ જન્મ અવસ્થા, ૨ રાજ્ય અવસ્થા અને ૩ શ્રમણ અવસ્થા.

આ ત્રણે ય અવસ્થામાં ભગવંત છદ્મસ્થ અસર્વજ્ઞ-સાક્ષાત્ તીર્થંકર પદવી રહિત હોય છે, માટે પિંડસ્થપણાની અવસ્થાનો અર્થ છદ્મસ્થપણાની અવસ્થા કહ્યો છે.

૨. પદ=તીર્થંકર પદવી. પ્રભુ જ્યારે કેવલજ્ઞાન પામે છે, ત્યારે તે પદવી સ્પષ્ટ-પ્રગટ થાય છે. પરમ પવિત્ર તીર્થંકર નામકર્મના ઉદયના પ્રભાવથી ઈન્દ્રો તથા દેવો આવે છે, સમવસરણ રચે છે, તેમાં બેસીને પ્રભુ દેશના-ઉપદેશ આપે છે. દેશના સમાપ્ત થયા બાદ ગણધર પદવીને યોગ્ય એવા મુનિઓને ત્રિપદી સંભળાવી ગણધર પદે સ્થાપે છે, તથા પ્રભુની દેશનાથી વૈરાગ્ય પામી ચારિત્ર ગ્રહણ કરેલી સાધ્વીઓમાં એક મુખ્ય સાધ્વી, દેશવિરતિ ગ્રહણ કરેલ શ્રાવકોમાં એક મુખ્ય શ્રાવક તથા મુખ્ય શ્રાવિકા સ્થાપે છે વગેરે અનેક પ્રકારે તીર્થ પ્રવર્તાવવાથી પ્રભુ તીર્થંકર કહેવાય છે. તે સર્વ કેવળજ્ઞાન પામ્યા બાદ પ્રથમ સમવસરણ વખતે થાય છે. માટે **પદસ્થપણું** એટલે કેવલિપણું એવો અર્થ કરેલ છે. તે પદસ્થપણું-કેવલિપણું તીર્થંકરપદવી યુક્તનું નિર્વાણ સમય સુધીનું જાણવું.

૩. પ્રભુ જ્યારે નિર્વાણ પામી સિદ્ધ થાય છે, ત્યારે રૂપ એટલે શરીર રહેતું નથી, પરન્તુ કેવળ આત્મા જ રહે છે, શુદ્ધ આત્મા હોવાથી "રૂપાતીત અવસ્થાપણું એટલે સિદ્ધપણું" એવો અર્થ કરેલ છે. ૧૧

## પ્રતિમાજીમાં ત્રણ અવસ્થા ભાવવાની રીત.

**न्हवणच्चगेहिं छउमत्थ-ऽवत्थ पडिहारगेहिं केवलियं ।**

**पलियंकुस्सग्गेहि अ जिणस्स भाविज्ज सिद्धत्तं ॥१२॥**

શબ્દાર્થ:- ન્હવણચ્ચગેહિં=સ્નાન અને પૂજા કરનારાઓ વડે. **છઉમત્થવત્થ**=છદ્મસ્થાવસ્થા. **પડિહારગેહિં**=પ્રાતિહાર્યો વડે. **કેવલિયં**=કૈવલિક અવસ્થા. **પલિયંકુસ્સગ્ગેહિ**=પર્યંકાસન અને કાઉસ્સગ્ગ વડે. **જિણસ્સ**=જિનેશ્વર ભગવંતની. **ભાવિજ્જ**=ભાવવી. **સિદ્ધત્તં**=સિદ્ધપણું, સિદ્ધાવસ્થા. ૧૦

**ગાથાર્થ :-**

**જિનેશ્વર ભગવંતોને સ્નાન કરનારાઓ અને પૂજા કરનારાઓ વડે છદ્મસ્થાવસ્થાઃ પ્રાતિહાર્યો વડે કૈવલિકાવસ્થાઃ અને પર્યંકાસન કે કાયોત્સર્ગ વડે સિદ્ધાવસ્થાઃ ભાવવી. ૧૨.**

**વિશેષાર્થ**:- પ્રભુજીની આજુબાજુ પરિકરવાળા પ્રતિમાજી સામે, ધ્યાન આપો. આજુબાજુ પરિકર છે, જેને સામાન્ય લોકો પરિઘર કહે છે. તે પરિકરમાં ઉપર જુઓ.

૧. હાથી ઉપર બેસીને હાથમાં કળશ લઈને દેવો બેઠેલા છે. તે સ્નાપક-સ્નાન કરાવનારા દેવો છે. તથા હાથમાં માળા લઈને કેટલાય દેવો આવેલા છે, તે અર્ચક=પૂજા કરનારા દેવો છે. ઉપર છેક કળશોની ઉપર પાંદડાં દેખાય છે, તે **અશોક**વૃક્ષનાં છે. માળા ધારણ કરનાર દેવથી પુષ્પવૃષ્ટિ સૂચવાય છે. પ્રભુની બન્નેય બાજુએ વીણા અને વાંસળી વગાડનારા દેવો છે, તે દિવ્યધ્વનિ થાય છે. પ્રભુના મસ્તકની પાછળ ગોળ ભામંડળ છે, તેમાં પ્રભુજીનું તેજ સંહરણ પામતું હોવાથી પ્રભુજીનું મુખ સહેલાઈથી જોઈ શકાય છે, તથા રાત્રે પણ અંધકાર ન રહે, માટે પ્રભુજીની પાછળ હોય છે. તેનો આકાર પરિકરમાં છે. ત્રણ છત્ર તો સ્પષ્ટ દેખાય છે. તેની ઉપર દેવો દુંદુભિ વગાડતા બતાવ્યા છે. બાજુમાં ચામરધારી ઊભા હોય છે. સિંહાસન ઉપર પ્રભુજી બિરાજમાન છે. એ પ્રમાણે **અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડળ, દુંદુભિ અને છત્રત્રય, એ આઠ પ્રાતિહાર્યો છે.**

તથા નીચે બે ચરણ વચ્ચે આગળ **ધર્મચક્ર** ચાલે છે, તથા નવ ગ્રહ અને દશ દિક્પાળ વગેરે નીચે પ્રભુજીની સેવા કરે છે. આવી ઘટનાઓથી ભરપૂર પરિકર હોય છે. **શ્રીતારંગાજી** તીર્થના મોટા દહેરાસરમાં **શ્રીઅજિતનાથ પ્રભુનાં** મોટાં પ્રતિમાજી છે. તેમાં નીચેથી ઠેઠ ઉપર સુધી મોટું પંચતીર્થીવાળું પરિકર છે. તે જોવાથી બધી વસ્તુઓ સ્પષ્ટ સમજાશે.

આ રીતે ન્હવડાવનારાઓને જોઈને પ્રભુની જન્માવસ્થા ભાવવી, માળાધારકને જોઈ રાજ્યાવસ્થા ભાવવી. કેમકે પુષ્પાહાર વગેરે રાજભૂષણો છે. અને પ્રભુજીને મસ્તકે તથા દાઢી-મૂછના વાળ જોઈ, મુનિપણાની મુંડ અવસ્થા ભાવવી, પ્રભુ દીક્ષા લેતી વખતે સ્વહસ્તે પંચમુષ્ટિ લોચ કરે છે, છતાં જે વાળ બાકી રહ્યા હોય છે, તે વધતા નથી. તેથી તે અવસ્થિત કેશ રહે છે. અને

પ્રતિમાજી ઉપર કેશ તથા શિખાના આકાર હોય છે, તે આ અવસ્થિત કેશની અપેક્ષાએ હોય છે. તેથી કેશોની વૃદ્ધિના અભાવ રૂપ કેશનો અભાવ અહીં ભાવવાનો હોય છે.

આઠ પ્રાતિહાર્યોને જોઈ પ્રભુની કૈવલિકઃ તીર્થંકરપણાની અવસ્થા ભાવવી.

પર્યંકાસને અથવા કાઉસ્સગ્ગ મુદ્રાએ પ્રભુજીની પ્રતિમા હોય છે, તે જોઈને પ્રભુજીની સિદ્ધાવસ્થા-મોક્ષાવસ્થા ભાવવી.

જમણી જાંઘ (ઢીંચણ અને પિંડી વચ્ચેનો ભાગ) અને સાથળની વચ્ચે ડાબો પગ સ્થપાય, ડાબી જાંઘ અને સાથળની વચ્ચે જમણો પગ સ્થપાય, નાભિ પાસે બે હાથ ચત્તા રખાય. તે **પર્યંકાસન.** તે આસને અથવા **કાઉસ્સગ્ગ મુદ્રાએ** પ્રતિમા હોય છે, એટલે એ રીતે રહીને પ્રભુ મોક્ષમાં ગયા હોય છે, તેથી તે જોઈને **સિદ્ધાવસ્થા** ભાવવી.

જેમ તીર્થંકર પરમાત્મા પૂજ્યતમ છે, તે જ પ્રમાણે તેમની અને તેમના જીવનની સાથે સંબંધ ધરાવતી ઘણી વસ્તુઓ અને અવસ્થાઓ પણ નય-નિક્ષેપાની વિચારસરણીથી પૂજ્યતમ છે અને તે સહેતુક અને પદ્ધતિસર છે. જેઓ તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓને તેને પૂજવાનું તથા અવસ્થા-ભેદની અપેક્ષાએ જુદા જુદા પ્રકારે પૂજવાનું નથી માનતા, તેઓ નય-નિક્ષેપાની જૈનસરણિ સમજ્યા નથી. એટલે બીજી રીતે કહીએ, તો જૈન તત્ત્વજ્ઞાનનું તેઓ અપમાન કરે છે, એટલે ઉત્સૂત્રભાષી અને અસત્યભાષી બને છે.

બાળઉછેર કરતી માતા બાળકને ખવડાવતી કે પીવડાવતી હોય ત્યારે જ પૂજ્ય છે, અને રસોઈ કરતી કે પાણી ભરવા જતી હોય ત્યારે પૂજ્ય નથી, એમ નથી. સર્વ અવસ્થામાં તે સમાનપણે પૂજ્ય ભાવને લાયક છે. તે જ પ્રમાણે તીર્થંકર પરમાત્માઓના નજીકના અને દૂરના દ્રવ્ય-નિક્ષેપા પણ પૂજ્ય છે. માટે ચ્યવનથી માંડીને સિદ્ધાવસ્થા સુધીની દરેક અવસ્થાઓ પૂજ્ય છે. પ્રતિમાની રચનામાં દરેક અવસ્થા ઉતારી શકાતી નથી. પ્રતિમાજીનું વિધાન તો કોઈપણ એક મુખ્ય અવસ્થામાં જ થઈ શકે, માટે પર્યંકાસને કે કાયોત્સર્ગાસને છે. કેમકે પ્રભુની એ પ્રધાન અને મુખ્ય પૂજ્યાવસ્થા છે. તેમાંજ સર્વાવસ્થાઓનો આરોપ કરીને ભિન્ન ભિન્ન ભક્તો કે એક જ ભક્ત, એકી સાથે કે ક્રમે ક્રમે, ભિન્ન ભિન્ન અવસ્થાની વિવિધ પૂજોપચારથી પૂજા-

ભક્તિ કરી શકે છે. તે દરેકને માટે વિગતવાર શાસ્ત્રીય પુરાવા મળી શકે છે; પરંતુ વિસ્તારભયથી અહીં આપવામાં આવતા નથી. ભિન્ન ભિન્ન અવસ્થાની અપેક્ષાએ પૂજાના પ્રકારો ગોઠવનારાઓનું નય-નિક્ષેપાઓનું અને માનસશાસ્ત્ર તથા આધ્યાત્મિક સાધનોની સૂક્ષ્મ રચનાની ગોઠવણનું જ્ઞાન અદ્‌ભુત હોવાનું સાબિત થાય છે.

**પ્રશ્ન** :- પ્રભુની તે અવસ્થા ધ્યાનમાં આરોપ્યા બાદ તે સંબંધી ભાવના શી રીતે ભાવવી ?

**ઉત્તર** :- **શ્રી પ્રવચનસારોદ્ધાર**ની વૃત્તિમાં કહ્યું છે, કે :- "હસ્તિ, અશ્વ, સ્ત્રીઓ આદિ મહાવૈભવ અને સુખવાળું સામ્રાજ્ય પણ છોડીને જે પ્રભુએ નિઃસંગપણું (શ્રમણપણું) અંગીકાર કર્યું હતું. એવા અચિન્ત્ય મહિમાવાળા જગત્પ્રભુનું દર્શન મહાપુણ્યશાળી જીવો જ પામી શકે છે.

તેમ જ, શ્રમણપણામાં જે પ્રભુ શત્રુ-મિત્રમાં સમાન બુદ્ધિવાળા, ચાર જ્ઞાનવાળા, તૃપ-મણિ તથા સુવર્ણ અને પત્થરમાં સમાન દૃષ્ટિવાળા, નિયાણારહિત વિચિત્ર તપશ્ચર્યાઓ કરતા કરતા નિઃસંગપણે વિહાર કરતા હતા, તે ત્રણ જગતના નાથનું દર્શન ઉત્તમ પુણ્યશાળી જીવોને જ થાય છે." ઈત્યાદિ ભાવાર્થ પ્રમાણે પ્રભુની છદ્મસ્થ અવસ્થા ભાવવી. તેમજ કેવલિપણાના ગુણ વિચારીને કેવલિ અવસ્થા ભાવવી, અને સિદ્ધના ગુણ વિચારવાથી સિદ્ધત્વ ભાવના ભાવી ગણાય છે.

તથા, ત્રિભુવન-પૂજ્ય પરમાત્મા તરફ દેવેન્દ્રોએ આ પ્રમાણે લોકોત્તર વિનય બતાવી પ્રભુનો સ્નાત્ર મહોત્સવ કર્યો હતો. પ્રભુએ ધર્મમાર્ગ નિષ્કંટક રાખવા ન્યાયથી રાજ્ય વ્યવસ્થા સ્થાપી અને ટકાવી હતી. તથા તે સર્વ છોડી આ રીતે શ્રમણપણું અંગીકાર કરી કેવળી ભગવંત થયા હતા, એમ છદ્મસ્થાવસ્થા ભાવવી. કેવળી થયા પછી ધર્મતીર્થ પ્રવર્તાવવા અને અનેક બાળ-જીવોનેય તેની ઉપાદેયતા તરફ અભિમુખ થવા પ્રેરણા કરી શકે, તેવા પ્રાતિહાર્યાદિક વિભૂતિથી વિભૂષિત હતા અને અન્તે પદ્માસન મુદ્રાનો આશ્રય લઈ મોક્ષમાં ગયા હતા. **પરિકરાદિક** દ્વારા તે સર્વ પ્રતિબિંબિત કરવામાં શાસ્ત્રકારોની વ્યવહાર-અધ્યાત્મ-માનસશાસ્ત્ર-શિક્ષણ- વગેરે દૃષ્ટિથી પરોપકારી માર્ગની કુશળતા અસાધારણ જણાય છે. ૧૨.

## ૬. ત્રિદિશિ નિરીક્ષણત્યાગત્રિક, અને ૭. પદભૂમિપ્રમાર્જ નાત્રિક

**उड्ढाऽहो-तिरिआणंति-दिसाण निरिक्खणं चइज्जहवा।**
**पच्छिम-दाहिण-वामाण जिण-मुह-न्नत्थ-दिट्ठि-जुओ ॥१३॥**

(**अन्वय** :- जिण-मुह-न्नत्थ-दिट्ठि-जुओ उड्ढा-ऽहोऽतिरिआणं अहवा पच्छिम-दाहिण-वामाणं ति-दिसाण निरिक्खणं चइज्ज ॥१३॥

શબ્દાર્થ : ઉડ્ઢાડહો-તિરિયાણં=ઊંચે-નીચે અને બાજાુના, **તિદિસાણં**=એ ત્રણ દિશાઓમાં. **નિરક્ખણં**=જોવું, જોવાનો. **ચઈજ્જ**=ત્યાગ કરવો. **અહવા**=અથવા. **પચ્છિમ-દાહીણ-વામાણ**=પાછળ, જમણી અને ડાબી તરફની. **જિણ-મુહ-ન્નત્થ-દિટ્ઠિ-જુઓ**=જિનેશ્વર પ્રભુના મુખ પર સ્થાપિત નજરવાળો. ૧૩.

**ગાથાર્થ :-**

**જિનેશ્વર ભગવંતના મુખ ઉપર દૃષ્ટિ સ્થાપીને ઉપરઃ નીચેઃ અને આજુબાજુઃ અથવા-પાછળઃ જમણી અને ડાબીઃ (એ) ત્રણ દિશાઓ તરફ જોવાનો ત્યાગ કરવો. ॥૧૩॥**

**વિશેષાર્થ :** જિનેન્દ્ર પ્રભુની પ્રતિમાજીની સન્મુખ ચૈત્યવન્દન કરતી વખતે પોતાની દૃષ્ટિ સ્થિર કરવી, પરન્તુ તે સિવાય બીજી તરફ એટલે ઉપર, નીચે કે બાજુની દિશાએ, અથવા પોતાની ડાબી જમણી કે પાછળની દિશાએ પણ જોવું નહિ. ચક્ષુ પણ મનની પેઠે સ્વભાવે જ ચપળ હોવાથી સ્થિર રહિ શકે નહિ, તો પણ બનતા પ્રયત્ને આડુંઅવળું ન જોતાં પ્રભુ સામે જ દૃષ્ટિ રાખવી. જેથી ચૈત્યવન્દનના ઉપયોગમાં મનની એકાગ્રતા કાયમ ટકી રહે.

જે સ્થાને ચૈત્યવંદન કરવાનું હોય, તે સ્થાને કોઈ ત્રસાદિ જંતુ ન હણાય, માટે પ્રથમ તે ભૂમિને વસ્ત્રથી પ્રમાર્જીને સ્વચ્છ જંતુરહિત કર્યા પછી ચૈત્યવંદન કરવા બેસવું. પૌષધવ્રત રહિત શ્રાવકે પોતાના ઉત્તરાસંગ-પૂજા કરતી વખતે રાખવા યોગ્ય ખેસના છેડાથી ત્રણવાર ભૂમિ પ્રમાર્જવી, પૌષધધારી શ્રાવકે ચરવલાથી પ્રમાર્જવી અને શ્રી મુનિ મહારાજાઓએ ઓઘાથી પ્રમાર્જના કરવી. શ્રી જિનેન્દ્રમાર્ગાનુસારી સર્વ ધર્મક્રિયાઓ યતના-જીવની જયણા પૂર્વક જ હોય છે. **જેમાં જયણા નહિ, તે ધર્મક્રિયા પણ નહિ.**

**પ્રમાર્જનાત્રિક** દશત્રિકમાં ગણાવેલ છે. એટલે, તે ક્રમથી અહીં સમજી લેવું, તેમાં ખાસ વિશેષતા કહેવાની ન હોવાથી ખાસ ગાથા આપવામાં આવી નથી. ૧૩.

## ૮. વર્ણાદિક આલંબનત્રિક, ૯. મુદ્રાત્રિક.

**वन्न-तियं वन्न-ऽत्था-लंबणमालंबणं तु पडिमाई ।**
**जोग-जिण-मुत्त-सुत्ती-मुद्दा-भेएण मुद्द-तियं ॥१४॥**

(**अन्वय** :- वन्न-ऽत्था-ऽऽलंबणं तु पडिमाइ आलंबणं वन्न-तियं । जोग जिण-मुत्त-सुत्ती-मुद्दा-भेएण-मुद्द-तियं ॥१४॥

**શબ્દાર્થ** :- **વન્ન-તિયં**=વર્ણત્રિક. **વન્ન-ઽત્થા-ઽઽલંબણં**=વર્ણાલંબન અર્થાલંબન. **પડિમાઈ-આલંબણં**=પ્રતિમાદિ આલંબન. **જોગ-જિણ-મુત્ત-સુત્તી-મુદ્દા-ભેએણ**=યોગઃ જિનઃ અને મુક્તાશક્તિઃ એ મુદ્રાના ભેદ વડે. **મુદ્દ-તિયં**=મુદ્રાત્રિક છે. ૧૪.

**ગાથાર્થ :-**

**અક્ષર (શબ્દ): અને અર્થઃ તથા પ્રતિમાઃ વગેરેનું આલંબન એ વર્ણાદિ આલંબનત્રિક છે. યોગમુદ્રાઃ જિનમુદ્રાઃ અને મુક્તાશુક્તિ મુદ્રાઃ એ ભેદ વડે મુદ્રાત્રિક છે. ॥૧૪॥**

**વિશેષાર્થ** :- ચૈત્યવંદન સૂત્રોના અક્ષરો અતિસ્પષ્ટ, શુદ્ધ તથા સ્વર અને વ્યંજનના ભેદ, પદચ્છેદ, શબ્દો અને સંપદાઓ સ્પષ્ટ સમજાય તેવી રીતે, ઉચિત ધ્વનિપૂર્વક-બહુ મોટા સ્વરે નહિ તેમજ બહુ મંદ સ્વરે નહિ, એવી રીતે બોલવા, તે **વર્ણાલંબન** અથવા **સૂત્રાલંબન.**

તે ચૈત્યવંદન સૂત્રોના અર્થ પણ સૂત્રો બોલતી વખતે પોતાના જ્ઞાનને અનુસારે વિચારવા, તે **અર્થાલંબન.**

દંડકસૂત્રોના અર્થમાં સંકળાયેલા સાક્ષાત્-ભાવ અરિહંતાદિક પ્રભુનું સ્મરણ કરવું, તેમજ જેમની સામે વંદના કરવાનો પ્રારંભ કર્યો છે, તે પ્રતિમાદિક પણ સ્મૃતિ બહાર ન થવા જોઈએ. માટે સ્થાપના તે **પ્રતિમાદિ.** તેનું પણ **આલંબન** લેવાનું જાણવું.

ત્રણ મુદ્રાનું સ્વરૂપ હવે પછીની ગાથામાં વિસ્તારથી આવવાનું છે. તેનાં નામ માત્ર અહીં યાદ રાખી લેવાં. ૧૪.

### ૧. યોગમુદ્રા

**अन्नुन्नंतरिअंगुलि-कोसाऽऽगारेहिं दोहिं हत्थेहिं ।**
**पिट्टोवरि-कुप्पर-संठिएहिं तह जोग-मुद्दत्ति ॥१५॥**

**(अन्वय :-** अन्नुन्नंतरिअंगुलि-कोसाऽऽगारेहिं दोहिं हत्थेहिं पिट्टोवरि-कुप्परसंठिएहिं-तह जोग-मुद्द त्ति ॥१५॥

**શબ્દાર્થ :- અન્નુન્નંતરિઅંગુલિ-કોસા-ડડગારેહિં**=પરસ્પર એક બીજીના આંતરમાં આંગળીઓ પરોવીને ડોડાને આકારે કરેલા. **દોહિં**=બે. **હત્થેહિં** = હાથ વડે. **પિટ્ટોવરિ-કુપ્પર-સંઠિએહિં** = પેટ ઉપર બે કોણી રાખીને રાખેલાં. **તહ** = તે પ્રકારે. **જોગમુદ્દ**-યોગમુદ્રા. **ત્તિ**=ઈતિ, એ પ્રમાણે. **૧૫.**

ગાથાર્થ :-

**પરસ્પરના આંતરાઓમાં આંગળીઓ ગોઠવી ડોડાના આકારે બનાવી પેટ ઉપર કોણી રાખેલા બે હાથ વડે થયેલા આકારવાળી મુદ્રા, તે યોગમુદ્રા છે. ॥૧૫॥**

**વિશેષાર્થ :-** હથેળીઓને કમળના ડોડાના આકારે ભેગી મેળવી, ડાબા હાથની આંગળીઓ જમણા હાથની આંગળીઓમાં આવે એવી રીતે ભરાવવી કે ડાબો અંગુઠો જમણા અંગુઠાની સ્હામો જોડાયેલો રહે અને ડાબી પહેલી આંગળી જમણી ૧લી ૨જી આંગળીની નીચે આવે તથા કાંડાથી કોણી સુધીનો ભાગ પણ તે વખતે કમળના નાળની પેઠે યથાયોગ્ય સાથે રાખવો. અને તે પ્રમાણે સંયુક્ત અથવા અસંયુક્ત બન્ને ય કોણીઓ પેટ ઉપર અથવા નાભિ ઉપર સ્થાપવી અને હથેળીઓનો રચેલો કોશાકાર કાંઈક નમાવેલા મસ્તકથી કાંઈક દૂર રાખવો. આ મુદ્રા ઊભા રહેતી વખતે અને બેઠા બેઠા પણ કરવાની હોય છે. આ મુદ્રાનો ઉપયોગ ૧૮મી ગાથામાં બતાવ્યો છે.

અહીં યોગ એટલે બે હાથનો સંયોગવિશેષ અથવા યોગ એટલે સમાધિ, તેની મુખ્યતાવાળી જે **મુદ્રા**, તે **યોગમુદ્રા**. તે વિઘ્નવિશેષને દૂર કરવામાં પણ સમર્થ છે. **૧૫.**

## ૨. જિનમુદ્રા.

**चत्तारि अंगुलाइं पुरओ ऊणाइं जत्थ पच्छिमओ ।**
**पायाणं उस्सग्गो एसा पुण होइ जिण-मुद्दा ॥१६॥**

**(अन्वय :-** जत्थ पायाणं उस्सग्गो पुरओ चत्तारि अंगुलाइं, पच्छिमओ ऊणााइं एसा पुण जिण-मुद्दा होइ ॥१६॥

**શબ્દાર્થ :- ચત્તારિ**=ચાર **અંગુલાઈં**=આંગળ. **પુરઓ** = આગળ. **ઊણાઈં**=ઊણ, ન્યૂન, ઓછા. **જત્થ** = જે મુદ્રામાં. **પચ્છિમઓ** = પાછળ. **પાયાણં**=બે પગનું. **ઉસ્સગ્ગો** = છેટું-અંતર. **એસા**=આ, તે. **પુણ**=વળી. **જિણ-મુદ્દા** = જિનમુદ્રા **૧૬.**

**ગાથાર્થ :-**

**અને જેમાં બે પગનું અંતર આગળ ચાર આંગળઃ અને પાછળ-કંઈક ઓછુંઃ હોય, એ જિનમુદ્રા. ॥૧૬॥**

**વિશેષાર્થ :-** કાઉસ્સગ્ગ વગેરેમાં ઊભા રહેતી વખતે ભૂમિ ઉપર બે પગ એવી રીતે સ્થાપવા-રાખવા, કે જેથી એ બે પગ વચ્ચે આગલા ભાગમાં ૪ આંગળ અંતર રહે, અને પાછલા ભાગમાં ચાર આંગળથી કંઈક ઓછું અંતર રહે, એવી રીતે પદવિન્યાસ-બે પગ રાખવા, તે **જિનમુદ્રા** કહેવાય. અહીં, **જિન**=કાઉસ્સગ્ગ કરતા જિનેશ્વરોની, જે **મુદ્રા**, તે **જિનમુદ્રા**. અથવા જિન એટલે વિઘ્નોને જિતનારી મુદ્રા, તે **જિનમુદ્રા. ૧૬.**

## ૩. મુક્તાશુક્તિ મુદ્રા

# मुत्ता-सुत्ती मुद्दा जत्थ समा दोवि गब्भिआ हत्था ।
# ते पुण निलाड-देसे लग्गा अन्ने-"अलग्ग" त्ति ॥१७॥

[**अन्वय :-** जत्थ दोवि समा गब्भिआ हत्था, पुण ते निलाड देसे लग्गा, अन्ने-"अलग्ग" त्ति मुत्ता-सुत्ति-मुद्दा ॥१७॥

શબ્દાર્થ :- **મુત્તા-સુત્તી**=મુક્તાશુક્તિ. **મુદ્દા**=મુદ્રા. **જત્થ**=જેમાં **સમા**=સરખા. **દો વિ**=બન્નેય. **ગબ્ભિઆ**=ગર્ભિત, મધ્યમાં ઉન્નત. **હત્થા**=હાથ **તે**=તે બન્નેય. **પુણ**=અને **નિલાડ**=ભાલ, કપાળ. **દેસે**=સ્થાને. **નિલાડ-દેસે**=કપાળ ઉપર. **લગ્ગા**=લગાડેલા. **અન્ને**=અન્ય આચાર્યો. **અલગ્ગ**=ન લગાડેલા. **ત્તિ**=એ પ્રમાણે **૧૭.**

**ગાથાર્થ :-**

**જેમાં, સરખા બન્નેય હાથ ગર્ભિત રાખી અને તે લલાટ પ્રદેશને અડાડેલા હોયઃ કોઈ આચાર્ય કહે છે કે-"અડાડેલા ન હોય" તે મુક્તાશુક્તિ મુદ્રા. ॥૧૭॥**

**વિશેષાર્થ :- મુક્તા** એટલે મોતી **શુક્તિ**=તેના ઉત્પત્તિસ્થાનરૂપ છીપ. તેના આકારની મુદ્રા, તે **મુક્તાશુક્તિમુદ્રા** કહેવાય. એ મુદ્રામાં બન્ને ય હથેળીઓને સમ એટલે અંગુલિઓને પરસ્પર અંતરિત કર્યા વિના રાખવાની હોય છે, તે સમ સ્થિતિમાં રાખેલી બન્નેય હથેળીને ગર્ભિત કરવી, એટલે અંદરથી પોલાણવાળી રાખવી, બહાર વચ્ચેથી કાચબાની પીઠની પેઠે ઊંચી રહે તેવી, પરન્તુ ચિપટાયેલી ન રાખવી. એ પ્રમાણે રાખેલા બે હાથ મોતીની છીપને આકારે બને છે. તે કપાળે અડાડવા અને કેટલાક **આચાર્યો** કહે છે કે-"બે હાથ કપાળે ન અડાડવા, પરંતુ કપાળની સન્મુખ-સામા ઊંચા રાખવા" તે **મુક્તાશુક્તિમુદ્રા** કહેવાય છે.

## ત્રણ મુદ્રાઓનો ઉપયોગ

**पंचंगो पणिवाओ थयपाढो होई जोग-मुद्दाए ।**
**वंदण जिण-मुद्दाए पणिहाणं मुत्त-सुत्तीए ॥१८॥**

[**अन्वय** :- पंचंगो पणिवाओ थय-पाढो जोग-मुद्दाए, वंदण जिण-मुद्दाए मुत्ता-सुत्तीए पणिहाणं होइ ॥१८॥

**શબ્દાર્થ** :- **પંચંગો**=પાંચ અંગ નમાવીને. **પણિવાઓ**=પ્રણામ. **થય-પાઢો**=સ્તુતિ પાઠ અથવા સ્તવનનો પાઠ. **જોગ-મુદ્દાએ**=યોગ મુદ્રા વડે. **વંદણ**=વંદન. **જિણ-મુદ્દાએ**=જિનમુદ્રા વડે. **પણિહાણં**=પ્રણિધાન **મુત્ત-સુત્તીએ**=મુક્તાશુક્તિ મુદ્રા વડે. ૧૮.

**ગાથાર્થ :-**

**પંચાંગ પ્રણિપાતઃ અને સ્તવપાઠઃ યોગમુદ્રાએ, વંદનઃ જિનમુદ્રાએ, અને પ્રણિધાનઃ મુક્તાશુક્તિ મુદ્રાએઃ થાય છે. ॥૧૮॥**

**વિશેષાર્થ** :- પંચાંગ પ્રણિપાત અને સ્તવપાઠ યોગમુદ્રાએ કરવા. ચૈત્યવંદન કરતી વખતે **ચૈત્યવંદન** અને **નમુત્થુણં** યોગમુદ્રાએ કરાય છે. **જાવંતિ ચેઈઆઈ** અને **જાવંત કે વિ સાહૂ** તથા **જયવીયરાય** એ-જો કે યોગમુદ્રા ચાલુ હોય છે, છતાં બે હાથ લલાટે ઊંચે રાખી **મુક્તાશુક્તિ** મુદ્રાથી ત્રણેય પ્રણિધાન કરીએ છીએ. વચ્ચે સ્તવન યોગમુદ્રાએ થાય છે, **જયવીયરાય** પછી **અરિહંત ચેઈઆણં**, **કાયોત્સર્ગ,-થોય** વગેરે ઊભા થઇને જિનમુદ્રાએ કરીએ છીએ. તથા ચૈત્યવંદન કે દેવવંદન કરતાં પહેલાં **ઈરિયાવહિયં** પ્રતિક્રમાય છે, તે પણ **લોગસ્સ** કહેવા સુધી જિનમુદ્રાએ થાય છે.

આ સિવાય બેઠા બેઠા અથવા ઊભા ઊભા જે કોઇ ક્રિયા કરવાની હોય છે, તે દરેક વખતે હાથ જોડવાના હોય છે.

આ પ્રમાણે સામાન્ય રીતે ત્રણ મુદ્રાનું વર્ણન અહીં કરેલું છે. પરંતુ બીજી પણ ઘણી પેટા મુદ્રાઓ વગેરે કરવાની થાય છે. તે દરેકની પણ ઉપલક્ષણથી આ ત્રણ મુદ્રાથી જ સૂચના સમજવી.

બીજું, ચૈત્યવન્દનાદિ કરતી વખતે અને ખાસ કરીને ચૈત્યવંદનાદિનું પ્રધાનસૂત્ર **નમુત્થુણં** બોલતી વખતે, ડાબો પગ ઊંચો રાખવાનો અને જમણો પગ સ્થાપવાનો રિવાજ છે. તથા કોઈ કોઈ બન્નેય ઢીંચણ જમીન સાથે લગાડી ઉભડક બેસી સૂત્ર બોલે છે, કોઇ બન્નેય પગ જમીન સાથે ઘૂંટણ સાથે સ્થાપીને સૂત્ર બોલે છે. ભિન્ન ભિન્ન શાસ્ત્રવાક્યોના આદેશ પ્રમાણે દરેક રીતે વિનયરૂપ અને ઉચિત હોવાથી નિષેધ યોગ્ય નથી.

આ બાબત ઘણા પ્રશ્નોત્તરો છે, પરંતુ તેથી અભ્યાસીઓને ગુંચવણ પડવાનો સંભવ હોવાથી અહીં તેનો વિસ્તાર કરતા નથી.

મૂળ ગાથામાં-**સ્તવપાઠ** શબ્દ છે. તેનો અર્થ અહીં **નમુત્થુણં સ્તવપાઠ** સમજવો. વળી **પંચાંગ પ્રણિપાત** શબ્દ છે, તેનો અર્થ પણ આ ઠેકાણે **નમુત્થુણં** સૂત્ર જ સમજવું. કેમકે-તે સૂત્ર બોલતી વખતે **નમુત્થુણં** એમ બોલતાં મસ્તક નમાવી પંચાંગ પ્રણામ કરવાનો હોય છે. તે જ પ્રમાણે **નમો જિણાણં** અથવા **સવ્વે તિવિહેણ વંદામિ,** બોલતી વખતે પંચાંગ પ્રણિપાત કરવાનો હોય છે; એટલે સૂત્ર મુખ્યપણે તો યોગમુદ્રાએ જ બોલાય છે. છતાં વચ્ચે જ્યારે જ્યારે પંચાંગ પ્રણામ કરવામાં આવે છે, તેટલા ઉપરથી તેમાં વચ્ચે વચ્ચે પંચાંગી મુદ્રા પણ થાય છે. તે પેટા મુદ્રા છે. એવી પેટા મુદ્રાઓ જુદી જુદી કરવામાં આવે, તેથી મૂળ મુદ્રાને વાંધો આવતો નથી. એ જ પ્રમાણે **અરિહંતચેઇઆણં** વગેરે પણ કાયોત્સર્ગના હેતુસૂચક સૂત્ર છે, પરંતુ એ કાયોત્સર્ગનો હેતુ વીતરાગ પરમાત્માને વંદનાદિ કરવાથી થતા ફળ મેળવવા માટેનો છે. માટે તે કાયોત્સર્ગ પણ વંદન જ ગણાય. તે પગની જિનમુદ્રા અને હાથની યોગમુદ્રાએ કરવાના હોય છે અને ફક્ત કાયોત્સર્ગ પગની જિનમુદ્રા અને હાથની કાયોત્સર્ગ મુદ્રાએ કરવાનો હોય છે અને પ્રણિધાનત્રિક મુક્તાશુક્તિ મુદ્રાએ કરવાનું હોય છે.

આ પ્રમાણે મુખ્યપણે ત્રણ મુદ્રાઓનો ઉપયોગ છતાં તેના પેટામાં જુદે જુદે પ્રસંગે અનેક જુદી જુદી પેટા મુદ્રાઓ કરવાની હોય છે. તે ચાલતી મર્યાદાને અનુસરીને તથા ગુરુગમથી તથા મોટા ગ્રંથોમાંથી સારી રીતે સમજીને વિધિપૂર્વક વંદના કરવા માટે આત્માર્થી જીવોએ ખપી થવું. ॥૧૮॥

## ૮. પ્રણિધાનત્રિકઃ

**पणिहाण-तियं चेइअ-मुणि-वंदण-पत्थणा-सरूवं वा ।**
**मण-वय-काएगत्तं, सेस-तियत्थो य पयडुत्ति ॥१९॥**

[ **अन्वय :-** चेईअ-मुणि-वंदण-पत्थणा-सरूवं वा मण-वय-काएगत्तं पणिहाणतियं, य सेस-तियत्थो पयडु त्ति ॥१९॥ ]

**શબ્દાર્થ :-** **પણિહાણ-તિયં**=પ્રણિધાનત્રિક. **ચેઈય**=ચૈત્ય. **મુણિ**=મુનિ. **વંદણ**=વંદન. **પત્થણા**=પ્રાર્થના. **સરૂવં**=સ્વરૂપ. **ચેઈય-વંદણ મુણિ-પત્થણાસરૂવં**=ચૈત્ય અને મુનિને વંદન તથા પ્રાર્થના સ્વરૂપ. **વા**=અથવા. **સેસતિયત્થો**=બાકીના ત્રિકનો અર્થ. **પયડુ**=પ્રગટ. **ત્તિ**=એ પ્રમાણે.

ગાથાર્થ :-

ચૈત્યવંદનઃ મુનિવંદનઃ અને પ્રાર્થના સ્વરૂપઃ અથવા મનઃ વચનઃ અને કાયાનું એકાગ્રપણુંઃ એ-પ્રણિધાનત્રિક (ગણાય છે.)

બાકીના ત્રિકોના અર્થ સહેલા છે.

એ પ્રમાણે દશ ત્રિકો પુરાં થયાં. ॥૧૯॥

**વિશેષાર્થ :-** **"જાવંતિ ચેઈયાઈ"** સૂત્રમાં ત્રણેય લોકમાં વર્તતાં ચૈત્યોને નમસ્કાર હોવાથી **ચૈત્યવંદનસૂત્ર** કહેવાય છે, **"જાવંત કે વિ સાહુ"** સૂત્રમાં અઢી દ્વીપમાં વર્ત્તતા સર્વ સાધુઓને નમસ્કાર કરેલા હોવાથી તે **મુનિવંદનસૂત્ર** કહેવાય છે અને **"જયવીયરાય !"** સૂત્રમાં ભવથી વૈરાગ્ય, માર્ગાનુસારિપણું, ઈષ્ટ ફળની સિદ્ધિ, લોકવિરુદ્ધનો ત્યાગ, ગુરુજનની પૂજા, પરોપકારકરણ, સદ્‌ગુરુનો યોગ અને ભવપર્યન્ત તે સદ્‌ગુરુના વચનની સેવા અને ભવોભવ પ્રભુના ચરણની સેવા, એ ૯ વસ્તુ વીતરાગ પ્રભુ પાસે માગેલી હોવાથી **પ્રાર્થનાસૂત્ર** ગણાય છે અને એ ત્રીજું પ્રણિધાન ચૈત્યવંદનાને અન્તે અવશ્ય કરવું જોઈએ, એમ કહ્યું છે.

**પ્રદક્ષિણાત્રિક** અને **પ્રમાર્જનાત્રિક** એ બંનેયના અર્થ તો. સહેજે સમજી શકાય તેમ છે. ત્રણ રત્નની પ્રાપ્તિ માટે ત્રણ વખત પ્રભુજીની જમણી બાજુએથી પ્રદક્ષિણા દેવી.

તથા સત્તર સંડાસાની પ્રમાર્જના રૂપ જીવદયા માટે ચૈત્યવંદનને સ્થાને ચરવળા, ખેસ કે મુનિઓએ રજોહરણવતી ત્રણ પ્રમાર્જના કરવાની હોય છે.

ગાથામાં **ત્તિ** એટલે ઈતિ શબ્દ છે, તે **દશત્રિકોનું** વિવરણ પૂરું થયેલું સૂચવવા માટે છે. ૧૯

## ૨. પાંચ અભિગમ

**स-च्चित्त-दव्वमुज्झणम-च्चित्तमणुज्झणं मणेगत्तं ।**
**इग-साडि-उत्तरासंगु अञ्जली सिरसि जिणदिट्ठे ॥२०॥**

[ **अन्वय :-** सच्चित्त-दव्वमुज्झणं, अचित्तमणुज्झणं, मणेगत्तं, इग-साडी उत्तरासंगु, जिण-दिट्ठे सिरसि अंजली २०. ]

**શબ્દાર્થ :- સ-ચ્ચિત્ત-દવ્વં**=સચિત્ત દ્રવ્યોનો. **ઉજ્ઝણં**=ત્યાગ. **અચ્ચિત્તં**=અચિત્ત દ્રવ્યનો. **અણુજ્ઝણં**=અત્યાગ. **મણેગત્તં**=મનની એકાગ્રતા. **ઈગ-સાડિ**=અખંડ વસ્ત્ર વિશેષ. **ઉત્તરાસંગુ**=ઉત્તરીય વસ્ત્ર, ખેસ. **અંજલી**=બે હાથ જોડવા. **સિરસિ**=મસ્તકે. **જિણ-દિટ્ઠે**=જિનેશ્વરને દેખતાં જ. **૨૦.**

ગાથાર્થ :-

**સચિત્ત વસ્તુઓ છોડી દેવી, અચિત્ત વસ્તુઓ રાખવી, મનની એકાગ્રતા, એકશાટક ઉત્તરાસંગ, અને જિનેશ્વર પરમાત્માને જોતાંની સાથે જ મસ્તકે અંજલિ જોડવી. ॥૨૦॥**

**વિશેષાર્થ :-** પોતાની પાસેના ખાવાના પદાર્થો, સૂંઘવાના ફૂલ, અથવા પહેરેલી ફૂલની માળા આદિ સચિત્ત દ્રવ્યો છોડીને ચૈત્યમાં પ્રવેશ કરવો. જો તે ચીજો પ્રભુજીની દૃષ્ટિમાં પડી ગઈ હોય, તો તેનો ઉપયોગ કરી શકાય નહીં, એ પણ એક જાતનું પ્રભુજી તરફનું સન્માન અને વિનય છે. તે **પહેલો અભિગમ.** પહેરેલાં આભરણ, વસ્ત્ર, નાણું, આદિ ન છોડવાં તે **બીજો અભિગમ.** મનની એકાગ્રતા રાખવી, તે **ત્રીજો અભિગમ.** બન્નેય છેડે દશીઓવાળું અને વચ્ચે ન સાંધેલું અખંડ ઉત્તરાસંગ (ખેસ) રાખવું, તે **ચોથો અભિગમ,** અને પ્રભુજીને દેખતાં જ **નમો જિણાણં** કહી અંજલિપૂર્વક મસ્તક નમાવી પ્રણામ કરવો, તે **પાંચમો અભિગમ.** આ પાંચેય અભિગમ શ્રી જિનેન્દ્ર પ્રભુ પાસે જતાં સાચવવાના છે. આ પાંચ અભિગમ અલ્પ ૠદ્ધિવાળા શ્રાવકને ઉદ્દેશીને કહ્યા છે.

પોતાને ખાવાની, પીવાની કે સુંગવાની ચીજો અચિત્ત હોય, તે પણ પ્રભુની દૃષ્ટિએ ન પડે, તેમ ચૈત્યની બહાર છોડીને પ્રવેશ કરવો. અને જો દૃષ્ટિગત થઈ હોય તો તે ચીજો પોતાના ઉપયોગમાં લઈ શકાય નહિ, એવી આચરણા પણ પ્રભુનો લોકોત્તર વિનય સાચવવા રૂપ છે.

ખેસ રાખવાનો વિધિ અંગપૂજા તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરનાર માટે છે, છતાં બીજા પુરુષે પણ પાઘડી અને ખેસ સહિત જ પ્રભુ પાસે જવું. નહિતર પ્રભુ પ્રત્યેનો અવિનય ગણાય તથા પૂજા વખતે પુરુષે બે વસ્ત્ર અને સ્ત્રીએ જઘન્યથી ત્રણ વસ્ત્ર રાખવાં. અંગ પૂજા તથા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન વખતે ખેસ અળશ્ય રાખવો.

સ્ત્રીઓએ અંજલિ જોડી મસ્તક નમાવવું, પરંતુ અંજલિ સાથે હાથ ઊંચા કરી મસ્તકે લગાડવા નહિ. તે પ્રથમ ૯ મી ગાથાના અર્થ પ્રસંગે કહેવાઈ ગયું છે, તેમજ સ્ત્રીઓ વસ્ત્રાવૃત્ત અંગવાળી જ હોવી જોઈએ; માટે સ્ત્રીઓને ૪-૫મા અભિગમનો યથાયોગ્ય નિષેધ કહ્યો છે. ૨૦

## બીજી રીતે પાંચ અભિગમ.

**इय पंच-विहा-ऽभिगमो, अहवा मुच्चंति राय-चिण्हाइं।**
**खग्गं छत्तोवाणह मउडं चमरे अ पंचमए ॥२१॥**

[ अन्वय :- इय पंचविहा-ऽभिगमो, अहवा राय-चिण्हाइं-खग्गं छत्तोवाणह मउडं अ पंचमए चमरे मुच्चंति. २१ ]

શબ્દાર્થ :- **ઈયં**=(પૂર્વે કહેલો) **પંચવિહાભિગમો**=પાંચ પ્રકારનો અભિગમ. **અહવા**=અથવા. બીજી રીતે. **મુચ્ચંતિ**=મુકે, છોડે. **રાય-ચિણ્હાઈં**=રાજચિહ્નો. **ખગ્ગં**=ખડ્ગ. **છત્ત**=છત્ર. **ઉવાહણ**=ઉપાનહ, મોજડી. **મઉડં**=મુકુટ. **ચમરે**=ચામર. **પંચમએ**=પાંચમું. ૨૧.

ગાથાર્થ :-

**એ પાંચ પ્રકારનો અભિગમ છે. અથવા તલવારઃ છત્રઃ મોજડીઃ મુગુટઃ અને પાંચમું ચામરઃ એ રાજચિહ્નો બહાર મૂકી દે છે. ॥૨૧॥**

**વિશેષાર્થ :-** દર્શન કરવા આવનાર રાજા વગેરે મહર્દ્ધિક હોય, તેણે પાંચ રાજચિહ્નો છોડીને જ ચૈત્યમાં પ્રવેશ કરવો. કારણ કે-ત્રણ ભુવનના રાજા દેવાધિદેવ શ્રીજિનેન્દ્રપ્રભુ આગળ પોતાનું રાજાપણું દર્શાવવું,તે અત્યંત અવિનય છે. પ્રભુ પાસે તો સેવક ભાવ જ દર્શાવવાનો હોય છે. પ્રભુના સેવક બનવું તે પણ પરમ ભાગ્ય હોય તો જ બને છે.

મુકુટ એટલે શિરોવેષ્ટન ઉપર રાજચિહ્ન તરીકે જે છોગાવાળો (કલગીવાળો) તાજ પહેરાય છે, તે જાણવો. પરન્તુ શિરોવેષ્ટન સમજવું નહિ, કારણ કે ઉઘાડા મસ્તકે પ્રભુ પાસે જવાય નહિ.

રાજા વગેરે ઋદ્ધિવાન્ શ્રાવકોએ પોતાની ઋદ્ધિ અનુસાર મોટા આડંબરપૂર્વક પરિવાર સહિત પ્રભુને વંદન કરવા જવું જોઇએ, જેથી અનેક જીવોને પ્રભુ પ્રત્યે ભક્તિરાગ જાગતાં તેઓ સમ્યક્ત્વાદિ લાભ પામે છે. ઠાઠ એ પણ ધર્મ પામવા-પમાડવાનું નિમિત્ત છે, અને તે સર્વને અનુભવસિદ્ધ છે. ૨૧.

## ૩. વંદન કરવાની બે બાજુઃ ૪. ત્રણ પ્રકારનો અવગ્રહઃ

**वंदंति जिणे दाहिण-दिसि ट्ठिया पुरुस वाम-दिसि नारी।**
**नव-कर जहन्न-सट्ठि-कर जिट्ठ मज्झुग्गहो सेसो ॥२२॥**

**[ अन्वय** :- दाहिण-दिसि ट्ठिआ पुरुस वाम दिसि नारी जिणे वंदंति । जहन्न नव-कर जिठ्ठ सट्ठि-कर सेसो मज्झुग्गहो ॥२२॥ **]**

**શબ્દાર્થ** :- **વંદન્તિ**=વંદન કરે છે. **જિણે**=જિનેશ્વર ભગવંતોને. **દાહિણ-દિસિ**=જમણી બાજુ. **ટ્ઠિઆ**=રહીને, રહ્યા છતાં રહેલ. **વામ-દિસિ**=ડાબી બાજુ. **નવ કર**=નવ હાથ. **સટ્ઠિ-કર**=૬૦ હાથ. **જિટ્ઠ**=ઉત્કૃષ્ટ. **મજ્ઝ-ઉગ્ગહો**=મધ્યમ અવગ્રહ. **સેસો**=બાકીનો. ૨૨.

ગાથાર્થ :-

**જમણી બાજુએ ઊભા રહેલા પુરુષોઃ અને ડાબી બાજુએ ઊભી રહેલી સ્ત્રીઓઃ જિનેશ્વર પ્રભુને વંદન કરે. જઘન્ય-નવ હાથઃ ઉત્કૃષ્ટ-સાઠ હાથઃ બાકીનો-મધ્યમઃ અવગ્રહ છે. ॥૨૨॥**

**વિશેષાર્થ** :- પુરુષોએ ભગવંતની જમણી બાજુ તથા સ્ત્રીઓએ ડાબી બાજુ રહી, દર્શન, વંદન, પૂજન વગેરે કરવાં જોઈએ.

(देवगृहेश्वर) દહેરાસર ઘણું ન્હાનું હોય, તો ૯ હાથથી પણ ન્યૂન અવગ્રહ રાખી શકાય છે. તે કારણથી જ બીજા **આચાર્યોએ** ૦॥-૧-૨-૩-૯-૧૦-૧૫-૧૭-૩૦-૪૦-૫૦-૬૦ હાથ, એમ ૧૨ પ્રકારના પણ અવગ્રહ કહ્યા છે. અર્થાત્ પ્રભુને પોતાના ઉચ્છ્વાસાદિ લાગી આશાતના ન થાય, તે પ્રમાણે વર્ત્તવું. ૨૨

## ૫. ત્રણપ્રકારની ચૈત્યવંદના.

**नमुक्कारेण जहन्ना चिइ-वंदण मज्झ दंड-थुइ-जुअला।**
**पण-दंड-थुइ-चउक्कग-थय-पणिहाणेहिं उक्कोसा ॥२३॥**

**[ अन्वय** :- नमुक्कारेण जहन्ना, दंड-थुइ-जुअला मज्झ, पण-दंड-थुइ-चउ-क्कग-थय-पणिहाणेहिं उक्कोसा चिइ-वंदण ॥२३॥ **]**

**શબ્દાર્થ** :- **નમુક્કારેણ**=નમસ્કાર વડે. **જહન્ના**=જઘન્ય. **ચિઈ-વંદણ**=ચૈત્યવંદન. **મજ્ઝ**=મધ્ય. **દંડ**=દંડક. અને **થુઈ**=સ્તુતિના-થોયના. **જુઅલા**=યુગલ-બે વડે. **પણદંડ**=પાંચ દંડક. **થુઈચઉક્કગ**=ચાર થોય. **થય.**=સ્તવન. **પણિહાણેહિં**=ત્રણ પ્રણિધાન સૂત્ર વડે, **ઉક્કોસા**=ઉત્કૃષ્ટ. ૨૩.

ગાથાર્થ :-

**નમસ્કાર વડે જઘન્યઃ દંડક અને સ્તુતિયુગલ વડે મધ્યમઃ પાંચ દંડકઃ ચાર સ્તુતિઃ સ્તવનઃ અને પ્રણિધાનોઃ વડે ઉત્કૃષ્ટઃ ચૈત્યવંદના થાય છે. ॥૨૩॥**

**વિશેષાર્થ :-** અહીં "નમસ્કાર વડે" એટલે માત્ર અંજલિબદ્ધ પ્રણામ વડે **'નમો જિણાણં'** ઈત્યાદિ એક પદરૂપ નમસ્કાર વડે, ૧ શ્લોક વડે, ૧૦૮ સુધીના ઘણા શ્લોકો વડે, અને ૧ **નમુત્થુણં** રૂપ નમસ્કાર વડે, એમ પાંચે ય રીતિએ **જઘન્ય ચૈત્યવંદના** થાય છે.

તથા **દંડક** એટલે **નમુત્થુણં** દંડક, તે કહેવા સાથે, મુખ્યપણે **અરિહંત ચેઈયાણં,** કે જે ૫ દંડકમાંનો ચૈત્યસ્તવ દંડક છે, તે અને **અન્નત્થ કહી** એક **નવકારનો** કાઉસ્સગ્ગ કરી પાર્યા પછી કહેવાતી એક થોય. એ બેના યુગલથી મધ્યમ ચૈત્યવંદના થાય છે, અથવા-.

**"જુઅલા"** પદ **દંડ** અને **થુઈ** એ બન્નેયની સાથે જોડવાથી અર્થ એ થાય છે કે-"બે દંડક અને બે સ્તુતિ વડે મધ્યમ ચૈત્યવંદના થાય છે." ત્યારે શક્રસ્તવ અને ચૈત્યસ્તવ એ બે દંડક મુખ્યતાએ ગણવાં, અને અધ્રુવ તથા ધ્રુવ એ બે સ્તુતિઓ જાણવી.

તેમાં-પહેલી ભિન્ન ભિન્ન તીર્થંકર અથવા ચૈત્ય સંબંધી સ્તુતિ, તે **અધ્રુવ સ્તુતિ,** અને ત્યાર પછી **"લોગસ્સ ઉજ્જોયગરે"** ઈત્યાદિ ૨૪ પ્રભુના નામની સ્તવનાના ઉચ્ચારવાળી ધ્રુવ સ્તુતિ. એ પ્રમાણે ૨ દંડક અને ૨ સ્તુતિ વડે મધ્યમ ચૈત્યવંદના જાણવી. પરંતુ પહેલી થોય પછી એકલો **લોગસ્સ** બોલવાનો પ્રકાર હાલ પ્રચલિત જણાતો નથી.

અથવા **દંડ** એટલે **નમુત્થુણં-અરિહંતચે૦-લોગસ્સ-પુક્ખરવરદી** અને **સિદ્ધાણં** એ ૫ મળીને ૧ દંડક તથા સિદ્ધાન્તની સંજ્ઞા પ્રમાણે ૪ થોયના ૧ જોડામાં બે ભાગ છે. પહેલી ત્રણ સ્તુતિઓનો સમૂહ **એક વંદના** સ્તુતિ કહેલી છે, અને દેવોના સ્મરણ રૂપ ચોથી થોય, તે **અનુશાસ્તિ** સ્તુતિ કહેવાય છે. એમ, વંદના અને અનુશાસ્તિ સ્તુતિ, એ બેનું યુગલ, તે **થુઈ જુઅલ.** એ પ્રમાણે ૪ થોયના ૧ જોડાવાળું ચૈત્યવંદન, તે મધ્યમ ચૈત્યવંદન ગણાય છે.

એ પ્રમાણે ત્રણ રીતે **મધ્યમ ચૈત્યવંદના** જાણવી.

તથા મુખ્યપણે-**નમુત્થુણં** આદિ પાંચ દંડક અથવા પાંચ **નમુત્થુણં** અને **સ્તુતિના ચતુષ્ક** વડે એટલે બે યુગલો વડે એટલે ૮ થોયો વડે, સ્તવન, **જાવંતિચે૦ જાવંતકેવિ૦ અને જયવીયરાય** એ ત્રણ પ્રણિધાન સૂત્ર વડે, **ઉત્કૃષ્ટ ચૈત્યવંદના** થાય છે. પૌષધ વગેરેના દેવવંદનમાં આ ચૈત્યવંદના થાય છે.

એ પ્રમાણે આ જઘન્યાદિ ત્રણ ચૈત્યવંદનાના યે જઘન્યઃ મધ્યમઃ ઉત્કૃષ્ટઃ

એમ ૯ પ્રકાર પણ છે, તે સિવાય બીજા પણ ઘણા પ્રકાર હોય છે, તે બીજા ગ્રંથોમાંથી જાણવા. વર્તમાનકાળમાં તો પૂર્વાચાર્યોની પરંપરા પ્રમાણે જે સ્થાને જે પ્રકારનો ચૈત્યવંદના વિધિ ચાલતી હોય, તે પ્રકારે વિધિ આદરવા યોગ્ય છે. ૨૩.

## અન્ય આચાર્યોના મતે ત્રણ ચૈત્યવંદના

**अन्ने बिंति "इगेणं सक्कत्थएणं जहन्न वंदणया ।**
**तदुग-तिगेण मज्झा उक्कोसा चउहिँ पंचहिँ वा" ॥२४॥**

[ अन्वय :- अन्ने बिंति-"इगेणं सक्कत्थएणं जहन्न, तद्दुग-तिगेण मज्झा, चउहिं पंचहिं वा उक्कोसा वंदणया." ॥२४॥ ]

શબ્દાર્થ :- **અન્ને**=બીજા આચાર્યો. **બિંતિ**=કહે છે, કે=**સક્કત્થએણં**-શક્રસ્તવ વડે. **ઈગેણં**=એક. **જહન્ના**=જઘન્ય. **વંદણયા**=વંદન. **તદુગતિગેણ**=તે બે અને ત્રણ શક્રસ્તવ વડે. **મજ્ઝા**=મધ્યમ. **ઉક્કોસા**=ઉત્કૃષ્ટ **ચઉહિઁ**=ચાર, **પંચહિઁ**=પાંચ, **વા**=અથવા. ૨૪

ગાથાર્થ :-

બીજા આચાર્ય ભગવંતો કહે છે, કે "એક નમુત્થુણં વડે જઘન્ય, બેઃ કે ત્રણઃ વડે મધ્યમ અને ચારઃ કે પાંચઃ વડે ઉત્કૃષ્ટ (ચૈત્ય) વંદના થાય છે. ॥૨૪॥

**વિશેષાર્થ** :- અન્ય આચાર્યોનો અભિપ્રાય એ છે, કે-દેવવંદનની જે વિધિમાં **નમુત્થુણં** એક વાર આવે, તે જઘન્ય, બે વાર અથવા ૩ વાર આવે, તે મધ્યમ અને ૪ અથવા ૫ વાર આવે,તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું. ૨૪.

## ૬. પ્રણિપાતઃ અને ૭. નમસ્કારઃ દ્વાર.

**पणिवाओ पंचंगो दो-जाणू कर-दुगुत्तमंगं च ।**
**सु-महत्थ-नमुक्कारा इग-दुग-तिग जाव अट्ठ-सयं ॥२५॥**

[ अन्वय :- पणिवाओ पंचंगो दो जाणू कर दुगुत्तमंगं च । इग-दुग-तिगजाव अट्ठ सयं सु महत्थ-नमुक्कारा ॥ २५ ॥ ]

શબ્દાર્થ :- **પણિવાઓ**=પ્રણિપાતઃ **પંચંગો**=પાંચ અંગવાળોઃ **દો જાણૂ** = બે ઘુંટણઃ **કર-દુગ**=બે હાથ **ઉત્તમંગ**=ઉત્તમાંગ, મસ્તકઃ **સુમહત્થ**=ઘણા મોટા અર્થવાળાઃ **ઈગ દુગ-તિગ**=એક, બે, ત્રણ. **જાવ**=સુધી. **અટ્ઠસયં**=એકસો આઠ. ૨૫

**ગાથાર્થ :-**

**પ્રણિપાત પાંચ અંગવાળો છે બે ઘુંટણઃ બે હાથઃ અને મસ્તક**
**એકઃ બેઃ ત્રણઃથી એકસો આઠ સુધીના અતિ મોટા અર્થવાળા નમસ્કાર કહેવા. ॥૨૫॥**

**વિશેષાર્થ :-** ઉપર જણાવેલ પાંચ અંગો વડે કરાતા પ્રણિપાતમાં પાંચેય અંગને ભૂમિએ લગાડવાં જોઇએ. તે **"ઈચ્છામિ ખામાસમણો૦"** એ ખમાસમણ સૂત્ર વગેરે બોલીને પ્રણામ કરતી વખતે થાય છે.

૧ થી ૧૦૮ સુધીના નમસ્કાર રૂપ શ્લોકો વીતરાગ પ્રભુના ગુણોની પ્રશંસા રૂપ ગંભીર અને પ્રશસ્ત અર્થવાળા પૂર્વના શ્રી **સિદ્ધસેન દિવાકર** વગેરે મહાકવિઓએ બનાવેલા કહેવા. પરંતુ શૃંગાર રસ વગેરેથી ગર્ભિત, તથા અનુચિત અર્થવાળા ન બોલવા. ॥૨૫॥

## ૮: ૧૬૪૭ અક્ષર.

**अड-सट्ठि अट्ठवीसा नव-नउय-सयं च दु-सय-सग नऊआ।**
**दो-गुण-तीस दु-सट्ठा-दुसोल-अड-नउअ-सयदुवन्न-सयं. ॥२६॥**
**इय नवकार-खमासमण-इरिय-सक्कत्थयाइ-दण्डेसु ।**
**पणिहाणेसु अ अदुरुत्त-वन्न सोल-सय-सीयाला ॥२७॥**

શબ્દાર્થ :- અડ-સટ્ઠિ=અડસઠ. **અટ્ઠવીસા**=અટ્ઠાવીસ **નવ-નઉયસયં**=એકસો નવાણું. **દુ-સય-સગ-નઉઆ**=બસો સત્તાણુંઃ **દો-ગુણ-તીસ**=બસો ઓગણત્રીસ **દુ-સટ્ઠા**=બસો સાઠ. **દુ-સોલ**=બસો સોલ. **અડનઉઅસયં**=એકસો અટ્ઠાણું **દુ-વન્ન-સયં**=એકસો બાવન. **ઈય**=એ પ્રકારે **નવકાર-ખમાસમણ-ઈરિય**=નવકાર ખમાસમણ અને ઈરિયાવહિ સૂત્ર. **સક્ક-ત્થયાડડઈદંડે-સુ**=શક્રસ્તવાદિ પાંચ દંડક સૂત્રોમાં. **પણિહાણેસુ**=પ્રણિધાન સૂત્રોમાંઃ **અદુરુત્ત-વન્ન**=બીજી વાર નહિ બોલાયેલા અક્ષરો. **સોલ-સય-સીયાલા**=સોળસો ને સુડતાલીસ.

**ગાથાર્થ :-**

**અડસટ્ઠઃ અટ્ઠાવીસઃ એકસો નવાણુંઃ બસો સત્તાણુંઃ બસો ઓગણત્રીશઃ બસો સાઠઃ બસો સોળઃ એકસો અટ્ઠાણુંઃ એકસો બાવનઃ ॥૨૬॥ એ પ્રમાણે નવકારઃ ખમાસમણઃ ઈરિયાવહિયાઃ શક્રસ્તવ વગેરે દંડકોમાંઃ અને પ્રણિધાનોમાંઃ બીજી વાર ન ઉચ્ચારાયેલા સોળસો સુડતાલીશ વર્ણો છે. ॥૨૭॥**

**વિશેષાર્થ :-** અહીં **નવકાર તે પંચ મંગલ મહાશ્રુતસ્કંધ સૂત્ર હવઈ મંગલં** સુધી. કેટલાક ગચ્છના આચાર્યો, અનુષ્ટુપ્ છંદના દરેક પાદમાં ૮ અક્ષર જોઈએ. તેને બદલે ચોથા પાદમાં નવ અક્ષર થવાથી છંદદોષ માનીને હવઇને બદલે **હોઇ** પદ સ્વીકારી ૬૭ અક્ષર માને છે. પરંતુ **મહાનિશીથ** સૂત્રમાં ૬૮ અક્ષરો ગણાવ્યા છે. તેમજ મંત્રાક્ષરો તરીકે જુદી જુદી રચનાના ધ્યાનમાં ૬૭ અક્ષર લઇએ. તો એક અક્ષર ઓછો પડી જાય છે. તથા અનુષ્ટુપ્ છંદમાં ૯ અક્ષરનાં પદો ઘણી વખત મહાકવિઓની રચનામાં પણ જોવામાં આવે છે. તો પછી આર્ષ ઋષિ મહાત્માઓની રચનામાં હોય, તો શું આશ્ચર્ય છે ?

**ખમાસમણ તે છોભવંદન સૂત્ર.**

**ઈરિયાવહિયા તે પ્રતિક્રમણશ્રુતસ્કંધ-ઈચ્છામિ પડિક્કમિઉં થી ઠામિ કાઉસ્સગ્ગં** સુધી (**અન્નત્થ૦** નહિ).

**નમુત્થુણં** તે **શક્રસ્તવ** અથવા **પ્રણિપાત** દંડક કહેવાય છે. અને તે **સવ્વે તિવિહેણ વંદામિ** સુધી જાણવું.

**ચૈત્યસ્તવ દંડક** તે **અરિહંત ચેઈ૦** થી **અન્નત્થ ઊસસિએણં** સંપૂર્ણ સુધી જાણવો.

**લોગસ્સ** તે **નામસ્તવ** અને તે **સવ્વલોએ** એ ૪ અક્ષર સહિત જાણવો.

**પુક્ખરવરદી** તે **શ્રુતસ્તવ સુઅસ્સ** ભગવઓ એ ૭ અક્ષર સહિત જાણવો.

**સિદ્ધાણં બુદ્ધાણં** તે **સિદ્ધસ્તવ** કહેવાય, અને તેના ૧૯૮ અક્ષર **સમ્મદિટ્ઠિ-સમાહિગરાણં** સુધીના ગણવા. પાંચ દંડકના અદ્વિરુક્ત અક્ષરો ૧૨૦૦ થાય છે.

**ત્રણ પ્રણિધાન** સૂત્રોમાં **જાવંતિચેO-જાવંત કેવિ૦** અને **જય વીયરાયમાં આભવમખંડા** સુધીની બે ગાથા જ ગણવી. એ પ્રમાણે ૯ સૂત્રોના વર્ણ ૧૬૪૭ થાય છે.

**ભાષ્યની અવચૂરિમાં** કહ્યું છે કે-વારંવાર બોલાતા **અન્નત્થ૦** સૂત્રોના વર્ણ સહિત ૨૩૮૪ અથવા **"ઉડ્ડુઈએણં"** પાઠથી ૨૩૮૯ અક્ષર થાય છે, અને તે રીતે બીજીવાર બોલાતા **નમુત્થુણંના** ૨૯૭ અક્ષર ઉમેરતાં ૨૬૮૧, **ઉડ્ડુઈએણં** પાઠ પ્રમાણે ૨૬૮૬ અક્ષર થાય છે. બાકીના સ્તુતિ અને સ્તોત્રાદિકના અક્ષરોની નિયત સંખ્યા ન હોવાથી તેના વર્ણ ગણત્રીમાં ગણાતા નથી. ૨૭

## ૯. ૧૮૧ પદો :

**नव-बत्तीस-तित्तीसा ति-चत्त-अडवीस-सोल-वीस पया।**
**मंगल-इरिया-सक्क-त्थयाऽऽइसुं एगसीइ-सयं ॥२८॥**

**[ अन्वय :-** मंगल-इरिया-सक्क-त्थयाइसु नव-बत्तीस-तित्तीसा-तिचत्त-अडवीस-सोल-वीस पया एगसीइ-सयं २८ **]**

**શબ્દાર્થ :- નવ-બત્તીસ-તિત્તીસા**=નવઃ બત્રીશઃ અને તેત્રીશઃ **તિ-ચત્ત-અડવીસ-સોલ-વીસ**=તેંતાલીશઃ અઠ્ઠાવીશઃ સોલઃ અને વીશઃ **પયા**=પદો. **મંગલ-ઈરિયા-સક્ક-ત્થયા-ડડઈસું**=મંગળ નવકારઃ ઇરિયા-વહિયાઃ અને શક્રસ્તવાદિકમાં. **એગ-સીઈ-સયં**=એકસો એકાશી. ૨૮

ગાથાર્થ :-

**મંગલઃ ઈરિયાવહિયાઃ શક્રસ્તવાદિકઃમાં નવઃ બત્રીશઃ તેત્રીશઃ તેંતાલીશઃ અટ્ઠાવીશઃ સોળઃ વીશઃ-એકસો એકાશી પદો છે. ॥૨૮॥**

**વિશેષાર્થ :-** અક્ષરની ગણનામાં પ્રથમ કહ્યા પ્રમાણે જ પદોની ગણના તે તે અક્ષરો સુધીની કરી છે, એમ અહીં ન જાણવું, પરન્તુ કેટલાક સૂત્રોમાં તો ભિન્ન રીતે પદની ગણત્રી કરી છે, તે આ પ્રમાણે-**નવકાર** સંપૂર્ણ, **ઈરિયાવહિયામાં** **"ઠામિકાઉસ્સગ્ગં"** સુધી, **નમુત્થુણંમાં** **"જીઅભયાણં"**, સુધી, **ચૈત્યસ્તવ** સંપૂર્ણ **અન્નત્થ** સુધી, **લોગસ્સ** માં **"દિસન્તુ"** સુધી, **પુક્ખરવરદી**માં સંપૂર્ણ ૪ ગાથા સુધી, **સિદ્ધાણં૦માં** સંપૂર્ણ ૫ ગાથા સુધી, **વેયાવચ્ચ૦** આદિ વગેરે. એ પ્રમાણે વર્ણની ગણત્રીથી જુદી રીતે ૧૮૧ પદની ગણના કરી છે. આ જુદી ગણના પ્રાયઃ સંપદાઓને અનુસરીને કરેલી છે, જેથી સંપદાઓ અને પદોની ગણના એક સરખી છે, અને વર્ણની ગણના જુદી રીતે છે.

આ સ્થળે પદ એક શબ્દનું તથા ઘણા શબ્દોનું પણ હોય છે, કારણ કે-વિવક્ષિત અર્થની સમાપ્તિ થાય ત્યાં સુધીમાં એક અથવા અનેક શબ્દોનું વાક્ય તે પદ ગણાય છે. અથવા ગાથાના પાદોને પણ પદ ગણવામાં આવે છે, માટે.

તથા **સવ્વલોએ-સુઅસ્સ** ભગવઓ - **વેયાવચ્ચગરાણં - સંતિગરાણં સમ્મદિટ્ઠિસમાહિગરાણં**-એ પાંચ પદોના વર્ણ ગણ્યાં છે, પરન્તુ સંપદાઓ ગણી નથી. માટે પદો પણ ગણ્યાં નથી. ગણીએ તો ૧૮૬ પદો થાય. તથા **ઈચ્છામિ ખમા૦-ત્રણ પ્રણિધાન સૂત્ર** અને **"જે અ અઈયા સિદ્ધા"**નાં ૪ પદ, એ સર્વ પદ

અને સંપદાઓમાં કોઈ પણ કારણ વિચારીને શ્રી પૂર્વાચાર્યોએ ગણ્યાં નથી. એમ ભાષ્યની અવચૂરિમાં કહ્યું છે. ૨૮

## ૧૦. ૯૭ સંપદાઓ:

**अट्ठ-ऽट्ठ-नव-ऽट्ठ य अट्ठ-वीस सोलस य वीस वीसामा।**
**कमसो मंगल-इरिया-सक्क-त्थयाऽऽइसु सग-नउई ॥२९॥**

[ अन्वय :- कमसो मंगल-इरिया-सक्क-त्थया-ऽऽइसु अट्ठट्ठ-नवट्ठ अट्ठवीस सोलस य वीस वीसामा सग-नउइ ॥२९॥ ]

શબ્દાર્થ :- અટ્ઠ્ઠ-ટ્ઠનવટ્ઠ=આઠ, આઠ. નવ, આઠ. અટ્ઠાવીસ=અટ્ઠાવીશ સોલસ=સોળ. વીસ=વીસ. વીસામા=વિશ્રામસ્થાનો-સંપદાઓ. કમસો=અનુક્રમે. મંગલ=નવકાર મંત્ર. ઈરિયા=ઈરિયાવહિયા. સક્કત્થયા-ઙઙ-ઈસુ=શક્રસ્તવ વગેરેમાં. સગ-નઉઈ=સત્તાણું. ૨૯.

ગાથાર્થ :-

અનુક્રમે-નવકારઃ ઈરિયાવહિયાઃ શક્રસ્તવાદિકઃમાં આઠઃ આઠઃ નવઃ આઠઃ અટ્ઠાવીશઃ સોલઃ અને વીશઃ એમ કુલ સત્તાણું-સંપદાઓ છે. ॥૨૯॥

વિશેષાર્થ :- આ સંપદાઓની એટલે મહાપદોની અથવા વિસામાઓની ગણના પદોને અનુસરીને છે, જેથી જેનાં જેનાં પદો ગણ્યાં નથી, તેની સંપદા પણ તે પ્રમાણે અનુસરવી. જેથી ઈચ્છામિ ખમા૦સૂત્રની "જે અ અઈયા"ની એક ગાથાની, અને સવ્વલોએ ઇત્યાદિની સંપદાઓ પણ ગણી નથી. પણ અહીં સંપદાનું પ્રયોજન તે તે સ્થાને વિશ્રામ કરવા માટે છે, તથા જ્યાં જ્યાં ૪ પાદવાળી એકેક ગાથા હોય ત્યાં (નવકારનો ચૂલિકા શ્લોક વર્જીને) સર્વસ્થાને એક ચરણનું એક પદ અને એક સંપદા ગણાય છે. ૨૯

## એક એક સૂત્રમાં વર્ણોઃ પદોઃ અને સંપદાઓઃ નવકારમાં-

**वन्न-ऽट्ठ-सट्ठि नव-पय नवकारे अट्ठ संपया तत्थ ।**
**सग-संपय पय-तुल्ला, सतरक्खर अट्ठमी दु-पया ॥३०॥**

"नवक्खरट्ठमी दुपय छट्ठी" इत्यन्ये

**[ अन्वय :-** नवकारे अट्ठ-सट्ठि वन्न, नव पय, अट्ठसंपया, तत्थ-सग-संपय पय-तुल्ला अट्ठमी सतरक्खर दु-पया ३० "अट्ठमी नव-अक्खर छट्ठी दु-पय" इत्यन्ये **]**

**શબ્દાર્થ :-** **વન્ન**=વર્ણો, અક્ષરો **અટ્ઠ-સટ્ઠિ**=અડસઠ. **નવ-પય**=નવ પદો. **તત્થ**=તેમાં. **સગ સંપય**=સાત સંપદાઓ. **પય-તુલ્લા**=પદ પ્રમાણે. **સત્તરઽક્ખર**=સત્તર અક્ષરની. **અટ્ઠમી**=આઠમી. **દુ-પયા**=બે પદની. (૩૦) **નવઽક્ખર**=નવ અક્ષરની. **અટ્ઠમી**=આઠમી. **દુ-પય**=બે પદની. **છટ્ઠી**=છટ્ઠી **ઈત્યન્યે**=એમ અન્ય આચાર્યો કહે છે.

ગાથાર્થ :-

**નવકારમાં અડસઠ અક્ષરો, નવ પદો, અને આઠ સંપદાઓ છે. તેમાં-સાત સંપદાઓ પદો પ્રમાણેની છે, અને આઠમી સત્તર અક્ષરની અને બે પદોની છે. ॥૩૦॥**

**"નવ અક્ષરની આઠમી અને બે પદવાળી છટ્ઠી"** એમ અન્ય આચાર્યો કહે છે.

**વિશેષાર્થ :-** **નવકારમાં** પાંચ પદના ૭-૫-૭-૭-૯ મળી ૩૫ અક્ષર છે, તે દરેક પદની એકેક સંપદા ગણતાં પાંચ સંપદા, **અને ચૂલિકા શ્લોકના ચાર પદ** તથા ૩૩ અક્ષર છે, તેમાં છેલ્લાં બે પદની એક સંપદા ગણવી. નવકાર સૂત્રની ઉપધાન ક્રિયામાં એ ૮ સંપદા ભણવા માટે દરેક સંપદાનું એકેક આયંબિલ કરીને ભણી શકાય છે, એ ઉત્સર્ગ વિધિ છે. ૩૦

કેટલાક આચાર્યો-"नवक्खरट्ठमी दु पय छट्ठी" એટલે ૮ મી સંપદા **"પઢમં હવઈ મંગલં."** એ ૯ અક્ષરની અને છટ્ઠી **"એસો. થી પ્પણાસણો"** સુધીના ૧૬ અક્ષરની કહે છે. ૩૦

## ઈચ્છામિ ખમાસમણ અને ઈરિયાવહિયામાં :-

## पणिवाय अक्खराइं अट्ठावीसं तहा य इरियाए ।
## नव-नउयमक्खरसयं दु-तीस-पय संपया अट्ठ ॥३१॥

**[ अन्वय :-** पणिवाय अक्खराइं अट्ठावीसं, तहा य इरियाए नव-नउयम-क्खर-सयं दु-तीस-पय अट्ठ संपया ॥३१॥ **]**

**શબ્દાર્થ :-** **પણિવાય**=પ્રણિપાત; **ઈચ્છામિ ખમાસમણ**=વંદના સૂત્ર. **અક્ખરાઈ**=અક્ષરો. **અટ્ઠાવીસં**=અટ્ઠાવીસ. **ઈરિયાએ**=ઈરિયાવહિયા સૂત્રમાં. **નવ-ન ઉયમ્**=નવાણું. **અક્ખર-સયં**=એકસો અક્ષરો. **દુ-તીસ-પય**=બત્રીશ પદો. **સંપયા**=સંપદાઓ. **અટ્ઠ**=આઠ ૩૧

ગાથાર્થ :-

**પ્રણિપાત-સૂત્રમાં અટ્ઠાવીસ અક્ષરો છે. અને ઈરિયાવહિયામાં એકસો નવાણું અક્ષરોઃ બત્રીશ પદો અને આઠ સંપદાઓઃ છે. ॥૩૧॥**

**વિશેષાર્થ :- ઈરિયાવહિયા સૂત્ર तस्स ઉત્તરી** સહિત ગણાય છે, માટે इच्छामि पडिक्कमिउं થી निग्घायणट्ठाए ठामि काउस्सग्गं સુધીના વર્ણ, પદ, અને સંપદા ગણવી.

કેટલાક આચાર્યો तस्स मिच्छा मि दुक्कडं સુધીના જ ૧૫૦ અક્ષર ગણે છે.

**ખમા૦** સૂત્રની સંપદા અને પદની ગણત્રી ન આપવાનું કારણ ૨૯મી ગાથાના અર્થમાં જ આપ્યું છે. ૩૧

## ઈરિયાવહિયામાં સંપદાઓનાં પદોની સંખ્યા અને આદિ પદોઃ-

## दुग-दुग-इग-चउ-इग-पण-इगार-छग इरियसंपयाऽऽइ-पया ।
## इच्छा-इरि-गम-पाणा जे मे-एगिंदि-अभि-तस्स ॥३२॥

[ **अन्वय** :- इरिय-संपयाइ दुग-दुग-इग-चउ-इग-पण-इगार-छग पया इरिय-संपयाइ-पया इच्छा० इरि० गम० पाणा० जे मे० एगिंदि० अभि० तस्स ॥३२॥ ]

**શબ્દાર્થ :- ઈરિય-સંપયાઈ**=ઈરિયાવહિયાની સંપદાનાં. **દુગ દુગ-ઈગ-ચઉ-ઈગ-પણ-ઈગાર-છગ**=બે, બે, એક, ચાર, એક, પાંચ, અગિયાર. અને છ. **પયા**=પદો છે. **ઈરિય-સંપયા-ડડઈ-પયા**=ઈરિયાવહિયાની સંપદાઓનાં આદિ-શરૂઆતનાં પદો. ૩૨

ગાથાર્થ :-

**ઈરિયાવહિયાની સંપદાઓનાં બે, બે, એક, ચાર, એક, પાંચ, અગિયાર, અને છ પદો છે. ઈરિયાવહિયાની સંપદાઓનાં આદિ પદો ઈચ્છા૦ ઈરિ૦ ગમ૦ પાણા૦ જે મે૦ એગિંદિ અભિ૦ તસ્સ૦ છે. ॥૩૨॥**

**વિશેષાર્થ :-** સંપદાઓનાં આદિ પદોના માત્ર શરૂઆતના અક્ષરો જ કહ્યા છે. તે ઉપરથી આખાં પદો સમજી લેવાં. જેમકે-ઈચ્છા૦ ઉપરથી **ઈચ્છામિ પડિક્કમિઉં?** વગેરે. **સંપયાઈપયા** એટલે સંપદાનાં પદો, અને **સંપયા-ડડઈ-પયા** એટલે સંપદાનાં આદિ પદો, એમ બે રીતે પદચ્છેદ કરેલ છે. ૩૨

## ઈરિયાવહિયાની આઠ સંપદાઓનાં સહેતુક વિશેષનામો :-

**अब्भुवगमो निमित्त ओहे-यर-हेउ-संगहे पंच ।**
**जीव-विराहण-पडिक्कमण-भेयओ तिन्नि चूलाए ॥३३॥**

[ **अन्वय :-** अब्भुवगमो निमित्तं ओहेयर-हेउ संगहे पंच चूलाए जीवविराहण पडिक्कमण-भेयओ तिन्नि ॥३३॥ ]

**શબ્દાર્થ :- અબ્ભુવગમો**=સ્વીકાર. **નિમિત્તં**=નિમિત્ત. **ઓહેયર- હેઉ**=ઓઘ એટલે સામાન્ય હેતુ અને ઈતર એટલે વિશેષ હેતુ. **સંગહે**=સંગ્રહ. **પંચ**=પાંચ. **જીવ-વિરાહણ-પડિક્કમણ-ભેયઓ**=જીવ, વિરાધના, અને પ્રતિક્રમણના ભેદથી. **તિન્નિ**=ત્રણ **ચૂલાએ**=ચૂલિકામાં. ૩૩.

ગાથાર્થ :-

**અભ્યુપગમઃ નિમિત્તઃ સામાન્ય : અને વિશેષહેતુઃ સંગ્રહ : એ પાંચ અને ચૂલિકામાં જીવ, વિરાધના, અને પ્રતિક્રમણ ભેદથી ત્રણ ॥૩૩॥**

**વિશેષાર્થ :-** ઈરિયાવહિયંમાં-આલોચના અને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત છે. એટલે-

૧. **અભ્યુપગમ** સંપદાથી-પ્રતિક્રમણ કરવાનો સ્વીકાર થાય છે.

૨. **નિમિત્ત** સંપદાથી-શા માટે પ્રતિક્રમણ કરવું ? તે પ્રતિક્રમણ કરવા લાયક દોષ જે નિમિત્તથી ઉત્પન્ન થયેલ છે, તે નિમિત્તો જણાવેલ છે.

૩. **સામાન્ય હેતુ** સંપદાથી-જે દોષ દૂર કરવા પ્રતિક્રમણ કરવામાં આવે છે, તે દોષનું સામાન્ય કારણ સૂચવ્યું છે.

૪. **વિશેષ હેતુ** સંપદાથી-દોષનાં વિશેષ કારણો ગણાવ્યાં છે.

૫. **સંગ્રહ** સંપદાથી-હિંસારૂપ દોષ થવાના નિમિત્ત રૂપ થતી સર્વ જીવોની હિંસાનો સંગ્રહ બતાવવામાં આવ્યો છે.

૬. **જીવ** સંપદાથી-એકંદર સર્વ જીવોનો વિગતવાર સંગ્રહ થઈ શકે; તે રીતે સંગ્રહ સૂચવવા જીવોની જાતિઓ ગણાવી છે.

૭. **વિરાધના** સંપદાથી-હિંસા-વિરાધનાના પ્રકારો ૧૧ પદોમાં લંબાણથી ગણાવ્યા છે.

૮. **પ્રતિક્રમણ** સંપદાથી-તે સર્વ દોષોના પ્રતિક્રમણના અભ્યુપગમ-સ્વીકારનો નિર્વાહ કરવામાં આવ્યો છે.

અમારી સમજ પ્રમાણે **તસ્સ મિચ્છામિ દુક્કડં.** એ પદ પ્રતિક્રમણ રૂપ અને **તસ્સ ઉત્તરી**-નાં પદો **પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત** પછીના ઉત્તર પ્રાયશ્ચિત્ત રૂપે એટલે કાયોત્સર્ગ પ્રાયશ્ચિત્ત રૂપે જણાય છે. પરંતુ પૂર્વાચાર્યોની વ્યાખ્યામાં આ પ્રમાણે છે, એટલે તે પ્રમાણે રાખેલ છે. **તસ્સ મિચ્છામિ** સંપૂર્ણ **તસ્સ ઉત્તરી** સૂત્રને પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત રૂપે ગણીએ તો પણ અપેક્ષાવિશેષે હરકત ન આવે. પરંતુ એમ કરતાં વિરાધના સંપદાનાં પદ ૧૦ જ રહે છે, ત્યાં વિરોધ આવે એટલે આચાર્ય મહારાજને **તસ્સ ઉત્તરીથી** પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત સંમત છે. એમ સ્પષ્ટ સમજાય છે. છતાં **વિરાહિયા**-સુધી પાંચમી, **પંચિંદિયા** સુધી ૬ઠ્ઠી અને **તસ્સ મિચ્છામિ** સુધી ૭ મી અને **કાઉસ્સગ્ગં** સુધી ૮મી સંપદા એ પ્રમાણે મતાન્તરનો ઉલ્લેખ **સંઘાચારવૃત્તિમાં** કરવામાં આવેલો જોવામાં આવે છે.

બાકીની ત્રણ ત્રણ સંપદાઓને ચૂલિકાની અંદરની સંપદાઓ કહી છે, તે ઉપરથી **ઈર્યાપથિકી સૂત્રનો** મુખ્ય પાઠ **પંચિંદિયા** સુધીનો જણાય છે. ૩૩

## ઈરિયાવહિયંની સંપદાઓ

| ૮ સંપદાનાં નામ | સંપદાનાં પ્રથમ પદ | સંપદાનાં સર્વપદ |
|---|---|---|
| ૧ અભ્યુપગમ | ઈચ્છામિ | ૨ |
| ૨ નિમિત્ત | ઈરિયાવહિયાએ | ૨ |
| ૩ ઓઘ (સામાન્ય) હેતુ | ગમણાગમણે | ૧ |
| ૪ ઈતર (વિશેષ) હેતુ | પાણક્કમણે | ૪ |
| ૫ સંગ્રહ | જે મે જીવા વિરાહિયા | ૧ |
| ૬ જીવ | એગિંદિયા | ૫ |
| ૭ વિરાધના | અભિહયા | ૧૧ |
| ૮ પ્રતિક્રમણ | તસ્સ ઉત્તરીક૦ | ૬ |
| | | ૩૨ |

## શક્રસ્તવની દરેક સંપદાના પદની સંખ્યા અને આદિ પદ:-

**दु-ति-चउ-पण-पण-पण-दु-चउ-ति-पय-सक्क-त्थय-**
**संपयाऽऽइ-पया ।**
**नमु-आइग-पुरिसो-लोगु-अभय-धम्म-ऽप्प-जिण-सव्वं ॥३४॥**

[ **अन्वय** :- सक्क-त्थय-संपवाइ-दु-ति-चउ-पण-पण-पण-दु-चउ-ति-पय-सक्क-त्थय-संपयाऽऽइ-पया नमु० आइग० पुरिसो० लोगु० अभय० धम्म० अप्प० जिण० सव्वं ॥३४॥ ]

**શબ્દાર્થ** :- **સક્કત્થય**=શક્રસ્તવની **સંપયાઈ**=સંપદાનાં. **પયા**=પદો. **સક્ક-ત્થય-સંપયા-ઽઽઈ-પયા**=શક્રસ્તવની સંપદાઓનાં આદિ પદો. **દુ-તિ-ચઉ-પણ-પણ-પણ-દુ-ચઉ-તિ-પયા**=બે, ત્રણ, ચાર, પાંચ, પાંચ, પાંચ, બે, ચાર, ત્રણ પદો ૩૪.

**ગાથાર્થ :-**

**બેઃ ત્રણઃ ચારઃ પાંચઃ પાંચઃ પાંચઃ બેઃ ચારઃ ત્રણઃ પદોવાળી શક્રસ્તવની સંપદાઓ છે. શક્રસ્તવની સંપદાઓનાં આદિપદો નમુ૦ આઈગ૦ પુરિસો૦ લોગુ૦ અભય૦ ધમ્મ૦ અપ્પ૦ જિણ૦ સવ્વં૦ છે. ॥૩૪॥**

## શક્રસ્તવની સંપદાઓનાં નામો:-

**थोअव्व-संपया ओह-इयर-हेऊवओग-तद्धेऊ ।**
**स-विसेसुवओग स-रूव-हेऊ निय-सम-फलय मुक्खे ॥३५॥**

[ **अन्वय** :- थोअव्व ओह इयरहेउ उवओग तद्धेऊ स-विसेसुवओग स-रूव-हेउ निय-सम-फलय मुक्खे ॥३६॥ ]

**શબ્દાર્થ** :- **થોઅવ્વ**=સ્તુતિ કરવા યોગ્ય. **સંપયા**=સંપદાઓ. **ઓહ**=સામાન્ય. **ઈયર**=વિશેષ, **હેઉ**=હેતુ. **ઉવઓગ**=ઉપયોગ. **તદ્ધેઉ**=તેનો હેતુ. **સવિસેસુવઓગ**=સવિશેષ ઉપયોગ. **સ-રૂવ-હેઉ**=સ્વરૂપ હેતુ. **નિય-સમ-ફલય**=પોતાના જેવું ફળ આપનાર. **મોક્ખ**=મોક્ષ. ૩૫

**ગાથાર્થ :-**

**સ્તોતવ્યઃ ઓઘ અને ઈતર હેતુઃ ઉપયોગઃ તદ્ધેતુઃ સવિશેષ ઉપયોગઃ સ્વરૂપ હેતુઃ નિજસમફળદઃ મોક્ષઃ સંપદા. ॥૩૫॥**

**વિશેષાર્થ** :- ૧. આ સૂત્રમાં કોની સ્તુતિ કરવામાં આવી છે ? એટલે સ્તુતિ કરવા યોગ્ય-સ્તોતવ્ય કોણ છે ? તે જણાવવા માટે **અરિહંતાણં, ભગવંતાણં** એ બે પદો છે. અર્થાત્ અરિહંત ભગવંતો આ સ્તુતિથી સ્તુતિ કરવા યોગ્ય છે, માટે **સ્તોતવ્યસંપદા** કહેવાય છે.

૨. પછીના-ત્રણ પદોમાં તેઓ જ સ્તોતવ્ય છે. તેનું સામાન્ય કારણ આપવામાં આવેલું છે. માટે તે ત્રણ પદની **ઓઘહેતુ** સંપદા કહેવામાં આવે છે.

૩. ઓઘ હેતુનો વિસ્તાર પછીના ચાર પદમાં કરવામાં આવેલ છે, માટે તે **વિશેષહેતુ** સંપદા કહેવાય છે.

૪. જેની સ્તુતિ કરવામાં આવે છે, તેની લોકોને જરૂર શી છે ? માત્ર દૃષ્ટિરાગથી જ સ્તુતિ કરવામાં આવે છે, કે અરિહંત ભગવંતો જગત્‌ને કાંઈ પણ ઉપયોગી થાય છે ? તે સમજાવવા પાંચ પદની ચોથી **ઉપયોગ હેતુ** સંપદા કહેવાઈ છે.

૫. એ સ્તોતવ્યો લોકોને ઉપયોગી છે, પરંતુ કઈ રીતે ઉપયોગી થાય છે ? ઉપયોગી હોવાનાં શાં શાં કારણો છે ? તે માટે **તદ્ધેતુ** એટલે ઉપયોગના હેતુરૂપ **તદ્ધેતુ સંપદા** કહેવાઈ છે.

૬. સામાન્ય ઉપયોગ માત્ર ઉપરથી કોઈ વ્યક્તિની પરમ સ્તોતવ્યતા નથી આવી શકતી. પરંતુ ખાસ ઉપયોગ-વિશેષ ઉપયોગ-અસાધારણ ઉપયોગ જેનો હોય, તે જ અસાધારણ સ્તુતિનો વિષય બની શકે છે. માટે **ધમ્મદયાણં** વગેરે પાંચ પદોથી **સવિશેષોપયોગસંપદા** કહેવાઈ છે.

૭. સ્તોતવ્ય અરિહંત ભગવંતોનું બે પદોમાં અસાધારણ વ્યક્તિત્વવાળું સ્વરૂપ બતાવ્યું છે, તેથી તે **સ્વરૂપ સંપદા** કહેવાઈ છે.

૮. સ્તુતિ કરવાનું ફળ ન મળે, તો સ્તુતિ કરવી નકામી છે, માટે સ્તોતવ્યો પોતાના જેવા બનાવી શકે છે, માટે સ્તુતિ કરવી જરૂરની છે. તે બતાવવા **નિજ-સમ-ફળદ સંપદા** કહેવાઈ છે. બીજું નામ **સ્વતુલ્ય-પર-ફલ-કર્તૃત્વ** છે. જે સ્તોતવ્યો પોતાના સમાન બીજાને ન બનાવે, તેની સ્તુતિ કરવાનું જ પ્રયોજન શું હોઈ શકે ?

૯. અરિહંત ભગવંતો શું ફળ પામ્યા છે ? મોક્ષ રૂપ ફળ પામ્યા છે, માટે તે ફળ આપવાને તે સમર્થ છે, માટે અરિહંત ભગવંતોના પ્રયાસનું અને આપણા પ્રયાસનું પણ અંતિમ ફળ તો મોક્ષ જ છે, બન્નેયનું ધ્યેય એક જ છે, તે બતાવવા **મોક્ષ** સંપદા કહેવાઇ છે.

છેલ્લી બે સંપદાઓ પ્રથમની સંપદા સાથે ઉપસંહાર રૂપે કંઈક સીધો સંબંધ પણ બતાવે છે.

સંપદાઓની આ વ્યવસ્થાથી ૩૩ પદોના **નમુત્થુણં** રૂપ મહાસ્તુતિ રૂપ સૂત્રની અસાધારણ વ્યવસ્થા સૂચવી છે, વિશેષણો પણ કેવાં હેતુગર્ભિત અને એક સંદર્ભરચનામાં જેટલાં અંગો જોઈએ, તે દરેક અંગો સાથે તેમાં ગોઠવાઈ ગયાં છે ! વિશેષ સૂક્ષ્મતાથી જોતાં દરેક સંપદાનાં દરેક પદોમાં પણ સવિશેષ હેતુઓ મૂકેલા છે. માટે અસમસ્ત પદો રાખીને છૂટાં છૂટાં વિશેષણો આપેલાં છે. **લલિત વિસ્તરા વૃત્તિમાં** આ સત્ય **શ્રીહરિભદ્રસૂરીશ્વરજી** મહારાજાએ ખૂબ તાદશ્ય કર્યું છે.

## ॥ શક્રસ્તવની સંપદાઓ ॥

| સંપદાનાં નામ | સંપદાનાં પ્રથમ પદ | સર્વપદ. |
|---|---|---|
| ૧ સ્તોતવ્ય સંપદા | નમુત્થુણં | ૨ |
| ૨ ઓઘ હેતુ " | આઈગરાણં | ૩ |
| ૩ વિશેષ હેતુ " | પુરિસુત્તમાણં | ૪ |
| ૪ ઉપયોગ " | લોગુત્તમાણં | ૫ |
| ૫ તદ્ધેતુ " | અભયદયાણં | ૫ |
| ૬ સવિશેષોપયોગ " | ધમ્મદયાણં | ૫ |
| ૭ સ્વરૂપ " | અપ્પડિહયવરનાણ૦ | ૨ |
| ૮ નિજસમફલદ " (સ્વતુલ્યપર-ફલ-કર્તૃત્વ) | જિણાણં૦ | ૪ |
| ૯ મોક્ષ " | સવ્વન્નૂણં, | ૩ |
| | | ૩૩ |

## નમુત્થુણંની અને ચૈત્યસ્તવનાં પદો અને વર્ણોની એકંદર સંખ્યા

**दो-सग-नउया वन्ना नव संपय पय तित्तीस सक्क-थए ।**
**चेइयथय-ट्ठसंपय तिच्चत्त-पय वन्न दु-सय-गुण-तीसा ॥३६॥**

[ **अन्वय :-** सक्क-थए दो-सग-नउआ वन्ना, नव संपय, तित्तीस पय, चेइयथयऽट्ठ संपय, ति-चत्त-पय, दु-सय-गुण-तीसा वन्न. ॥३६॥ ]

**શબ્દાર્થ :-** **દો-સગ-નઉયા**=બસો સત્તાણું. **ચેઈય-થય**=ચૈત્યસ્તત્વ (અરિહંત ચે૦) **વન્ના**=અક્ષર. **નવ**=નવ **સંપય**=સંપદા. **પય**=પદો. **તિત્તીસ**=તેત્રીસ. **સક્ક-થએ**=શક્રસ્તવમાં **અટ્ઠ**=આઠ. **સંપય**=સંપદા. **તિ-ચત્ત-પય**=તેંતાલીસ પદો. **વન્ન**=વર્ણો. **દુ-સય-ગુણ-તીસા**=બસો ઓગણત્રીસ. ૩૬

**ગાથાર્થ :-**

**શક્રસ્તવમાં બસો સત્તાણું અક્ષરોઃ નવ સંપદાઃ તેત્રીશ પદોઃ છે.**
**ચૈત્યસ્તવમાં આઠ સંપદાઃ તેંતાલીશ પદોઃ બસો ઓગણત્રીસ અક્ષરો છે. ॥૩૬॥**

## ચૈત્યસ્તવની સંપદાઓનાં પદોની સંખ્યાઃ અને આદિ પદો

**दु-छ-सग-नव-तिय-छ-च्चउ-छ-प्पय चिइ-संपया, पया पढमा ।**
**अरिहं-वंदण-सद्धा-अन्न-सुहुम-एव-जा-ताव ॥३७॥**

[ **अन्वय :-** दु-छ-सग-नव तिय-छ-च्चउ-छ-प्पय चिइ-संपया, अरिहं० वंदण० सद्धा० अन्न० सुहुम० एव० जा० ताव० पढमा पया ॥३७॥ ]

**શબ્દાર્થ :-** **દુ**=બે. **છ**=છ. **સગ**=સાત. **નવ**=નવ. **તિય**=ત્રણ. **છ**=છ. **ચ્ચઉ**=ચાર. **છપ્પય**=છ પદવાળી. **ચિઈ-સંપયા**=ચૈત્યવંદન સૂત્રની સંપદાઓ. **પયા**=પદો **પઢમા**=પ્રથમ. ૩૭.

**ગાથાર્થ :-**

**બેઃ છઃ સાતઃ નવઃ ત્રણઃ છઃ ચારઃ અને છઃ પદોવાળી ચૈત્યસ્તવની સંપદાઓ છે. અને અરિહં૦ વંદણ૦ સદ્ધા૦ અન્ન૦ સુહુમ૦ એવ૦ જા૦ તાવ૦ એ પ્રથમ પદો છે. ॥૩૭॥**

**વિશેષાર્થ :-** સુગમ છે.

## ચૈત્યસ્તવની આઠ સંપદાનાં નામઃ-

**अब्भुवगमो निमित्तं हेऊ इग-बहु-वयंत आगारा ।**
**आगंतुग-आगारा उस्सग्गा-ऽवहि स-रूव-ऽट्ठ ॥३८॥**

**[ अन्वय :-** अब्भुवगमो निमित्तं हेऊ इग-बहु-वयंत-आगारा, आगंतुग-आगारा, उसग्गाऽवहि स-रूव-ऽट्ठ ॥३८॥ **]**

શબ્દાર્થ :- **અબ્ભુવગમ** = અભ્યુપગમ, સ્વીકાર. **निमित्तं** = નિમિત્ત, નિમિત્ત રૂપ હેતુ. હેઊ = હેતુ. ઈગ = એક. બહુ = બહુ. **वयंत** = વચનાંત. **આગારા** = આગારો **ઈગ-બહુ-વયંત-આગારા** = એક વચનાન્ત અને બહુ વચનાંત આગારો. **આગંતુગ** = આગંતુક, આવી પડે તેવા. **આગંતુગ-આગારા** = આગંતુક આગારો. ઉસ્સગ્ગ = કાયોત્સર્ગ. **અવહિ** = અવધિ, વખતની મર્યાદા. **સ-રૂવ** = સ્વરૂપ. ઉસ્સગ્ગા-ડવહિ-સ-રૂવ = કાયોત્સર્ગની મર્યાદા અને સ્વરૂપ. **અટ્ઠ**=આઠ. ૩૮

ગાથાર્થ :-

**અભ્યુપગમઃ નિમિત્તઃ હેતુઃ એક અને બહુવચનાંત આગારોઃ આગંતુક આગારોઃ કાયોત્સર્ગનો અવધિઃ અને સ્વરૂપઃ એમ આઠ. ॥૩૮॥**

**વિશેષાર્થ** :- અહીં, **અરિહંત ચે૦** સૂત્ર **અન્નત્થ** સહિત ગણ્યું છે, માટે અરિહંત ચે૦ ની પહેલી ત્રણ છે, અને બાકીની પાંચ **અન્નત્થની** છે.

**નામોના ભાવાર્થ-**

**"અરિહંત ચેઈયાણં, કરેમિ કાઉસ્સગ્ગં"** કોઈ એક ચૈત્યમાં રહેલી પ્રતિમાઓની વંદના વગેરે માટે કાઉસ્સગ્ગ કરવાનું અંગીકાર કરેલું હોવાથી, બે પદની પહેલી **અભ્યુપગમ સંપદા** છે.

તે કાઉસ્સગ્ગ કરવાનું નિમિત્ત એટલે પ્રયોજન સૂચવનારી **"વંદણવત્તિયાએ** થી **નિરુવસગ્ગવત્તિયાએ"** સુધીના છ પદની બીજી **નિમિત્ત સંપદા** છે.

શ્રદ્ધાદિ વિના કરેલો કાઉસ્સગ્ગ ઇષ્ટ સિદ્ધિ ન આપી શકે, માટે **'સદ્ધાએ થી ઠામિ કાઉસ્સગ્ગં'** સુધીનાં સાત પદમાં કાઉસ્સગ્ગનો હેતુ-સાધન બતાવેલ હોવાથી, **હેતુ સંપદા** છે.

કરેલો કાઉસ્સગ્ગ પણ **આગાર** એટલે અનિવાર્ય સંજોગોમાં છૂટ-અપવાદ-વિના નિર્દોષ થઈ શકે નહીં, માટે **'અન્નત્થથી હુજ્જ મે કાઉસ્સગ્ગો'** સુધીમાં કાઉસ્સગ્ગના ૧૨ આગાર બતાવેલા છે, તેમાં-

**અન્નત્થથી પિત્તમુચ્છાએ** સુધીનાં નવ પદ એકવચનાન્ત પ્રયોગવાળા શબ્દોથી સૂચિત હોવાથી નવ પદોની ચોથી **એકવચનાન્ત આગાર સંપદા છે**, અને **સુહુમેહિં** થી **દિટ્ઠિસંચાલેહિં** સુધીનાં ત્રણ પદોની પાંચમી **બહુવચનાન્ત આગાર સંપદા** છે.

**અન્નત્થ** સૂત્રમાં કહેલા આગારો કેટલાક **"એવમાઈ એહિં"** એ પદ વડે સૂચવાતા આગારો (ચૈ૦વં૦ભા૦૫૫) વડે પણ કાઉસ્સગ્ગનો ભંગ ન થવા માટે **"હુજ્જ મે કાઉસ્સગ્ગો"** સુધીનાં છ પદોની છટ્ઠી **આગંતુક આગાર સંપદા** છે.

જાવ **અરિહંતાણં** થી **ન પારેમિ** સુધીનાં ચાર પદમાં "કાઉસ્સગ્ગમાં કેટલી વાર સુધી રહેવું ?" તેનો કાળનિયમ બતાવેલો હોવાથી ચાર પદની સાતમી **કાયોત્સર્ગાવધિ** સંપદા છે.

**તાવ** કાયં થી **વોસિરામિ** સુધીનાં છ પદમાં "કાઉસ્સગ્ગ કેવી રીતે કરવો ?" તેનું સ્વરૂપ બતાવ્યું છે, માટે ચાર પદની આઠમી **કાયોત્સર્ગસ્વરૂપ સંપદા** છે. ૩૮

## ચૈત્યસ્તવની ૮ સંપદાનાં નામ, પ્રથમ પદ અને પદ સંખ્યા.

| ૮ સંપદાનાં નામ | સંપદાનાં પ્રથમ પદ | સપદાનાં સર્વપદ |
|---|---|---|
| ૧ અભ્યુપગમ | અરિહંત ચેઈયાણં | ૨ |
| ૨ નિમિત્ત | વંદણવત્તિયાએ | ૬ |
| ૩ હેતુ | સદ્ધાએ | ૭ |
| ૪ એકવચનાન્તઆગાર | અન્નત્થ ઊસસિએણં | ૯ |
| (૧) સહજાઅગાર | | (૧) |
| (૨) અલ્પાગંતુક હેતુ | | (૨) |
| (૩) બહુઆગંતુક હેતુ | | (૩) |
| ૫ બહુવચનાન્તઆગાર (નિયોગજન્ય) | સુહુમેહિં અંગસંચાલેહિં | ૩ |
| ૬ આગંતુક આગાર (બાહ્યાગંતુક) | એવમાઈએહિં | ૬ |
| ૭ કાયોત્સર્ગાવધિ | જાવ અરિહંતાણં | ૪ |
| ૮ સ્વરૂપ | તાવ કાયં | ૬ |
| | | ૪૩ |

નામસ્તવાદિ ૩ સૂત્રની સંપદા પદ અને અક્ષરો કેટલા છે ? તે કહે છે-

**नामथयाइसु संपय, पयसम अडवीस सोल वीस कमा।**
**अदुरुत्तवन्न दोसट्ठ-दुसयसोलट्ठ नउअसयं ॥३९॥**

શબ્દાર્થ :

| | |
|---|---|
| नामथय=નામસ્તવ (લોગસ્સ) | पयसम=પદ તુલ્ય |
| आइसु=વગેરે (૬) સૂત્રમાં | कमा=અનુક્રમે |

**गाथार्थ :-** લોગસ્સ વગેરે (એટલે) લોગસ્સ-પુક્ખરવરદી૦- અને સિદ્ધાણં બુદ્ધાણં૦ એ ત્રણ (સૂત્ર)માં અનુક્રમે સંપદાઓ પદ તુલ્ય (એટલે) ૨૮-૧૬-૨૦ પદ અને તેટલી જ સંપદા છે તથા બીજીવાર સૂત્રોચ્ચાર વખતે નહિ ગણાયેલા અક્ષરો અનુક્રમે ૨૬૦-૨૧૬-અને ૧૯૮ છે. ॥૩૯॥

**भावार्थ :-** એ ત્રણ સૂત્રમાં લોગસ્સની ૭ ગાથા અને દરેક ગાથાનું એકેક ચરણ (પાદ-ચોથો ભાગ) તે એકેક પદ તથા એકેક સંપદારૂપ ગણવાથી અને ૭ ગાથામાં ૨૮ ચરણ હોવાથી લોગસ્સનાં ૨૮ પદ તથા ૨૮ સંપદા છે. એ પ્રમાણે પુક્ખરવરદીની ૪ ગાથા હોવાથી ૧૬ પદ અને ૧૬ સંપદા છે. તેમજ સિદ્ધાણંની ૫ ગાથા હોવાથી ૨૦ પદ અને ૨૦ સંપદા છે. અને અક્ષરો તો પૂર્વે ૨૬મી ગાથામાં કહ્યા પ્રમાણે જાણવા. ત્યાં લોગસ્સમાં "સવ્વલોએ" પુક્ખરવરદીમાં "સુઅસ્સ ભગવઓ" અને સિદ્ધાણમાં વેયાવચ્ચગરાણંસંતિગરાણં સમ્મદિટ્ઠિ સમાહિગરાણં" એટલા અક્ષરો અધિક ગણવાથી ૨૬૦-૨૧૬ - અને ૧૯૮ અક્ષરો થાય છે, પરંતુ સંપદા અથવા પદ પ્રમાણે અક્ષરો ગણવાથી એટલા અક્ષર ન થાય.

પ્રણિધાન સૂત્રના અક્ષર તથા ચૈત્યવંદના સંબંધિ ૯ સૂત્રોના ગુરુ અક્ષર કહે છે. જેથી લઘુ અક્ષરની સંખ્યા સ્વતઃ પ્રાપ્ત થાય છે.

**पणिहाणि दुवन्नसयं, कमेसु सग-ति चउवीस-तित्तीसा।**
**गुणतीस-अट्ठवीसा, चउतीसि-गतीस-बार गुरुवन्ना ॥४०॥**

શબ્દાર્થ :

| | |
|---|---|
| पणिहाणि=૩ પ્રણિધાનમાં | एसु=એ (તે) ૯ સૂત્રોમાં |
| कमा=અનુક્રમે | गुरु=જોડાક્ષર |

**गाथार्थ :-** ૩ પ્રણિધાન (જાવંતિ ચે૦-જાવંત કેવિ૦-જયવી૦એ ૩ સૂત્ર)માં ૩૫-૩૮-અને ૭૯ મળી ૧૫૨ અક્ષર છે. તથા ગુરુ અક્ષર નવકારમાં ૭,

**ખમાસમણમાં ૩, ઈરિયાવહિયામાં ૨૪, શક્રસ્તવમાં ૩૩, ચૈત્યસ્તવમાં ૨૯, નામસ્તવમાં ૨૮, શ્રુતસ્તવમાં ૩૪, સિદ્ધસ્તવમાં ૩૧, અને પ્રણિધાનમાં ૧૨ ગુરુ અક્ષર જાણવા.**

**ભાવાર્થ :-** અહીં ગુરુ અક્ષર એટલે જોડાક્ષર [1]જાણવા પરન્તુ જોડાક્ષરથી પૂર્વનો અક્ષર ગુરુ (ભારે ) અક્ષર ગણાય છે તે નિયમ અહીં ન ગણવો. તે ગુરુ અક્ષરો ક્યા ક્યા છે, તે સ્વતઃ જાણી શકાય તેવા હોવાથી અહીં કહ્યા નથી, પરન્તુ કંઈક સ્થાને (૬ સ્થાને૦ મતાન્તર છે તે જ માત્ર દર્શાવાય છે-

(૧) નવકારમાં "પ્પણાસણો"ને સ્થાને "પણાસણો" કહે છે જેથી ૭ ને બદલે ૬ ગુરુ અક્ષર થાય છે.

(૨) ઈરિયા૦માં ઠાણાઓ ઠાણં ને સ્થાને ઠાણાઓટ્ઠાણં કહે છે, જેથી ૨૪ ને બદલે ૨૫ ગુરુ થાય છે.

(૩) નમુત્થુણંમાં વિઅટ્ટછઉમાણંને બદલે વિઅટ્ટછઉમાણં કહે છે, જેથી ૨૪ ને બદલે ૨૫ ગુરુ થાય છે.

(૪) ચૈત્યસ્તવ દંડકમાં "કાઉસ્સગ્ગ" શબ્દ ત્રણવાર આવે છે તેમાં-સ્સને સ્થાને સ કહેવાથી ૩ ગુરુ ઓછા થવાથી ૨૯ ને બદલે ૨૬ ગુરુ થાય છે.

(૫) લોગસ્સમાં ચઉવીસંપિને સ્થાને ચઉવ્વીસંપિ કહે છે, જેથી ૨૮ ને બદલે ૨૯ ગુરુ થાય છે.

*(૬) પુક્ખરવરદીમાં દેવંનાગને સ્થાને દેવન્નાગ કહે છે જેથી ૩૪ ને બદલે ૩૫ ગુરુ થાય છે.

એ પ્રમાણે ૬ સૂત્રમાં ગુરુ અક્ષરનો મતાન્તર જાણવો. અને પૂર્વે કહેલા ગુરુ અક્ષરો સિવાયના શેષ રહેલા લઘુ અક્ષર તે અનુક્રમે આ પ્રમાણે-

નવકારમાં ૬૧, ખમા૦માં ૨૫, ઈરિયા૦માં ૧૭૫, નમુ૦માં ૨૬૪, ચૈત્યસ્તવમાં ૨૦૦, લોગસ્સમાં ૨૩૨, પુક્ખર૦માં ૧૮૨, સિદ્ધાણંમાં ૧૬૭, અને પ્રણિધાનત્રિકમાં ૧૪૦ લઘુવર્ણ જાણવા. (અમતાન્તરાપેક્ષાએ)

એ ઉપર કહેલાં ૯ સૂત્ર સિવાય શેષ થોય, સ્તવન અને ચૈત્યવંદન (નમસ્કાર રૂપ) વગેરે પણ ચૈત્યવંદનામાં આવે છે. પરન્તુ તે નિયત ન હોવાથી તેના અક્ષરોની ગણત્રી થઇ શકે નહિ માટે કહી નથી. ॥ इति ૮-૯-૧૦ મું द्वारम् ॥

---

૧ માગધીમાં જોડાક્ષર સ્વજાતિના તથા સ્વવર્ગના દ્વિત્વરૂપ જ સમજવા. જોડાક્ષરમાં અન્ય વર્ણ સાથે જોડાયેલ જોડાક્ષર હોતા નથી.

* એ મતાન્તરો ભાષ્યની અવચૂરિમાં કહ્યા છે.

## ॥ ૮-૯-૧૦ મા દ્વારનો યંત્ર ॥

| સૂત્રનાં * આદાન નામ | સૂત્રનાં [1]ગૌણ નામ | પદસંખ્યા | સંપદા | ગુરુ અક્ષર | લઘુ અક્ષર | સર્વ અક્ષર |
|---|---|---|---|---|---|---|
| ૧ નવકાર | પંચમંગળ શ્રુત-સ્કંધ | ૯ | ૮ | ૭ | ૬૧ | ૬૮ |
| ઈચ્છામિ ખમા-સમણો | પ્રણિપાત સૂત્ર વા છોભસૂત્ર | ૦ | ૦ | ૩ | ૨૫ | ૨૮ |
| ઈરિયાવહિયં (તસ્સઉત્તરી સહિત) | પ્રતિક્રમણ શ્રુત સ્કંધ | ૩૨ | ૮ | ૨૪ | ૧૭૫ | ૧૯૯ |
| નમુત્થુણં | શક્રસ્તવ વા પ્રણિપાત દંડક | ૩૩ | ૯ | ૩૩ | ૨૬૪ | ૨૯૭ |
| અરિહંત ચેઈ-યાણં (અન્નત્થ૦ સહિત) | ચૈત્યસ્તવ વા કાયોત્સર્ગ દંડક | ૪૩ | ૮ | ૨૯ | ૨૦૦ | ૨૨૯ |
| લોગસ્સ | નામસ્તવ | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૩૨ | ૨૬૦ |
| પુક્ખરવરદી | શ્રુતસ્તવ | ૧૬ | ૧૬ | ૩૪ | ૧૮૨ | ૨૧૬ |
| સિદ્ધાણં બુદ્ધાણં | સિદ્ધસ્તવ | ૨૦ | ૨૦ | ૩૧ | ૧૬૭ | ૧૯૮ |
| જાવંતિ ચેઈયાઈં | ચૈત્યવંદન સૂત્ર } પ્રણિધાનત્રિક | ૦ | ૦ | ૩ } ૧૨ | ૩૨ } ૧૪૦ | ૩૫ } ૧૫૨ |
| જાવંત કેવિસાહૂ | મુનિવંદન સૂત્ર | ૦ | ૦ | ૧ | ૩૭ | ૩૮ |
| જયવીઅરાય પહેલી બે ગાથા | પ્રાર્થના સૂત્ર | ૦ | ૦ | ૮ | ૭૧ | ૭૯ |

* સૂત્રના આદિ પદવાળું નામ તે આદાન નામ, અને ગુણવાચક નામ તે ગૌણ નામ (ઇતિ અનુયોગદ્વાર)

૧ "નવકાર" એ આદાન નામ નથી, પરંતુ અનાદિ નામ સંભવે.

### ૫ દંડક અને તેમાં આવેલા ૧૨ અધિકાર સંબંધિ :-

**पण दंडा सक्कत्थय-चेइय-नाम-सुअ-सिद्धथय इत्थ ।**
**दो इग दो दो पंच य, अहिगारा बारस कमेण ॥४१॥**

શબ્દાર્થ :

| | |
|---|---|
| **पण**=પાંચ | **इत्थ**=અહીં (પાંચ દંડકમાં) |

**ગાથાર્થ :- શક્રસ્તવ-ચૈત્યસ્તવ-નામસ્તવ-શ્રુતસ્તવ-અને સિદ્ધસ્તવ એ પાંચ દંડક છે, (અને તેમાં) અનુક્રમે ૨-૧-૨-૨-૫ એ પ્રમાણે ૧૨ અધિકાર છે. ॥૪૧॥**

**ભાવાર્થ** :- તીર્થંકર પદવી પહેલાં પણ (જન્મ કલ્યાણક પ્રસંગે) સૌધર્મ કલ્પનો શક્ર નામનો ઈન્દ્ર નમુત્થુણં સૂત્ર વડે પ્રભુની સ્તુતિ કરે છે, માટે નમુત્થુણંનું **શક્રસ્તવ** એવું * ગૌણ નામ છે, અને નમુત્થુણં એ *આદાન નામ છે, ચૈત્ય સંબંધિ સ્તુતિ અને કાઉસ્સગ્ગ દર્શાવનાર હોવાથી અરિહંતચે૦ સૂત્રનું ગૌણ નામ **ચૈત્યસ્તવ** છે, અને અરિહંતચે૦ એ આદાન નામ છે. વર્તમાન અવસર્પિણીના ૨૪ ભગવંતના નામની સ્તવના હોવાથી લોગસ્સનું **નામસ્તવ** એવું ગૌણ નામ છે. અને લોગસ્સ એ આદાન નામ છે. શ્રુતની એટલે સિદ્ધાન્તની સ્તુતિરૂપ હોવાથી પુક્ખરવરદીનું **શ્રુતસ્તવ** ગૌણ નામ છે, અને પુક્ખરવરદી એ આદાન નામ છે. તથા સિદ્ધ ભગવંતની સ્તુતિ હોવાથી સિદ્ધાણંનું **સિદ્ધસ્તવ** એવું ગૌણ નામ છે. અને સિદ્ધાણં અથવા સિદ્ધાણં બુદ્ધાણં એ આદાન નામ છે. એ પ્રમાણે એ પાંચ સૂત્ર ચૈત્યવંદનામાં મુખ્ય હોવાથી અને દંડવત્[1] સરળ (બીજાં સૂત્રોની અપેક્ષાએ દીર્ઘ પણ) હોવાથી **દંડક** કહેવાય છે. એ ૫ દંડકમાં ચૈત્યવંદનના ૧૨ અધિકાર એટલે ૧૨ વિષય કહ્યા છે તેની વિશેષ સ્પષ્ટતા આગળની ગાથાઓમાં કહેવાશે. ॥ इति ११ मुं पंचदंडकद्वारम् ॥

---

* શ્રી અનુયોગદ્વારમાં ૧૦ પ્રકારના નામ પ્રસંગે જે સૂત્રનું નામ આદિ પદોથી ઓળખાય છે તે સૂત્રનું તે નામ આદાન નામ અને ગુણ ઉપરથી પડેલું નામ તે ગૌણ નામ કહ્યું છે.

૧ यथोक्तमुद्राभिरस्खलितं भण्यमानत्वाद् दंडाः इव दंडाः सरला इत्यर्थः (ભાષ્યાવચૂરિ)

### પાંચ દંડકને વિષે કહેલા ૧૨ અધિકારનાં આદિ પદ

**नमु जेय अ अरिहं लोग सव्व पुक्ख तम सिद्ध जो देवा।**
**उर्ज्जि चत्ता वेयावच्चग अहिगारपढमपया ॥४२॥**

गाथार्थ :- [1]નમુત્થુણં-જેય (અ) અઈયા[2] સિદ્ધા-અરિહંત [3]ચેઈયાણં-લોગસ્સ[4] ઉજ્જોઅગરે-સવ્વલોએ[5] અરિહંતચેઈયાણં- [6]પુક્ખરવરદીવડ્ઢે-તમતિમિર[7] પડલવિદ્ધં-સિદ્ધાણં[8] બુદ્ધાણં-જો [9]દેવાણવિ દેવો-ઉજ્જિંજત[10] સેલસિહરે-[11]ચત્તારિઅટ્ઠ દસ દો-વેયાવચ્ચગરાણં[12] એ બાર અધિકારનાં ૧૨ પ્રથમપદ છે. ॥૪૨॥

### ક્યા અધિકારમાં કોની સ્તવના છે ? તે ત્રણ ગાથાઓમાં કહેવાય છે :-

**पढमहिगारे वंदे, भावजिणे बीयअंमि दव्वजिणे ।**
**इगचेइयठवणजिणे, तइयचउत्थंमि नामजिणे ॥४३॥**

गाथार्थ :- **પ્રથમ અધિકારમાં ભાવજિનને, બીજા અધિકારમાં દ્રવ્યજિનને, ત્રીજા અધિકારમાં એક ચૈત્યના સ્થાપના જિનને અને ચોથા અધિકારમાં નામજિનને વંદન કરું છું. ॥૪૩॥**

**भावार्थ :-**નમુત્થુણંમાં નમુત્થુણંથી જિઅભયાણં સુધીના પાઠમાં ભાવજિનને એટલે તીર્થંકર નામકર્મના વિપાકોદયવાળા કેવળજ્ઞાની તીર્થંકર ભગવંતો કે જેઓ દેશનાદિ વડે ભવિક જનનો ઉદ્ધાર કરતા અને વિહાર વડે પૃથ્વીતલને પવિત્ર કરવાપૂર્વક વિચરતા હોય છે. અથવા વિચરતા હતા તે વખતને અથવા તે અવસ્થાને લક્ષ્યમાં રાખી વંદના કરી છે. ॥ इति प्रथमोधिकारः ॥

ત્યારબાદ નમુત્થુણંની છેલ્લી સંપૂર્ણ ગાથામાં (જેઅ અઈયાસિદ્ધાથી સવ્વે તિવિહેણ વંદામિ સુધીમાં) દ્રવ્યજિનને એટલે પૂર્વના ત્રીજા ભવે નિકાચિત તીર્થંકર નામકર્મ બાંધીને તેના પ્રદેશોદયમાં વર્તતા એવા જે તીર્થંકરો હજી કેવળજ્ઞાનપૂર્વક ભાવ અરિહંતપણું (ભાવ તીર્થંકરપણું) પામ્યા નથી પરન્તુ જેઓ ભવિષ્યમાં પામશે તે દ્રવ્યજિન, તેમજ (ભાવ તીર્થ-કરપણું પ્રાપ્ત કરીને જેઓ સિદ્ધિપદને પ્રાપ્ત થયા છે તે સિદ્ધાવસ્થાવાળા પણ દ્રવ્યજિન કહેવાય છે.) એ પ્રમાણે

ભાવજિનની ઉભય પાર્શ્વવર્તી અવસ્થા રૂપ બન્ને પ્રકારના [1]દ્રવ્યજિનને વંદના કરી છે. ॥ इति द्वितीयाधिकार : ॥

ત્યારબાદ અરિહંત ચેઈયાણંથી ઠામિ કાઉસ્સગ્ગં [2]સુધીના સંપૂર્ણ સૂત્રમાં જે જે ચૈત્યમાં ચૈત્યવંદના કરવાની છે તે ચૈત્યમાં રહેલા સર્વ સ્થાપના જિનને એટલે સર્વ પ્રતિમાઓને વંદના કરી છે. ॥ इति तृतीयाधिकारः ॥

ત્યારબાદ સંપૂર્ણ લોગસ્સમાં વર્તમાન અવસર્પિણીમાં થયેલા ૨૪ જિનેશ્વરોનાં નામની સ્તવના હોવાથી નામ જિનેશ્વરની વંદનાનો અધિકાર છે. ॥ इति चतुर्थाधिकार : ॥

એ પ્રમાણે એ ૪ અધિકારમાં શ્રી જિનેશ્વરના નામ-સ્થાપના દ્રવ્ય-અને ભાવ એ ચારે નિક્ષેપાને પશ્ચાનુપૂર્વીએ (ઉલટા ક્રમે) વંદના કરેલી છે.

---

१. भूयस्स भावीणो वा, भावस्सि कारणं तु जं लोए ।
तं दव्वं सव्वन्नू सचेयणाचेयणं बेंति ॥१॥

(આવશ્યકાદિ અનેક ગ્રંથોમાં)

જગતમાં વ્યતીત થયેલા ભાવનું અથવા ભાવિકાળે થનારા ભાવનું જે કારણ (અવસ્થા) તેને સર્વજ્ઞ ભગવંતો દ્રવ્ય કહે છે, અને તે સચિત્ત તથા અચિત્ત બન્ને પ્રકારનું છે. ॥૧॥ એ પ્રમાણે ભાવ તીર્થંકરની બાલ્યાવસ્થાદિ પૂર્વ અવસ્થા તે ભાવી કારણરૂપ દ્રવ્યજિન છે અને સિદ્ધ અવસ્થા તે ભૂતકારણરૂપ દ્રવ્યજિન છે. તથા અહીં અતીત અને અનાગત કાળના દ્રવ્યજિન તે સર્વે (૧૫ કર્મભૂમિ) ક્ષેત્રના જાણવા, પરંતુ વર્તમાન કાળના (ભરતાદિ ૧૦ ક્ષેત્રની અપેક્ષાએ ચાલુ પાંચમા આરામાં) તો પાંચ મહાવિદેહમાં વર્તતા તદ્ભવિક ગૃહસ્થ તીર્થંકરો અને શેષ ૧૦માં અર્વાગ્ તૃતીયભવિક તીર્થંકરો દ્રવ્યજિન જાણવા.

૨. આ અધિકારનો પર્યન્ત ભાગ અરિહંત ચે૦ સૂત્ર ઉપરાંત અન્નત્થના પર્યન્તે એક નવકારના કાઉસ્સગ્ગ બાદ અધિકૃત એક જિન વા એક ચૈત્યાદિ સંબંધી પહેલી એક થોય કહેવાય છે તે થોયના પર્યન્ત સુધી છે, એમ શ્રી ધર્મસંગ્રહની વૃત્તિમાં કહ્યું છે. એ રીતે આગળના અધિકારો જે ચૂલિકા સ્તુતિવાળા છે તે સર્વે ચૂલિકા સ્તુતિ સુધીના જાણવા. અહીં પર્યન્તે કહેવાતી દરેક થોય તે ચૂલિકાસ્તુતિ. પ્રવ૦ સારો૦ વૃત્તિમાં સ્પષ્ટ રીતે પર્યન્તવર્તી થોય સુધી ચારે અધિકાર ગણ્યા છે.

બાકી રહેલા ૮ અધિકાર કહે છે-

**तिहुअणठवणजिणे पुण, पंचमए विहरमाणजिण छट्ठे ।**
**सत्तमए सुयनाणं, अट्ठमए सव्वसिद्धथुई ॥४४॥**
**तित्थाहिव वीरथुई, नवमे दसमे य उज्जयंत थुई ।**
**अट्ठावयाइ इगदिसि, सुदिट्ठिसुरसमरणा चरिमे ॥४५॥**

**શબ્દાર્થ :**

**તિહુઅણ**=ત્રણ ભુવનના
**વિહરમાણ**=વિચરતા
**થુઈ**=સ્તુતિ
**તિત્થાહિવ**=તીર્થાધિપતિ (વર્તમાન તીર્થના અધિપતિ
**ઉજ્જયંત**=ગિરનાર (એટલે શ્રી નેમિનાથ)
**અટ્ઠાવયાઈ**=અષ્ટાપદ વગેરે
**ઈગદિસિ**=અગિયારમામાં
**સુદિટ્ઠિ**=સમ્યગ્દષ્ટિ
**ચરિમે**=છેલ્લા, બારમામાં

**ગાથાર્થ :-** પુનઃ પાંચમા અધિકારમાં ત્રણે ભુવનના સ્થાપના જિનને વંદના કરી છે, છટ્ઠા અધિકારમાં વિહરમાન જિનેશ્વરોને વંદના કરી છે. સાતમા અધિકારમાં શ્રુતજ્ઞાનને વંદના કરી છે. આઠમા અધિકારમાં સર્વ સિદ્ધની સ્તુતિ છે. નવમા અધિકારમાં વર્તમાન તીર્થના અધિપતિ શ્રી વીરજિનેશ્વરની સ્તુતિ છે, દશમા અધિકારમાં ગિરનારની સ્તુતિ છે. અગિયારમા અધિકારમાં અષ્ટાપદ આદિ તીર્થોની સ્તુતિ છે, અને બારમા અધિકારમાં સમ્યગ્દષ્ટિ દેવનું સ્મરણ (પણ સ્તુતિ નહિ) છે. ॥૪૪॥૪૫॥

**ભાવાર્થઃ-** સવ્વલોએ અરિહંત ચેઈયાણંથી ઠામિ કાઉસ્સગ્ગં સુધીમાં અને તે ઉપરાન્ત બીજી થોય સુધીમાં પણ ઊર્ધ્વલોક, અધોલોક અને તીર્ચ્છાલોક એ ત્રણે લોકમાં રહેલાં સર્વ પ્રતિમાજીને વંદના કરવા રૂપ પાંચમો અધિકાર છે. ॥ इति पंचमाधिकारः ॥

છટ્ઠો અધિકાર પુક્ખરવરદીની ૧ લી ગાથામાં છે, કે જેમાં અઢી દ્વીપને વિષે રહેલી ૫ મહાવિદેહ સંબંધી ૧૬૦ વિજયમાંની ૨૦ વિજયમાં એકેક જિનેશ્વર વર્તમાન સમયે પણ પોતાની પવિત્ર દેશનાથી ત્યાંના ભવ્ય પ્રાણીઓને પરમ ઉપકાર કરતા વિચરે છે એટલે વિહાર કરે છે. માટે વર્તમાન કાળમાં તે ૨૦ વિહરમાન તીર્થંકર કહેવાય છે, તેમને વંદના કરી છે. ॥ इति षष्ठाधिकारः ॥

સાતમો અધિકાર પુક્ખરવરદીની બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં છે અને તે ઉપરાન્ત "સુઅસ્સ ભગવઓ અરિહંત ચેઇયાણં"થી પ્રારંભીને યાવત્ ત્રીજી થોય કહેવાય છે તે પણ ૭મા અધિકારમાં ગણાય. ॥ इति सप्तमाधिकारः ॥

ત્યારબાદ સિદ્ધાણંની પહેલી ગાથામાં સિદ્ધ ભગવંતની સ્તુતિ હોવાથી સિદ્ધસ્તુતિ નામનો ૮મો અધિકાર ॥ इति अष्टमाधिकारः ॥ ત્યારબાદ સિદ્ધાણંની બીજી અને ત્રીજી એ બે ગાથામાં વર્તમાન શાસનના અધિપતિ અને આસન્ન ઉપકારી છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુની સ્તુતિ હોવાથી એ બે ગાથારૂપ ૯ મો અધિકાર વીરસ્તુતિ નામનો છે. ॥ इति नवमाधिकारः ॥ ત્યારબાદ ઉજ્જિંતસેલસિહરે એ પદવાળી સિદ્ધાણંની ૪થી ગાથામાં શ્રી ગિરનાર પર્વત ઉપર થયેલા દીક્ષાદિ ત્રણ કલ્યાણકવાળા શ્રી નેમિનાથ પ્રભુની સ્તવના રૂપ ૧૦ મો અધિકાર છે. इति दशमोऽधिकारः- અને સિદ્ધાણંની છેલ્લી ગાથામાં (ચત્તારિ અટ્ઠ દસદોય ઇત્યાદિ પદવાળી પાંચમી ગાથામાં) અષ્ટાપદાદિ તીર્થોની તથા ભિન્ન [1]ભિન્ન સંખ્યાવાળા જિનેશ્વરોની સ્તુતિ છે; તે ૧૧ મો અધિકાર છે. ॥ इति एकादशमोऽधिकार : ॥

એ પ્રમાણે સિદ્ધાણં બુદ્ધાણંમાં (=સિદ્ધસ્તવના એક જ દંડકમાં ૮-૯-૧૦-૧૧ એ ચાર અધિકારની ૩ ગાથા શ્રીxગણધરકૃત છે, અને તે પ્રાચીન કાળમાં ચૈત્યવંદનના પર્યન્તે કહેવાતી ૩ *સ્તુતિરૂપે એ જ સ્તુતિઓ હતી. ત્યાર પછીની બે અધિકારની બે ગાથા શ્રી ગીતાર્થોએ ચૈત્યવંદનાના સંબંધમાં સંયુક્ત કરી છે.

ત્યારબાદ વેયાવચ્ચગરાણંથી પ્રારંભીને સંપૂર્ણ અન્નત્થ અને તે ઉપરાંત એક નવકારના કાઉસ્સગ્ગ પર્યન્તે કહેવાતી ચોથી થોય સુધીનો પાઠ સમ્યગ્દષ્ટિ દેવને (વંદના નહિ પરન્તુ) સ્મરણ કરવા અને તેનો કાઉસ્સગ્ગ કરવા સંબંધિ, તે સર્વ બારમા અધિકારમાં ગણાય છે. ॥ इति द्वादशोऽधिकारः ॥

---

૧. અહીં ૧૧મા અધિકારમાં ભિન્ન ભિન્ન સંખ્યાએ જિનેશ્વરોને તીર્થાદિ આશ્રયી કરેલી વંદના સંક્ષેપમાં આ પ્રમાણે-

(૪ + ૮ + ૧૦ + ૨=૨૪) એ પ્રમાણે ૨૪ તીર્થંકરની પ્રતિમા ભરતચક્રીએ અષ્ટાપદ પર્વત ઉપર ભરાવી છે તે અષ્ટાપદ તીર્થના ૨૪ ભગવંતને વંદના થઈ. એ ગાથામાં મુખ્ય વંદના अष्टापदतीर्थની ગણાય છે. તથા ૪x૮=૩૨ અને

**नव अहिगारा इह ललियवित्थराविक्तिमाइ अणुसारा ।**
**तिन्नि सुअपरंपरया, बीओ दसमो इगारसमो ॥४६॥**

**गाथार्थ** =અહીં ૯ અધિકાર શ્રી લલિતવિસ્તરા નામની વૃત્તિ આદિના અનુસારે છે, અને બીજો દશમો તથા અગિયારમો એ ૩ અધિકાર શ્રુતપરંપરાએ ચાલ્યા આવે છે. ॥૪૬॥

---

૧૦x૨=૨૦ જેથી ૩૨ અને ૨૦ મળીને ૫૨ ચૈત્યયુક્ત શ્રી नंदीश्वरतीर्थने વંદના થઈ. તથા चत्त એટલે ત્યાગ કર્યો છે अरि = અંતરંગ શત્રુ (કષાય) જેણે એવા (૮ + ૧૦ + ૨) ૨૦ તીર્થંકરો શ્રી સમ્મેતશિખરગિરિ ઉપર નિર્વાણ પામેલા હોવાથી શ્રી सम्मेतशिखरને વંદના થઈ, અથવા ઉત્કૃષ્ટથી સમકાળે જન્મ પામતા ૨૦ तीर्थंकरને વંદના થઈ, અથવા વર્તમાનકાળમાં વિચરતા ૨૦ विहरमानને વંદના થઈ. તથા એ ૪ ૨૦ ને ૪ વડે ભાગતાં ૫ આવે તેને અઢદસ એટલે ૧૮માં ઉમેરતાં શ્રી શત્રુંજયગિરિ ઉપર સમવસરેલા ૨૩ તીર્થંકરને એટલે શ્રી शत्रुंजयगिरिने વંદના થઈ. તથા (૮x૧૦=૮૦x૨=) ૧૬૦ तीर्थंकर ઉત્કૃષ્ટથી મહાવિદેહમાં વિચરતા હોય છે તેમને વંદના થઈ, તથા (૮+૧૦=૧૮x૨=) ૭૨ તીર્થંકર ત્રણ કાળની ત્રણ ચોવીસીના ભરત અને ઐરવત એ બે ક્ષેત્રમાં જુદા જુદા થાય તે સર્વને વંદના થઈ. તથા (૪ + ૮ = ૧૨x૧૦ = ૧૨૦x૨=) ૨૪૦ तीर्थंकर ભરતાદિ ૧૦ ક્ષેત્રની ૧૦ ચોવીસીના થાય તેમને વંદના થઈ, તથા ૮ના વર્ગ ૬૪માં ૧૦નો વર્ગ ૧૦૦ મેળવતાં ૧૬૪ થાય તેમાં ૪ અને ૨ મેળવતાં ૧૭૦ तीर्थंकर અઢી દ્વીપમાં ઉત્કૃષ્ટથી વિચરે તે સર્વને વંદના થઈ. તથા चत्तारि એટલે અનુત્તર, ગ્રૈવેયક, કલ્પ અને જ્યોતિષી એ ૪ દેવલોકમાં, अट्ठ એટલે ૮ વ્યન્તરનિકાયમાં दस એટલે ૧૦ ભવનપતિમાં અને दोय એટલે અધોલોકવર્તી તથા તિર્યગ્લોકવર્તી એ બે પ્રકારના મનુષ્યલોકમાં શાશ્વત અને અશાશ્વત બંને પ્રકારની પ્રતિમાઓને એટલે त्रणे लोकની સર્વ પ્રતિમાઓને વંદના થઈ, (આ ગાથાની વૃત્તિઃ) હજી બીજો પણ વિશેષ અર્થ આ ગાથાની વૃત્તિમાં કહ્યો છે ત્યાંથી જાણવો.

x શ્રી ધર્મસંગ્રહવૃત્તિ.

*પ્રથમ દર્શાવેલ ૯ પ્રકારની ચૈત્યવંદનામાં ૬ છટ્ઠા ભેદને વિશે એ ૩ સ્તુતિ કહેવાય છે.

**ભાવાર્થ** :- નમુત્થુણંમાં 'જેઅ અઈયા સિદ્ધા'ની ૧ ગાથા એ બીજો અધિકાર, અને સિદ્ધાણંની છેલ્લી ૨ ગાથારૂપ ૧૦ મો ૧૧મો અધિકાર એ ૩ અધિકાર શ્રુતપરંપરાએ એટલે ગીતાર્થ પૂર્વાચાર્યના સંપ્રદાયથી કહેવાય છે, અથવા શ્રુત એટલે સૂત્રથી તેમજ તે સૂત્રની નિર્યુક્તિથી અને તેના ભાષ્યથી તથા તેની ચૂર્ણિથી એ પ્રમાણે શ્રુતની પરંપરાથી (સૂત્રાદિ પંચાંગીની પરંપરાથી) કહેવાય છે. જેમકે સૂત્રમાં ચૈત્યવંદના પુક્ખરવરદી સુધી કહી છે, અને નિર્યુક્તિમાં પુક્ખરવરદી ઉપરાન્ત એક સિદ્ધસ્તુતિ (સિદ્ધાણંની ૧ ગાથા) સુધી કહેલ છે, અને ચૂર્ણિમાં તે ઉપરાન્ત પણ મહાવીર પ્રભુની ૨ સ્તુતિ સુધી (એટલે સિદ્ધાણંની ૩ ગાથા સુધી) કહેલ છે, અને શેષ ઉજ્જયંતાદિ અધિકાર યથેચ્છાએ કહેવા યોગ્ય છે તે આગળની ગાથામાં જ કહેવાશે. શેષ ૯ અધિકાર સૂત્રના પ્રમાણથી[1] છે, કારણ કે લલિત વિસ્તરાવૃત્તિમાં "એ ૯

---

૧ અર્થાત્ એ ૯ અધિકાર તો સૂત્રરૂપ છે, માટે તે ચૈત્યવંદનના ૯ અધિકારવાળાં નમુત્થુણં આદિ ચૈત્યવંદનસૂત્રોની વૃત્તિ શ્રી **હરિભદ્રસૂરિ**એ રચી છે, તે ચૈત્યવંદનવૃત્તિનું નામ **લલિતવિસ્તરા** છે. ત્યાં સિદ્ધાણંની પહેલી ૩ ગાથાની વૃત્તિના પર્યન્તે एताः तिस्रः स्तुतयो नियमेनोच्यन्ते, केचित्तु अन्या अपि पठन्ति न च तत्र नियम इति न तद्व्याख्यानक्रिया" (=સિદ્ધાણંનીએ ૩ સ્તુતિઓ (અર્થાત્ પહેલી ૩ ગાથા) નિયમ તરીકે એટલે અવશ્ય કહેવાય છે માટે તેની વ્યાખ્યા કરી છે, અને કેટલાક આચાર્યો તો એ ૩ ઉપરાન્ત બીજી (બે) સ્તુતિઓ (ઉજ્જિંતાદિ) કહે છે, પરંતુ એ બે સ્તુતિઓ કહેવી જ જોઈએ એવો નિયમ નથી, (માટે તેની વ્યાખ્યા અહીં કરી નથી) એમ કહ્યું છે તે ઉપરથી સહેજે સમજાય છે કે લલિતવિસ્તારામાં વ્યાખ્યા કરેલા ૯ અધિકાર પણ અવશ્ય ભણવા યોગ્ય છે. નહિતર તેની વ્યાખ્યા ન કરત.

પુનઃ એ ઉપરથી શાસનદેવની ચોથી થોયનો ૧૨મો અધિકાર પણ વેયાવચ્ચગરાણં આદિ સૂત્રથી વ્યાખ્યા કરેલો હોવાથી ચોથી થુઈ પણ અવશ્ય ભણવા યોગ્ય થઈ, જેથી ત્રણ સ્તુતિની ચૈત્યવંદના પ્રરૂપવી અને ૪ થી થુઈ અર્વાચીન-નવી છે એમ શ્રી પંચાશકજીની વૃત્તિમાં શ્રી અભયદેવસૂરિએ અન્ય આચાર્યોના મતાંતરથી દર્શાવી છે તેનું આલંબન લઈ ચૈત્યવંદનમાં ન કહેવાની પ્રરૂપણા કરવી અને કહેવી તે ઉત્સૂત્ર પ્રરૂપણા જાણવી.

અધિકાર અવશ્ય-નિયમા ભણવા યોગ્ય કહ્યા છે, અને શેષ ૩ અધિકાર નિયમથી ભણવા યોગ્ય ન હોવાથી એ ૩ અધિકારની વ્યાખ્યા કરતા નથી" એમ કહ્યું છે, પરન્તુ એ ત્રણ અધિકાર પૂર્વાચાર્યકૃત નિર્યુક્તિ અને ચૂર્ણિમાં કહેલા હોવાથી શ્રુત પરંપરાએ પ્રવર્તે છે.

**અવતરણ-** ૯ અધિકાર સિવાયના બાકીના ૩ અધિકાર (जहेच्छाए=વંદન કરનારની ઇચ્છાને અનુસરીને કહ્યા છે, તે શાસ્ત્રવિરુદ્ધ નથી, પરન્તુ શાસ્ત્રની સમ્મતિપૂર્વક જ છે. એમ દર્શાવવાને શ્રી ભાષ્યકર્તા તે ૩ અધિકારના સંબંધમાં શાસ્ત્રસાક્ષી દર્શાવે છે :-

**आवस्सयचुण्णीए, जं भणियं सेसया जहिच्छाए ।**

**तेणं उज्जिंताइवि, अहिगारा सुअमया चेव ॥४७॥**

[ **अन्वय :-** आवस्सयचुन्नीए जं भणियं-सेसया जहिच्छाए" तेणं-उज्जिंताइवि अहिगारा सुय-मया चेव ॥४७॥ ]

**શબ્દાર્થ :- આવસ્સય** = આવશ્યક. **ચુન્ની**=પ્રાકૃત. ભાષામય-પ્રાચીન ટીકા. **આવસ્સય-ચુન્નીએ**=આવશ્યક ચૂર્ણિમાં. **જં**=જે. **ભણિયં**=કહ્યું છે. **સેસયા**=બાકીના. **જહિચ્છાએ**=યદચ્છાએ, ઇચ્છાનુસાર. **સુય-મયા**=શાસ્ત્રમય આજ્ઞા રૂપ, **ચેવ**=જ. ૪૭

ગાથાર્થ :-

**આવશ્યક સૂત્રની ચૂર્ણિમાં કહ્યું છે, કે-"બાકીના (અધિકારો) ઇચ્છાપૂર્વક કરવાના સમજવા." તેથી "ઉજ્જિંત સેલ૦" વગેરે અધિકારો પણ શ્રુત-સમ્મત છે. ॥૪૭॥**

**વિશેષાર્થ :-** શ્રુતમય એટલે-આજ્ઞાસિદ્ધ-શાસ્ત્રસમ્મત છે.

**बीओ सुयत्त्थया-ऽऽई, अत्थओ वन्निओ तहिं चेव ।**

**सक्क-थयंते पढिओ, दव्वा-ऽरिहऽवसरि पयडत्थो ॥४८॥**

[ **अन्वय :-** बीओ तहिं चेव सुयत्थयाइ अत्थओ वण्णिओ दव्वा-रिह-ऽवसरि सक्कत्थयंते पयडत्थो पढिओ ॥४८॥ ]

**શબ્દાર્થ :- બીઓ**=બીજો. **સુયત્થયાડડઈ**=શ્રુતસ્તવની આદિમાં. **અત્થઓ**=અર્થથી, **વણ્ણિઓ**=વર્ણવ્યો છે. **તહિં**=તેમાં, **ચેવ**=જ, **સક્કથયંતે**=શક્રસ્તવને અંતે. **પઢિઓ**=કહ્યો છે. **દવ્વાડરિહવસરિ**=દ્રવ્ય અરિહંતને અવસરે. **પયડત્થઓ**=પ્રગટ અર્થવાળો.

ગાથાર્થ :-

બીજો પણ-ત્યાં (આવશ્યક ચૂર્ણિમાં) જ શ્રુતસ્તવની આદિમાં અર્થથી કહ્યો છે. શક્રસ્તવની પછી દ્રવ્યસ્તવના પ્રસંગે સાક્ષાત્ શબ્દોથી ઉચ્ચાર્યો છે. ॥૪૮॥

**વિશેષાર્થ :-** નમુત્થુણંમાં ભાવ અરિહંતનો અધિકાર છે, તેના પછી જે અ અઈયા માં દ્રવ્ય અરિહંતનો અધિકાર છે. તેથી તે ત્યાં બરાબર યોગ્ય સ્થાને જ છે. માત્ર સ્થાન બદલાય છે, વસ્તુ બદલાતી નથી, માટે તે પણ શ્રુતસમ્મત જ છે. ॥૪૮॥

## પ્રામાણિક પૂર્વાચાર્યોએ આચરેલી આચરણાની પ્રામાણિકતામાં પ્રમાણ

**"अ-सढा-ऽऽइण्ण-ऽणवज्जं गीय-ऽत्थ-अ-वारयं"**

**ति मज्झत्था ।**

**"आयरणावि हु आण" त्ति वयणओ सु-बहु मण्णंति ॥४९॥**

[ अन्वय :- असढाऽऽइण्ण-णवज्जं गीयत्थ अ-वारयंति । "आयरणा विहु आण" त्ति वयणओ मज्झत्था सु-बहु मण्णंति ॥४९॥ ]

**શબ્દાર્થ :-** **અ-સઢ**=કપટરહિત, નિર્દોષ મનવાળા, સરળ. **આઇણ્ણ**=આચરેલું. **અસઢાડડઈણ્ણ**=નિર્દોષ,-સરલ મનવાળાએ આચરેલું હોય. **વદ્ય**=સારું. **અવદ્ય**=ખરાબ, દોષિત. **અનવદ્ય**=નિર્દોષ, **ગીઅ**=ગીત, તીર્થંકર-ગણધરાદિ મહાપુરુષોએ ગાયેલું. **અત્થ**=હકીક્ત. **ગીઅ-ડત્થ**=જિનેશ્વરોએ કહેલા અર્થનો મર્મ સમજનારા, **અ-વારયં**=ન નિષેધેલું. **તિ**=ઈતિ, **મજ્ઝત્થા**=મધ્યસ્થ, પક્ષપાત, આવેશ કે આગ્રહ વગરના. **આયરણા**=આચરણા **વિ**=પણ **હુ**=ખલુ, ચોક્કસ, જ. **આણા**=આજ્ઞા, પ્રભુની આજ્ઞા. **ત્તિ**=એ પ્રકારના **વયણઓ**=વચનથી. **સુ**=સારી રીતે. **બહુ**=ખૂબ. **મણ્ણંતિ**=માને છે, માન આપે છે. ૪૯.

ગાથાર્થ :-

નિર્દોષ પુરુષોએ આચરેલ આચરણ તે નિર્દોષ છે : તેવી આચરણાને મધ્યસ્થ ગીતાર્થ પુરુષો નિવારતા નથી, પરંતુ "તેવી આચરણા પણ પ્રભુની આજ્ઞા જ છે" એ વચનથી મધ્યસ્થ પુરુષો બહુમાન આપે છે. ॥૪૯॥

**વિશેષાર્થ** :- નિર્દોષ મનના આચાર્ય તરફથી છેતરામણનો સંભવ નથી. **આચરણા** એટલે શાસ્ત્રમર્યાદા, શાસનશૈલીને અનુસરતા દ્રવ્યઃ ક્ષેત્રઃ કાલઃ ભાવ, લોકોની લાયકાતનું બલાબલ, ભદ્ર પરિણામનો દરજ્જો વગેરે ઉચિતની મર્યાદાઓનું માપ કાઢીને જે આચરણ કરેલું હોય, અમલમાં મુકાયેલું હોય. તેવું અશઠાચાર્યનું આચરણ માન્ય હોવું જોઈએ. આથી, સરલ મનના આચાર્યનું ગમે તે આચરણ ગમે તે રીતે આચરેલું હોય તે સઘળું પ્રમાણભૂત થતું નથી.

વળી, તે આચરણ નિર્દોષ હોવું જોઈએ. માટે **અનવદ્ય** શબ્દ મૂકેલો છે.અને કદાચ કોઈ આચરણ-દોષવાળું હોવા છતાં સંજોગ વિશેષમાં આચરવું પડેલું હોય, તો તે કાયમ આચરવા જેવું ગણાતું નથી, માટે આચરણ નિર્દોષ હોવું જોઈએ. એટલે કે-મોક્ષમાર્ગને અનુકૂળ હોવું જોઈએ. આચરણને અનવદ્ય વિશેષણ એટલા માટે આપવામાં આવેલું છે. એટલે શાસનશૈલીના અને શાસ્ત્રના મર્મને પ્રભુની આજ્ઞાનું પાલન કરી જાણનારા તે તે કાલના ગીતાર્થ પુરુષોએ, તે આચરણાનો નિષેધ ન કર્યો હોય;-અટકાયત ન કરી હોય. તેનું અપ્રમાણિકપણું ઠરાવેલું ન હોય, અથવા તે તે કાળના ગીતાર્થોએ જેનો વિરોધ ન કર્યો હોય, તેવા નિર્દોષ અશઠાચરણને નિષ્પક્ષપાતી અને દુરાગ્રહ વગરના મધ્યસ્થો બહુમાન આપે છે.

એટલે કે કદાચ કોઈ સ્વમતાગ્રહીઓ માન ન આપે, અથવા અગીતાર્થોએ વિરોધ કર્યા હોય તેટલા પૂરતું (તે કારણે) તે આજ્ઞા બાહ્ય ઠરતું નથી. માટે મધ્યસ્થ શબ્દ મૂક્યો છે. કેમકે "આચરણા છે" જ્યાં સુધી જૈન શાસન વિદ્યમાન રહે, ત્યાં સુધી આવી પરંપરાગત નિર્દોષ આચરણાઓ પણ જીત વ્યવહાર રૂપ ભગવાનની આજ્ઞાઓ જ છે. અને જીત વ્યવહાર તીર્થ-શાસનના અંત સુધી પ્રવર્તી શકે છે.

આ ઉપરથી "મૂલ આગમોમાં અને શ્રુતમાં-શાસ્ત્રોમાં જે હોય, તે જ અમારે માન્ય છે. બીજું અમારે અમાન્ય છે." એમ દરેક બાબતોમાં માનનારા અપ્રામાણિક ઠરે છે. તે જ પ્રમાણે, શાસ્ત્રાજ્ઞાવિરુદ્ધ અને શાસનશૈલીથી વિરુદ્ધ

એવી ગમે તેની આચરણાને દ્રવ્યઃ ક્ષેત્રઃ કાલ તથા ભાવના વિષે માન્ય કરે છે, તે પણ બીજી રીતે ભૂલ કરે છે જેમ શાસ્ત્રાજ્ઞા માન્ય છે તે અનુસાર પરંપરા પણ માન્ય છે. એવી રીતે સકલ સંઘને તથા ગીતાર્થને માન્ય શ્રી સંઘના આચરણરૂપ ઠરાવો પણ શાસ્ત્ર જ છે. પૂર્વ પુરૂષોએ રચેલા શ્રી સંઘના આજ્ઞાપ્રધાન બંધારણ અને જે તે વખતના શ્રી સંઘના ઠરાવો; તે સર્વ મળીને વ્યવસ્થા શિસ્તશાસન-બને છે. આવા ઠરાવોના પરંપરાગત સંગ્રહ પણ શ્વેતાંબર મૂ. જૈન સંઘની પરંપરામાં ઘણા જળવાઈ રહ્યા છે, તથા શાસ્ત્રોની મૂળ પરંપરા પણ મુખ્યપણે તેમની પાસે છે. એટલે શાસનની અવિચ્છિન્ન પરંપરામાં તે સઘળું તેમની પાસે ઉતરી આવ્યાનું ઈતિહાસથી પણ સાબિત થાય છે.

માટે શાસ્ત્રાજ્ઞાઓઃ અને પૂર્વપરંપરાની આચરણાઃ ઠરાવોઃ વગેરેથી નિરપેક્ષ થઇ, જૈન સંઘ વહીવટ કે વર્તન ચલાવી ન શકે "ઘણા લોકો કોઈ વખતે કોઈપણ એક વિચાર તરફ દોરવાયા છે." તેને બહુમત સમ્મત માની સંઘના નેતાઓ, શાસ્ત્રાજ્ઞા કે પૂર્વની આચરણાથી વિરુદ્ધ દોરવાઈ જાય, તો તે સંઘના અને શાસનના વહીવટને મોટું નુકસાન કરી બેસે, આ મોટામાં મોટો જૈન સંઘના બંધારણ અને સંચાલનનો કોયડો છે. ગીતાર્થો પાસે આજ સુધીની આચરણાઓ અને ઠરાવોના સંગ્રહ હોવા જોઇએ, આને માટે કલ્પસૂત્રઃ અને નિર્યુક્તિઃ વગેરેનાં પોષક પ્રમાણો છે.

વહીવટ કરતા ઉત્તરાધિકારીની ફરજ છે, કે-પોતાનો વહીવટ પૂર્વાપરથી ચાલ્યા આવતા વહીવટથી વિના કારણ વિરોધમાં ન જવો જોઇએ. વહીવટકર્તાને શિરે શાસનના ત્રૈકાલિક વહીવટની જવાબદારી છે. ગીતાર્થ આચાર્યો જ શાસનના મુખ્ય વહીવટના વહીવટકર્તાઓ હતા. આજે પણ ગીતાર્થ આચાર્યો જ શાસનના મુખ્ય વહીવટ ચલાવનારા હોવા જોઈએ, ને છે. વહીવટી ચોપડા ભલે શ્રાવકો લખે પણ શાસનનું સમગ્ર સંચાલન ગીતાર્થ આચાર્ય મહારાજાઓના જ હાથમાં હોય છે. એમાં શ્રાવકોની બહુમતીનું તત્ત્વ ચાલી શકે નહિ. બહુમતીઃ એકમતીઃ સર્વમતીઃ સત્યમતીઃ એ સર્વ જિનશ્વર પ્રભુની-સાક્ષાત્ શબ્દોથી શાસ્ત્રોક્ત હોય,

કે પરંપરાની કે વર્તમાન આજ્ઞા તુલ્ય આચરણારૂપ **આજ્ઞામતને** આધીન હોવા જોઈએ, વ્યક્તિને વ્યક્તિગત મત આપવાનો પોતાની અંગત બાબત સિવાયની બાબતમાં અધિકાર નથી. જે સંસ્થાના વહીવટકર્તા તરીકે મત આપવાનો હોય. તે સંસ્થાના ધોરણ, શિસ્ત, હિત તથા પ્રતિષ્ઠાને અનુરૂપ અને પોષક મત આપવાનો અધિકાર છે. પરંતુ બીજી રીતે અધિકાર નથી.

કોઈપણ કાર્ય પ્રસંગને ઉદ્દેશીને ગીતાર્થો કાંઈપણ આચરણા કરે, તેમાં નુકસાન થોડું હોય, અને લાભ વધારે હોય, તો તે સર્વેએ પ્રમાણ ગણવું જોઈએ. અલબત્ત, લાભનો આભાસ માત્ર ન હોવો જોઈએ. તેની પરીક્ષા બરાબર કરવી જોઈએ.

સંવિજ્ઞઃ વિધિમાં રસિકઃ ગીતાર્થઃ શ્રેષ્ઠ પૂર્વ સૂરિવરોઃ સૂત્ર વિરુદ્ધ સામાચારીની પ્રરૂપણા કરતા નથી.

તથા કોઈ વખતે, કોઈ વસ્તુ ઘણી જાહેરમાં આવી ગઈ હોય પરંતુ તે બાબતનો શાસ્ત્રોમાં કાંઈ ઉલ્લેખ મળે નહિ તેમજ તેનો પ્રતિષેધ પણ ન હોય. તેવી બાબતમાં ગીતાર્થો મૌન રહે છે.

પરંતુ કેટલીક નવી વાતો એવી હોય કે જેનું સાક્ષાત્ શબ્દથી વિધાન ન હોય, કે જેનો શબ્દથી નિષેધ પણ ન હોય. છતાં શૈલિ, તત્ત્વ અને હિતથી વિરોધિ હોય, તેવી બહુ ખ્યાત વસ્તુનો પણ ગીતાર્થો તથા-પ્રકારનું વિઘ્ન ન હોય તો-નિષેધ પ્રચારી શકે છે.

આ વિષય ગહન છે. તેવો જ સમજવા જેવો છે. કેમકે આજકાલ નવી નવી સંસ્થાઓ અને નવા નવા વિચારોનાં આંદોલનો સંઘ જેવી મૂલ સંસ્થાને અને આજ્ઞાને દબાવવા પ્રયત્ન કરી રહેલ છે, અને તેમાં સંઘને અને તેના પૂર્વાપરના બંધારણને માનનારા તથા શાસ્ત્રની આજ્ઞાને શિરસાવંદ્ય માનનારા પણ ઘણી વખત ભૂલાવો ખાઈને ટેકો આપી દે છે, માટે ખૂબ વિચારને સ્થાન છે. આ ગાથા ઘણી જ મહત્ત્વની છે, ને ખાસ સમજવા જેવી છે. ૪૯

## ૧૩. વંદના કરવા યોગ્ય ૧૪. સ્મરણ કરવા યોગ્ય ૧૫. ચાર પ્રકારના જિનેશ્વર દેવો :

**चउ वंदणिज्ज जिण-मुणि-सुय-सिद्धा, इह सुरा य सरणिज्जा ।**

**चउह जिणा नाम-ठवण-दव्व-भाव-जिणभेएणं ॥५०॥**

[ **अन्वय :-** जिण-मुणि-सुय-सिद्धा चउ वंदिणिज्ज, इह सुरा सरणिज्जा, नाम, ठवण, दव्व-भाव-जिण-भेएण चउह जिणा ५० ]

**શબ્દાર્થ :-** ચઉ=ચાર. વંદણિજ્જ=વંદન કરવા યોગ્ય. જિણ-મુણિ-સુય-સિદ્ધા=જિનેશ્વર દેવ, મુનિ મહાત્માઓ, શ્રુતજ્ઞાન, અને સિદ્ધ ભગવંતો. ઈહ=અહીં ચૈત્યવંદનમાં. સુરા=દેવો. સરણિજ્જા=સ્મરણ કરવા યોગ્ય. ચઉહ=ચાર પ્રકારે. જિણા=જિનેશ્વરો, નામ=નામ. ઠવણ=સ્થાપના. દવ્વ=દ્રવ્ય, ભાવ=ભાવ. જિણભેએણં=જિનેશ્વરોના ભેદોને આશ્રયીને નામ-ઠવણ-દવ્વ-ભાવ-જિણ-ભેએણં=નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ જિનેશ્વરના ચાર ભેદો આશ્રયીને. ચઉહ=ચાર પ્રકારે. જિણા=જિનેશ્વરો. ૫૦.

ગાથાર્થ :-

**જિન, મુનિ, શ્રુત અને સિદ્ધ એ ચાર વંદન કરવા યોગ્ય છે. અને અહીં દેવો સ્મરણ કરવા યોગ્ય છે.**

**નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ જિનેશ્વરના ભેદને આશ્રયીને ચાર પ્રકારના શ્રી જિનેશ્વરો છે. ॥૫૦॥**

**વિશેષાર્થ :-** નામ આદિ ભેદે-ચાર પ્રકારે શ્રી જિનેશ્વર દેવો વંદનીય છે. તો પણ **શ્રુતસ્તવ**માં શ્રુતજ્ઞાનને, **સિદ્ધાણં**માં સિદ્ધ ભગવંતોને, અને પ્રણિધાનમાં-**જાવંત કેવિસાહૂ૦**માં શ્રમણ મુનિઓને વંદના થાય છે. તેથી ચૈત્યવંદનામાં વાંદવા યોગ્ય સર્વને વંદના કરી છે, તેમ કરવાથી પણ એક રીતે શ્રી અરિહંત ભગવંતની વંદના પૂરી થાય છે. તથા શાસનદેવાદિકઃ શાસનની ભક્તિ કરનારા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને (ચોથા ગુણસ્થાને) હોય, તો યે દેશવિરતિ અને સર્વવિરતિ ૫ મા, ૬ઠ્ઠા અને ૭મા ગુણસ્થાનવર્તીને પણ તેનું સ્મરણાદિ કરવા યોગ્ય છે. કારણ કે-શાસનમાં થતા ઉપદ્રવોને તેઓ દૂર કરે છે.

ચૈત્યવંદનાથી થતી ઈષ્ટ સિદ્ધિમાં નડતાં વિઘ્નોની ઉપશાન્તિ કરે છે. શાસનના કોઈક પ્રભાવક કાર્ય કરાવવાના પ્રસંગે પણ તેના સ્મરણાર્થે કાયોત્સર્ગ કરવામાં આવે છે. તેવું કોઈ કાર્ય ન હોય તો પણ પ્રતિક્રમણાદિ ક્રિયા પ્રસંગે ચૈત્યવંદનામાં ચોથી થોયપૂર્વક દેવનું સ્મરણ વિરતિવંત પણ કરે છે, તે સર્વથા નિરર્થક નથી. કારણ કે પ્રતિક્રમણાદિ પ્રસંગે દરરોજ કરાતા કાઉસ્સગ્ગથી શાસનસેવક દેવોનો પ્રતિદિન સત્કાર થાય છે, તે ઉચિત છે. તેમજ તે દેવ કદાચ સ્વ-સ્મરણ ન જાણે, તો પણ **વેયાવચ્ચગ૦**ના સૂત્રાક્ષરોથી પણ મંત્રાક્ષરવત્ વિઘ્નોપશાન્તિ આદિ ઈષ્ટસિદ્ધિ કહી છે. સમ્યગ્દૃષ્ટિ દેવો શાસનના સેવકો હોવાથી તેઓ સમ્યગ્દર્શન ગુણરૂપ પણ ગુણ-ગુણીના અભેદથી બને છે. તેથી તેઓના સ્મરણમાં દર્શન પદની આરાધના મુનિઓને પણ બાધક નથી. વળી પ્રતિક્રમણાદિક ક્રિયા સકલ સંઘની જાહેર ક્રિયા છે. તેથી શ્રી સકલ સંઘ જાહેર પ્રસંગે પોતાના અંગભૂત તત્ત્વોની યાદી રાખે. તે પણ શૈલી મુજબ જ છે. આ ખાસ વિચારવા જેવું છે.*

---

*પરંપરાએ શાસનસેવકોની શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ તથા સ્મરણાદિકનો હેતુ તો શાસનસેવા જ છે. જેથી પરંપરાએ શાસનની જ ભક્તિ એટલે રત્નત્રયીની આરાધના છે. રત્નત્રયીની આરાધના નિરપેક્ષ શાસનભક્તિ છે અને શાસનના સેવકોની ભક્તિ, સ્મરણાદિક શાસનની આરાધના નિરપેક્ષ ન હોવી જોઈએ. જો શાસનથી નિરપેક્ષ અવિરત્યાદિકની શાંતિ તુષ્ટિ પુષ્ટિ હોય, તો તે દોષકારક છે; અન્યથા લાભકારક વળી અધિકારી વ્યક્તિ કરતાં અધિકાર ખાસ દરેકને પૂજ્ય છે. સામાન્ય કેવળીઓ, ગણધર ભગવંતો છદ્મસ્થ છતાં તેમની આજ્ઞામાં રહે છે. કેમકે તીર્થંકર ભગવંતો જેમ શાસનના અધિકાર ઉપર પદસ્થ છે, તેજ પ્રમાણે ગણધર ભગવંતો પણ અધિકાર ઉપર શાસનના પદસ્થ અધિકારી છે, એટલે વ્યક્તિને બદલે શાસનના અધિકારને માન આપવાનું છે, તે રીતે શાસનના અધિષ્ઠાયક દેવો અને દેવીઓ તથા બીજા ઇંદ્રાદિક દેવો તથા રાજાઓ, સંઘનો વહીવટ કરનારાઓ વગેરે અધિકાર ઉપર હોય તેનું ઔચિત્ય સાચવવામાં શાસન તરફનું જ ઔચિત્ય છે. અને આચાર્ય ભગવંતો તથા મુનિઓ જેમ પોતાના ત્યાગને લીધે પૂજ્ય છે. ઉપરાંત શાસનનો અધિકાર ભોગવનારા તરીકે પણ તેઓ પૂજ્ય છે. એટલે સીધી રીતે કે આડકતરી રીતે શાસનહિત સાધક તથા

અહીં મુનિ વિના ૩ વંદનીયઃ અને ૧ સ્મરણીયઃ એ ૪ઃ તે ૧૨ અધિકારમાં અન્તર્ગત થાય છે. તે આ પ્રમાણે ૧-૬-૯-૧૦-૧૧ એ પાંચ અધિકારમાં ભાવ જિનને, ૩-૫ એ બે અધિકારમાં સ્થાપના જિનને, સાતમામાં શ્રુતજ્ઞાનને, આઠમામાં સિદ્ધને, બીજામાં દ્રવ્ય જિનને, અને ચોથામાં નામજિનને વંદના

---

પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ના સંજોગો અનુસાર મિથ્યાત્વી કે સમકિતી અવિરતિ હોય અને શાસનના હિતમાં ઉપયોગી, હોય, તો તેનું ઔચિત્ય સાચવવાની શાસ્ત્રાજ્ઞા ઠામ ઠામ જોવામાં આવે છે. ભૂલથી શાસનને ઉપયોગી માની લેવામાં આવેલ હોય કે અનૌચિત્યને ઉચિત સમજી લેવામાં આવતું હોય કે કાચી સમજથી જેનું ઔચિત્ય સાચવવાની જરૂર ન હોય તેનું સચવાઈ જાય, અથવા જરૂર હોય તેનું ઓછું-વધતું સચવાઈ જાય તેવી ભૂલો વ્યક્તિની થવા સંભવ હોય પરંતુ એકંદર શાસન શૈલી ઉપર પ્રમાણે વાસ્તવિક સ્વરૂપમાં જૈનશાસ્ત્રસમ્મત જણાય છે. તેને માટે ઘણા દાખલા અને પુરાવા પ્રાચીનકાળથી મળતા આવે છે માટે સર્વ શાસનસેવકના ઉપલક્ષણ રૂપ સુરસ્મરણનો બારમો અધિકાર અને તેને માટેની ચોથી થોય શાસ્ત્રાજ્ઞા સમ્મત છે. સુરસ્મરણને ઉપલક્ષણ રૂપ એકલા જ ઉપરથી કહીએ છીએ કે **વેયાવચ્ચગરાણં** સૂત્રમાં, દેવ-દેવીને લગતો શબ્દ નથી, પરંતુ સામાન્ય રીતે **વૈયાવૃત્ય કરનાર, શાંતિ કરનાર, સમ્યગ્-દષ્ટિને સમાધિ કરનાર**, એવા સામાન્ય શબ્દો છે. શાસન પ્રેમી કરતાંયે શાસનનું સીધી રીતે વૈયાવૃત્ય કરનારની અહીં પ્રધાનતા જણાય છે. જેમ સ્તાંભન કરવા લાયક વ્યક્તિને માલૂમ ન હોય, છતાં સ્તભંક મંત્રોચ્ચારથી તેમનું સ્તંભન થાય છે, તેમ શાસનસેવકો માટે અજાણતાં પણ કાયોત્સર્ગ થાય, તો તેના બળથી તેઓમાં શાસનસેવાની જાગૃતિ આવે છે. આ વાત **ચૂર્ણિમાં** પણ નીચેની ગાથાથી જણાય છે-

तेसिम-विन्नाणे विहु तव्विस उसग्गओ होइ ।
विग्घ-जय-पुन्न-बंधा-ऽऽइ कारणं मंत-नाएण ॥१॥

**અર્થ :-** તેઓને માલૂમ ન હોય, તો પણ તેઓને લગતા કાયોત્સર્ગથી ફલ થાય છે. વિઘ્નનો જય, પુણ્યબંધન વગેરેનું કારણ મંત્રના દૃષ્ટાંતે બને છે. ૧

**લલિત વિસ્તારાવૃત્તિમાં પણ છે :-**

"तदपरिज्ञानेऽप्यस्माच्छुभसिद्ध्या विद्धमेव वचनं ज्ञापकम् ॥

**અર્થ :-** તેઓને માલૂમ ન પડે, છતાં પણ આ (કાયોત્સર્ગ)થી શુભની સિદ્ધિ થવામાં આ (વેયાવચ્ચગરાણં) વચન જ જ્ઞાપક છે.

કરી છે, તથા બારમામાં શાસનદેવનું સ્મરણ કર્યું છે, એમ શ્રી **પ્ર૦ સારોદ્ધારમાં** કહ્યું છે, જેથી ૧-૨-૩-૪-૫-૬-૯-૧૦-૧૧ એ ૯ અધિકારમાં જિનવંદના, સાતમામાં શ્રુતવંદના, ૮ મામાં સિદ્ધવંદના અને બારમામાં સુર-સ્મરણ છે, મુનિવંદન ૧૨ અધિકારમાં નથી, આથી ૧૨ અધિકાર સમ્યગ્દર્શન પ્રધાન જણાય છે, પરંતુ દરેક ચૈત્યવંદન કે દેવવંદનામાં **જાવંત કેવિ૦ હોય જ** છે, છેવટે. પ્રતિક્રમણાદિકમાં **ભગવાન્‌હં** અને **અડ્ઢાઈજ્જેસુ** પણ હોય છે. એટલું મુનિવંદન તો જોડાયેલું હોય જ છે.

## नाम-जिणा जिण-नामा ठवणजिणापुण जिणिंदपडिमाओ।
## दव्व-जिणा जिण जीवा भाव-जिणा समवसरण-त्था ॥५१॥

[ **अन्वय** :- नाम-जिणा जिण-नामा, ठवण-जिणा जिणिंद-पडिमाओ दव्व-जिणा जिण-जीवा, पुण भाव-जिणा समवसरण-त्था. ५१ ]

શબ્દાર્થ :- **નામ**=નામ. **જિણા**=જિનેશ્વરો, **નામ-જિણા**=નામથી **જિનેશ્વરો, ઠવણ**=સ્થાપના. **ઠવણ-જિણા**=સ્થાપનાથી જિનેશ્વરો, **જિણિંદ**=જિનેંદ્ર, **પડિમાઓ**=પ્રતિમાઓ, **જિણિંદ-પડિમાઓ**=જિનેશ્વરોની પ્રતિમાઓ; **દવ્વ**=દ્રવ્ય. **દવ્વ-જિણા**=દ્રવ્યથી જિનેશ્વરો, **જિણ-જીવા**=જિનેશ્વર ભગવંતોના જીવો. **ભાવ-જિણા**=ભાવથી જિનેશ્વરો. **સમવસરણ-ત્થા**=સમવસરણમાં રહેલા, સમવસરણમાં બિરાજમાન. ૫૧.

ગાથાર્થ :-

**નામથી જિનેશ્વરો તે જિનેશ્વરનાં નામો, સ્થાપનાથી જિનેશ્વરો, તે જિનેશ્વરોની પ્રતિમાઓ દ્રવ્યથી જિનેશ્વરો,- તે જિનેશ્વરોના જીવો, અને ભાવથી જિનેશ્વરો તે સમવસરણસ્થ ભગવંતો. ૫૧**

**વિશેષાર્થ** :- શ્રી જિનેશ્વર ભગવંતનાં નામો તે પણ એક પ્રકારના જિનેશ્વરો જ છે. અને તે જિનેશ્વરો **નામ-જિન** (નામ જિનેશ્વર) કહેવાય છે. એ જ પ્રમાણે શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાઓ પણ એક પ્રકારના જિનેશ્વરો જ છે. આ જિનેશ્વરો **સ્થાપના** જિનેશ્વરો કહેવાય છે. કેવળજ્ઞાન પામી સમવસરણમાં દેશના આપવાની શરૂઆત વગેરે જાહેર રીતે જોઈ શકાય તેવી રીતે કરે, ત્યારે તીર્થંકર નામકર્મનો રસોદય શરૂ થાય છે. કેવળજ્ઞાન થતાં જ તેના ઉદયની શરૂઆત થાય

છે, તે રસોદય તેઓ મોક્ષમાં જાય ત્યાં સુધી (એટલે કે મોક્ષમાં પધારે ત્યાં સુધી) ટકે છે. તે પણ એક પ્રકારના જિનેશ્વર ભગવંતો જ છે. અને તે **ભાવજિનેશ્વર** કહેવાય છે.

બધા કેવળજ્ઞાનીઓ તીર્થંકર નથી હોતા, માટે 'સમવસરણસ્થ' વિશેષણ તીર્થંકર દેવો માટે આપ્યું છે. એટલે કે-જેમનું દેવો સમવસરણ રચે, અશોકવૃક્ષાદિ અષ્ટ મહાપ્રાતિહાર્યાદિકની એટલે કે તીર્થંકર નામકર્મને યોગ્ય બાહ્ય ઋદ્ધિ પણ જેમને હોય એવા કેવલજ્ઞાની ભગવંત તે **ભાવજિનેશ્વર** કહેવાય છે.

ભાવ-જિનેશ્વરપણાના પહેલાંની અવસ્થામાં રહેલા શ્રી તીર્થંકર ભગવંતના જીવો અથવા ભાવ જિનેશ્વરપણા પછીની સિદ્ધાવસ્થામાં રહેલા, તીર્થંકર ભગવંતોના જીવો તે પણ એક પ્રકારના જિનેશ્વરો છે, અને તે **દ્રવ્ય-જિનેશ્વરો** કહેવાય છે.

એટલે કે-તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યા પછી, કે નિકાચિત બાંધ્યા પછી, કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તે આત્મા દ્રવ્ય તીર્થંકર કહેવાય છે. તેમજ ભાવ તીર્થંકર તરીકેની અવસ્થા પસાર થયા પછી સિદ્ધાવસ્થામાં પણ તે દ્રવ્ય તીર્થંકર કહેવાય છે. ભલે તે વખતે તેઓ ભાવસિદ્ધ છે. પરંતુ તીર્થંકર તરીકે તો તેઓ દ્રવ્ય તીર્થંકર જ છેઃ અર્થાત્ ભાવની પૂર્વની અને પછીની અવસ્થા તે દ્રવ્ય કહેવાય છે. જગત્‌ના સર્વ પદાર્થોને લાગુ પડતું આ ચાર નિક્ષેપાનું તાત્ત્વિક સ્વરૂપ વિસ્તારથી ખાસ સમજવા જેવું છે. ૫૧.

## ૧૬. ચાર ચૂલિકા સ્તુતિઓ :-

**अहिगय-जिण-पढम-थुई, बीया सव्वाण, तइय नाणस्स ।**
**वेयावच्च-गराणं उवओगत्थं चउत्थ-थुइ ॥५२॥**

[ **अन्वय :-** अहिगय-जिण-पढम-थुई, सव्वाण बीया, नाणस्स तइया, वेयावच्चगराणं, उवओगत्थं चउत्थ-थुइ ॥५२॥ ]

**શબ્દાર્થ :- અહિગય**=અધિકૃત. મુખ્ય એક, (મૂળનાયક), **બીયા**=બીજી **સવ્વાણ**=સર્વની, **તઈયનાણસ્સ**=ત્રીજી જ્ઞાનની, **ઉવઓગત્થં**=ઉપયોગ માટે, જાગૃતિ માટે, **ચઉત્થ**=ચોથી. **થુઈ**=સ્તુતિ. ૫૨.

**ગાથાર્થ :-**

**અધિકૃત જિનની પહેલી, સર્વ જિનની બીજી, જ્ઞાનની ત્રીજી તથા વેયાવચ્ચ કરનાર દેવોના ઉપયોગને અર્થે (તથા સ્મરણાર્થે) ચોથી થોય છે. ॥૫૨॥**

**વિશેષાર્થ :-** દેવવંદનમાં કોઇવાર ૪ (ચાર) થોય અને કોઈવાર ૮ (આઠ) થોય બોલાય છે. ચાર થોયથી દેવવંદન કરીએ ત્યારે એક સ્તુતિ જોડો કહેવાય છે અને આઠથી કરીએ ત્યારે બે જોડા કહેવાય છે. ચાર સ્તુતિમાં પહેલી ત્રણનું નામ વંદના સ્તુતિ કહેવાય છે. છેલ્લી ચોથી અનુશાસ્તિ સ્તુતિ કહેવાય છે. તે બેનું યુગલ, જોડકું મળી ચાર થોય થાય. પરંતુ તે એક જોડો-જોડકું યુગલ કહેવાય. આઠ થોયમાં તેવાં બે યુગલ-બે જોડા થાય છે.

પહેલી ત્રણમાં પણ પહેલી થોય જેની સ્તુતિ કરવાની હોય તે મુખ્ય તીર્થંકર પ્રભુની, તીર્થ કે જ્ઞાનાદિક ગુણની પ્રધાનતા હોય છે. અને બીજીમાં સર્વ તીર્થંકરોની પ્રધાનતા હોય છે, ત્રીજીમાં જ્ઞાનની પ્રધાનતા હોય છે. અને ચોથીમાં શાસનદેવને જાગૃત કરનારા હોય છે.

હવે **નમુત્થુણં, લોગસ્સ, પુક્ખરવરદી, વેયાવચ્ચગરાણં**માં સ્તુતિ તથા કાઉસ્સગ્ગથી તે ચારેયથી સ્તુતિઓ થઇ હોય છે. છતાં છેલ્લે છેલ્લે કાવ્યમય વાણીથી તે દરેકની સ્તુતિ કરી લેવામાં આવે છે, માટે તેનું નામ **ચૂલિકા-પરિશિષ્ટ** રૂપ સ્તુતિ કહેવાય છે.

પહેલી થોય **નમુત્થુણં** પછીના **અરિહંતચેઇઆણં** પછીના, બીજી થોય **સવ્વલોએ**ના **અરિહંતચેઇઆણં** પછીના, ત્રીજી થોય **સુઅસ્સ ભગવઓ**ના **અરિહંતચેઈઆણં** પછીના, ચોથી **વેયાવચ્ચગરાણંમાં અન્નત્થ** પછીના, કાઉસ્સગ્ગ પછી બોલાય છે, એટલે તે તે અધિકારની ચૂલિકા રૂપે છે. **કલ્લાણકંદ**માં પાંચ તીર્થંકરો, **સંસારદાવા**માં શ્રી મહાવીરસ્વામી મુખ્ય છે. એ દૃષ્ટાંતો સમજી લેવાં **શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજના મુખ્ય શિષ્ય **શ્રી દેવેન્દ્રસૂરિ** વગેરે તપાગચ્છના મુખ્ય આચાર્યોને આ રીતે ચારેય સ્તુતિઓ માન્ય છે, એમ તેમના આ ગ્રંથ ઉપરથી નક્કી થાય છે.

કાવ્યમય સ્તુતિ આબાલ-ગોપાલ-અંગના વૃદ્ધાદિક સર્વને ગ્રાહ્ય થાય છે. સૂત્રાત્મક સ્તુતિ જૈનશાસ્ત્રજ્ઞ અને શાસનમર્મજ્ઞને ગ્રાહ્ય થાય છે. કાયોત્સર્ગરૂપ સ્તુતિ તો ભાવસ્તુતિ હોવાથી માનસિક ને યોગશાસ્ત્રજ્ઞ ગમ્ય છે, ત્યારે કાવ્યરૂપ ચૂલિકા સ્તુતિ-જાહેર-સર્વમાન્ય અને સમ્મત-દર્શન પ્રભાવના રૂપ તેમજ વ્યક્તિગત-સ્તુતિ કરનારાના મનોગત ભાવ વ્યક્ત કરવા રૂપ-સ્વતંત્ર સ્તુતિ છે. અન્યદર્શની પણ તે સ્તુતિ ઉપરથી સંક્ષિપ્ત સ્તોત્યનું સ્વરૂપ સમજી શકે છે, અને વ્યક્તિગત

સ્તુતિ થવાથી આખી ચૈત્યવંદના સ્તુતિ કરનારની વ્યક્તિગત પણ એક વ્યક્તિ ચૈત્યવંદન કરતી હોય તો તેની કે મંડળી ચૈત્યવંદન કરનાર હોય, તો તે મંડળીની બની જાય છે.

માટે આ ચારેય સ્તુતિઓ શાસન પ્રભાવના રૂપ પણ છે. કોઈ પણ એક તીર્થંકરની સ્તુતિ ઉપરથી પરમાત્માના ગુણોની જાહેરાત થાય છે. સર્વ તીર્થંકરોની સ્તુતિ ઉપરથી "શાસન ચોવીશેય તીર્થંકર ભગવંતોનું ચાલ્યું આવે છે." એમ જૈન ઈતિહાસના ટૂંકમાં કેન્દ્રો સૂચવાય છે. ત્રીજી સ્તુતિમાં જૈન પ્રવચનની ખૂબી જાહેર થાય છે અને ચોથીમાં "ઈંદ્રાદિક દેવો આ શાસનના સેવકો છે, અને તેઓના પ્રભાવથી પણ શાસન પ્રભાવશાળી છે." એવી છાયા પડે છે તથા વ્યક્તિગત સ્વ-રચનાની સ્તુતિઓ બોલાતી હોવાથી પોતાનો ઉમળકો પણ પ્રગટ કરી શકાય છે. પરંતુ સર્વ જીવો શૈલીના જ્ઞાતા ન હોય એટલે પૂર્વાચાર્યાદિક વિશિષ્ટ જ્ઞાનીઓની બનાવેલી સ્તુતિ બોલવી યોગ્ય ગણાય છે. આથી જ સ્તવનાદિકની પેઠે, સ્તુતિઓ પણ અનેક આચાર્યોની બનાવેલી મોટી સંખ્યામાં મળી શકે છે. માટે સ્તુતિ યુગલ એ જાહેરમાં શાસનપ્રભાવક અંગ ચૈત્યવંદનામાં સમાયેલું જણાય છે. સ્તુતિઓ પણ અનેક કાવ્ય ચમત્કાર, શબ્દાલંકાર, અર્થાલંકાર, ચિત્ર, કાવ્ય વગેરેથી ભરપૂર સર્વગ્રાહી સ્વરૂપમાં હોય છે. એ રીતે ચૈત્યવંદના એક જાહેર અને પ્રસિદ્ધ સર્વ સામાન્ય અને માન્ય જૈન સંઘનું વિધાન કરી શકે છે. ૫૨.

## ૧૭. આઠ નિમિત્તો

**पाव-खवण-त्थ इरिया-ऽऽइ वंदणव्वत्तिया-ऽऽइ छ निमित्ता।**
**पवयण-सुर-सरण-ऽत्थं, उस्सग्गो इय निमित्त-ऽट्ठ ॥५३॥**

[ अन्वय :- पाक्खवणत्थ इरियाइ वंदण-वत्तिया-ऽऽइ, छ निमित्ता । पवयण-सुर सरणत्थं, उस्सग्गो इय निमित्त-ऽट्ठ ॥५३॥ ]

**શબ્દાર્થ :- પાવ-ખવણત્થ**=પાપ ખપાવવાને માટે, **ઈરિયાઈ**=ઈરિયા-વહિયનો, **વંદણ-વત્તિયાઈ-છ નિમિત્તા**=વંદણ-વત્તિયા વગેરે છ નિમિત્તોનો, **પવયણ-સુરસરણત્થં**= પ્રવચનસુર-શાસનદેવનું સ્મરણ કરવા માટે, **ઉસ્સગ્ગો**=કાઉસ્સગ્ગ કરવો, **ઈય**=ઈતિ, એમ, **નિમિત્ત**=નિમિત્તો. **અટ્ઠ**=આઠ ૫૩.

ગાથાર્થ :-

**પાપ ખપાવવાને માટે ઈરિયાવહિય પ્રતિક્રમણનો, વંદણ-વત્તિયા વગેરે છ નિમિત્તોનો, અને શાસનદેવના સ્મરણ માટેનો કાઉસ્સગ્ગ કરવો એમ આઠ નિમિત્તો છે. ૫૩.**

**વિશેષાર્થ :-** ચૈત્યવંદના કરતાં પહેલાં **ઈરિયાવહિયા** પ્રતિક્રમવાના હોય છે, અને એક લોગસ્સનો કાયોત્સર્ગ કરવાનો હોય છે. તે ચૈત્યવંદના કરતાં પહેલાંની મન, વચન, કાયની શુદ્ધિ કરવાની હોય છે. એકંદર **પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ** પાપ કર્મોના નાશ માટે એ કાયોત્સર્ગ થાય છે, તથા **વંદણ વત્તિઆએથી નિરુવસગ્ગવત્તિઆએ** સુધીના ૬ (છ) નિમિત્તોથી તેની પછીનો કાયોત્સર્ગ થાય છે, એટલે કે દ્રવ્યપૂજાથી મળતું ફળ કાયોત્સર્ગાદિક અભ્યંતર તપથી પણ મેળવી શકાય છે. તેવી જ રીતે કેટલીક વખતે અભ્યંતર તપથી મેળવાતું ફળ બાહ્ય તપથી કે દ્રવ્યચારિત્રથી પણ મેળવી શકાય છે. માત્ર ગૌણ-મુખ્ય ભાવ હોય છે. દ્રવ્યઃ ભાવ સહિત આદરણીય છે. અને ભાવ દ્રવ્ય સહિત આદરણીય છે. અધ્યવસાયો અને મન, વચન, કાયાના યોગોની વિચિત્ર-વિચિત્ર યોજના તથા ત્રણ રત્નની આરાધનાને લગતી વિવિધ યોગ પ્રક્રિયાઓના સ્વરૂપની સમજથી આ વસ્તુ બરાબર સમજાય તેમ છે.

એટલે તે કાયોત્સર્ગથી પણ એ છ પ્રવૃત્તિનાં ફળ મળે છે. એ જ રીતે કાયોત્સર્ગના-ધ્યાન બળથી શાસન-દેવાદિક અધિષ્ઠાયકોમાં પણ જાગૃતિ આવી જાય છે તથા ઉત્સાહ આવે છે. કેમકે-માનસિક અને આત્મિક અનુષ્ઠાનો વધારે બલવાન્ હોય છે.

સ્મરણ-સ્તુતિ-અને નમસ્કાર વડે મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિ-તે **વંદન.**

પુષ્પાદિક વડે પૂજા-તે **પૂજન.**

વસ્ત્રાદિક વડે આદર-તે **સત્કાર.**

મનની પ્રીતિ વડે વિનયોપચાર-તે **સન્માન.**

મરીને પણ જૈનધર્મની પ્રાપ્તિ થાય; તેવી તૈયારી-તે **બોધિલાભ.**

નિર્વાણપ્રાપ્તિ-તે **નિરુપસર્ગ.**

આ પ્રકારે તથાવિધ દ્રવ્યસામગ્રીના ત્યાગી મુનિ-મહારાજાઓને મુખ્યપણે ભાવપૂજા હોવા છતાં કાયોત્સર્ગાદિ મારફત દ્રવ્યપૂજાના ફલની પ્રાપ્તિની ક્રિયા મુનિભાવથી વિરુદ્ધ નથી. તેમની પાસે દ્રવ્યો નથી, માટે તેઓ દ્રવ્યપૂજા ગૃહસ્થોની જેમ કરી શકતા નથી, તેમ કરવા જતાં તેમને અનેક પ્રકારે તેમના ત્યાગમાં અડચણ આવે. છતાં-શ્રી જિનાલયે જવું, વંદન, નમસ્કાર, સ્તુતિ, દ્રવ્યપૂજાનો ઉપદેશ, પ્રભુના સ્નાત્રાદિક મહોત્સવો, પ્રભુના વરઘોડા, પૂજા ભણાવવી, પ્રતિષ્ઠા વગેરેમાં વાસક્ષેપાદિકથી પૂજા વગેરે રૂપે દ્રવ્યપૂજા ઘણી રીતે ગોઠવાયેલી છે. માત્ર પ્રકાર ભેદ છે. જો એકલી ભાવપૂજા જ મુનિઓને પૂજા હોત તો ઉપાશ્રયમાં બેઠા બેઠા ધ્યાનથી જ ભાવપૂજા કરવાની હોત, પરંતુ ઉપરના વિધાનોમાં ભાગ લેવાનું ન

હોત. જેમ ગુરુનો પણ ભાવથી તથા દ્રવ્યથી બન્ને ય પ્રકારે વિનય સચવાય છે. હાર્દિક (હૃદયની) ભક્તિથી ભાવ વિનય અને સેવા-ચાકરી, આહારાદિક લાવી આપવા વગેરે વૈયાવૃત્યથી દ્રવ્ય વિનય થાય છે. તે જ પ્રકારે તીર્થંકર પરમાત્માનો પણ દ્રવ્ય વિનય મુનિમહારાજાઓએ પણ પોતાની મર્યાદાને અનુસરીને કરવાનો શાસ્ત્ર સમ્મત જણાય છે. તેઓ દ્રવ્યપૂજાનો યે ઉપદેશ આપી શકે છે, તે માટે પ્રેરી શકે છે, તેમાં જોડી શકે છે, તેનું વિધાન કરી શકે છે, પૂજા પરત્વે (દ્રવ્યપૂજા પરત્વે) વિધિવિધાન સમજાવી શકે છે, માટે અનુમતિથી પણ દ્રવ્યપૂજા છે. દ્રવ્યપૂજાનાં ઉપકરણ દ્રવ્યો વિનાની દ્રવ્યપૂજા મુનિ-મહારાજાઓને પણ હોય છે, એમ સૂક્ષ્મદૃષ્ટિથી સમજવું. ઉચિત રીતે કરવાની હોય તે ન કરવામાં આવે તો તેનાં પ્રાયશ્ચિત્તો પણ લેવાનાં હોય છે. મુનિઓને પણ દેવ આત્મોત્કર્ષમાં પ્રબળ અને મુખ્ય નિમિત્ત હોય છે. દેવ વિના ધર્મ કે શાસન નથી. શાસનદેવાદિકને ઉત્સાહિત કરવાનું પણ કાયોત્સર્ગ કરવાનું ખાસ નિમિત્ત છે. દરેક ચૈત્યવંદના કરનારા એ પ્રમાણે જાગૃતિ રાખ્યા કરે, તો સંઘનું હિત થાય, સંઘનું બળ વધે, અને દરેક વ્યક્તિએ પણ શાસન તરફની ભક્તિ સાથે સાથે વ્યક્ત કરી ગણાય. એટલે દેવનું સ્મરણ અને જૈનશાસનની આરાધના એમ બન્ને ય થાય ૫૩.

## ૧૮. કાયોત્સર્ગ કરવાનાં બાર કારણો-સાધનો છે :

**चउ "तस्स उत्तरीकरण"-पमुह "सद्धा-ऽऽइया" य पण हेउ।**
**"वेयावच्चगरत्ता-ऽऽइ" तिन्नि इअ हेउ-बारसगं ॥५४॥**

[ **अन्वय** :-"तस्स उत्तरीकरण"-प्रमुह चउ, "सद्धाइ" याय पण, "वेयावच्चगर" त्ताइ तिन्नि, हेऊ इय हेउ-बारसगं ॥५४॥ ]

**શબ્દાર્થ** :- **પમુહ**=વગેરે, **પણ**=પાંચ હેઊ=પ્રયોજનો, વેયાવચ્ચગરત્તાઽઽઈ = વેયાવચ્ચકરપણું વગેરે. ઈઅ=એ, એ પ્રમાણે. બારસગં=બારનો સમૂહ, હેઉ-બારસગં=બાર હેતુ ૫૪.

ગાથાર્થ :-

**"તસ્સ ઉત્તરીકરણ" વગેરે ચાર "શ્રદ્ધા" વગેરે પાંચ અને વેયાવચ્ચ કરવાપણું વગેરે ત્રણ એ પ્રમાણે બાર કારણો-સાધનો છે. ૫૪**

**વિશેષાર્થ** :- આઠ નિમિત્તોમાં કાયોત્સર્ગનાં આઠ પ્રયોજનો ઉદ્દેશો બતાવ્યા છે અને આ બાર હેતુઓમાં-બાર કારણો ગણાવે છે. કાર્ય કરવાનો ઉદ્દેશ તે પ્રયોજન જણાવે છે અને કાર્ય ઉત્પન્ન થવામાં મદદગાર સાધનો, તે હેતુ-કારણ વગેરે કહેવાય છે.

'ગાડીમાં બેસીને જલદી ફૂલ લેવા જાય છે "ફૂલ લેવા જલદી જવું" એ જવાનો ઉદ્દેશ છે અને "ગાડી" એ જવાનું સાધન-કારણ છે.

તે પ્રમાણે, **ઈરિયાવહિયા** પ્રતિક્રમણના કાઉસ્સગ્ગનો ઉદ્દેશ પાપ ખપાવવાનો છે પરંતુ તે કેવી સામગ્રી-સહિત ઇરિયાવહિયા પડિક્કમાય, તો પાપ ખપે ? એ મુદ્દો છે.

ઇરિયાવહિયં પછી મિચ્છામિ દુક્કડં દઈ આલોચન પ્રતિક્રમણ કર્યા બાદ-

૧. તેની ઉત્તર-પછીની ક્રિયા રૂપ-**કાઉસ્સગ્ગ પ્રાયશ્ચિત** કરવા વડેઃ-(૭૦ પ્રાયશ્ચિત્તમાં કાયોત્સર્ગ પ્રાયશ્ચિત પ્રતિક્રમણ પ્રાયશ્ચિતની પછી, એટલે ઉત્તર ક્રિયામાં છે, માટે) કાયોત્સર્ગ એ પ્રતિક્રમણની ઉત્તરક્રિયા છે.

૨. એ ઉત્તરક્રિયા પણ એમ ને એમ કરવાની નથી, પરંતુ પ્રાયશ્ચિત-પાપની શુદ્ધિ માટે કરવાની છે, માટે પ્રાયશ્ચિત કરવાની ભાવના હોવી જોઈએ.

૩. પ્રાયશ્ચિત કરવાનો હેતુ આત્મ-વિશુદ્ધિનો છે; જો વિશુદ્ધિ ન થાય, તો પ્રાયશ્ચિત્ત કરવાથી શું ?

૪. અને વિશુદ્ધિ પણ માયા, મિથ્યાત્વ અને નિદાનઃ એ ત્રણ શલ્ય રહિત આત્માને કરવા માટે છે. જો એ ત્રણ ન જાય, તો વિશુદ્ધિ શી ?

આ ચાર હેતુઓ તથા વંદનાદિક ફલ મેળવવાના ઉદ્દેશથી કાયોત્સર્ગ કરવામાં આવે, પરંતુ તે કાયોત્સર્ગ યથાયોગ્ય સાધન-સામગ્રી વિના કરવામાં આવે, તો તે ઉદ્દેશની સિદ્ધિ શી રીતે કરી આપી શકે ? માટે તે શ્રદ્ધા વગેરે પાંચ સાધનો સાથે કરવો જોઇએ.

૫. શ્રદ્ધા-બીજાની પ્રેરણા વિના વધતી જતી સમ્યગ્-દર્શનની શુદ્ધિ વડે.

૬. અને તે વડે વધતી જતી મેધા, એટલે કેવળ દેખાદેખી કે જડતા વિના હેયોપાદેય બુદ્ધિ અથવા જિનાજ્ઞા પ્રમાણેની મર્યાદાપૂર્વકની બુદ્ધિ વડે.

૭. અને તે બુદ્ધિ વડે વધતી જતી ધૃતિ-ધીરજ-રાગાદિકથી આકુલ વ્યાકુલ થયા વિના મનની એકાગ્રતા સાથેની પ્રીતિપૂર્વકની ધીરજ વડે.

૮. અને તે ધીરજ વડે વધતી જતી ધારણા-એટલે શૂન્ય મનથી નહિ, પરંતુ અરિહંતાદિકના ગુણોના સ્મરણપૂર્વકની ધારણા વડે.

૯. અને તે ધારણા વડે વધતી જતી અનુપ્રેક્ષા- "જયાં ત્યાં કાંઈ પણ કામ કરી છૂટવું" એવી ઉપેક્ષા બુદ્ધિથી નહિ, પરંતુ અર્થ અને પરમાર્થના અનુચિંતનપૂર્વક-

કરવામાં આવેલ કાયોત્સર્ગ વંદનાદિક ઉદ્દેશો સિદ્ધ કરી શકશે.

અને શાસનદેવાદિકનો કાયોત્સર્ગ કરવાનો ઉદ્દેશ સ્મરણાદિકથી તેમને ઉત્સાહિત કરવાનો છે, પરંતુ-

૧૦ વૈયાવૃત્ય કરનાર હોય, ૧૧. શાંતિ કરનાર હોય, અને

૧૨ સમ્યગ્દષ્ટિને સમાધિ કરનારા હોય તેનું સ્મરણ કરવાનું છે, અર્થાત્ તેઓમાં વૈયાવૃત્યકરત્વ, શાંતિકરત્વ અને સમાધિકરત્વ રૂપ કારણો હોય તો આ કાયોત્સર્ગ થઈ શકે છે, અને તેવા દેવાદિકથી જ કાયોત્સર્ગનો ઉદ્દેશ સિદ્ધ થાય છે. ૫૪

## ૧૯. બાર અથવા સોળ આગારો

**अन्नत्थ-आइ बारस, आगारा, एवमाइया चउरो ।**
**अगणी पणिंदि-छिंदण-बोही-खोभा-ऽऽइ डक्को अ ॥५५॥**

[ **अन्वय** :-अन्नत्थआइ बारस, एवमाइया चउरो आगारा । अगणी-पणिंदि-छिंदण-बोही खोभा-ऽऽई डक्को य ॥५५॥ ]

**શબ્દાર્થ :- અન્નત્થ**=અન્યત્ર અન્નત્થ સૂત્રના પહેલા પદ સાથે સંબંધ ધરાવતા. **આઈ**=વગેરે. **અન્નત્થઆઈ**=અન્નત્થ પછીથી વગેરે. **બારસ**=બાર. **આગારા**=આગારો. **એવમાઈ**=એવંથી માંડીને. **ચઉરો**=ચાર **અગણી**=અગ્નિ. **પણિંદિ**=પંચેન્દ્રિય, **છિંદણ**=છેદન તથા આડ, **પણિંદિ-છિંદણ**=પંચેન્દ્રિયની આડ અથવા પંચેન્દ્રિયનું છેદન. **બોહીખોભાઈ**=સમ્યક્ત્વનો ક્ષોભ, હાનિ. **ડક્કો**=ડંખ. ૫૫

**ગાથાર્થ :-**

**અન્નત્થ ઈત્યાદિ બાર અને અગ્નિ, પંચેન્દ્રિય છેદન, બોધિક્ષોભ અને ડંખ, એવમાઈ અહીંથી આ ચાર; એમ સોળ આગારો છે. ॥૫૫॥**

**વિશેષાર્થ :- અન્નત્થ-ઉસસિએણંથી** પ્રારંભીને દિટ્ઠીસંચાલેહિં સુધીના બાર આગાર તે આ પ્રમાણે-

| | | |
|---|---|---|
| (૧) શ્વાસ લેવો. | (૬) ઓડકાર (ઊર્ધ્વવાયુ) | (૯) વમન |
| (૨) શ્વાસ મૂકવો. | (૭) અધોવાયુ (વાછુટ) | (૧૦) સૂક્ષ્મ કાયકંપ |
| (૩) ખાંસી | (૮) ભમરી (ચકરી) | (૧૧) સૂક્ષ્મ શ્લેષ્મસંચાર |
| (૪) છીંક | | (૧૨) સૂક્ષ્મ દૃષ્ટિસંચાર |
| (૫) બગાસું | | |

આ બાર આગાર એટલે કાઉસ્સગ્ગમાં રખાયેલ અપવાદ રૂપ છૂટોથી કાઉસ્સગ્ગનો ભંગ ન થાય. જો એ આગાર રાખ્યા (રખાયા) ન હોય અને કાઉસ્સગ્ગ કરવામાં આવે, તો કુદરતી રીતે થતી એ બાર ક્રિયાઓથી સર્વથા નિષ્ક્રિયપણે કરવાના કાઉસ્સગ્ગનો ભંગ જ ગણાય. આ બાર આગાર તો એક સ્થાને ઊભા રહેવા આશ્રયીને છે, પરંતુ કાઉસ્સગ્ગના નિયત સ્થાનથી ખસીને

બીજે સ્થાને જવા છતાં પણ કાઉસ્સગ્ગ અખંડ ગણાય, તેવા પણ ચાર આગાર મુખ્ય છે, તે આ પ્રમાણે-

૧ વીજળી, દીપક વગેરે અગ્નિનો પ્રકાશ શરીર ઉપર પડવાથી પ્રકાશરૂપે અગ્નિના જીવોનો શરીરના સ્પર્શાદિથી નાશ થાય છે, તેથી તે નાશ અટકાવવાને ચાલુ કાઉસ્સગ્ગમાં વસ્ત્ર ઓઢવું પડે, અથવા તો ખસીને અપ્રકાશસ્થાને જવું પડે, તો તેથી, તથા અગ્નિ લાગવાનો ઉપદ્રવ જણાયાથી બીજે સ્થાને જવું પડે તો તેથી કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

૨ સ્થાપના અને પોતાની વચ્ચે ઉંદર વગેરે પંચેન્દ્રિયો સોંસરા આડા ઉતરતા હોય, તો તે છિંદનનું એટલે આડનું નિવારણ કરવા માટે ખસીને અન્ય સ્થાને જતાં કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

૩ અથવા પંચેન્દ્રિય જીવનો કોઈ ઘાત કરતું હોય, અને ખસીને બીજે જ્યારે જવું પડે, તે પણિંદિછિંદણ આગાર ગણાય છે.

बौधिक એટલે ચોર તથા खोभाइમાં કહેલા आई શબ્દથી રાજા વગેરેથી ક્ષોભ એટલે સંભ્રમ-ભય-ઉપદ્રવ, તથા ભીંત વગેરે પડવાનો ભય ઉત્પન્ન થાય તો ત્યાંથી ખસીને બીજે સ્થાને જવા, નાસવા વગેરેના કારણથી અપૂર્ણ કાઉસ્સગ્ગ પારતાં પણ કાઉસ્સગ્ગનો ભંગ ન ગણાય. તે बोधिक्षोभादि આગાર જાણવો. એટલે સમ્યક્ત્વને હરકત આવે તેવે પ્રસંગે બીજે સ્થળે જવું પડે તે પણ બોધિક્ષોભ આગાર જાણવો.

૪ પોતાને અથવા પરને (સાધુ વગેરેને) दीह=दीर्घ એટલે સર્પાદિએ डक्को=ડંશ દીધો હોય કે કરડવાનો સંભવ હોય તો કાઉસ્સગ્ગ પૂર્ણ થયા વિના પારે, તો પણ કાઉસ્સગ્ગ ભંગ ન ગણાય, તે दीर्घडंक આગાર જાણવો. ૫૫

## ૨૦. કાયોત્સર્ગના ૧૯ દોષો

**घोडग-लय-खंभाई, मालुद्धी निअल सबरिखलिण-वहू ।**
**लंबुत्तर-थण-संजइ, भमुहंगुलि-वायस कविट्ठो ॥५६॥**
**सिरकंप-मूअवारु-णि, पेहत्ति चइज्ज दोस उस्सग्गे ।**
**लंबुत्तर-थण-संजई न दोस समणीण, स-वहु सड्ढीणं ॥५७॥**

[ **अन्वय** :-घोडग लय खंभा-ऽऽइ, मालुद्धी निअल सबरि खलिण वहु ।
लंबुत्तर थण संजइ, भमुहंगुलि वायस कविट्ठो ॥५६॥
सिर-कंप मूअ वारुणि पेह-त्ति उस्सग्गे चइज्ज दोस ।
समणीण लंबुत्तर थण संजइ सड्ढीणं सवहु न दोस ॥५७॥ ]

**શબ્દાર્થ** :- **ઘોડગ**=ઘોડો. **લય**=લતા, વેલડી, **ખંભાઈ**=સ્તંભાદિક. **માલ**=માલ. **ઉદ્ધી**=ઉધ (ગાડાની) **નિઅલ**=નિગડ, હેડ. **સબરિ**=શબરી, ભીલડી. **ખલિણ**=ચોકઠું. **વહૂ**=વહુ, વધૂ. **લંબુત્તર**=લાંબું ઉત્તરીય, લાંબું ઓઢવાનું. **થણ**=સ્તન. **સંજઈ**=સંયતી, સાધ્વીજી. **ભમુહંગુલિ**=આંગળી હલાવવી, અથવા ભવાં અને આંગળીઓ હલાવવી. **ભમૂહ**=ભ્રમર, ભવાં. **અંગુલિ**=આંગળી. **વાયસ**=કાગડો. **કવિટ્ઠો**=કોઠાનું ફળ. **૫૬**

**સિરકંપ**=માથું હલાવવું. **મૂઅ**=મૂક, મુંગો. **વારુણિ**=દારૂ. **પેહ**=પ્રેક્ષ્ય, વાનરની માફક જોયા કરવું. **ત્તિ**=એ પ્રમાણે **ચઈજ્જ**=ત્યાગવા, છોડવા, પરિહરવા, લાગવા ન દેવા. **દોસ**=દોષો. **ઉસ્સગ્ગે**=કાઉસ્સગ્ગમાં. **સમણીણ**=સાધ્વીજીઓને. **સ-વહુ**=વધૂ સહિત. **સડ્ઢીણં**=શ્રાવિકાઓને. ૫૭.

**ગાથાર્થ :-**

**ઘોડો, વેલડી, થંભાદિક, માલ, ઉદ્ધ, હેડ, ભીલડી, ચોકઠું, વહુ, લાંબુ વસ્ત્ર, સ્તન, સાધ્વીજી, ભમતી આંગળીઓ, કાગડો, કોઠું. ૫૬.**

**માથું હલાવવું, મૂંગો, દારૂ, વાનર. આ દોષો કાયોત્સર્ગમાં તજવા જોઇએ. સાધ્વીજીને લંબુત્તર, સ્તન અને સંયતી અને શ્રાવિકાને વધૂ સહિત એ દોષો ન હોય. ૫૭.**

**વિશેષાર્થ :-**

૧. **ઘોડો-ઘોડાની પેઠે પગ વાંકો કે ઊંચો રાખવો.**
૨. **લતા-વેલડીની માફક શરીર કંપાવવું.**
૩. **થંભાઈ-થાંભલા, ભીંત વગેરેને ટેકો દેવો.**
૪. **માલ-માળ કે મેડીને માથું લગાડવું.**
૫. **ઉદ્ધિ-ગાડાની ઉધ માફક બે પગ ભેગા કરીને ઊભા રહેવું.**
૬. **નિગડ-હેડમાં પગ ઘાલ્યા હોય તેમ પહોળા પગ કરીને ઊભા રહેવું.**
૭. **શબરી-ભીલડીની માફક બે હાથ ગુહ્ય અંગની આગળ રાખીને ઊભા રહેવું.**
૮. **ખલિન-લગામ, ઘોડાની લગામની માફક ઓઘો કે ચરવળો પકડવો અથવા દાંડી પાછળ અને ગુચ્છો આગળ રાખીને ઊભા રહેવું.**
૯. **વધૂ-વહુની માફક માથું નીચું રાખીને કાઉસ્સગ્ગ કરવો.**
૧૦. **લંબુત્તર-ધોતિયું કે ચોલપટ્ટો નાભિથી ચાર આગળ નીચે અને જાનુથી ચાર આંગળ ઉપર રાખવાને બદલે લાંબો રાખે.**
૧૧. **થણ-સ્ત્રીની માફક છાતી ઉપર કપડું ઓઢી કાઉસ્સગ્ગ કરવો.**
૧૨. **સંયતિ-સાધ્વીજીની માફક મસ્તક વિના આખું યે શરીર ઢાંકીને કાઉસ્સગ્ગ કરવો.**
૧૩. **ભ્રમિતાંગુલી-નવકારાદિક ગણવા આંગળી કે નેત્રનાં ભવાં આમતેમ ફેરવવાં.**
૧૪. **કાગડો-કાગડાની માફક આમતેમ જોવું.**

૧૫. કોઠું-કપડું વગેરે મેલું થવાના ભયથી કે (પ્ર. વ. સારો૦ પ્રમાણે) ષટ્પદિકા વગેરેના ભયથી ધોતિયાની પાટલીનો કોઠાના ફળની માફક ગોળ ડુચો કરી બે પગ વચ્ચે દબાવવો.

૧૬. **શિરકંપ**-માથું હલાવ્યા કરવું.

૧૭. **મૂંગો**-મૂંગાની માફક, હું હું, કર્યા કરવું.

૧૮. **વારુણી**-મદિરા-દારૂ પાકે ત્યારે તેમાં 'બુડ બુડ' શબ્દ થાય, તેની માફક કાઉસ્સગ્ગ કરતાં બડબડાટ કરવો.

૧૯. **પ્રેક્ષા**-વાનર-વાંદરાની જેમ ઊંચે-નીચે થઈ ડોકું ખેંચી જોયા કરવું.

**ધર્મરત્ન પ્રકરણમાં** ભીંતને ટેકો દેવાનો દોષ જુદો ગણાવ્યો છે, અને **ચૈત્યવંદન મહાભાષ્ય**માં **ભમૂહ** એટલે ભવાં અને **અંગુલિ**, એટલે આંગળ, એ બે દોષ જુદા ગણાવ્યા છે, એટલે ૨૦ અથવા ૨૧ પણ દોષો થાય છે.

**લંબુત્તર, સ્તન અને સંયતી એ ત્રણ દોષ સાધ્વીને ન લાગે, કેમકે તેમનું સર્વાંગ ઢાંકેલું હોવું જોઈએ. માત્ર પ્રતિક્રમણાદિ ક્રિયા વખતે મસ્તક ખુલ્લું રાખવું જોઈએ.**

**અને ઉપરના ત્રણ દોષો અને વધુ દોષ સહિત કુલ ચાર દોષો શ્રાવિકાને ન લાગે, કારણ કે શ્રાવિકાએ મસ્તક પણ ઢાંકેલું રાખવાનું છે, અને દૃષ્ટિ નીચી રાખવાની આજ્ઞા છે, કેમકે-લજ્જા સ્ત્રીનું ભૂષણ છે, અને તે જળવાવી જોઈએ.**

ઉપરના દોષો ટાળીને કાયોત્સર્ગ કેમ કરવો તે જાણી લેવું જોઈએ. ચાર આંગળ આગળ અને ચાર આંગળથી કાંઈક ઓછું પાછળ, બે પગ વચ્ચે અંતર રાખીને, દૃષ્ટિ નાસિકા ઉપર સ્થાપીને, બે હાથ છૂટા રાખીને, દાંતને, દાંત ન અડકે તેમ, બે હોઠના પુટ પરસ્પર સ્પર્શ કરે તેમ અડકાડીને, માનસિક જાપથી નવકારાદિક ગણીને શુદ્ધ અને શાંત ચિત્તે કંપ્યા વિના, આમતેમ જોયા વિના; આગારમાં છુટ હોય. તે સિવાયની કાંઈ પણ ક્રિયા થવા દીધા વિના તદ્દન મૌન અને ધ્યાનસ્થ રહીને પરમ વિશુદ્ધ ભાવથી કાયોત્સર્ગ કરવાનો હોય છે. ૫૭.

## ૨૧. કાઉસ્સગ્ગના વખતનું માપ. ૨૨. સ્તવન

**इरि-उस्सग्ग-पमाणं, पण-वीसुस्सास अट्ठ सेसेसु ।**
**गंभीर-महुर-सद्दं, महत्थ-जुत्तं हवइ थुत्तं ॥५८॥**

[ अन्वय :- इरि-उस्सग्ग-पमाणं,-पणवीसुस्सास, सेसेसु अट्ठ ।
गंभीर-महुर-सद्दं, महत्थ-जुत्तं-थुत्तं-हवइ ॥५८॥ ]

**શબ્દાર્થ :-** **ઈરિ**=ઈરિયાવહિયંના. **ઉસ્સગ્ગ**=કાઉસ્સગ્ગનું. **પ્રમાણં**=પ્રમાણ. **ઈરિ-ઉસ્સગ્ગ-પમાણં**=ઈરિયાવહિયંના કાયોત્સર્ગનું પ્રમાણ **પણવીસ**=પચીસ. **ઉસ્સાસ**=શ્વાસોચ્છ્‌વાસ. **પણ-વીસુસ્સાસ**=પચ્ચીશ શ્વાસોચ્છ્‌વાસ. **સેસેસુ**=બાકીના કાઉસ્સગ્ગોનું (પ્રમાણ) **અટ્ઠ**=આઠ. **મહુર**=મધુર. **સદ્દં**=શબ્દ. **મહુરસદ્દં**=મધુર ધ્વનિવાળું. **મહત્થ**=મહા ગંભીર અર્થ. **જુત્તં**=યુક્ત. **મહડત્થ-જુત્તં**=મહાન્ અર્થ યુક્ત. **થુત્તં**=સ્તવન. ૫૮.

**ગાથાર્થ :-**

**ઈરિયાવહિયંના કાઉસ્સગ્ગનું પ્રમાણ પચ્ચીસ શ્વાસોચ્છ્‌વાસ અને બાકીનાનું આઠ છે.**

**ગંભીર અને મધુર શબ્દોવાળું તેમજ મહા=વિશાળ અર્થવાળું સ્તવન હોવું જોઈએ. ૫૮.**

**ભાવાર્થ :-** ચૈત્યવંદનમાં ઈરિયાવહિયંના કાઉસ્સગ્ગનું પ્રમાણ ૨૫ શ્વાસોચ્છ્‌વાસના વખત જેટલું છે, કારણ કે, એ કાઉસ્સગ્ગ "ચંદેસુ નિમ્મલયરા" સુધીનો હોવાથી ૨૫ ચરણપાદ જેટલો છે. पायसमा उस्सासाએ એ વચનથી ૧ ઉચ્છ્‌વાસનું પ્રમાણ તે ૧ પાદના ઉચ્ચાર કાળ જેટલું ગણાય છે માટે અહીં ઉચ્છ્‌વાસ એટલે પાદનો ઉચ્ચાર કાળ જાણવો. પરંતુ નાસિકા દ્વારા જે શ્વાસોચ્છ્‌વાસ લેવાય છે, તે પ્રમાણ અહીં ગણવાનું નથી, તથા બાકીના **અરિહંત ચે૦**ના ૩ કાયોત્સર્ગ અને **વેયાવચ્ચગ૦** નો ૧ કાઉસ્સગ્ગ એ ૪ કાઉસ્સગ્ગ ૧-૧ નવકારના થાય છે, ત્યાં એક નવકારની ૮ સંપદા છે, અને તે એકેક સંપદા તે એકેક પાદતુલ્ય (એકેક શ્વાસોચ્છવાસ પ્રમાણની) ગણાય છે. માટે તે ચાર કાઉસ્સગ્ગ ૮-૮ શ્વાસોચ્છવાસ પ્રમાણના (એટલે ૮ પાદોચ્ચાર કાળ પ્રમાણના) જાણવા.

તથા **જાવંતિ ચે૦** અને **જાવંત કેવિ સાહૂ** પછી જે સ્તવન કહેવામાં આવે છે, તે મેઘ સરખા ગંભીર અને મધુર ધ્વનિપૂર્વક કહેવું, અને તે પણ મહાન અર્થવાળું (એટલે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ઉત્પન્ન કરે-એવું, તેમજ થોડા અક્ષરોમાંથી પણ ઘણો અર્થ નીકળે એવું) વિશેષતઃ પૂર્વાચાર્ય રચિત કહેવું. પુનઃ આ સ્તવન ભિન્ન ભિન્ન આચાર્યોનાં અથવા મુનિમહાત્માઓનાં બનાવેલાં કહેવાય છે, માટે અમુક સ્તવન જ કહેવાય એવું સ્તવનનું નિયતપણું ન હોવાથી ચૈત્યવંદન ભાષ્યાદિમાં સૂત્રો સાથે ગણત્રીમાં ગણ્યું નથી.

સ્તવન વ્યક્તિગત ભાવનાને બહાર લાવવાનું સાધન છે અને જિનમંદિરમાં દર્શન-પૂજા વગેરે માટે શાસ્ત્રોક્ત વખતે ન બને તો પણ પોતાની અનુકુલતાએ

જ્યારે, આવે ત્યારે આવનાર પોતાના હૃદયોદ્ગાર પ્રગટ કરી શકે તેવી સર્વ ભક્તિને આ જૈનોના જાહેર ભક્તિસ્થાનમાં અવકાશ રહેવો જ જોઇએ, માટે સ્તવનાદિક મનમાં કહેવાની સૂચનાનાં કેટલેક સ્થળે પાટીઆં હોય છે, તે શાસનની નીતિ અનુસાર નથી.

## ૨૩. સાત ચૈત્યવંદનો.

**पडिक्कमणे चेइय-जिमण-चरम-पडिक्कमण-सुअण-पडिबोहे।**
**चिइ-वंदण इय जइणो सत्त उ वेला अहोरत्ते ॥५९॥**

[ **अन्वय** :- जइणो अहोरत्ते पडिक्कमणे चेइय, जिमण चरम पडिक्कमण।
सुअण पडिबोहे इय सत्त उ वेला चिइ-वंदण ॥५९॥ ]

**શબ્દાર્થ** :- **પડિક્કમણે**=પ્રતિક્રમણમાં. **ચેઈય**=ચૈત્યમાં, પ્રભુના દર્શન વખતે. **જિમણ**=ભોજન-ગોચરી વખતે. **ચરમ**=સાંજે દિવસ ચરિમના પચ્ચક્ખાણ વખતે. **સુઅણ**=સુતી વખતે. **પડિબોહે**=જાગૃત થયે (પ્રભાતે). **ઈય**=એ પ્રમાણે. **જઈણો**=યતિને, મુનિને. **અહોરત્તે**=અહોરાત્રિમાં, રાત અને દિવસમાં. ૫૯.

**ગાથાર્થ** :-

**મુનિઓને રાત અને દિવસમાં, પ્રતિક્રમણ, દર્શન, ગોચરી, સાંજે, પ્રતિક્રમણ વખતે તથા સુવાને અને જાગવાને વખતે એમ સાત ચૈત્યવંદન કરવાનાં હોય છે. ॥૫૯॥**

**વિશેષાર્થ** :- પ્રભાતના પ્રતિક્રમણમાં **વિશાલલોચનનું**, ચૈત્યમાં-દેહરામાં પ્રભુ-દર્શન કરતી વખતે, જમણ-ગોચરી કરતી વખતે આહાર કર્યા પહેલાં, સાંજે પચ્ચક્ખાણ કરતી વખતે, સંધ્યાના પ્રતિક્રમણમાં **નમોઽસ્તુ વર્ધમાનાયનું**, સૂતા પહેલાં સંથારા પોરિસિ ભણાવતી વખતે **ચઉક્કસાયનું**, છેવટે જાગૃત થઈને **કુસુમિણ દુસુમિણ**નો કાઉસ્સગ્ગ કર્યા બાદ **જગચિંતામણિનું**, એ પ્રમાણે યતિએ એક અહોરાત્રમાં ૭ (સાત) વાર ચૈત્યવંદન તો અવશ્ય કરવાં, અને અષ્ટમી આદિ પર્વતિથિઓમાં તો સર્વ ચૈત્યવંદનાર્થે સાતથી અધિક (ઘણી) વાર પણ ચૈત્યવંદન કરવાં.

કહ્યું છે કેઃ-

अठ्ठमि चउद्दसीए सव्वाइं चेइयाइं सव्वेहिं साहुहिं वंदेयव्वाइं ઈતિ વચનાત્
'આઠમ ચૌદશે સર્વ મુનિઓએ સર્વે ચૈત્યો વાંદવા.

આ સાત ચૈત્યવંદનો ભિન્ન ભિન્ન વિધિએ થાય છે, તે વિધિઓ ચાલુ પ્રણાલિકા પ્રમાણે ગુરૂગમથી જાણવી. ૫૯

## શ્રાવકોએ કરવાનાં ચૈત્યવંદનો.

**पडिकमणो गिहिणोविहु सग-वेला पंच-वेल इयरस्स ।**
**पूआसु ति-संझासु अ होइ ति-वेला जहन्नेणं ॥६०॥**

[ **अन्वय :-** पडिकमओ गिहिणोवि हु सगवेला,
इयरस्स पंचवेल, जहन्नेणं तिसंझासु पूआसु तिवेला होई ॥६०॥ ]

**શબ્દાર્થ :- પડિકમઓ**=પ્રતિક્રમણ કરનારને. **ગિહિણો**=ગૃહસ્થને. **વિહુ**=પણ નિશ્ચયથી, **સગ**=સાત. **વેલા**=વખત, **સગ-વેલા**=સાત વખત. **પંચવેલ**=પાંચ વખત. **ઈયરસ્સ**=ઇતર ગૃહસ્થને, (પ્રતિક્રમણ નહિ કરનાર શ્રાવકને.) **પૂઆસુ**=પૂજામાં, **તિ-સંઝાસુ**=ત્રણ સંધ્યાની. **તિ-વેલા**=ત્રણ વખત, **જહન્નેણં**=જઘન્યથી. ૬૦

ગાથાર્થ :-

**પ્રતિક્રમણ કરનાર ગૃહસ્થે પણ સાત અથવા પાંચ વાર અને પ્રતિક્રમણ નહિ કરનાર ગૃહસ્થે પ્રતિદિન ત્રણ સંધ્યાકાળની પૂજાઓમાં જઘન્યથી ત્રણ વાર ચૈત્યવંદના કરવી. ॥૬૦॥**

**વિશેષાર્થ :-** પ્રભાતના પ્રતિક્રમણમાં ૨ (જાગવાનું અને પડિક્કમણાનું), ત્રણ સંધ્યાનાં દેવવંદનનાં ૩, સાંજે પ્રતિક્રમણનું ૧, અને ૧ સૂતી વખતે મુનિ પાસે સંથારાપોરિસી સાંભળ્યાનું, એમ સાત વાર ચૈત્યવંદન બે વાર પ્રતિક્રમણ કરનાર છૂટા શ્રાવકને હોય છે.

એકવાર પ્રતિક્રમણ કરનારને પ્રભાતમાં જાગવા સમયનું અથવા તો રાત્રે સૂતી વખતનું ચૈત્યવંદન ન કરે, તો ૬ ચૈત્યવંદન હોય છે. પરંતુ જાગવાના સમયનું ચૈત્યવંદન પ્રભાતના પ્રતિક્રમણમાં જોડી દીધેલું હોવાથી, પ્રાતઃ પ્રતિક્રમણ નહિ કરનારને એટલે ૧ સંધ્યા પ્રતિક્રમણ કરનારની અપેક્ષાએ પ્રભાતનાં ૨ ચૈત્યવંદન, જે પ્રાતઃ પ્રતિક્રમણાન્તર્ગત છે, તે ન હોવાથી ગાથામાં ૫ ચૈત્યવંદન, કહેલાં સંભવે છે. અન્યથા એક પ્રતિક્રમણ કરનારને ૬ ચૈત્યવંદન હોય છે. "एकावश्यककरणे तु षट्, स्वापादिसमये तदकरणे पञ्चादयोऽपि"-ઇતિ **ધર્મસંગ્રહવૃત્તિઃ**

"પૌષધમાં ન હોય તેવા શ્રાવકે સંથારા પોરિસી જાતે ન ભણાવતાં, ગુરુ મહારાજ કે પોસાતી ભણાવે, તે સાંભળવી." એવો વિધિ છે. ૬૦

## ૨૪. દશ મુખ્ય આશાતનાઓ.

**तंबोल पाण भोयणुवाणह मेहुन्न सुअण निट्ठवणं ।**
**मुत्तु-च्चारं जूअं, वज्जे जिण-नाह-जगईए ॥६१॥**

[ अन्वय :- जिण-नाह-जगइए, तंबोल-पाण-भोयण
उवाणह मेहुन्न सुअण निट्ठवणं मुत्तुच्चारं जूअं वज्जे ॥६१॥ ]

**શબ્દાર્થ :- તંબોલ**=પાનસોપારી. **પાણ**=પાન, પાણી, પેય, પીવાની ચીજ. **ભોયણ**=ભોજન, કાંઈ ખાવાની ચીજ. **ઉવાણહ**=ઉપાનહ, પગરખાં. **મેહુન્ન**=મૈથુન. **સુઅણ**=સૂવું. **નિટ્ઠવણં**=નિષ્ઠીવન, થુંકવું વગેરે. **મુત્ત**=પેશાબ, **ઉચ્ચાર**=વડી નીતિ, ઝાડે જવું. **જૂઅં**=જૂગાર રમવો. **વજ્જે**=વર્જવું. **જિણનાહ**=જિનનાથની. **જગઈએ**=જગતીમા, કોટમાં. ૬૧

**ગાથાર્થ :-**

**શ્રી જિનેશ્વર ભગવંતના મંદિરના કિલ્લામાં તંબોલ, (પાન સોપારી) પીવાનું, ખાવાનું, પગમાં પગરખાં પહેરવાનું, મૈથુન, સુવું, થુંકવું, પેશાબ, ઝાડો અને જૂગાર આ વર્જ્ય છે અર્થાત્ ન કરવાં. ॥૬૧॥**

**વિશેષાર્થ :-** આ દશ આશાતના મુખ્યતઃ જઘન્યથી કહી મધ્યમ આશાતના ૪૨ છે. ઉત્કૃષ્ટથી સર્વ આશાતના ૮૪ છે. તેનું સ્વરૂપ અન્ય ગ્રંથથી જાણવું. आ+शातना, જે અવિનયવાળા આચરણથી વિનયમર્યાદાની ખંડના થાય, તેવા અવિનયી આચરણનું નામ આશાતના છે, જગતીની વ્યાખ્યા શિલ્પશાસ્ત્રને આધારે જાણવી. ૬૧

## દેવવંદન વિધિ

### इरि-नमुकार-नमुत्थुण-रिहंत-थुइ-लोग-सव्व-थुइ-पुक्ख ।
### थुइ-सिद्धा-वेया-थुइ-नमुत्थु-जावंति-थय-जयवी ॥६२॥

[ अन्वय :- इरि-नमुकार-नमुत्थुण-रिहंत-थुइ-लोग-सव्व-थुइ पुक्ख ।
थुइ-सिद्धा-वेया-थुइ-नमुत्थु-जावंति-थय-जयवी ॥६२॥ ]

**ગાથાર્થ :-**

**ઈરિયાવહિયં-નમસ્કાર-નમુત્થુણં-અરિહંત ચે૦-થોય-લોગસ્સ-સવ્વલોએ-થોય-પુક્ખરવરદી-થોય-સિદ્ધાણં-વેયાવચ્ચગરાણં-થોય-નમુત્થુણં-જાવંતિ બે, સ્તવન-અને જયવીયરાય. ॥૬૨॥**

**વિશેષાર્થ :- ઈરિયાવહિયં** એટલે એક ખમાસમણ દઈ, આદેશપૂર્વક **ઈરિયાવહિયં, તસ્સ ઉત્તરી, અન્નત્થ૦** કહી એક લોગસ્સનો ૨૫ ઉચ્છ્વાસ પ્રમાણ, **ચંદેસુ નિમ્મલયરા** સુધી કાઉસ્સગ્ગ કરી, પારી પ્રગટ **લોગસ્સ** કહેવો તે **ઈરિયાવહિયં** કહેવાય.

પછી, ત્રણ **ખમાસમણ** દઈ **ચૈત્યવંદન**નો આદેશ માગી, નમુક્કાર એટલે જઘન્યથી ત્રણ ગાથાવાળું અને ઉત્કૃષ્ટથી એકસો આઠ ગાથાવાળું દેશી ભાષાનું: સંસ્કૃત કે પ્રાકૃતઃ ભાષાનું જે ચૈત્યવંદન કરવામાં આવે છે તે ત્રણ કે એકસો આઠ નમસ્કાર કહેવાય છે, અને પછી જંકિંચિ સૂત્ર પણ કહેવું, તે ચૈત્યવંદનાન્તર્ગત સર્વ સામાન્ય ચૈત્યવંદના છે. પરંપરાથી બોલાય છે. ભાષ્યત્રયમાં તે નથી.

પછી ત્રણ વાર ભૂમિને મસ્તક વડે સ્પર્શ કરીને નમુત્થુણં કહેવું, પછી **અરિહંત ચે૦ અન્નત્થ** કહી ૮ ઉચ્છ્વાસ પ્રમાણ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

પછી એક **નવકારનો કાઉસ્સગ્ગ** કરી-પારી અધિકૃત એક ચૈત્ય યા જિન સંબંધી થોય કહેવી.

સમુદાયમાં વડીલે જેને આદેશ આપેલ હોય, તે એક જણ થોય કહે, અને બીજા સાંભળે, તેમાં પુરુષની કહેલી થોય ચતુર્વિધ સંઘને સાંભળવી કલ્પે, અને સ્ત્રીએ કહેલી થોય સાધ્વી અને શ્રાવિકા એ બેને જ કલ્પે (એ રીતે દેવવંદના પણ જાણવી.)-**સંઘાચાર ગાથા ૫૦૦ મી.**

પછી લોગસ્સ૦ સંપૂર્ણ કહી, **સવ્વલોએ, અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦** ઈત્યાદિ પદોથી **અરિહંત ચેઈ૦** સૂત્ર સંપૂર્ણ અને અન્નત્થ૦ કહી એક **નવકારનો કાઉસ્સગ્ગ** પારી સર્વ જિન સંબંધી બીજી થોય, પછી **પુક્ખરવરદી સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ૦** ઈત્યાદિ, **અન્નત્થ,** એક **નવકારનો કાઉસ્સગ્ગ** કરી પારી સિદ્ધાન્તની વંદના સંબંધિ ત્રીજી થોય કહેવી.

પછી **સિદ્ધાણં૦** અને **વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦** કહી એક **નવકારનો કાઉસ્સગ્ગ** કરી, પારી શાસનદેવ-દેવીના સ્મરણ સંબંધિ ચોથી થોય કહેવી.

પછી **નમુત્થુણં૦ જાવંતિ ચે૦ ખમા૦ જાવંત કેવિ૦ નમોઽર્હત્૦** પૂર્વાચાર્ય રચિત ગંભીર અર્થવાળું સંસ્કૃત, પ્રાકૃત અથવા દેશી ભાષાત્મક સ્તવન-જઘન્યથી પણ પાંચ ગાથાવાળું કહેવું, પછી **જયવીયરાય** કહેવા. અહીં એક થોય જોડાથી જ ચૈત્યવંદન સમાપ્ત કરવું હોય તો જયવીયરાયની સંપૂર્ણ પાંચેય ગાથા કહેવી, અને જો ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું હોય, તો જયવીયરાયની પહેલી ૨ ગાથા કહેવી.

ગાથામાં કહેલ એ ૪ થોયવાળું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન ૯ ભેદને અનુસારે તો જઘન્યોત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું અને ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદન તો ૮ થોયથી પ્રણિધાનત્રિક સહિત થાય છે.

ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદન કરવાનું હોય, તો ઉપર કહેલો ૧૨મો અધિકાર સંપૂર્ણ થયા બાદ પુનઃ નમુ૦ કહી અરિહંત ચે૦ ઇત્યાદિ ૪ દંડકપૂર્વક પૂર્વોક્ત ક્રમ પ્રમાણે ચારે થોય (બીજીવાર) કહીને ત્યારબાદ એક નમુત્થુણં તથા બે જાવંતિ અને સ્તવન તથા જયવી૦ પૂર્ણ કહેવા. એ પ્રમાણે કરવાથી શાસ્ત્રોક્ત દ્વિગુણ ચૈત્યવંદના થાય છે, અને એ જ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ચૈત્યવંદના ગણાય છે, અને વર્તમાનમાં પણ એ દ્વિગુણ ચૈત્યવંદના કરવાનો વિધિ ઉત્કૃષ્ટ દેવવંદના તરીકે પ્રસિદ્ધ છે. પૌષધ વગેરેમાં આ રીતે દેવવંદન થાય છે આ ઉપરાંત જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચોમાસી, ચૈત્રી પૂનમ વગેરેના ઉત્કૃષ્ટ દેવવંદન થાય છે. ૬૨

## ઉપસંહાર, કર્તાનું નામ અને અન્ત્ય મંગળ:

**सव्वोवाहि-विसुद्धं एवं जो वंदए सया देवे ।**
**देविंद-विंद-महिअं परम-पयं पावइ लहुसो ॥६३॥**

[ अन्वय :- एवं जो सया देवे वंदए सो सव्वोवाहिविसुद्धं देविंद-विंदमहिअं परम-पयं लहु पावइ ॥६३॥ ]

શબ્દાર્થ :- સવ્વ=સર્વ. ઉવાહિ=ઉપાધિ, ધર્મચિંતા. **વિસુદ્ધં**=શુદ્ધ. **જો**=જે મનુષ્ય સયા=સદા, પ્રતિદિન. દેવિંદ=દેવના ઇંદ્ર, અથવા દેવેન્દ્રસૂરિ. વિંદ=સમૂહ. વિંદ=વિચાર, જ્ઞાનવાળું. **મહિઅં**=પૂજિત. **અહિ**=અધિ, અધિક. **અં**=કં=જ્ઞાનવાળું. **પરમ-પયં**=પરમપદ, મોક્ષ. **પાવઈ**=પામે. લહુ=લઘુ, શીઘ્ર. **સો**=તે મનુષ્ય. ૬૩

ગાથાર્થ :-

એ પ્રમાણે જે મનુષ્ય દેવને પ્રતિદિન વંદના કરે, તે મનુષ્ય દેવેન્દ્રોના સમૂહ વડે પૂજિત અને સર્વ ઉપાધિઓથી શુદ્ધ થયેલું મોક્ષપદ જલદી પામે. ૬૩.

**વિશેષાર્થ :- બીજો અર્થ :-** સર્વ ધર્મ ચિંતન વડે વિશુદ્ધ તથા દેવિંદ=શ્રી દેવેન્દ્રસૂરિએ વિંદ=દર્શાવેલા વિચારવાળું (એટલે જેનું વિધિ સ્વરૂપ જણાવનારા શ્રી દેવેન્દ્રસૂરિ છે. એવું અને અં=કં=જ્ઞાન તે વડે અહિ=અધિ=અધિક, (એટલે શ્રી દેવેન્દ્રસૂરિએ પોતાના બોધને અનુસારે જેવી રીતે જાણ્યું તેવી રીતે દર્શાવેલું) એવું જે દેવવંદન (ચૈ૦ ભાષ્ય) एवं=તેમાં કહેલી રીતિ પ્રમાણે જે મનુષ્ય પ્રતિદિન દેવને વંદના કરે, તે શીઘ્ર મોક્ષપદ પામે.

આ બીજો અર્થ **અવચૂરિના** આધારે છે. ॥૬૩॥

卐

( मूलकर्त्तारः श्री देवेन्द्रसूरयः )

# श्री गुरुवंदन भाष्य ( भावार्थ सहित )

**अवतरण :-** ગુરુવંદન ભાષ્યની આ પહેલી ગાથામાં ગુરુવંદનના ત્રણ પ્રકાર કહેવાય છે -

१ २ ३

**गुरुवंदणमह तिविहं तं फिट्टा छोभ बारसावत्तं ।**
**सिरनमणाइसु पढमं, पुन्नखमासमणदुगि बीअं ।।१।।**

**શબ્દાર્થ :**

| | |
|---|---|
| गुरुवंदणं=ગુરુવંદન | सिर=મસ્તક |
| अह=અથ(=દેવવંદન કહ્યા બાદ) | नमगणाइसु=નમાવવા વગેરેમાં (વડે). |
| तिविहं=ત્રણ પ્રકારનું | पढमं=પહેલું (ફેટાવંદન) |
| तं=તે ગુરુવંદન | पुन्न=પૂર્ણ, સંપૂર્ણ. |
| फिट्टा=ફેટાવંદન | खमासमण=ખમાસમણ |
| छोभ=છોભવંદન | दुगि=બે દેવા* વડે |
| बारसवात्तं=દ્વાદશાવર્ત્તવંદન | बीअं=બીજું (છોભવંદન) |

**गाथार्थ :- હવે દેવવંદન કહ્યા બાદ ગુરુવંદન કહેવાય છે તે ફેટાવંદન, છોભવંદન, અને દ્વાદશાવર્ત્તવંદન એમ ૩ પ્રકારનું છે. તેમાં મસ્તક નમાવવાદિ વડે પહેલું ફેટાવંદન થાય છે, ગુરુને બે ખમાસમણ સંપૂર્ણ દેવા વડે છોભવંદન થાય છે. ।।૧।।**

**भावार्थ :-** ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-सिरनमणाइसुમાં કહેલા आदि શબ્દથી બે હાથ જોડવાથી તેમજ અંજલિ કરવા વગેરેથી પણ પહેલું ફેટાવંદન થાય છે એમ જાણવું, તેમજ અહીં पुन्न (खमासमण दुगि) પદથી બે પૂર્ણ ખમાસમણ કહ્યાં તે સંપૂર્ણxપાંચે અંગને નમાવવાથી બીજું વંદન થાય એમ સૂચવ્યું.

**अवतरण :-** પૂર્વ ગાથામાં બે પ્રકારના ગુરુવંદનનો અર્થ કહીને હવે ત્રીજા પ્રકારના ગુરુવંદનનો અર્થ કહેવાનો છે, પરંતુ બીજા પ્રકારવાળા ગુરુવંદનમાં અને આગળ કહેવાતા ત્રીજા પ્રકારના ગુરુવંદનમાં પણ જે બે-બે વાર વંદના કરવી કહી છે, તેનું શું કારણ ? તે શિષ્ય-જિજ્ઞાસાનો ઉત્તર પ્રથમ જ (વચ્ચે) કહેવાય છે :-

* ગાથામાં સપ્તમી છે તે પ્રાકૃતના નિયમથી તૃતીયાના અર્થમાં આવી છે માટે બન્ને સ્થાને અર્થમાં તૃતીયા વિભક્તિ જાણવી.

x જે એકાંગાદિ ૪ પ્રકારના પ્રણામ ચૈ૦ ભાષ્યમાં કહેવાયા છે તેવા પ્રણામ અહીં ગુરુવંદનના સંબંધમાં પહેલાં ફિટ્ટાવંદન તરીકે ગણાય, કારણ કે ખમાસમણ તો પંચાંગ પ્રણામરૂપ જ હોય, પરંતુ એકાંગાદિ પ્રણામરૂપ નહિ.

**[1]जह दुओ रायाणं, नमिउं कज्जं निवेइउं पच्छा ।**
**विसज्जिओ वि वंदिय, गच्छइ एमेव इत्थ दुगं ॥२॥**

શબ્દાર્થ :

**जह**=જેમ
**दूओ**=દૂત (રાજસેવક)
**रायाणं**=રાજાને
**नमिउं**=નમસ્કાર કરીને
**कज्जं**=કાર્ય
**निवेइउं**=નિવેદન કરીને
**पच्छा**=પછીથી, ત્યારબાદ
**विसज्जिओ**=વિસર્જન કર્યો છતો
**( अ ) वि**=પણ
**वंदिय**=નમસ્કાર કરીને
**गच्छइ**=જાય છે
**एभेव**=એ પ્રમાણે
**इत्थ**=અહીં (ગુરુવંદનમાં)
**दुगं**=બે વાર વંદના હોય છે.

**ગાથાર્થ :-** જેમ દૂત (રાજસેવક) પ્રથમ રાજાને નમસ્કાર કરીને કાર્યનું નિવેદન કરે, અને ત્યારબાદ રાજાએ વિસર્જન કર્યો છતો પણ (રાજાએ વિદાય કર્યા બાદ પણ) પુનઃ (બીજી વાર) નમસ્કાર કરીને જાય છે. તેમ અહીં ગુરુવંદનમાં પણ બે વાર વંદના કરાય છે (અર્થાત્ તે કારણથી જ ગુરુને ખમાસમણ પણ બે દેવાય છે, અને દ્વાદશાવર્ત્તવંદન પણ બે વાર કરાય છે.) ॥૨॥

**ભાવાર્થ :-** ગાથાર્થવત્ સુગમ છે.

**અવતરણ :-** (પુનઃ પ્રસંગથી) વંદના તે શું ? અને તે શી રીતે થાય છે ? તે બન્ને વાત (હજી કહેવા બાકી રાખેલા ત્રીજા પ્રકારના ગુરુવંદન પહેલાં) કહેવાય છે-

**आयारस्स उ मूलं, विणओ सो गुणवओ य पडिवत्ती ।**
**सा य विहि वंदणाओ, विहि इमो बारसावत्ते ॥३॥**

શબ્દાર્થ :

**आयारस्स**=આચારનું, ધર્મનું
**उ**=(तु) વળી
**मूलं**=મૂળ
**विणओ**=વિનય
**सो**=તે (વિનય)
**गुणवओ**=ગુણવંતની
**पडिवत्ती**=પ્રતિપત્તિ, ભક્તિ
**सा**=તે (ગુણવંતની ભક્તિ)
**विहि**= વિધિપૂર્વક
**वंदणाओ**=વંદના કરવાથી (થાય છે.)
**विहि**=(અને તે) વંદનાવિધિ
**इमो**=આ, આગળ કહેવામાં આવશે તે (વિધિ).
**बारसावत्ते**=દ્વાદશાવર્ત્ત વંદનમાં છે.

---

૧ આ ગાથા આવશ્યક નિર્યુક્તિની છે.

**गाथार्थ** :- આચારનું મૂળ (ધર્મનું મૂળ) વિનય છે, અને વિનય તે ગુણવંત ગુરુની ભક્તિરૂપ છે, અને તે (ગુણવંત ગુરુની) ભક્તિ વિધિપૂર્વક વંદના કરવાથી થાય છે, અને તે વિધિ આ (આગળ કહેવામાં આવશે તેવા પ્રકારનો) છે, કે જે વિધિ દ્વાદશાવર્ત્ત વંદનમાં કહેવાશે. ॥૩॥

**भावार्थ** :- વિનય તે ધર્મનું, જ્ઞાનનું અને આચારનું મૂળ છે; જો વિનય (દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ અને નમ્રતા) ન હોય તો તેવા વિનય રહિત ધર્મનું કંઈપણ ફળ નથી. તે કારણથી જ શ્રી મુનિ મહાત્માઓના આચાર-વિચારોને દર્શાવનાર અને શ્રી આચારાંગ સૂત્રથી પણ પહેલાં જ યોગવહન (તપ વિશેષ) કરીને અધ્યયન કરવા (ભણવા) યોગ્ય શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૬ અધ્યયનોમાં સર્વથી પહેલું વિનય નામનું જ અધ્યયન વર્ણવ્યું છે. શ્રી આવશ્યક નિર્યુક્તિમાં પણ કહ્યું છે કે-

विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।

विणयाउ विप्पमुक्कस्स, कओ धम्मा कओ तवो ॥१२१६॥

जम्हा विणयइ कम्मं, अट्ठविहं चाउरंतमुक्खाए ।

तम्हा उ वयंति विऊ, विणउत्ति विलीनसंसारा ॥१२१७॥

**अर्थ** :- દ્વાદશાંગ શ્રુતજ્ઞાનરૂપી શ્રી જિનેન્દ્રશાસનનું મૂળ વિનય છે, તે કારણથી જે વિનયવંત હોય તે જ સંયત-સાધુ હોય છે. પરન્તુ જે વિનયથી રહિત હોય તેવા સાધુને ધર્મ પણ કયાંથી ? અને તપ પણ કયાંથી (=કેવી રીતે) હોય ? ॥૧૨૧૬॥ (હવે "વિનય" શબ્દનો અર્થ કહે છે) જે કારણથી ચાર ગતિ રૂપ સંસારનો મોક્ષ વિનાશ કરવા માટે (જે આચાર-ક્રિયા) આઠ પ્રકારનાં કર્મનો विनयति=વિશેષતઃ નાશ પમાડે છે, તે કારણથી વિનષ્ટ સંસારવાળા વિદ્વાનો (=શ્રી સર્વજ્ઞ ભગવંતો તેવા આચારને) "विनय" એમ કહે છે. ॥૧૨૧૭॥

**अवतरण** :- હવે ત્રીજા પ્રકારની ગુરુવંદનાનો અર્થ (જે પ્રથમ કહેવો બાકી રાખ્યો હતો તે), અને તે ત્રણે પ્રકારની વંદના કોને કરવી ? તે બે વાત આ ગાથામાં કહેવાય છે.

**तइयं तु छंदणदुगे, तत्थ मिहो आइमं सयलसंघे ।**
**बीयं तु दंसणीण य, पयट्ठियाणं च तइयं तु ॥४॥**

**શબ્દાર્થ :**

**तइयं**=ત્રીજું વંદન
**छंदण**=વાંદણાંમાં, વંદનકમાં
**दुगे**=બે વારના
**तत्थ**=ત્યાં, ૩ પ્રકારના વંદનમાં
**मिहो**=મિથઃ પરસ્પર
**आइमं**=પહેલું (ફિટ્ટા) વંદન
**सयल**=સકલ, સર્વ
**संघे**=સંઘમાં, સંઘને
**बीयं**=બીજું (છોભ) વંદન
**दंसणीण**=દર્શનીને, મુનિને
**पय**=પદ-પદવીમાં
**ठ्ठियाणं**=રહેલા મુનિને
**तइयं**=ત્રીજું (દ્વાદશા૦) વંદન

**ગાથાર્થ :-** ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન બે વંદન વડે (બે વાંદણાં દેવા વડે) કરાય છે. તથા એ ત્રણ વંદનામાં પહેલું ફેટા વંદન સંઘમાં-સંઘને પરસ્પર કરાય છે, બીજું છોભ વંદન (ખમાસમણ વંદન) સાધુ-સાધ્વીને જ કરાય છે, અને - ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન આચાર્ય આદિ પદવીધર મુનિઓને કરાય છે. ॥૪॥

**ભાવાર્થ :-** પહેલી ગાથામાં ૨ પ્રકારનું વંદન કહીને આ ચોથી ગાથામાં ત્રીજા પ્રકારનું વંદન કહ્યું, તે ત્રણે વંદન ક્રમશઃ આ પ્રમાણે-

## ૩ પ્રકારની ગુરુવંદના કેવી રીતે થાય ?

**૧. ફિટ્ટાવંદન :-** શીર્ષ નમાવવાથી, હાથ જોડવાથી, અંજલિ રચવાથી, અથવા પાંચ અંગમાં યથાયોગ્ય ૧-૨-૩ વા ૪+અંગ વડે નમસ્કાર કરવાથી ફિટ્ટાવંદન થાય છે.

**૨. છોભવંદન :-** (પંચાંગ વંદન) પાંચે અંગને નમાવવા પૂર્વક ખમાસમણ દેવાથી થાય છે.

**३. દ્વાદશાવર્ત્ત વંદન :-** "અહો કાયં કાય" એ પ્રસિદ્ધ પદવાળા વંદનક સૂત્રથી (આગળ કહેવાતા વિધિ પ્રમાણે) આ ત્રીજું વંદન થાય છે. અહીં ગુરુવંદન નામના ભાષ્યમાં મુખ્ય અધિકાર આ દ્વાદશાવર્ત્ત વંદનની વિધિનો જ કહેવાશે. એ પ્રમાણે ત્રણે પ્રકારની ગુરુવંદનાનો સામાન્ય વિધિ કહ્યા બાદ હવે કઇ વંદના કોને થાય ? (કરવી !) તે દર્શાવાય છે-

## ૩ પ્રકારની ગુરુવંદના કોને કરવી ? ॥

**૧. ફિટ્ટાવંદન :-** સંઘમાં પરસ્પર કરવું, એટલે સાધુ સાધુએ પરસ્પર, સાધ્વી સાધ્વીએ પરસ્પર, શ્રાવક શ્રાવકે પરસ્પર, અને શ્રાવિકા શ્રાવિકાએ પરસ્પર ફિટ્ટાવંદન કરવું. અથવા શ્રાવક સાધુ વગેરે ચારેને, તેમજ શ્રાવિકા પણ સાધુ વગેરે ચારેને અને સાધ્વી સાધુને તથા સાધ્વીને, અને સાધુ તો કેવળ સાધુને જ ફિટ્ટાવંદન કરે.

---

+એ ચાર પ્રકારનો પ્રણામ ચૈત્યવંદન ભાષ્યના અર્થ પ્રસંગે કહ્યો છે. ત્યાંથી જાણવો.

**૨. છોભવંદન** :- સાધુ વડીલ સાધુને, સાધ્વી વડીલ સાધ્વીને અને લઘુ પર્યાયવાળા પણ [1]સાધુને, શ્રાવક સાધુને, અને શ્રાવિકા સાધુ તથા સાધ્વીને પંચાંગ વંદન કરે. એ પ્રમાણે ખમાસમણ પૂર્વક ગુરુવંદના *સાધુ-સાધ્વીને જ થઈ શકે પરન્તુ શ્રાવક ગમે તેવો ભાવથી ચારિત્રની ઇચ્છાવાળો હોય, તેમ જ ઉત્કૃષ્ટ ક્રિયાપાત્ર હોય તો પણ તેવા શ્રાવકને ખમાસમણવાળી વંદના થાય જ નહિ અને જો તેમ[2] કરે તો તે શ્રી જિનેન્દ્રની આજ્ઞાનો મહાઘાતક જાણવો.

**૩. द्वादशावर्त्त वंदन** :- આ વંદન સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારે કરે, અને તે પણ આચાર્યાદિ પાંચ પદવીવાળા સાધુને જ કરે, અને સમાન પદવાળા સાધુઓ વધારે દીક્ષા પર્યાયવાળા (=રત્નાધક)ને કરે, તેનું વિશેષ સ્વરૂપ ૧૩ મી ગાથામાં કહેવાશે.

**अवतरण** :- હવે ગ્રન્થકર્ત્તા (પોતાની રચેલી ગાથાઓ વડે નહિ પરન્તુ) સિદ્ધાન્ત પરની ભક્તિ વડે શ્રી આવશ્યકનિર્યુક્તિમાં કહેલી બે ગાથાઓ વડે દ્વાદશાવર્ત્તવંદનની વિધિને દર્શાવનાર ૯ દ્વારનાં નામ કહે છે.

**वंदण-चिइ-किइकम्मं, पूयाकम्मं च विणयकम्मं च ।**
**कायव्वं कस्स[१] व केण[२] वावि काहे[३] व कइखुत्तो[४] ।।५।।**
**कइ ओणयं[५] कइ[६] सिरं, कइहिं[X] व आवस्सएहिं[७] परिसुद्धं ।**
**कइदोसविप्पमुक्कं[८], किइकम्मं कीस[९] कीरइ वा ।।६।।**

---

૧ સો વર્ષની દીક્ષિત સાધ્વી હોય તેમજ જ્ઞાનાદિકમાં અધિક હોય, તો પણ એક દિવસના દીક્ષિત લઘુવયવાળા સાધુને પણ ખમાસમણપૂર્વક વંદના કરે, એ પ્રમાણે ધર્મમાં પુરુષની પ્રધાનતા તે શ્રી જૈન સિદ્ધાન્તની મર્યાદા છે.

*(કોઈ અવશ્ય) કારણસર ગુણરહિત વેષધારી સાધુને પણ થઈ શકે (અવચૂરી).

૨ વર્તમાન સમયમાં કેટલાક શ્રાવકો પોતાને આત્મજ્ઞાન હોવાના આડંબરથી ભાવસાધુપણું માની પોતાના ભક્ત શ્રાવક શ્રાવિકાઓ પાસે ખમાસમણ દેવડાવે છે, અથવા ભક્તો ભક્તિના બાનાથી ખમાસમણ દે છે, છતાં નિવારતા નથી એમ સંભળાય છે, તે જો સત્ય હોય તો તેઓ બન્ને શ્રી જિનેન્દ્રની આજ્ઞાના વિઘાતક જાણવા.

---

X **कइविह** (=કેટલા) એવો પણ પાઠ છે.

### શબ્દાર્થ - ગાથા ૫ મીનો

| | |
|---|---|
| **कायव्वं**=કરવું | ( **अ** )=વિ પણ |
| **कस्स**=કોને ? | **काहे**=કઈ વખત ? |
| **व**=અથવા | **कइ**=કેટલી |
| **केण**=કોણે ? | **खुत्तो**=વાર |
| **वा**=અથવા, વળી | |

### શબ્દાર્થ - ગાથા ૬ ઠ્ઠીનો

| | |
|---|---|
| **कइओणयं**=કેટલા અવનત ? | **कीस**=શું કારણ ? શા માટે ? |
| **विप्पमुक्कं**=રહિત | **कीरइ**=કરાય |

**ગાથાર્થ :-** વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ, અને વિનયકર્મ (એ પાંચ નામ ગુરુવંદનના છે) તે કોને કરવું ? કોણે કરવું ? ક્યારે કરવું ? કેટલીવાર કરવું? તથા વંદનમાં અવનત (શિષ્યના) (પ્રણામ) કેટલા ? શીર્ષનમન કેટલા ? અને આ ગુરુવંદન કેટલા આવશ્યકો વડે વિશુદ્ધ કરાય છે ? કેટલા દોષ વડે રહિત કરાય છે ? તથા કૃતિકર્મ (વંદનક) (વાંદણાં) શા માટે કરાય છે (દેવાય છે) ? એ ૯ સ્વરૂપ (દ્વારા) આ વંદન વિધિમાં કહેવાનાં છે. ॥૫॥૬॥

**ભાવાર્થ :-** ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-આ ભાષ્યમાં જે બાબતો કહેવાશે તે આ ૯ દ્વારના જ ધોરણથી નહિ કહેવાય, પરન્તુ આગળ બીજી રીતે કહેવાતાં ૨૨ દ્વારોના ધોરણથી જ કહેવાશે. આ ૯ દ્વારો પણ તે ૨૨ દ્વારના [1]અન્તર્ગતપણે કહેવાઈ જશે, જેથી આ બે ગાથાઓ તો શ્રી આવશ્યક સૂત્રમાં વર્ણવાતા (ત્રીજા) વંદન આવશ્યકની (નિર્યુક્તિમાં) પ્રારંભની મુખ્ય હોવાથી અને ચાલુ પ્રકરણના જ અવશ્ય સંબંધવાળી હોવાથી સિદ્ધાંત પરની ભક્તિ નિમિત્તે કહી છે.

**અવતરણ :-** પૂર્વે બે-ગાથાઓમાં જે (આવશ્યક નિર્યુક્તિમાં કહેલાં) ૯ દ્વાર કહ્યાં તેજ ૯ દ્વારોનું વિશેષ સ્વરૂપ સમજાવવાને માટે બીજી રીતે ૨૨ દ્વારો ગ્રંથકાર (પોતાની રચેલી) ૩ ગાથાઓ વડે કહે છે તે આ પ્રમાણે-

---

૧. એ ૯ દ્વારોનો સંબંધ આગળ કહેવાતાં ૨૨ દ્વારોમાં આ પ્રમાણે છે-

| | | | |
|---|---|---|---|
| ૧ લું દ્વાર | ૪ થા દ્વારમાં | ૫-૬-૭ મું દ્વાર. | ૧૦ મા દ્વારમાં |
| ૨ જું દ્વાર | ૫-૬- ઠ્ઠા દ્વારમાં | ૮ મું દ્વાર. | ૧૩ મા દ્વારમાં |
| ૩ જું દ્વાર | ૭-૮ મા દ્વારમાં | ૯ મું દ્વાર. | ૧૪ મા દ્વારમાં |
| ૪ થું દ્વાર | ૯ મા દ્વારમાં | (ઇતિ આવશ્યક નિર્યુક્તિ અનુસારે) | |

**पण[૧] नाम पणाहरणा[૨], अजुग्गपण[૩] जुग्गपण[૪] चउ[૫] अदाया ।**
**चउदाय[૬] पण[૭] निसेहा, चउ[૮] अणिसेह-ट्ठकारणया[૯] ॥७॥**
**आवस्सय[૧૦] मुहणंतय[૧૧], तणुपेह[૧૨]पणीस दोसबत्तीसा[૧૩] ।**
**छगुण[૧૪] गुरुठवण[૧૫] दुग्गह[૧૬], दुछ्वीसक्खर[૧૭] गुरुपणीसा ॥८॥**
**पय अडवन्न[૧૮] छठाणा[૧૯], छग्गुरुवयणा[૨૦] असायणि[૨૧]त्तीसं ।**
**दुविही दुवीस[૨૨] दारेहिं, चउसया बाणउइ ठाणा ॥९॥**

### શબ્દાર્થ-૭ મી ગાથાનો

**पण**=પાંચ
**आहरणा**=ઉદાહરણો, દષ્ટાન્તો.
**अजुग्ग**=(વંદનને) અયોગ્ય
**जुग्ग**=(વંદનને) યોગ્ય
**अदाया**=(વંદન) નહિ દેનાર
**निसेहा**=નિષેધસ્થાનો
**अणिसेह**=અનિષેધ સ્થાનો
**( अ )ट्ठ**=આઠ
**कारणया**=કારણો

### શબ્દાર્થ-૮ મી ગાથાનો

**मुहणंतय**=મુખાનંતક, મુહપત્તિ
**तणुपेह**=શરીરની પડિલેહણા
**पणीस**=પચ્ચીસ
**गुरुठवण**=ગુરુની સ્થાપના
**दुग्गह**=બે અવગ્રહ
**दुछ्वीसक्खर**=બસો છવીસ અક્ષર

### શબ્દાર્થ-૯ મી ગાથાનો

**अडवन्न**=અઠ્ઠાવન
**असायण**=આશાતના (ગુરુની)
**दुवीस**=બાવીસ

**ગાથાર્થ :-** **ગુરુવંદનનાં ૫ નામ કહેશે, ૫ દષ્ટાન્ત કહેશે, વંદન દેવાને અયોગ્ય ૫ પ્રકારના સાધુ કહેશે, ૫ પ્રકારના સાધુ વંદન દેવા યોગ્ય છે તે કહેશે, ચાર પ્રકારના સાધુ વંદન ન કરે તે કહેશે (એટલે ૪ જણ પાસે વંદના ન કરાવવી તે કહેશે,) અને ચાર પ્રકારના સાધુ વંદના કરે તે કહેશે. વંદન દેવા માટે ૫ નિષેધસ્થાનો (વંદન નહિ કરવાના અવસર) કહેશે. અને ૪ અનિષેધ સ્થાનો (વંદન કરવાના અવસર) કહેશે, તથા વંદન કરવાનાં ૮ કારણો કહેશે. (એ ૯ દ્વાર આ સાતમી ગાથામાં કહ્યાં.) ॥૭॥**

તથા ૨૫ આવશ્યક કહેશે, મુહપત્તિની ૨૫ પડિલેહણા કહેશે, શરીરની ૨૫ પડિલેહણા કહેશે, વંદન સમયે ટાળવા યોગ્ય ૩૨ દોષ કહેશે, વંદનથી થતા ૬ ગુણ

કહેશે, ગુરુની સ્થાપના કહેશે, બે બે પ્રકારનો અવગ્રહ (ગુરુથી દૂર ઊભા રહેવાની ક્ષેત્રમર્યાદા) કહેશે, વંદનક સૂત્રના ૨૨૬ અક્ષર કહેશે, અને તેમાં ૨૫ ગુરુ અક્ષર (જોડાક્ષર) પણ કહેશે, (એ ૮ દ્વાર આ ગાથામાં કહ્યાં) ॥૮॥

તથા વંદનસૂત્રમાં ૫૮ પદ છે તે કહેશે, વંદનનાં ૬ સ્થાન (૬ અધિકાર તે શિષ્યના પ્રશ્નરૂપે) કહેશે, વંદન સમયે ગુરુને બોલવા યોગ્ય ૬ વચનો (તે પ્રશ્નોના ઉત્તરરૂપે) કહેશે, ગુરુ પ્રત્યે થતી ૩૩ આશાતના કહેશે, અને વંદનની ૨ વિધિ (રાત્રિ સમયની અને દિવસની વંદનવિધિ) કહેશે, એ પ્રમાણે ૨૨ મુખ્ય દ્વારો વડે ૪૯૨ સ્થાન (દ્વારોના ઉત્તરભેદ ૪૯૨) થાય છે, ॥૯॥

## * ॥ મૂળ દ્વારના ૪૯૨ ઉત્તર ભેદનું કોષ્ટક ॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વંદનનાં નામ | ૫ | ૧૩ | દોષ | ૩૨ |
| ૨ | દૃષ્ટાંત | ૫ | ૧૪ | ગુણ | ૬ |
| ૩ | વંદન અયોગ્ય | ૫ | ૧૫ | ગુરુ સ્થાપના | ૧ |
| ૪ | વંદન યોગ્ય | ૫ | ૧૬ | અવગ્રહ | ૨ |
| ૫ | વંદન અદાતા | ૪ | ૧૭ | વંદન સૂત્રની અક્ષર સંખ્યા | ૨૨૬ |
| ૬ | વંદન દાતા | ૪ | | | |
| ૭ | નિષેધસ્થાન | ૫ | ૧૮ | પદ સંખ્યા | ૫૮ |
| ૮ | અનિષેધસ્થાન | ૪ | ૧૯ | સ્થાન (શિષ્યના પ્રશ્નો) | ૬ |
| ૯ | વંદનનાં કારણ | ૮ | ૨૦ | ગુરુવચન (વચન) | ૬ |
| ૧૦ | આવશ્યક | ૨૫ | ૨૧ | ગુરુ આશાતના | ૩૩ |
| ૧૧ | મુહપત્તિ પડિલેહણ | ૨૫ | ૨૨ | વિધિ | ૨ |
| ૧૨ | શરીર પડિલેહણ | ૨૫ | | | ૪૯૨ |

*શાસ્ત્રોમાં દ્વાદશા૦ વંદનના ૧૯૮ બોલ કહ્યા છે, તેમાં ૨૨૬ અક્ષર, ૫૮ પદ, ૪ વંદનદાતા, ૪ વંદન અદાતા, ૪ અનિષેધ સ્થાન ૨ વિધિ. ૧ ગુરુ સ્થાપના એ (૨૯૯) ભેદ ગણાવ્યા નથી,તેમજ અવગ્રહ બેને બદલે ૧ ગણેલો હોવાથી સર્વ મળી ૩૦૦ ભેદ ગણાવ્યા નથી, અને માન-અવિનય-ખિંસા (નિંદા)-નીચગોત્ર બંધ-અબોધિ-તથા ભવવૃદ્ધિ એ વંદન નહિ કરનારને ૬ દોષ અધિક ગણાવ્યા છે, માટે (૪૯૨÷૩૦૦=૧૯૨+૬=) ૧૯૮ બોલ ગણ્યા છે (ધ.સં. વૃત્તિઃ)

**અવતરણ** :- પૂર્વે કહેલાં ૨૨ દ્વારમાંથી ગુરુવંદનાનાં ૫ નામનું પહેલું દ્વાર આ ગાથામાં કહેવાય છે :-

## वंदणयं चिइकम्मं, किइकम्मं विणयकम्मं पूअकम्मं ।
## गुरुवंदणपणनामा, दव्वे भावे दुहोहेण ( दुहाहरणा ) ॥१०॥

શબ્દાર્થ -

**पणनामा**=પાંચ નામ
**दुहा**=બે પ્રકારે
**ओहेण**=ઓઘથી-સામાન્યથી
**आहरण**=ઉદાહરણો, દૃષ્ટાન્તો.

**ગાથાર્થ** :- **વંદનકર્મ-ચિતિકર્મ-કૃતિકર્મ-વિનયકર્મ-અને પૂજાકર્મ એ પ્રમાણે ગુરુવંદનનાં ૫ નામ છે, પુનઃ તે દરેક નામ ઓઘથી (સામાન્યતઃ) દ્રવ્યથી અને ભાવથી એમ ૨-૨ પ્રકારે જાણવાં ॥૧૦॥**

**ભાવાર્થ** :- ઘટનું જેમ ઘટ-કુંભ-કળશ ઇત્યાદિ જુદું જુદું નામ છે, પરન્તુ ઘટ વસ્તુ એક જ છે, તેમ અહીં વંદનકર્મ ચિતિકર્મ આદિ પણ ગુરુવંદનનાં જ પર્યાયનામ (એક જ અર્થવાળાં નામ) છે, તો પણ વ્યુત્પત્તિના ભેદથી કિંચિત્ ભિન્નતા છે તે આ પ્રમાણે-

## ॥ ગુરુવંદનના ૫ નામના અર્થ ॥

પ્રશસ્ત મન, વચન, કાયા વડે (વંદાય=) સ્તવના કરાય તે १ वंदनकर्म, રજોહરણ આદિ ઉપધિ સહિત કુશલ કર્મનું चिति=સંચયન કરવું તે २ चितिकर्म, મોક્ષાર્થે નમસ્કાર-નમન આદિ વિશિષ્ટ ક્રિયા કરવી તે ३ कृतिकर्म, મન, વચન, કાયાના પ્રશસ્ત વ્યાપાર ४ पूजाकर्म અને જેના વડે કર્મનો વિનાશ થાય (તેવી ગુરુ પ્રત્યે અનુકૂળ પ્રવૃત્તિ) તે विनयकर्म, (આવશ્યકવૃત્તિઃ)

## ॥ પાંચ ગુરુવંદન દ્રવ્યથી અને ભાવથી ॥

અહીં દ્રવ્ય શબ્દ અપ્રાધાન્યવાચક અને "ભાવ" શબ્દ પ્રાધાન્યવાચક (ઉત્તમ-શ્રેષ્ઠ એવા અર્થવાળો) ગણવો, જેથી સમ્યક્ પ્રકારના ફળને ન આપી શકે એવી વંદનાદિ ક્રિયા તે દ્રવ્યથી જાણવી, અને સમ્યક્ પ્રકારના ફળને આપી શકે તેવી વંદનાદિ ક્રિયા તે ભાવથી જાણવી. એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવની ગુરુસ્તવના તેમજ ઉપયોગ રહિત સમ્યગ્દૃષ્ટિની ગુરુસ્તવના તે દ્રવ્ય वंदनकर्म જાણવું, અને ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિએ કરેલી ગુરુસ્તવના તે ભાવવંદન જાણવું.

તથા તાપસ વગેરે મિથ્યાદૃષ્ટિ જીવોની જે તાપસાદિ યોગ્ય ઉપધિ ઉપકરણપૂર્વક કુશળ ક્રિયા એટલે તાપસાદિનાં ઉપકરણોનો સંચયગ્રહણ અને તત્પૂર્વક તાપસી આદિ ક્રિયા, તેમજ સમ્યગ્દૃષ્ટિ જીવોની ઉપયોગ રહિત રજોહરણાદિ ઉપધિપૂર્વક કુશળ ક્રિયા તે દ્રવ્ય चितिकर्म, અને ઉપયોગ સહિત સમ્યગ્દૃષ્ટિની રજોહરણાદિ ઉપકરણોપૂર્વક ક્રિયા તે ભાવ चितिकर्म.

તથા નિહ્નવ વગેરે (મિત્યાદષ્ટિઓ)ની અને ઉપયોગ રહિત સમ્યગ્દષ્ટિની નમસ્કાર ક્રિયા તે દ્રવ્ય કૃતિકર્મ, અને ઉપયોગ સહિત સમ્યગ્દષ્ટિની નમસ્કાર ક્રિયા તે ભાવ કૃતિકર્મ.

તથા મિથ્યાદષ્ટિઓની અને ઉપયોગ રહિત સમ્યગ્દષ્ટિઓની મન-વચન-કાયા સંબંધી ક્રિયા તે દ્રવ્ય પૂજાકર્મ, અને ઉપયોગ પૂર્વક સમ્યગ્દષ્ટિઓની પ્રશસ્ત મન-વચન-કાયા સંબંધિ ક્રિયા તે ભાવ પૂજાકર્મ.

તથા મિથ્યાદષ્ટિનો અને ઉપયોગ રહિત સમ્યગ્દષ્ટિનો જે ગુરુ પ્રત્યે વિનય તે દ્રવ્ય વિનયકર્મ, અને ઉપયોગપૂર્વક સમ્યગ્દષ્ટિએ કરેલો ગુરુ પ્રત્યેનો વિનય તે ભાવ વિનયકર્મ. કહેવાય. (ઇતિ૦ આવ૦ વૃત્તિ તથા પ્રવ૦ સારો૦ વૃત્તિને અનુસારે).

એ પાંચમાંથી આ ભાષ્યમાં મુખ્ય વિષય ત્રીજા કૃતિકર્મ સંબંધિ છે, એમ જાણવું.

**अवतरण** :- હવે ૨ જું ઉદાહરણ દ્વાર કહેવાય છે, તેમાં પૂર્વે કહેલ ૫ નામવાળું પ્રત્યેક ગુરુવંદન દ્રવ્યથી કોણે કર્યું ? અને ભાવથી કોણે કર્યું ? તેનાં દૃષ્ટાન્ત દર્શાવાય છે-

## सीयलय खुड्डुए वीरकन्ह सेवगदु पालए संबे ।
## पंचे ए दिट्ठंता, किइकम्मे दव्वभावेहिं ।।११।।

### શબ્દાર્થ

| | |
|---|---|
| **सीयलय**=શીતલાચાર્ય | **पालए**=પાલક |
| **खुड्डुए**=ક્ષુલ્લકાચાર્ય | **संबे**=શામ્બકુમાર |
| **वीर**=વીરક શાલવી | **पंचे ए**=એ પાંચ |
| **कन्ह**=કૃષ્ણ | **दिट्ठंता**=દૃષ્ટાન્તો |
| **सेवग दु**=બે રાજસેવક | |

**गाथार्थ :- દ્રવ્ય કૃતિકર્મ અને ભાવ કૃતિકર્મ[1] (એટલે પાંચ દ્રવ્ય ગુરુવંદન અને પાંચ ભાવ ગુરુવંદન)ને વિષે અનુક્રમે શીતલાચાર્યનું, ક્ષુલ્લકાચાર્યનું, વીરક શાલવી અને કૃષ્ણનું, બે રાજસેવકનું તથા પાલક અને શામ્બકુમારનું એ પાંચ દૃષ્ટાન્ત છે. ॥૧૧॥**

**भावार्थ** :- ગુરુવંદનમાં પાંચ નામ જે દ્રવ્યથી અને ભાવથી પૂર્વ ગાથામાં કહ્યાં તે પ્રત્યેકનું હવે એકેક દૃષ્ટાન્ત મળી ૫ દૃષ્ટાન્ત કહેવાય છે, જેમાં પહેલા અને બીજા દૃષ્ટાન્તમાં દરેકમાં એક જ મુનિએ જુદા જુદા વખતે પ્રથમ દ્રવ્યવંદન કર્યું, અને ત્યારબાદ ભાવવંદન કર્યું, અને શેષ ત્રણ દૃષ્ટાન્તમાં દરેક બે-બે જણની વંદનામાં એકે દ્રવ્યવંદન કર્યું અને બીજાએ ભાવવંદન કર્યું એવી હકીકત છે, તે આ પ્રમાણે-

---

૧ આ ગાથામાં કૃતિકર્મ (किईकम्म) શબ્દ ૫ વંદનમાંના કેવળ ત્રીજા વંદનના જ અર્થવાળો નથી, પરન્તુ સામાન્યથી "ગુરુવંદન" એવા અર્થવાળો છે.

## ૧ વંદનકર્મમાં શીતલાચાર્યનું દૃષ્ટાન્ત

[1]**શ્રીપુર** નગરના **શીતલ** નામના રાજાએ **શ્રીધર્મઘોષસૂરિ** પાસે દીક્ષા ગ્રહણ કરી, ગુરુએ અનુક્રમે આચાર્યપદવી આપી જેથી **શીતલાચાર્ય** એવા નામથી પ્રસિદ્ધ થયા. એ શીતલ રાજાની **શૃંગારમંજરી** નામની બેનને ચાર પુત્ર હતા, તે શૃંગારમંજરી પોતાના પુત્રોને "તમારા મામાએ સંસાર છોડી આત્મકલ્યાણનો માર્ગ ગ્રહણ કર્યો છે, અને સંસાર વસ્તુતઃ અસાર છે" ઈત્યાદિ ઉપદેશ નિરન્તર આપતી હતી, જેથી પુત્રોએ પણ વૈરાગ્ય પામી કોઈ સ્થવિર પાસે દીક્ષા ગ્રહણ કરી અને ચારે ગીતાર્થ થયા; ત્યારબાદ પોતાના મામા શીતલાચાર્યને વંદન કરવા માટે ગુરુ પાસે આજ્ઞા લઈ વિહાર કરી શીતલાચાર્ય જે નગરમાં હતા તે નગરે આવ્યા, પરન્તુ સંધ્યા સમય થઈ જવાથી નગર બહાર રહી કોઈ શ્રાવક દ્વારા આચાર્યશ્રીને પોતાના ચાર ભાણેજ મુનિઓ વંદના કરવા આવ્યા છે એવા સમાચાર પહોંચાડ્યા

અહી રાત્રિને અવસરે ધ્યાન દશામાં એ ચારે મુનિઓ કેવળજ્ઞાન પામ્યા, તે વાતની શીતલાચાર્યને ખબર પડી નહીં, જેથી પ્રભાત થતાં ભાણેજ મુનિઓ આવવાની રાહ જોવા છતાં પણ આવ્યા નહિ ત્યારે શીતલાચાર્ય પોતે જ ભાણેજ મુનિઓ પાસે આવ્યા. ભાણેજ મુનિઓએ કેવલી હોવાથી-શીતલાચાર્યનો ગુરુ તરીકે યોગ્ય સત્કાર ન કર્યો. તેથી શીતલાચાર્યે રોષ સહિત અવિનયી અને દુષ્ટ શિષ્યો જાણીને પોતે તેમને વંદના કરી, તે દ્રવ્ય વંદનકર્મ જાણવું. પછી કેવલીમુનિઓએ કહ્યું કે એ તો દ્રવ્યવંદના થઈ માટે હવે ભાવવંદના કરો શીતલા૦-શી રીતે જાણ્યું ? કેવલી-જ્ઞાનથી; શીતલા૦-ક્યા જ્ઞાનથી ? કેવલી-અપ્રતિપાતી જ્ઞાનથી, એમ સાંભળતાં જ શીતલાચાર્યનો ક્રોધ શાંત થયો, અને પોતાનો અપરાધ ખમાવી પુનઃ ચારે મુનિને વંદના કરી, તેને પરિણામે શુભ ભાવે ચડતાં તેઓ પણ તરત કેવળજ્ઞાન પામ્યા. એ શીતલાચાર્યની બીજી વારની વંદના તે ભાવ વંદનકર્મ જાણવું. (પ્રવ૦ સારો૦ વૃત્તિ.) ॥ इति १ दृष्टान्तः ॥

---

૧ શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત બાલાવબોધમાં હસ્તિનાપુર ઈત્યાદિ નામો કહ્યાં છે. પરંતુ કોઈ ગ્રંથમાં ન દેખાવાથી અહીં કહ્યાં નથી.

## ૨ ચિતિકર્મમાં ક્ષુલ્લકાચાર્યનું દૃષ્ટાન્ત

શ્રી ગુણસુંદરસૂરિ નામના આચાર્ય એક ક્ષુલ્લકને (લઘુવયવાળા મુનિને) સંઘની સંમતિપૂર્વક સૂરિપદે સ્થાપી કાળધર્મ પામ્યા. સર્વે ગચ્છવાસી મુનિઓ તે ક્ષુલ્લકાચાર્યની આજ્ઞામાં વર્તે છે, અને ક્ષુલ્લકાચાર્ય પણ પોતે ગીતાર્થ પાસે શ્રુત અભ્યાસ કરે છે. એક વખતે મોહનીય કર્મના પ્રબલ ઉદયથી ચારિત્ર છોડવાની ઈચ્છાએ એક મુનિને સાથે લઈ તે ક્ષુલ્લકાચાર્ય દેહચિંતાના બહાનાથી બહાર નિકળ્યા, સાથે આવેલા મુનિ વૃક્ષોને આંતરે ઊભા રહેતાં તે ન દેખે તેવી રીતે ક્ષુલ્લકાચાર્ય એક સીધી દિશા તરફ ચાલ્યા ગયા. આગળ જતાં એક સુન્દર વનમાં અનેક ઉત્તમ વૃક્ષો હોવા છતાં પણ લોકોને પીઠથી બદ્ધ (પીઠિકાવાળા=ચોતરાવાળા) એવા એક ખીજડાનું વૃક્ષ પૂજતા દેખી વિચાર્યું કે આ વૃક્ષને પૂજવામાં તેને પૂજ્ય ઠરાવીને આ બાંધેલી પીઠિકા જ કારણ છે, નહિતર બીજાં વૃક્ષોને કેમ પૂજતા નથી ? લોકોને પણ પૂછતાં એમ જ ઉત્તર મળ્યો કે અમારા પૂર્વજો એને પૂજતા આવ્યા છે, માટે અમે આ ખીજડાને જ પૂજીએ છીએ.

તે સાંભળી ક્ષુલ્લકાચાર્યને વિચાર થયો કે "આ ખીજડા સરખો હું નિર્ગુણ છું, ગચ્છમાં તિલક, બકુલ આદિ ઉત્તમ વૃક્ષ સરખા ઘણા રાજકુમાર મુનિઓ છે, છતાં પણ ગુરુએ તેમને સૂરિપદ ન આપતાં મને આપ્યું, અને આ ગચ્છના મુનિઓ મને પૂજે છે, તેનું કારણ શું ? મારામાં શ્રમણપણું તો છે નહિ, પરન્તુ આ રજોહરણાદિ ઉપકરણમાત્ર રૂપ મારા ચિતિગુણવડે (રજોહરણાદિ ઉપકરણને અંગે) અને ગુરુએ મને આચાર્યપદ આપેલ હોવાથી વાંદે છે." એમ વિચારી તુર્ત પાછા વળ્યા અને ઉપાશ્રયે આવ્યા. તેમની શોધ કરનારા મુનિઓએ પૂછતાં દેહચિંતાએ જતાં શૂલની અકસ્માત્ વેદનાથી આટલો વિલંબ થયાનો ઉત્તર આપ્યો. ત્યાર બાદ ગચ્છ સ્વસ્થ થયો, અને ક્ષુલ્લકાચાર્ય પ્રાયશ્ચિત અંગીકાર કરી શુદ્ધ થયા. અહીં ક્ષુલ્લકાચાર્યને વ્રત છોડવાની ઈચ્છા વખતે તેમનો રજોહરણાદિ ઉપકરણોનો चिति= સંચય તે द्रव्य चितिवंदन અને પ્રાયશ્ચિત વખતે એજ ઉપકરણોનો સંચય તે भावचितिवंदन જાણવું. (આવ૦ વૃત્તિ અને પ્રવ૦ સારો૦ વૃત્તિને અનુસારે). ॥ इति द्वितीय द्दष्टान्त ॥

## ૩ કૃતિકર્મમાં કૃષ્ણ અને વીરકનું દૃષ્ટાન્ત

**દ્વારિકા** નગરીમાં કૃષ્ણવાસુદેવ અને તેમનું મુખ જોયા પછી જ ભોજન કરનારો **વીરક** નામનો કોળી રાજસેવક હતો. ચોમાસામાં કૃષ્ણ વાસુદેવ રાજવાડીએ ન જતા હોવાથી રાજમહેલની બહાર જ નીકળતા ન હતા, તેથી દર્શનના અભાવે વીરક શાળાપતિ દુર્બળ થયો. ચાતુર્માસ વીત્યા બાદ સર્વ રાજાઓ આવ્યા અને વીરક પણ દર્શનાર્થે આવ્યો. કૃષ્ણે દુર્બળતાનું કારણ પૂછતાં દ્વારપાલે ચાર મહિના સુધી આપના દર્શન વિના ખાધા પીધા સિવાય બેસી રહેવાની સર્વ વિગત કહી, તે સાંભળી વીરકને અંતઃપુરમાં પણ રજા વિના પ્રવેશ કરવાની આજ્ઞા આપી. હવે કૃષ્ણની જે જે પુત્રી વિવાહ યોગ્ય થાય તેને માતા કૃષ્ણ પાસે શણગાર પહેરાવી મોકલે, ત્યારે તેને **"રાણી થવું છે કે દાસી ?"** એમ કૃષ્ણ પૂછે, અને "રાણી થવું છે" એમ કહેનારને કૃષ્ણ મહોત્સવપૂર્વક શ્રી નેમિનાથ પાસે દીક્ષા અપાવે. એક વખતે માતાએ શીખવેલી એક પુત્રીએ દાસી થવું કહેતાં તે વીરકને પુત્રી પરણાવી, અને પોતાની પુત્રી પાસે સખત ઘરકામ કરાવવાની વીરકને ફરજ પાડતાં પુત્રીએ અકળાઇને અન્તે રાણી થવાનું કહેતાં વીરકની અનુમતિ લઈ કૃષ્ણે દીક્ષા અપાવી.

આમાં કૃષ્ણનો હેતુ એજ કે મારી પુત્રી દુર્ગતિમાં ન જાય, એક વખત શ્રી નેમિનાથ પ્રભુ રૈવતકગિરિ (ગિરનાર) સમવસર્યા. તે વખતે કૃષ્ણ વાસુદેવ અને એ જ વીરક શાળાપતિ પ્રભુને વંદન કરવા ગયા, ત્યાં કૃષ્ણે તો સર્વ સાધુઓને દ્વાદશાવર્ત્તવંદન વડે વંદન કર્યું, બીજા રાજાઓ કૃષ્ણની સાથે વંદન કરતાં કરતાં થાકીને થોડા-ઘણા મુનિઓને વાંદીને બેઠા, અને વીરકે તો કૃષ્ણની અનુવૃત્તિએ સર્વ સાધુને વંદના કરી. કૃષ્ણ પરિણામે અત્યંત થાકી ગયા ત્યારે પ્રભુને કહ્યું કે, "હે પ્રભુ ! ૩૬૦ સંગ્રામમાં પણ મને આવો થાક નથી લાગ્યો, પ્રભુએ કહ્યું 'હે કૃષ્ણ ! તેં ક્ષાયિક સમ્યક્ત્વ અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે, તેમજ સાતમી નરકનું બાંધેલું [1]આયુષ્ય તોડીને ત્રીજી નરકનું કર્યું છે." અહીં કૃષ્ણની દ્વાદશાવર્ત્ત વંદના તે ભાવ કૃતિકર્મ, અને કૃષ્ણનું મન સાચવવા માટે વીરકે કરેલી વંદના તે દ્રવ્ય કૃતિકર્મ, જાણવું ॥ इति ત્રીજું દૃષ્ટાંતઃ ॥

---

૧ કર્મપ્રકૃતિ આદિમાં ઉદયમાં નહિ આવેલું આયુષ્ય તુટે (ઓછું થાય) નહિ એમ કહ્યું છે, તો પણ શ્રી ભગવતીજી વગેરેમાં કૃષ્ણે નરકાયુષ્ય ઓછું કર્યાનું સ્પષ્ટ કહ્યું છે, તે અપવાદ વા આશ્ચર્યરૂપ સમજાય છે.

## ૪ વિનયકર્મમાં બે રાજસેવકનું દૃષ્ટાંત

નજીક રહેલા બે ગામમાં વસતા બે રાજસેવકોને પોતપોતાના ગામની સીમા માટે વાદવિવાદ થતાં તેને ન્યાય કરાવવા રાજદરબારમાં જતાં સાધુ મહારાજનાં શુકન થયાં. જેથી એક જણ તો ભાવપૂર્વક "મુનિના દર્શનથી મારું કાર્ય અવશ્ય સિદ્ધ થશે" એમ કહી પ્રદક્ષિણા પૂર્વક વંદના કરીને રાજદરબારમાં ગયો, અને બીજો પહેલાના અનુકરણથી (ભાવ રહિત) વંદના કરી રાજદરબારમાં ગયો. ત્યાં ન્યાય થતાં ભાવ વંદનાવાળાની તરફેણમાં ન્યાય ઉતર્યો, અને બીજાનો પરાજય થયો. એમાં પહેલાનું ભાવ વિનયકર્મ અને તેનું અનુકરણ માત્ર કરનાર બીજાને દ્રવ્ય વિનયકર્મ જાણવું. ॥ इति ૪થું दृष्टान्तः ॥

## ૫ પૂજાકર્મ વિષે પાલક અને શામ્બનું દૃષ્ટાન્ત

દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવના પાલક અને શામ્બકુમાર વગેરે અનેક પુત્રો હતા; એક વખતે શ્રી નેમિનાથ પ્રભુ સમવસર્યા ત્યારે વાસુદેવે કહ્યું કે કાલે જે (પુત્ર) પ્રભુને પહેલી વંદના કરશે તેને હું મારો અશ્વ આપીશ જેથી શામ્બકુમારે તો પ્રભાતમાં શય્યા પરથી ઊઠીને ત્યાં રહ્યા રહ્યા જ વંદના કરી, અને પાલક તો અશ્વ મેળવવાની લાલચથી શીઘ્ર પ્રભાતમાં ઊઠી અશ્વરત્ન ઉપર બેસી પ્રભુ પાસે જઈને વંદના કરી. પાલકકુમાર અભવ્ય હતો તેથી કાયાથી વંદના કરી પરન્તુ ચિત્તમાં તો લોભવૃત્તિ જ હતી. કૃષ્ણે પ્રભુ પાસે જઈને આપને પ્રથમ વંદના કોણે કરી ? એમ પૂછતાં પ્રભુએ કહ્યું કે- પાલકકુમારે પ્રથમ અહીં આવીને દ્રવ્ય વંદના કરી અને શામ્બકુમારે ઘરે બેઠા ભાવવંદના કરી છે, જેથી કૃષ્ણે શામ્બકુમારને અશ્વરત્ન આપ્યો. એમાં પાલક અભવ્યનું द्रव्य पूजाकर्म, અને શામ્બકુમારનું भाव पूजाकर्म જાણવું. ॥ इति ૫મું दृष्टान्तः ॥

એ પાંચેમાં વંદના વિષય જો કે તુલ્ય છે, તો પણ પ્રથમ કહેલ વ્યુત્પત્તિ અર્થવાળી ક્રિયાઓની મુખ્યતા ગણીને તે તે વંદના જૂદા જૂદા નામવાળી જાણવી.

**अवतरण :-** હવે ૫ પ્રકારના અવંદનીય સાધુનું ३ જું द्वार આ ગાથામાં કહેવાય છે-

## पासत्थो ओसन्नो, कुसील संसत्तओ अहाछंदो ।
## दुग-दुग-ति-दु-णेगविहा, अवंदणिज्जा जिणमयंमि ॥१२॥

**શબ્દાર્થ-ગાથાર્થવત્ સુગમ છે.**

**गाथार्थ :- પાર્શ્વસ્થ (અથવા પાશસ્થ), અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ (એ ૫ પ્રકારના સાધુ તે અનુક્રમે) ૨-૨-૩-૨ અનેક પ્રકારના છે અને તે જૈનદર્શનને વિષે અવંદનીય (નહિ વંદના યોગ્ય) કહ્યા છે. ॥૧૨॥**

**ભાવાર્થ** :- ગાથામાં કહેલ ૫ અવંદનીય પાર્શ્વસ્થાદિ સાધુઓનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે-

## ॥૧ (અવંદનીય) પાર્શ્વસ્થ સાધુના ૨ ભેદ ॥

જ્ઞાન-દર્શન-ચારિત્રની पार्श्व=પાસે स्थ=રહે (એટલે જ્ઞાનાદિકને પાસે રાખે પરન્તુ સેવે નહિ) તે पार्श्वस्थ કહેવાય અથવા કર્મબંધનના હેતુ જે મિથ્યાત્વ વગેરે તે રૂપ पाश=પાશ (જાળ)માં વર્તે તે पाशस्थ કહેવાય.

તે પાર્શ્વસ્થના ૨ પ્રકાર આ પ્રમાણે-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સર્વરહિત કેવળ વેષધારી હોય તે ૧ सर्व पार्श्वस्थ, અને [૧]શય્યાતરાહૃત પિંડ, [૨]રાજપિંડ, [૩]નિત્યપિંડ, તથા [૪]અગ્રપિંડને વિના કારણે ભોગવે, [૫]કુલનિશ્રાએ વિચરે, સ્થાપના [૬]કુલમાં પ્રવેશ કરે. સંખડી (ગૃહસ્થનાં જમણવાર) જોતો ફરે, અને ગૃહસ્થની સ્તવના કરે તે ૨ देशपार्श्वस्थ જાણવો. એ *બન્ને પાસત્થા સાધુ વંદના કરવા યોગ્ય નથી.

## ॥ ૨ (અવંદનીય) અવસન્ન સાધુના ૨ ભેદ ॥

સાધુ સામાચારીમાં જે અવસન્ન એટલે શિથિલ (ખેદવાળો) હોય તે अवसन्न કહેવાય. તેના દેશથી અવસન્ન અને સર્વથી અવસન્ન એમ બે ભેદ છે. ત્યાં ઋતુબદ્ધ +પીઠ ફલકનો ઉપભોગી હોય અને સ્થાપના

---

૧ જેના મકાનમાં રહ્યા હોય તેના ઘરેથી આણેલો આહાર તે शय्यातराहृतपिंड.

૨ રાજા અને રાજાના અમુક મુખ્ય અધિકારીઓના ઘરનો આહાર તે राजपिंड.

૩ એક ઘેરથી પ્રથમ કરી રાખેલી નિમંત્રણા પ્રમાણે નિત્ય આહાર લે તે नित्यपिंड.

૪ ભાત વગેરેનો પ્રથમનો અગ્ર (ઉપરનો ભાગ ગ્રહણ કરે એટલે (ગૃહસ્થે પોતાને માટે આહાર કાઢ્યા પહેલાં જ ગ્રહણ કરે) તે अग्रपिंड.

૫ આટલાં મારાં જ (ભાવિત કરેલાં) કુળ (સમુદાયં વિશેષ) જાણી ત્યાં જ આહાર માટે વિચરે તે कुलनिश्रा.

૬ ગુરુ આદિની વિશેષ ભક્તિ કરનારાં કુળ (સમુદાય) તે स्थापना कुल.

*એ પ્રમાણે પાર્શ્વસ્થ સાધુ બે પ્રકારના હોવાથી જે કેટલાએક આચાર્યો પાર્શ્વસ્થને સર્વથા ચારિત્ર રહિત જ માને છે, તે અયુક્ત છે. (પ્રવ૦ સારો૦ વૃત્તિ)

+ સંથારા માટે પાટ વગેરે ન મળે તો વર્ષાઋતુમાં વાંસ વગેરેના ઘણા કકડાઓને દોરીઓથી બાંધી સંથારો કરવો પડે, પરંતુ તેની પુનઃ બંધ છોડીને પડિલેહણા કરવી જોઈએ. તે કરે નહિ, તે ઋતુબદ્ધ પીઠફલક દોષ, અથવા વારંવાર શયન માટે સંથારો કરે અથવા સંથારો પાથર્યો રાખે અથવા ચોમાસા વિના પાટ-પાટલાદિ વાપરે તે પણ ऋतुबद्ध पीठफलक દોષ જાણવો.

[1]ભોજી તથા [2]પ્રાભૃતિકાભોજી હોય તે सर्वथी अवसन्न, અને પ્રતિક્રમણ; પડિલેહણા, સ્વાધ્યાય, ભિક્ષાચર્યા, ધ્યાન, ઉપવાસાદિ, [3]આગમન, [4]નિર્ગમન, [5]સ્થાન, બેસવું અને શયન કરવું એ સર્વ સાધુ સામાચારી કરે નહિ. અથવા કરે તો હીનાધિક કરે, અથવા ગુરુના વચનથી બલાત્કારે કરે તે देशथी अवसन्न જાણવો. એ બંને અવંદનીય છે.

## ॥ ૩ (અવંદનીય) કુશીલ સાધુના ૩ ભેદ ॥

કુત્સિત (માઠા) આચારવાળો તે કુશીલ સાધુ કહેવાય, તેના ૩ ભેદ આ પ્રમાણે- "કાલે વિણએ બહુમાણે" એ પદવાળી ગાથામાં કહેલા ૮ પ્રકારના જ્ઞાનાચારની વિરાધના કરે તે ૧ ज्ञानकुशीलः "નિસ્સંકિય નિક્કંખિય" એ પદવાળી ગાથામાં કહેલા ૮ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે તે ૨ दर्शनकुशीलः તથા યંત્ર-મંત્ર કરે, એક અંગમાં ગોળા નાખીને બીજા અંગમાંથી કાઢવા, અથવા મુખમાંથી અગ્નિ કાઢવો, ઈત્યાદિ ચમત્કાર દેખાડે, સ્વપ્ન ફળ કહે, જ્યોતિષ પ્રકાશે, ભૂત-ભાવિનો લાભાલાભ કહે, જડીબુટ્ટી કરે, પોતાનાં જાતિ-કુલ પ્રકાશ કરે, સ્ત્રી-પુરુષાદિનાં લક્ષણ કહે, કામણ-વશીકરણ કરે, સ્નાનાદિકથી શરીર-વિભૂષા કરે, ઈત્યાદિ અનેક પ્રકારે ચારિત્રની વિરાધના કરનાર તે ૩ चारित्रकुशीलः જાણવો. એ ત્રણે અવંદનીય છે.

## ॥ ૪ (અવંદનીય) સંસક્ત સાધુના બે ભેદ ॥

ગુણ અને દોષ એ બન્ને વડે સંયુક્ત એટલે મિશ્ર હોય તે संसक्त કહેવાય; જેમ ગાય વગેરે પોતાને ખાવાના ટોપલામાં એઠું અથવા સારું ભોજન ખોળ-કપાસીયા વગેરે સર્વ મિશ્ર થયેલું ખાય છે, તેમ આ સંસક્ત સાધુના મૂળગુણ (=૫ મહાવ્રત), અને ઉત્તરગુણ (પિંડવિશુદ્ધિ-આહારશુદ્ધિ) રૂપ ગુણોમાં તેમ જ તેથી વ્યતિરિક્ત, બીજા પણ ગુણોમાં ઘણા દોષ પ્રાપ્ત થયેલા હોય છે. તેના બે ભેદ છે તે આ પ્રમાણે-પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવયુક્ત, રસ ગારવાદિ ૩ (રસ-ઋદ્ધિ-શાતા) ગારવયુક્ત, સ્ત્રી અને ગૃહયુક્ત ઈત્યાદિ દોષયુક્ત હોય તે ૧

---

૧. સાધુને માટે આહાર રાખી મૂકવો તે स्थापना.
૨. પ્રાભૃતિકાભોજી તે પોતાના ઈષ્ટ વા પૂજ્ય મુનિને જે ઈષ્ટ આહાર હોય તે બહુમાનપૂર્વક વહોરાવવો તે प्राभृतिका. તેનું ભોજન કરે.
૩. ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે પગ-પ્રમાર્જનાદિ વિધિ તથા નિસીહિ કહેવાની વિધિ તે आगमन सामाचारी.
૪. ઉપાશ્રયમાંથી નીકળતી વખતે આવસ્સહિ કહેવા વગેરેની વિધિ તે निर्गमन सामाचारी.
૫. કાયોત્સર્ગાદિ વખતે ઊભા રહેવાની વિધિ તે स्थानसामाचारी.

संक्लिष्ट संसक्त, અને પાર્શ્વસ્થાદિ પાસે જાય ત્યારે તેવા ગુણવાળો થાય અને સંવિજ્ઞ સાધુઓમાં વસે ત્યારે જાણે સંવિજ્ઞ ગુણવાળો હોય એવા આચાર-વિચાર રાખે, એ પ્રમાણે જ્યાં જાય ત્યાં તેવા પ્રકારનો આચાર પાળે તે असंक्लिष्ट संसक्त એ બંને અવંદનીય છે.

## ॥ (અવંદનીય) યથાછંદ સાધુના અનેક ભેદ ॥

ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ પ્રરૂપે, ગૃહસ્થના કાર્યમાં પ્રવર્તે, અન્ય સાધુ કે શિષ્યના અલ્પ અપરાધમાં પણ વારંવાર ક્રોધ-આક્રોશ કરે, પોતાની કલ્પના પ્રમાણે આગમનો અર્થ વિચારી વિગઈ વગેરેના ઉપભોગથી સુખશીલ થઈ વિચરે, ત્રણ ગારવયુક્ત થાય, ઇત્યાદિ અનેક પ્રકારનાં લક્ષણવાળો यथाछन्द (એટલે આગમની અપેક્ષા વિના પોતાના છંદે ચાલનાર) સાધુ જાણવો. તે જૈનદર્શનમાં અવંદનીય ગણ્યો છે.

એ પાર્શ્વસ્થાદિ સાધુઓને વંદના કરવાથી કીર્તિ કે કર્મ્મનિર્જ્જરા ન થતાં કેવળ કાયકલેશ અને કર્મબંધજ થાય છે. (ઇત્યાદિ વિશેષ ભાવાર્થ આવ૦ નિર્યુક્તિમાં ઘણો કહ્યો છે) તો પણ જ્ઞાન-દર્શન ચારિત્રાદિકના ગાઢ કારણે કોઈ વખત પાર્શ્વસ્થાદિકને પણ વંદના કરવાનું કહ્યું છે; તેનું કારણ એ કે પાર્શ્વસ્થાદિક સાધુઓ જો કે ચારિત્રના અસંભવવાળા છે તો પણ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા x ન હોય; વળી એ પ્રભુનો વેશ ધરનાર છે માટે સાધુવેષ દેખીને પણ પાર્શ્વસ્થાદિકને વંદના કરવી એમ કેટલાક કહે છે; પણ તેવા અભિપ્રાયથી કરેલી વંદના પણ મોટા અનર્થવાળી છે; એ સંબંધી ઘણી [1]ચર્ચા આવશ્યક નિર્યુક્તિથી જાણવા જેવી

---

x दंसणपक्खो सावय, चरित्तभट्ठे य मंदधम्मे य । दंसणचरित्तपक्खो, समणे परलोगकंखम्मि. એમાં "मन्दधर्मे च" पार्श्वस्थादौ ઇતિ વચનાત્ (આ. નિર્યુક્તિ). એ ગાથાનો ભાવાર્થ-શ્રાવકમાં, કોઈક અનવસ્થિત સાધુમાં અને પાર્શ્વસ્થાદિ સાધુઓમાં દર્શનપક્ષ-સમ્યક્ત્વ હોય છે, અને પરલોકની આકાંક્ષાવાળા સુસાધુમાં તો દર્શનપક્ષ-(ઉપલક્ષણથી જ્ઞાનપક્ષ) અને ચારિત્રપક્ષ એ બન્ને (ત્રણે) હોય છે.

૧ આ સંબંધમાં શ્રી આવશ્યક નિર્યુક્તિમાં જે ઉપયોગી ચર્ચા છે તેનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે -

**શિષ્ય પ્રશ્ન :** અધ્યવસાયની વિશુદ્ધિથી આ સુવિહિત સાધુ છે અને અવિશુદ્ધિથી આ પાર્શ્વસ્થાદિ પતિત સાધુઓ છે, એમ અમો છદ્મસ્થ હોવાથી ઓળખી શકીએ નહિ માટે અમો તો તેમનો સાધુ વેષ, દેખીને જ વંદના કરીએ તે ઉચિત છે ?

**ગુરુ ઉત્તર :** જો કેવળ સાધુવેષ દેખીનેજ વંદના કરતા હોય ત્યારે તો જમાલી વગેરે જાણીતા મિથ્યાદૃષ્ટિઓને પણ સાધુ વેષ હોવાથી વંદના કરવી પડશે, અને જો એવા સ્પષ્ટ મિથ્યાદૃષ્ટિઓને સાધુ વેષ છતાં વંદના નહિ કરો તો કેવળ સાધુવેષ જ વંદનીય છે. એમ શા માટે કહો છો ?

છે. વળી પ્રમાદવાળા પાર્શ્વસ્થાદિકને વંદના કરવાથી તે પ્રમાદી સાધુમાં રહેલાં સર્વે પ્રમાદસ્થાનો વંદનીય થાય છે, માટે પ્રમાદી મુનિ અવંદનીય છે, તેમજ પાર્શ્વસ્થાદિકનો સંગ કરનારા સાધુઓ પણ અવંદનીય છે.

**પ્રશ્ન :** પરિચયમાં આવેલા સાધુઓને તો પાર્શ્વસ્થાદિનાં લક્ષણવાળા જાણી વંદના ન કરીએ; પરંતુ અપરિચિત (અજાણ્યા) સાધુ મહારાજ ગામમાં પધાર્યા હોય તો તેમને વંદના કરવી કે નહિ ?

**ઉત્તર :** પૂર્વે પરિચયમાં નહિ આવેલા સાધુ મહારાજને પ્રથમ તો ઉચિત વિનય અને વંદનાદિ કરવા યોગ્ય છે. પરંતુ શિથિલ વિહારી માલુમ પડ્યા પછી તો વંદનાદિ કરવા યોગ્ય નથી.

---

**શિષ્ય પ્રશ્ન :** જો વંદના કરવામાં સાધુવેષ મુખ્ય ન ગણીએ તો છદ્મસ્થ જીવ સાધુ-અસાધુને કેવી રીતે જાણે ? કોઈ વખત અસાધુઓ પણ કારણસર સાધુવત્ પ્રવૃત્તિવાળા હોય છે, અને કોઈ વખત સુવિહિત સાધુઓ પણ કારણસર અસાધુ સરખી પ્રવૃત્તિવાળા હોય છે, તો એ પ્રમાણે હોવાથી મુનિઓએ સાધુવેષવાળા મુનિને જોઈને શું કરવું ?

**ગુરુ ઉત્તર :-** અદૃષ્ટપૂર્વ (= પૂર્વે પરિચયમાં નહિ આવેલા-અજાણ્યા) સાધુઓને દેખી મુનિઓએ અભ્યુત્થાનાદિ સત્કાર અવશ્ય કરવો, જેથી આ અવિનીત છે, એમ આવેલા સાધુઓ ન સમજે; અને દૃષ્ટપૂર્વ (પ્રથમ જાણવામાં આવેલા) સાધુઓ ઉદ્યતવિહારી અને શીતલવિહારી એમ બે પ્રકારના છે. ત્યાં ઉદ્યતવિહારીને અભ્યુત્થાન અને વંદનાદિ યથાયોગ્ય સત્કાર કરવો, અને શીતલવિહારીને તે સત્કાર ન કરવો એ ઉત્સર્ગ માર્ગ છે; તેમને તો કોઈ ગાઢ કારણના અપવાદથી પર્યાય (બ્રહ્મચર્ય) - પરિષદ્-પુરુષ-ક્ષેત્ર-કાળ-અને આગમનો વિચાર કરીને જ લાભાલાભ જાણી વંદનાદિ સત્કાર કરવો યોગ્ય છે.

**શિષ્ય પ્રશ્ન :** જેમ તીર્થંકરની પ્રતિમામાં તીર્થંકરના ગુણ નથી, તો પણ (તીર્થંકરના ગુણનું આરોપણ કરીને) સાક્ષાત્ તીર્થંકર માનીને વંદનપૂજા કરીએ છીએ તેમ પાર્શ્વસ્થાદિ સાધુઓમાં સાધુના ગુણ નથી, તો પણ સાધુના ગુણનું આરોપણ કરીને (સાધુ માનીને) વંદના કરીએ તો શું ?

**ગુરુ ઉત્તરઃ-** પ્રતિમામાં તો ગુણ અને અવગુણ બન્ને ન હોવાથી જેવા ગુણવાળી માનવી હોય તેવી માની શકાય, પરન્તુ પાર્શ્વસ્થાદિમાં તો અવગુણ વિદ્યમાન છે; તેથી તેમાં ગુણનું આરોપણ થાય નહિ. જેમ ખાલી પાત્રમાં જે ભરવું હોય તે ભરાય, પરન્તુ કોઈ પણ એક વસ્તુથી ભરેલા પાત્રમાં બીજી વસ્તુ ન ભરાય, માટે પ્રતિમાનું દૃષ્ટાન્ત આ સ્થાને ઘટી શકતું નથી. (ઇત્યાદિ સવિસ્તર ચર્ચા આવ૦ નિર્યુક્તિથી જાણવી.)

**अवतरण** :- હવે આ ગાથામાં ૫ વંદનીય સાધુનું ૪થું દ્વાર કહેવાય છે

## आयरिय उवज्झाए, पवत्ति थेरे तहेव रायणिए ।
## किइकम्म निज्जरट्ठा, कायव्वमिमेसिं पंचण्हं ॥१३॥

**શબ્દાર્થ** :-

**निज्जर**=નિર્જરાને
**अट्ठा**=અર્થે, માટે
**इमेसिं**=એ (એઓને).

**ગાથાર્થ** :- **આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્તક-સ્થવિર તેમજ રાત્નિક એ પાંચને નિર્જરાને અર્થે વંદન કરવું. ॥૧૩॥**

**ભાવાર્થ** :- ગણના નાયક તથા સૂત્ર-અર્થ બન્નેના જાણ અને અર્થની વાચના આપે તે आचार्य, તથા ગણના નાયક થવાને યોગ્ય (નાયક સરખા), સૂત્ર-અર્થ બન્નેના જાણ, પરંતુ વાચના સૂત્રની આપે તે उपाध्याय સાધુઓને ક્રિયાકાંડ વગેરેમાં પ્રવર્તાવે તે प्रवर्तक, મુનિમાર્ગથી ખેદ પામતા અને પતિતપરિણામી થતા સાધુઓને અથવા પ્રવર્તકે સાધુને જે માર્ગમાં પ્રવર્તાવેલા હોય તે સાધુઓ પાછા તે માર્ગથી ખેદ પામી પતિતપરિણામી થતા હોય તો તેઓને ઉપદેશાદિ વડે તે માર્ગમાં સ્થિર કરે તે અથવા વૃદ્ધાવસ્થાવાળા હોય તે स्थविर, અને *પર્યાયમાં વડીલ હોય તે रात्निक અથવા रत्नाधिक કહેવાય. તેમજ [1]गणावच्छेदक પણ કહેવાય.

એ પાંચેમાં આચાર્યાદિ ચાર [2]દીક્ષાપર્યાય વડે ન્યૂન હોય તો પણ તેઓને દ્વાદશાવર્ત્તવંદન કર્મની નિર્જરા માટે કરવું જોઈએ; તેમજ એ પાંચને અનુક્રમે વંદન કરવું. કેટલા એક આચાર્યો એમ પણ કહે છે કે-સર્વથી પ્રથમ આચાર્યને, અને ત્યારબાદ રત્નાધિકપણાની યોગ્ય મર્યાદા વડે અનુક્રમે વંદન કરવું એટલે દીક્ષાપર્યાય અધિક હોય તેને પહેલું વંદન કરવું, (આવ૦ નિ૦ વૃત્તિ.)

---

* જ્ઞાનપર્યાય, દીક્ષાપર્યાય અને વયપર્યાય એ ૩ પ્રકારના યથાયોગ્ય પર્યાય જાણવા.

૧ આવ૦ વૃત્તિમાં ગણાવચ્છેદકને (ગણીને) સ્થવિર સાથે ગણ્યા છે. અને ભાષ્યની અવચૂરિમાં રત્નાવિકનું જ બીજું નામ ગણાવચ્છેદક કહ્યું છે. ત્યાં ગચ્છના કાર્ય માટે ક્ષેત્ર, ઉપધિ આદિકના લાભાર્થે વિચરનાર અને સૂત્ર તથા અર્થ બન્નેને જાણનાર તે गणावच्छेदक કહેવાય.

૨ જો કે રત્ન એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્ર (એ ૩ રત્ન)માં અધિક હોય તે રત્નાધિક કહેવાય, પરન્તુ અહીં ચારિત્રપર્યાયમાં જયેષ્ઠ તે રત્નાધિક એવો અર્થ મુખ્ય હોવાથી રત્નાધિકને "દીક્ષાપર્યાય વડે ન્યૂન હોય તો પણ (વાંદવા)" એ અર્થ સંગત નથી, કારણ કે રત્નાધિક તો દીક્ષાપર્યાય વડે અધિક જ હોય એમ અહીં ગણેલું છે માટે દીક્ષાપર્યાય વડે ન્યૂન એવા ચાર કહ્યા છે.

**अवतरण** :- હવે વંદન કોણે ન કરવું, એટલે વંદના કોની પાસે ન કરાવવી ? તે કહેવાનું (=૪ પાસે વંદન ન કરાવવા સંબંધી) ૫ મું द्वार આ ગાથામાં દર્શાવાય છે તથા ૪ જણે વંદના કરવી તે સંબંધી ૬ ટ્ઠું द्वार પણ દર્શાવાય છે.

**माय-पिय-जिट्ठभाया, ओमावि तहेव सव्वरायणिए ।**
**किइकम्म न कारिज्जा, चउ समणाई कुणंति पुणो ॥१४॥**

શબ્દાર્થ :-

**ओम**=અવમ, વયાદિકમાં લઘુ
**अवि**=તો પણ અથવા [1]માતામહ પિતામહ વગેરે (ના ગ્રહણ માટે અપિ શબ્દ છે.)
**कारिज्जा**=(વંદન) કરાવવું.

**गाथार्थ** :- દીક્ષિત માતા; દીક્ષિત પિતા, દીક્ષિત જ્યેષ્ઠભાઈ (મોટાભાઈ) વગેરે, તેમજ વયમાં લઘુ હોય છતાં પણ સર્વે રત્નાધિક (જ્ઞાનાદિ ગુણ વડે અધિક) એ ચાર જણ પાસે મુનિએ વંદના ન કરાવવી, પરંતુ એ ૪ સિવાયના શેષ શ્રમણ આદિક (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા) પાસે વંદના કરાવવી, એટલે સાધુ આદિ *ચારેએ વંદના કરવી. ॥૧૪॥ એ ૫મું તથા ૬ ટ્ઠું द्वार કહ્યું.

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે- સાધુ થયેલ માતા-પિતા અને જ્યેષ્ઠભાઈ વગેરે પાસે (માતામહ, પિતામહ વગેરે) પાસે વંદન ન કરાવવી, પરંતુ ગૃહસ્થપણામાં રહેલા માતાદિક પાસે વંદના કરાવવી. તથા જ્ઞાનાદિ ગુણમાં અધિક એવા રત્નાધિક લઘુ હોય છતાં પણ વંદના ન કરાવવી તે જ્ઞાનાદિ ગુણનું બહુમાન છે, અને તે ઉચિત વ્યવહાર છે.

**अवतरण** :- હવે આ ગાથામાં પાંચ સ્થાને વંદના ન કરવી તે પાંચ નિષેધસ્થાન સંબંધી ૭ મું द्वार કહે છે.

**विक्खित्त-पराहुत्ते, [2]अ पमत्ते, मा कयाइ वंदिज्जा ।**
**आहारं नीहारं, कुणमाणे काउकामे अ ॥१५॥**

---

૧ માતામહ વગેરેનું ગ્રહણ આવ૦ વૃત્તિમાં (अवि=) अपि શબ્દથી કર્યું છે, અને અવચૂરિમાં માતા-પિતાના ઉપલક્ષણથી કર્યું છે, (એટલે માતા-પિતા કહેવાથી માતામહ (=માતાના બાપ) પિતામહ (બાપના બાપ) વગેરે પાસે પણ વંદન ન કરાવવું.)

*આવ૦ નિર્યુક્તિમાં વંદના કરનાર (વંદન દાતા) સાધુજ હોય એમ કહ્યું છે તે સાધુ સામાચારીને અંગે સંભવે છે.

૨ અવચૂરિ આદિ પ્રતોમાં પણ એ ખૂટતો अ કાર આવ૦ નિર્યુક્તિમાંથી લીધો છે.

शબ્દાર્થ :-

**विक्खित्त**=વ્યક્ષિપ્ત-વ્યગ્રચિત્ત | **कयाइ**=કદાચિત્, કદી પણ
**पराहुत्ते**=પરાઙ્મુખ હોય | **कुणमाणे**=કરતા હોય
**पमत्ते**=પ્રમાદમાં હોય | **काउकामे**=કરવાની ઇચ્છાવાળા હોય.

**गाथार्थ** :- ગુરુ જ્યારે વ્યગ્ર (કોઇ ધર્મકાર્યની ચિંતામાં વ્યાકુળ) ચિત્તવાળા હોય, પરાઙ્મુખ (એટલે સન્મુખ ન બેઠેલા) હોય, ક્રોધ, નિદ્રા વગેરે પ્રમાદમાં વર્તતા હોય, આહાર-નિહાર કરતા હોય તેમજ કરવાની ઇચ્છાવાળા હોય ત્યારે કદી પણ વંદના ન કરવી. ૧૫

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-એ પાંચ વખતે વંદના કરવાથી અનુક્રમે ધર્મનો અન્તરાય, વંદનનું અનવધારણ (=અલક્ષ્ય) ક્રોધ, આહારનો અન્તરાય અને નિહારનું અનિર્ગમન (લઘુનીતિ, વડીનીતિ બરાબર ઊતરે નહિ તે) ઇત્યાદિ દોષ પ્રાપ્ત થાય છે. (આવ૦ વૃત્તિ.)

**अवतरण** :- આ ગાથામાં ગુરુને ૪ સ્થાનકે (પ્રસંગે) વાંદણાં દેવારૂપ ચાર અનિષેધસ્થાનનું ૮ મું દ્વાર કહે છે.

**पसंते आसणत्थे अ, उवसंते उवट्ठिए ।**
**अणुन्नवित्तु मेहावी, किइकम्मं पउंजइ ॥१६॥**

શબ્દાર્થ :-

**उवट्ठिए**=ઉપસ્થિત, | **मेहावी**=બુદ્ધિમાન
**अणुन्नवित्तु**=અનુજ્ઞા માગીને | **पउंजइ**=પ્રયોજે, કરે.

**गाथार्थ** :- ગુરુ જ્યારે પ્રશાન્ત (અવ્યગ્ર) ચિત્તવાળા હોય, આસન ઉપર બેઠેલા હોય, ઉપશાન્ત (ક્રોધાદિ રહિત) હોય, અને વંદન વખતે શિષ્યને "છંદેણ" ઇત્યાદિ વચન કહેવા માટે ઉપસ્થિત ઉદ્યત (તત્પર) હોય ત્યારે (એ ૪ પ્રસંગે) બુદ્ધિમાન્ શિષ્ય ગુરુની આજ્ઞા માગીને વંદન કરે છે. ॥૧૬॥

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે.

**अवतरण** :- હવે ૮ કારણે વંદના કરવાનું ૯ મું દ્વાર કહેવાય છે.

**पडिकमणे सज्झाए, काउस्सग्गा-वराह-पाहुणए ।**
**आलोयण संवरणे, उत्तम (अ) ट्ठे य वंदणयं ॥१७॥**

**शब्दार्थ** :- ગાથાર્થને અનુસારે.

**गाथार्थ** :- પ્રતિક્રમણમાં (માટે), સ્વાધ્યાયમાં, કાઉસ્સગ્ગમાં, અપરાધ ખમાવવામાં, મોટા સાધુ પ્રાહુણા આવે તેમને, આલોચનામાં, સંવરમાં, (પ્રત્યાખ્યાન માટે), અને ઉત્તમ અર્થમાં (એટલે સંલેખનાદિ માટે) ગુરુને વંદન કરવું. ॥૧૭॥

**भावार्थ** :- પ્રતિક્રમણમાં ચાર વાર બે બે વાંદણાં દેવાય છે તે **प्रतिक्रमण** માટે ગુરુવંદન જાણવું. તથા ગુરુ પાસે વાચના લેતી વખતે પ્રથમ ગુરુને ૩ વાર વંદન કરવું તે **स्वाध्याय*** માટે જાણવું, તથા યોગોદ્વહન વખતે આયંબિલ છોડી નીવીનું પચ્ચક્ખાણ કરવા પહેલાં ગુરુને વંદન કરવું તે **काउस्सग्ग** માટે જાણવું. ગુરુ પ્રત્યે થયેલો અપરાધ ખમાવવા માટે જે પ્રથમ ગુરુવંદન કરવું તે **अपराध** માટે જાણવું, તથા વડીલ સાધુ પ્રાહુણા પધારે ત્યારે તે પ્રાહુણા સાધુને (સાંભોગિક અર્થાત્ સરખી સામાચારીવાળા હોય તો ગુરુને પૂછીને અને અસાંભોગિક હોય તો પ્રથમ ગુરુને વંદના કરીને પૂછે, અને ગુરુ આદેશ આપે તો) વંદના કરવી તે [1]**प्राहुणा** માટે જાણવું. તથા કોઈ અતિચાર-અનાચારનું આલોચનાદિ પ્રાયશ્ચિત અંગીકાર કરવું હોય ત્યારે ગુરુને પ્રથમ વંદના કરવી તે **आलोचना** માટે જાણવું, [2]વિહારગમન સમયે પણ જે વંદન તે આ ભેદમાં અંતર્ગત થાય છે. તથા ઘણા આગારવાળા એકાશનાદિ પચ્ચક્ખાણને ભોજન કર્યા બાદ ઓછા આગારવાળું કરવું તે દિવસચરિમ પચ્ચક્ખાણરૂપ સંવર (=સંક્ષેપ), અથવા નમુક્કારસહિયં આદિ લઘુપચ્ચક્ખાણ બદલીને ઉપવાસાદિ મોટું પચ્ચક્ખાણ કરવું તે પણ સંવર (સંવરણ) કહેવાય, માટે તે સંવર એટલે પ્રત્યાખ્યાન કરવા પહેલાં ગુરુને વંદના કરવી તે **प्रत्याख्यान** માટે જાણવું. તેમજ અનશન તથા સંલેખણા (રૂપ ઉત્તમ અર્થ) અંગીકાર કરવા માટે પ્રથમ ગુરુવંદન કરવું તે **उत्तमार्थ** માટે જાણવું. એ પ્રમાણે ૮ કારણે ગુરુને વંદન કરવું.

એમાં પ્રતિક્રમણનાં ૪ અને સ્વાધ્યાયનાં ૩ એ ૭ વંદન દિવસના પૂર્વાર્ધનાં તથા ઉત્તરાર્ધનાં મળી ૧૪ [3]**ध्रुववंदनो** છે, કે જે દરરોજ કરવા યોગ્ય છે, અને શેષ કાયોત્સર્ગાદિકનાં વંદનો તેવા તેવા કારણ પ્રસંગે કરવાનાં હોવાથી **अध्रुववंदनो** છે.

---

*પટ્ઠવણાનું, પવેયણાનું અને પઠન બાદ કાળ વેળાનું ગુરુવંદન તે સ્વાધ્યાયનાં ૩ વંદન સાધુસામાચારીથી જાણવા યોગ્ય છે.

૧ એમાં પ્રાહુણા મુનિ લઘુ હોય તો તે પ્રાહુણા મુનિએજ વંદન કરવું, અને પ્રાહુણા જયેષ્ઠ હોય તો પ્રાહુણાને તત્રસ્થ લઘુ મુનિઓએ વંદન કરવું એ બન્ને અર્થ છે. (પ્રવ૦ સારો૦ વૃત્તિ)

૨ आलोचनायां विहारापराधभेदभिन्नायां ઇતિ આવ૦ વૃત્તિ વચનાત્.

३ चत्तारि पडिक्कमणे, किइकम्मा तिन्नि हुंति सज्झाए ।
पुव्वन्हे, अवरन्हे किइकम्मा चउदस हवंति ॥ આ૦ નિ૦ ૧૨૦૧ ॥
एवमेतानि ध्रुवानि प्रत्यहं कृतिकर्माणि चतुर्दश भवंति ઇતિ આવ૦ વૃત્તિ૦

**अवतरण** :- હવે આ ગાથામાં ૨૫ (પચીસ) આવશ્યકનું ૧૦ મું द्वार કહેવાય છે.

## दोऽवणयमहाजायं, आवत्ता बार चउसिर तिगुत्तं ।
## दुपवेसिगनिक्खमणं, पणवीसावसय किइकम्मे ॥१८॥

**શબ્દાર્થ** :-

**अवणयं**=અવનત, નમન
**अहाजायं**=યથાજાત
**आवत्ता**=આવર્ત્ત
**दु-पवेस**=બે પ્રવેશ
**इग निक्खमणं**=૧ નિષ્ક્રમણ (નીકળવું)
**पणवीस**=પચીસ
**आवसय**=આવશ્યક

**गाथार्थ** :- **૨ અવનત, ૧ યથાજાત, ૧૨ આવર્ત્ત, ૪ શીર્ષ, ૩ ગુપ્તિ, ૨ પ્રવેશ, અને નિષ્ક્રમણ (નિર્ગમન) એ પ્રમાણે દ્વાદશાવર્ત્તવંદનમાં ૨૫ આવશ્યક છે. ॥૧૮॥**

**भावार्थ** :- અવશ્ય કરવા યોગ્ય ક્રિયાઓ તે आवश्यक કહેવાય, તે અહીં ગુરુવંદનમાં વંદનસૂત્ર બોલતી વખતે પચીસ આવશ્યક સાચવવા યોગ્ય છે. તે આ પ્રમાણે-

૨ अवनत- ગુરુ મહારાજને પોતાની વંદન કરવાની ઇચ્છા પ્રગટ જણાવવાને માટે इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहियाए એટલાં પાંચ પદ કહીને જે કિંચિત્ મસ્તક (સહિત શરીર) નમાવવું તે अवनत કહેવાય. તે પહેલા વંદન વખતે પહેલું અવનત, અને બીજીવારના વંદન વખતે બીજું અવનત પણ એ જ પાંચ પદના ઉચ્ચાર પૂર્વક જાણવું.

૧ यथाजात- અહીં શિષ્ય यथा=જેવી રીતે जात એટલે જન્મ્યો હતો તેવા આકારવાળા થઈને ગુરુવંદન કરવું (એટલે વાંદણાનો સૂત્રપાઠ બોલવો તે જન્મ સરખી મુદ્રા) તે यथाजात આવશ્યક કહેવાય. ત્યાં જન્મ ૨ પ્રકારનો છે, એક સંસારમાયા રૂપી સ્ત્રીની કુક્ષિમાંથી (=સંસારમાંથી) બહાર નીકળવું તે दीक्षाजन्म, અને બીજો માતાની કુક્ષીમાંથી બહાર નિકળવું તે भवजन्म. એ બંને જન્મનું અહીં પ્રયોજન છે. તે આ પ્રમાણે-દીક્ષાજન્મ વખતે (=દીક્ષા લેતી વખતે) જેમ ચોલપટ્ટ (કટિવસ્ત્ર), રજોહરણ (ઓઘો) અને મુહપત્તિ એ ૩ ઉપકરણ જ હતાં તેમ દ્વાદશાવર્ત્તવંદન વખતે પણ એ ૩ જ ઉપકરણ રાખવાં, અને ભવજન્મ વખતે જેમ કપાળે લાગેલા બે હાથ સહિત જન્મ્યો હતો તેમ ગુરુવંદન વખતે પણ શિષ્યે કપાળે બે હસ્ત લગાડી (અંજલિ જોડી) વંદન કરવું તે બન્ને પ્રકારના જન્મના આકારવાળું અહિં ૧ यथाजात આવશ્યક જાણવું.

૧૨ आवर्त्त-(વંદન સૂત્રના અમુક પદોચ્ચારપૂર્વક ગુરૂના ચરણ પર તથા મસ્તકે હાથ સ્થાપવા-સ્પર્શાવવા રૂપ જે) કાયવ્યાપાર વિશેષ તે आवर्त्त કહેવાય. તે ૧૨ આવર્ત્ત પદોના નામથી આ પ્રમાણે- १ अहो, २ कायं, ३ काय संफासं, ४ खमणिज्जो भे किलामो अप्पकिलंताणं बहुसुभेण भे दिवसो वइक्कंतो जत्ता भे, ५ जवणि, ६ ज्जं च भे. એ પહેલાં ૬ x આવર્ત્ત પહેલા વંદન વખતે અવગ્રહમાં પ્રવેશ કરીને કરવાના હોય છે, અને [1]અવગ્રહમાંથી નીકળીને પુનઃ બીજા વંદન વખતે પણ અવગ્રહમાં પ્રવેશ કરીને એ જ ૬ આવર્ત્ત બીજીવાર કરવાનાં હોવાથી ૧૨ આવર્ત્ત ગણાય છે.

૪ शीर्ष-અહીં શીર્ષ માત્ર કહેવાથી પણ ગુરુ બે વાર કિંચિત્ મસ્તક નમાવે. તે ગુરુનાં બે શીર્ષ, અને શિષ્ય બે વાર વિશેષ શીર્ષ નમાવે (બે વાર संफासं એ પદ બોલતી વખતે) તે શિષ્યનાં બે શીર્ષવંદન, એ પ્રમાણે ૪ શીર્ષવંદન જાણવાં, એટલે જે વંદનમાં ૪ શીર્ષનમન હોય તે ૪ શીર્ષવંદન જાણવાં.

અહીં કેટલાક આચાર્યો બે ખામણા વખતનાં બે અને (બે) સંફાસં વખતનાં બે, એ રીતે ચારે શીર્ષનમન શિષ્યનાં ગણે છે, પરંતુ ગુરુનાં નહિ, પ્રસિદ્ધિમાં પણ શિષ્યનાં ૪ શીર્ષનમન આ મતાંતર પ્રમાણે જ ગણાય છે.

**પ્રશ્ન :-** બે અવનતમાં પણ શીર્ષનમન છે, અને આ ચાર શીર્ષમાં પણ શીર્ષનમન છે તો એ બે આવશ્યકોમાં તફાવત શું ?

---

x એ ૬ આવર્ત્તમાં પહેલાં ત્રણ આવર્ત્ત "અહો કાયં કાય" એ પ્રમાણે બે બે અક્ષરના ગણવા, તેમાં પહેલા અક્ષરના ઉચ્ચાર વખતે બે હથેળી ઊંધી કરી ગુરુના ચરણે લગાડવી અને બીજા અક્ષરના વખતે બે હથેળી ચત્તી કરી પોતાના કપાળે લગાડવી. એવા પ્રકારની ત્રણ વાર હસ્તચેષ્ટા એજ પહેલા ૩ આવર્ત્ત ગણાય અને "સંફાસં"ના ઉચ્ચાર વખતે મસ્તક ગુરુના ચરણે નમાવવું. તથા બીજા પણ આવર્ત્ત "જતા ભે, જવણિ, જ્જં ચ ભે" એ ત્રણ ત્રણ અક્ષરના ગણવા. તેમાં પહેલા અને ત્રીજા અક્ષરોચ્ચાર વખતે ઉપર કહ્યા પ્રમાણે કરવું. અને મધ્ય અક્ષરના ઉચ્ચાર વખતે ચત્તી કરેલી હથેળીઓને ગુરુચરણથી પોતાના લલાટ દેશ તરફ લઈ જતાં માર્ગમાંજ (વચમાંજ) સહજ અટકાવવી, એટલે વિસામો આપવો. અહીં ત્રીજા આવર્ત્તમાં "સંફાસં" પદ અને ચોથા આવર્તમાં ખમણિજ્જોથી વઈક્કંતો સુધીનાં પદ કાયવ્યાપાર પૂર્વક તથા આવર્તમાં ગણાતાં નથી, તો પણ સૂત્રનો અસ્ખલિત સંબંધ દર્શાવવા માટે એ પદો આવર્તોની સાથે આવશ્યક વૃત્તિ આદિમાં જેમ લખ્યાં છે તેમ અહીં પણ લખ્યાં છે, પરન્તુ આવર્ત તો બે-બે અને ત્રણ-ત્રણ અક્ષરના જ ગણવા.

૧ ગુરુથી શિષ્યે ૩II હાથ દૂર રહેવું જોઈએ, તેથી ૩II હાથનું વચ્ચેનું આંતરૂં વા ક્ષેત્ર તે अवग्रह તેમાં ગુરુની આજ્ઞા માગીને જ પ્રવેશ થઈ શકે.

**ઉત્તર** :-અવનત આવશ્યકમાં શિષ્યના શીર્ષનમનની અને તે પણ કિંચિત્ નમનની મુખ્યતા છે, અને શીર્ષ આવશ્યકમાં નમન કરતા સર્વ શીર્ષની તેમજ શિષ્યના વિશેષ શીર્ષ નમનની પણ મુખ્યતા છે, એ તફાવત છે.

અહીં **खमेमि खमासमणो देवसियं वइक्कमं** એ પદોના ઉચ્ચારપૂર્વક શિષ્યના મસ્તકનું નમન તે ૧ શિષ્યશીર્ષ, અને अहमविखामेमि तुमं એ પ્રમાણે બોલતા આચાર્યનું કિંચિત્ શીર્ષનમન તે ૨ જું ગુરુશીર્ષ, તે પહેલા વંદન વખતે અને તેવીજ રીતે બીજા વંદન વખતે પણ ૨ શીર્ષ ગણતાં ૪ શીર્ષ આવશ્યક ગણવાં. અથવા કોઈ સ્થાને એમ પણ ગણાય છે કે-संफासं પદોચ્ચાર વખતે શિષ્યનું સંપૂર્ણ (=ગુરુના ચરણ સુધીનું નમન) તે ૧ શીર્ષનમન, અને खामेमि खमा० ઇત્યાદિ પૂર્વોક્ત પદોચ્ચાર વખતે પણ શિષ્યનું તેવું બીજું શીર્ષનમન, તે પહેલા વંદનમાં અને બીજા વંદનમાં એમ બે વાર ગણતાં શિષ્યનાંજ ૪ શીર્ષ આવશ્યક ગણવાં.

३ गुप्ति-વંદન કરતી વખતે મનની એકાગ્રતા તે ૧ મનગુપ્તિ, વંદન સૂત્રના અક્ષરોનો શુદ્ધ અને અસ્ખલિત ઉચ્ચાર તે ૨ વચનગુપ્તિ, અને કાયા વડે આવર્ત્ત વગેરે (સમ્યક્ પ્રકારે કરે પરંતુ) વિરાધે નહિ (=સદોષ ન કરે) તે ૩ કાયગુપ્તિ.

૨ प्रवेश- પહેલા વંદન વખતે ગુરુની અનુજ્ઞા (આજ્ઞા) લઇને અવગ્રહમાં પ્રથમ [1]પ્રવેશ કરવો તે પહેલો પ્રવેશ, અને અવગ્રહમાંથી બહાર નીકળ્યા બાદ બીજા વંદન વખતે પણ આજ્ઞા માગીને પ્રવેશ કરવો તે બીજો પ્રવેશ.

१ निष्क्रमण-અવગ્રહમાંથી બહાર નીકળવું તે નિષ્ક્રમણ આવશ્યક કહેવાય, અને તે બે વંદનમાં (અથવા બે પ્રવેશમાં) એક વખત જ હોય છે, કારણ કે પહેલી વારના વાંદણામાં અવગ્રહને વિષે પ્રવેશ કરીને ત્યારબાદ ૬ આવર્ત્ત કરીને आवस्सियाए એ પદ કહી તુર્ત અવગ્રહમાંથી નીકળીને ઊભા રહી શેષ સૂત્રપાઠ બોલવાનો હોય છે, અને બીજીવારના વાંદણા વખતે તો બીજીવાર પ્રવેશ કરીને બીજીવારના ૬ આવર્ત્ત કરી રહ્યા બાદ પણ અવગ્રહમાં રહીને જ ઊભા થઇ સર્વ સૂત્રપાઠ બોલવાનો હોય છે, એવો વિધિમાર્ગ છે, જેથી પ્રવેશ બે વાર, પરંતુ નીકળવાનું તો એક જ વાર હોય છે, પરંતુ બીજીવાર નીકળવાનું હોતું નથી તે કારણથી જ आवस्सियाए એ પદ પણ બીજીવાર બોલવામાં આવતું નથી.

---

૧ વંદન વખતે આવર્ત કરવા પહેલાં અવગ્રહથી બહાર જ રહેવાનું હોય છે માટે બે વંદન વખતે બે વાર અવગ્રહમાં પ્રવેશ કરવાનો હોય છે.

**પ્રશ્ન** :- બીજીવારનું વંદનસૂત્ર સંપૂર્ણ બોલી રહ્યા પછી પણ અવગ્રહથી બહાર તો નીકળવું જ જોઇએ, કારણ કે શિષ્યને અવગ્રહમાં વિના કારણે રહેવાની આજ્ઞા નથી, તો તે વખતે બીજું નિષ્ક્રમણ કેમ ન ગણાય ?

**ઉત્તર** :- એ બીજું નિષ્ક્રમણ દ્વાદશાવર્ત્તવંદન કરવા માટે નથી, તેમજ દ્વાદશાવર્ત્ત વંદનમાં વચગાળે પણ નથી તે કારણથી એ નિષ્ક્રમણ દ્વાદશાવર્ત્ત વંદનના આવશ્યક તરીકે ગણાય નહિ. એ પ્રમાણે દ્વાદશાવર્ત્ત વંદનમાં પચીસ આવશ્યકો અવશ્ય સાચવવા યોગ્ય જાણવાં.

**अवतरण** :- પૂર્વ ગાથામાં કહેલા ૨૫ આવશ્યકોની વિરાધના કરવાથી વંદનનું ફળ (કર્મ નિર્જ્જરા) ન થાય તે આ ગાથામાં કહે છે-

**किइकम्मंपि कुणंतो, न होइ किइकम्मनिज्जराभागी ।**
**पणवीसामन्नयरं साहू ठाणं विराहंतो ॥१९॥**

**શબ્દાર્થ** :-

**( अ ) पि**=પણ
**कुणंतो**=કરતો
**पणवीस**=પચીસ (આવશ્યક) માંના
**अन्नयरं**=કોઈ એક પણ
**ठाणं**=સ્થાનને, આવશ્યકને

**गाथार्थ** :- ગુરુવંદન કરતો એવો સાધુ (અને ઉપલક્ષણથી સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા પણ) એ પચીસ આવશ્યકોમાંના કોઈ એક પણ આવશ્યકને વિરાધતો છતો (જેમ તેમ કરતો છતો) વંદનથી થતી કર્મનિર્જ્જરાના ફળનો ભાગી થતો નથી (એટલે તેને કર્મની નિર્જ્જરા ન થાય.) ૧૯

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે.

**अवतरण** :- હવે આ ગાથામાં મુહપત્તિની ૨૫ પડિલેહણાનું ૧૧મું દ્વાર કહેવાય છે.

**दिट्ठिपडिलेह एगा, छ उड्ढ पप्फोड तिगतिगंतरिया ।**
**अक्खोड पमज्जणया, नव नव मुहपत्ति पणवीसा ॥२०॥**

**શબ્દાર્થ** :-

**दिट्ठि**=દૃષ્ટિની
**पडिलेह**=પડિલેહણા, પ્રતિલેખના
**उड्ढ**=ઊર્ધ્વ
**पप्फोड**=પપ્ફોડા, પ્રસ્ફોટક, ખંખેરવી, ઊંચીનીચી કરવી
**तिगतिग**=ત્રણ ત્રણને
**अन्तरिया**=અંતરિત, આંતરે
**अक्खोड**=અખોડા, આસ્ફોટક આખોટક, અંદર લેવું.
**पमज्जणया**=પ્રમાર્જના, પખ્ખોડા. (ઘસીને કાઢવું)

**गाथार्थ** :- દૃષ્ટિપડિલેહણા, ૬ ઊર્ધ્વ પપ્ફોડા, અને ત્રણ ત્રણને આંતરે ૯ અખોડા તથા ૯ પ્રમાર્જના (એટલે ત્રણ ત્રણ અખોડાને આંતરે ત્રણ ત્રણ

**[1]પ્રમાર્જના અથવા ત્રણ ત્રણ પ્રમાર્જનાને આંતરે ત્રણ ત્રણ [2]અખોડા મળી ૯ અખોડા અને ૯ પ્રમાર્જના), એ પ્રમાણે મુહપત્તિની ૨૫ પડિલેહણા જાણવી. ॥૨૦॥**

**भावार्थ :-** ગુરુવંદન કરનાર ભવ્ય પ્રાણીએ પ્રથમ ખમાસમણ દઈ ગુરુની આજ્ઞા માગી પગના [3]ઉત્કટિક આસનથી બેસીને મૌનપણે મુહપત્તિની ૨૫ પડિલેહણા બે હાથને બે પગના આંતરામાં રાખી કરવી, તે ૨૫ પડિલેહણા આ પ્રમાણે-

**१ दृष्टि पडिलेहणा-** મુહપત્તિનાં પડ ઉખેડી દૃષ્ટિ સન્મુખ તીર્ચ્છી વિસ્તારીને દૃષ્ટિ-સન્મુખ રહેલું પહેલું પાસું દૃષ્ટિથી બરાબર તપાસવું, તેમાં જો કોઈ જીવજંતુ માલૂમ પડે તો તેને જયણાપૂર્વક યોગ્ય સ્થાને મૂકવું. ત્યાર બાદ મુહપત્તિનો બે હાથે ધરેલો ઉપલો ભાગ ડાબા હાથ ઉપર (જમણા હાથ વડે) નાખીને બીજું પાસું એવી રીતે બદલી નાખવું કે પ્રથમ ડાબા હાથમાં ધરેલો=દાબેલો ખૂણો જમણા હાથમાં આવે અને બીજું પાસું દૃષ્ટિ સન્મુખ થઈ જાય, ત્યારબાદ તે દૃષ્ટિ સન્મુખ થયેલા બીજા પાસાને પણ પહેલા પાસાવત્ દૃષ્ટિથી તપાસવું. એ પ્રમાણે, મુહપત્તિનાં બે પાસાં દૃષ્ટિથી તપાસવાં તે દૃષ્ટિલેહણા જાણવી.

**६ ऊर्ध्व पप्फोडा (=६ पुरिम)** બીજા પાસાની દૃષ્ટિ પડિલેહણા કરીને તે [+]ऊर्ध्व એટલે તીર્ચ્છી વિસ્તારેલી એવી મુહપત્તિનો પ્રથમ ડાબા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે પહેલા ૩ [*]पुरिम કહેવાય; ત્યારબાદ (દૃષ્ટિ પડિલેહણામાં કહ્યા પ્રમાણે) મુહપત્તિનું બીજું પાસું બદલીને અને દૃષ્ટિથી તપાસીને જમણા હાથ તરફનો ભાગ ત્રણ વાર ખંખેરવો અથવા નચાવવો તે બીજા [3]पुरिम ગણાય, એ પ્રમાણે કરેલા ૬ પુરિમ તે જ ૬ ઊર્ધ્વપપ્ફોડા અથવા ૬ ઊર્ધ્વ પ્રસ્ફોટક કહેવાય.)

---

૧ ઇતિ અવચૂરિ;

૨ ઇતિ પ્રવ૦ સારો૦ વૃત્તિ; અને ધર્મસંગ્રહવૃત્તિઃ

૩ બે પગ વાળી બન્ને ઘુંટણ ઊંચા રહે તેવી રીતે ઊભા પગે ભૂમિથી અદ્ધર બેસવું તે અહીં ઉક્કડુ આસન અથવા ઉત્કટિકાસન જાણવું, અને મુહપત્તિ પડિલેહણ વખતે બે હાથને બે પગની વચ્ચે રાખવા.

+ ઉત્કટિકાસને બેસવું તે कायोर्ध्व અને મુહપુત્તિનો તીર્ચ્છો વિસ્તાર તે वस्त्रोर्ध्व એમ બન્ને પ્રકારની ઊર્ધ્વતા અહીં ગણાય.

* મુહપત્તિને તીર્ચ્છી વિસ્તારીને જે પુરિમ એટલે પૂર્વ ક્રિયા-પ્રથમ ક્રિયા કરવામાં આવે છે તે पुरिम કહેવાય.

९ अक्खोडा-ઉપર કહ્યા પ્રમાણે પુરિમ થઇ ગયા બાદ મુહપત્તિનો મધ્ય ભાગ ડાબા હાથ ઉપર નાખીને ઘડીવાળો મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બરાબર બે પડની ઘડી વળી જાય, અને (તે બે પડવાળી થયેલી મુહપત્તિ) દૃષ્ટિ સન્મુખ આવી જાય. ત્યાર બાદ તુર્ત તેના ત્રણ (અથવા બે) [1]વધૂટક કરીને જમણા હાથની ચાર અંગુલીઓના ત્રણ આંતરામાં ભરાવવા-દાબવા, અને તેવી રીતે ત્રણ વધૂટક કરેલી મુહપત્તિને ડાબા હાથની હથેલી ઉપર હથેલીને ન અડે - ન સ્પર્શે તેવી રીતે પ્રથમ ત્રણ વાર ખંખેરવાપૂર્વક કાંડા સુધી લઈ જવી, અને એ પ્રમાણે ત્રણ વખત વચ્ચે વચ્ચે આગળ કહેવાતા પખ્ખોડા કરવાપૂર્વક ત્રણ ત્રણવાર અંદર લેવી તે ૯ અખ્ખોડા અથવા ૯ આખોટક અથવા ૯ આસ્ફોટક કહેવાય. (તેમાં ગ્રહણ કરવાનું હોવાથી ખંખેરવાનું નથી.)

९ प्रमार्जना (पक्खोडा)-ઉપર કહ્યા પ્રમાણે પહેલીવાર કાંડા તરફ ચઢતાં ત્રણ અખ્ખોડા કરીને નીચે ઊતરતી વખતે હથેલીને મુહપત્તિ અડે=સ્પર્શે એવી રીતે (મુહપત્તિ વડે) ત્રણ ઘસરકા ડાબી હથેલીને કરવા તે પહેલી ૩ પ્રમાર્જના ત્યારબાદ (કાંડા તરફ ચડતાં ૩ અખ્ખોડા કરીને) બીજીવાર ઉતરતાં ૩ પ્રમાર્જના, અને એ જ પ્રમાણે (વચ્ચે ૩ અખ્ખોડા કરીને) પુનઃ ત્રીજી વખત ૩ પ્રમાર્જના કરવી તે ૯ પ્રમાર્જના, અથવા ૯ પખ્ખોડા અથવા ૯ પ્રસ્ફોટક કહેવાય. (ઉપર કહેલા ૬ પ્રસ્ફોટક તે આથી જુદા જાણવા, કારણ કે વિશેષતઃ એ ૬ ઊર્ધ્વપપ્ફોડા અથવા ૬ પુરિમ કહેવાય છે, પરંતુ પ્રસિદ્ધિમાં જે ૯ પખ્ખોડા ગણાય છે તે તો આ ૯ પ્રમાર્જનાનું નામ છે.

એ ૯ અખ્ખોડા અને ૯ પખ્ખોડા तिगतिग अंतरिया એટલે પરસ્પર ત્રણ ત્રણને આંતરે થાય છે, તે આ પ્રમાણે-પ્રથમ હથેલીએ ચઢતાં ૩ અખ્ખોડા કરવા, ત્યારબાદ હથેલી ઉપરથી ઊતરતાં ૩ પખ્ખોડા કરવા, ત્યારબાદ પુનઃ ૩ પખ્ખોડા, પુનઃ ૩ અખ્ખોડા, પુનઃ ૩ અખ્ખોડા અને પુનઃ ૩ પખ્ખોડા એ અનુક્રમે ૯

---

૧ વધૂ એટલે સ્ત્રી જેમ લજ્જા વડે શીર્ષનું વસ્ત્ર મુખ આગળ લટકતું-લંબાયમાન રાખે છે, તેમ મુહપત્તિના ૩ વળને ચાર અંગુલીઓના ૩ આંતરામાં ભરાવી-દબાવી નીચે ઝુલતા-લંબાયમાન રાખવા તે ३ वधूटक કહેવાય. શ્રી પ્રવ૦ સારો૦ વૃત્તિમાં બે વધૂટક પણ કરવા કહ્યા છે, પરંતુ એ પ્રચલિત નથી.

અખ્ખોડા અને ૯ પખ્ખોડા પરસ્પર અંતરિત ગણાય છે. અથવા "*અખ્ખોડાના આંતરે પખ્ખોડા" એમ પણ ગણાય છે.

એ પ્રમાણે અહિં મુહપત્તિની ૨૫ પડિલેહણા ગ્રંથ વધવાના ભયથી અત્યંત સંક્ષિપ્ત રીતે કહી છે, માટે વિસ્તારાર્થીએ અન્ય ગ્રંથોની તેમજ ચાલુ ગુરુ-સંપ્રદાયથી પણ વિશેષ વિધિ અવશ્ય જાણવી,કારણ કે સંપ્રદાયથી વિધિ જાણ્યા અથવા જોયા વિના મુહપત્તિની યથાર્થ પડિલેહણા કરી શકાય નહિ. તથા મુહપત્તિની પડિલેહણા વખતે ૨૫ બોલ પણ (સ્પષ્ટ ઉચ્ચારથી બોલવા નહિ પરંતુ) મનમાં ચિંતવવાના કહ્યા છે. ॥ इति [1]मुहपत्तिनी २५ पडिलेहणा ॥

**अवतरण :-** હવે આ ગાથામાં શરીરની પચીસ પડિલેહણાનું ૧૨મું દ્વાર કહે છે.

## पायाहिणेण तिय तिय, वामेयरबाहु-सीस-मुह-हियए ।
## अंसुड्ढाहो पिट्ठे चउ, छप्पय देहपणवीसा ॥२१॥

**શબ્દાર્થ :-**

**पायाहिणेण**=પ્રદક્ષિણા પ્રમાણે
**वाम**=ડાબો
**इयर**=જમણો (ડાબાથી ઈતર)
**बाहु**=હાથ
**हियए**=હૃદય ઉપર
**अंस**=ખંભો
**उड्ढ**=ઊર્ધ્વ, ઉપર
**अहो**=નીચે

**गाथार्थ :- પ્રદક્ષિણાના ક્રમે પ્રથમ ડાબા હાથની, ત્યારબાદ જમણા હાથની, મસ્તકની, મુખની અને હૃદય (છાતી)ની ત્રણ ત્રણ પડિલેહણા કરવી, ત્યારબાદ બન્ને ખભાની ઉપર તથા નીચે પીઠની પ્રમાર્જના કરવી તે ૪ પડિલેહણા**

---

* પ્રવ૦ સારો૦ વૃત્તિ તથા ધર્મસંગ્રહ વૃત્તિમાં પખ્ખોડાના આંતરે અખ્ખોડા કહ્યા છે. તો પણ અખ્ખોડાના આંતરે પખ્ખોડા કહેવામાં પણ વિરોધ નથી કારણ કે પ્રારંભથી ગણીએ તો અખ્ખોડાના આંતરે પખ્ખોડા, અને છેડેથી ગણતાં પખ્ખોડાના આંતરે અખ્ખોડા અને સામુદાયિક ગણતાં પરસ્પર અંતરિત ગણાય.

૧ મુહપતિ શ્વેત વસ્ત્રની ૧ વેંત ૪ અંગુલ પ્રમાણની સમચોરસ જોઈએ, અને તેનો ૧ છેડો (ચાલુ રીતિ પ્રમાણે) બંધાયેલી કોરવાળો જોઈએ, તે કોરવાળો ભાગ જમણા હાથ તરફ રહે એવી રીતે પહેલી બરાબર અર્ધભાગની ૧ ઘડી વાળીને પુનઃ 'બીજી ઘડી ઉપલા ભાગમાં આશરે બે અંગુલ પહોળી દૃષ્ટિ સન્મુખ પાડવી, જેથી ઉપર બે અંગુલ જેટલા ભાગમાં ૪ પડ અને નીચે ચાર અંગુલ જેટલા ભાગમાં બે પડ થાય.

તથા ચરવળો દશીઓ સહિત ૩૨ અંગુલ રાખવો, જેમાં ૨૪ અંગુલની દાંડી અને ૮ અંગુલની દશીઓ હોય.

[1]પીઠની અને ત્યારબાદ ૬ પડિલેહણા બે પગની, એ પ્રમાણે શરીરની પચીસ પડિલેહણા જાણવી. ॥૨૧॥

| મુહપત્તિની ક્રમવાર ૨૫ પડિલેહણા વખતે ક્રમવાર ચિંતવવા યોગ્ય બોલ આ પ્રમાણે- | | |
|---|---|---|
| | કઈ પડિલેહણા વખતે ? | ક્યા બોલ ? |
| ૧ | પહેલું પાસુ તપાસતાં | સૂત્ર } ૧બોલ |
| | બીજું પાસુ તપાસતાં | અર્થ તત્ત્વ કરી સદ્દહું } ૧બોલ |
| ૬ | પહેલા ૩ પુરિમ વખતે | સમકિત મોહનીય, મિશ્ર મોહનીય મિથ્યાત્વ મોહનીય પરિહરૂં (૩) |
| | બીજા ૩ પુરિમ વખતે | કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરૂં (૩) |
| ૯ | પહેલા ૩ અખ્ખોડા કરતાં | સુદેવ-સુગુરુ-સુધર્મ આદરૂં (૩) |
| | પહેલા ૩ પખ્ખોડા કરતાં | કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરૂં (૩) |
| | બીજા ૩ અખ્ખોડા કરતાં | જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરૂં (૩) |
| ૯ | બીજા ૩ પખ્ખોડા કરતાં | જ્ઞાન-દર્શન-ચારિત્ર વિરાધના પરિહરૂં (૩) |
| | ત્રીજા ૩ અખ્ખોડા કરતાં | મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરૂં (૩) |
| | ત્રીજા ૩ અખ્ખોડા કરતાં | મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરૂં (૩) |

## ॥ પુરુષના શરીરની ૨૫ પડિલેહણા ॥

**ભાવાર્થ :-** જમણા હાથમાં વધૂટક કરેલી મુહપત્તિ વડે પ્રથમ ડાબા હાથના મધ્ય, જમણા અને ડાબા ભાગને અનુક્રમે પ્રમાર્જવો તે વામભુજાની ૩ પડિલેહણા જાણવી, ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં વધૂટક કરી જમણા હાથની (ડાબા હાથની જેમ) ત્રણ પ્રમાર્જના કરવી તે દક્ષિણભુજાની ૩ પડિલેહણા, ત્યારબાદ વધૂટક છૂટા કરી દઈ બે છેડે ગ્રહણ કરેલી મુહપત્તિ વડે મસ્તકના મધ્ય, દક્ષિણ (જમણા) અને વામ (ડાબા ભાગને અનુક્રમે પ્રમાર્જવા તે શીર્ષની ૩ પડિલેહણા ત્યારબાદ એ જ ક્રમ પ્રમાણે મુખની ૩ તથા હૃદયની ૩ મળી પાંચ અંગની ૧૫ પડિલેહણા થઈ.

---

૧ પીઠની એ ૪ પ્રમાર્જના પ્રસિદ્ધિમાં બે ખભાની અને બે કક્ષાની પડિલેહણા ગણાય છે, તેનું કારણ મુહપત્તિને પ્રથમ ત્યાંથી જ ફેરવીને લઈ જવાની હોય છે માટે એવી પ્રસિદ્ધિ સંભવે છે.

ત્યારબાદ મુહપત્તિને જમણા હાથમાં લઈ જમણા ખભા પરથી ફેરવીને વાંસાનો-પીઠનો જમણો ભાગ (=જમણાનો ઉપલો ભાગ) પ્રમાર્જવો તે પીઠની પહેલી પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં લઈ ખભા ઉપરથી ફેરવી પીઠનો ડાબો ભાગ (=ડાબા વાંસાનો ઉપરનો ભાગ) પ્રમાર્જવો તે પીઠની બીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ તે જ ડાબા હાથમાં રાખેલી મુહપત્તિને જમણા હાથની કક્ષા (=જમણી કાખ) સ્થાને ફેરવીને જમણા વાંસાનો નીચેનો ભાગ પ્રમાર્જવો તે પીઠની અથવા ચાલુ રીતિ પ્રમાણે કાખની ત્રીજી પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિ જમણા હાથમાં લઈ ડાબી કક્ષા (કાખ)ના સ્થાને ફેરવી ડાબા વાંસાની નીચેનો ભાગ પ્રમાર્જવો. એ પ્રમાણે પીઠની વાંસાની ૪ પ્રમાર્જના થઈ. એ ૪ પડિલેહણાને ૨ ખભાની અને ૨ પીઠની પડિલેહણા ગણવાનો વ્યવહાર પ્રસિદ્ધ છે.

ત્યારબાદ ચરવલા અથવા ઓઘા વડે પ્રથમ જમણા પગનો મધ્યભાગ-જમણો ભાગ-ડાબો ભાગ અનુક્રમે પ્રમાર્જવો. ત્યારબાદ એ જ રીતે ડાબા પગની પણ ૩ પ્રમાર્જના કરવી. એ પ્રમાણે બે પગની ૬ પ્રમાર્જના થઈ, જેથી સર્વ મળી શરીરની ૨૫ પડિલેહણા કરવી. (શ્રી પ્રવ૦ સારો૦ વૃત્તિમાં તો પગની ૬ પડિલેહણા મુહપત્તિથી કરવાની કહી છે પરન્તુ મુખ આગળ રાખવાની મુહપત્તિને પગે અડાડવી યોગ્ય ન હોવાથી ઓઘા અથવા ચરવળા વડેજ પગની પડિલેહણા કરવાનો વ્યવહાર છે.

## ॥ સ્ત્રીના શરીરની ૧૫ પડિલેહણા ॥

સ્ત્રીઓનું હૃદય, તથા શીર્ષ, તથા ખભા વસ્ત્ર વડે સદા આવૃત્ત (ઢાંકેલા) હોય છે, માટે તે ત્રણ અંગની (અનુક્રમે ૩-૩-૪=) ૧૦ પડિલેહણા હોય નહિ, માટે શેષ (=બે હાથની ૩-૩, મુખની ૩, અને બે પગની ૩-૩ એ) ૧૫ પડિલેહણા સ્ત્રીઓના શરીરની હોય છે, તેમાં પણ પ્રતિક્રમણ વખતે સાધ્વીજીનું શીર્ષ ખુલ્લું રહેવાનો વ્યવહાર હોવાથી ૩ શીર્ષ પડિલેહણા સહ ૧૮ [1]પડિલેહણા સાધ્વીજીને હોય છે).

એ શરીરની પચીસ પડિલેહણા વખતે પણ પચીસX બોલ મનમાં ચિંતવવાના કહ્યા છે.

---

૧ પ્રવૃત્તિમાં તેવો વ્યવહાર દેખાય છે. પ્રવ૦ સારો૦ અને ધર્મ સં૦ની વૃત્તિમાં તો સાધ્વીજીની ૧૮ પડિલેહણા કહી નથી, ફક્ત સ્ત્રીની ૧૫ પડિલેહણા કહી છે. પરન્તુ ભાષ્યના જ્ઞા૦ વિ૦ સૂ૦ કૃત બાલાવબોધમાં કહી છે.

X તે પચીસ બોલ આ પ્રમાણે અનુક્રમે જાણવા-

**अवतरण** :- પૂર્વે કહેલાં પચીસ આવશ્યક વગેરે વિધિપૂર્વક કરવાથી શું ફળ થાય? તે આ ગાથામાં દર્શાવે છે-

## आवस्सएसु जह जह, कुणइ पयत्तं अहीणमइरित्तं ।
## तिविहकरणोवउत्तो, तह तह से निज्जरा होइ ॥२२॥

**શબ્દાર્થ** :-

**अहीणं**=અહીન, સંપૂર્ણ, અન્યૂન.
( अ ) **अइरित्तं**=અધિક (નહિ).
**उवउत्तो**=ઉપયોગવાળો
**से**=તેને

**ગાથાર્થ** :- જે જીવ ગુરુવંદનનાં પચીસ આવશ્યકોને વિષે (તેમજ ઉપલક્ષણથી મુહપત્તિની અને શરીરની પણ પચીસ-પચીસ પડિલેહણાને વિષે) ત્રણ પ્રકારના કરણ વડે (મન-વચન-કાયા વડે) ઉપયુક્ત-ઉપયોગવાળો થઈને જેમ જેમ અન્યૂનાધિક (ન્યૂન નહિ તેમ અધિક પણ[1] નહિ એવો યથાવિધિ) પ્રયત્ન કરે તેમ તેમ તે જીવને કર્મની

| | |
|---|---|
| (૩) ડાબા હાથના ૩ ભાગ પડિલેહતાં | (૩) હાસ્ય-રતિ-અરતિ પરિહરૂં |
| (૩) જમણા હાથના " " " | (૩) ભય-શોક-દુર્ગંછા પરિહરૂં |
| (૩) મસ્તકના " " " | (૩) કૃષ્ણલેશ્યા - નીલલેશ્યા કાપોતલેશ્યા પરિહરૂં |
| (૩) મુખ ઉપરના " " " | (૩) રસગારવ-ઋદ્ધિગારવ-શાતા - ગારવ પરિહરૂં |
| (૩) હૃદયના " " " | (૩) માયાશલ્ય - નિયાણશલ્ય- મિથ્યાત્વશલ્ય પરિહરૂં |
| (૪) ૨ ખભાને ૨ પીઠ મળી ૪ ભાગ " | (૪) ક્રોધ-માન-માયા-લોભ પરિહરૂં |
| (૩) જમણા પગના ૩ ભાગ " | (૩) પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાયની રક્ષા કરૂં. |
| (૩) ડાબા પગના " " " | (૩) વાયુકાય-વનસ્પતિકાય-ત્રસ-કાયની જયણા કરું. |
| ૨૫ | ૨૫ બોલ |

---

૧ ધર્માનુષ્ઠાન તો જેટલું અધિક થાય તેટલું શ્રેષ્ઠ જ ગણાય, એ વાત જો કે સત્ય છે, પરન્તુ તે અનિયત વિધિવાળા ધર્મકાર્યોને અંગે સમજવું, અને નિયત (મર્યાદિત) વિધિવાળા ધર્મકાર્યોમાં-ધર્માનુષ્ઠાનોમાં તો જે વિધિ મર્યાદિત કરી હોય તે વિધિથી કિંચિત્ ન્યૂનતા તેમજ કિંચિત્ અધિકતા પણ ન થવી જોઈએ, કારણ કે તેથી વિધિમાર્ગ અનવસ્થિત થતાં ધર્મનો પણ વિચ્છેદ થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય.

(ઘણી) અધિક અધિક નિર્જરા થાય (અને ઉપયોગ રહિત અવિધિએ હીનાધિક કરે તો તે મુનિ પણ વિરાધક જાણવા). ॥૨૨॥

**ભાવાર્થ** :- ગાથાર્થવત્ સુગમ છે.

**અવતરણ** :- હવે આ ૩ ગાથામાં ગુરુવંદનમાં (દ્વાદશાવર્ત્ત વંદનમાં) ટાળવા યોગ્ય ૩૨ દોષનું ૧૩ મું દ્વાર કહેવાય છે-

**दोस् [१]अणाढिय [२]थड्ढिय, [३]पविद्ध [४]परिपिंडियं च [५]टोलगइं ।**
**[६]अंकुस [७]कच्छभरिंगिय, [८]मच्छुव्वत्तं [९]मणपउट्ठं ॥२३॥**
**[१०]वेइयबद्ध [११]भयंतं, [१२]भय [१३]गारव [१४]मित्त [१५]कारणा [१६]तिन्नं ।**
**[१७]पडिणीय [१८]रुट्ठ [१९]तज्जिय, [२०]सढ [२१]हीलिय [२२]विपलिउंचिययं ॥२४॥**
**[२३]दिट्ठमदिट्ठं [२४]सिंगं, [२५]कर [२६]तम्मोअण [२७]अलिद्धणालिद्धं ।**
**[२८]ऊणं [२९]उत्तरचूलिअ, [३०]मूअं [३१]ढड्ढर [३२]चुडलियं च ॥२५॥**

**શબ્દાર્થ** :- ગાથાર્થને અનુસારે

**गाथार्थ** :- [૧]અનાદૃત (અનાદર) દોષ-[૨]સ્તબ્ધ દોષ-[૩]પ્રવિદ્ધ દોષ-[૪]પરિપિંડિત દોષ-[૫]ટોલગતિ દોષ-[૬]અંકુશ દોષ-[૭]કચ્છપરિંગિત દોષ-[૮]મત્સ્યોદ્વૃત્ત દોષ-[૯]મનઃપ્રદુષ્ટ દોષ-[૧૦]વેદિકાબદ્ધ દોષ-[૧૧]ભજન્ત દોષ-[૧૨]ભય દોષ-[૧૩]ગારવ (ગૌરવ) દોષ-[૧૪]મિત્ર દોષ-[૧૫]કારણ દોષ-[૧૬]સ્તેન દોષ-[૧૭]પ્રત્યનીક દોષ-[૧૮]રુષ્ટ દોષ-[૧૯]તર્જિત દોષ-[૨૦]શઠ દોષ-[૨૧]હીલિત દોષ-[૨૨]વિપરિકુંચિત દોષ-[૨૩]દૃષ્ટાદૃષ્ટ દોષ-[૨૪]શૃંગ દોષ-[૨૫]કર દોષ-(તન્મોચન=) [૨૬]કરમોચન દોષ-[૨૭]આશ્લિષ્ટ અનાશ્લિષ્ટ દોષ-[૨૮]ઊન દોષ-[૨૯]ઉત્તરચૂડ (ઉત્તરચૂલિકા) દોષ-[૩૦]મૂક દોષ-[૩૧]ઢઙ્ઢર દોષ-[૩૨]અને ચુડલિક દોષ (એ ૩૨ દોષ ટાળી ગુરુવંદન-દ્વાદશાવર્ત્ત વંદન કરવું) ॥૨૩॥૨૪॥૨૫॥

**भावार्थ :-** ગુરુવંદનમાં ટાળવા યોગ્ય ૩૨ દોષનું કિંચિત્ સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે-

१ अनादृत (અનાદર) दोष-અનાદરપણે સંભ્રમ (એટલે ચિત્તની ઉત્સુકતા) સહિત વંદન કરવું તે (અહીં આઢા=આદર તે રહિત હોવાથી અણાઢિય દોષ કહેવાય છે.)

२ स्तब्ध दोष-મદ (જાતિમદ વગેરે મદ) વડે સ્તબ્ધ[1]-અક્કડ-અભિમાની થઈ વંદન કરે તે.

३ प्रविद्ध दोष-વંદના અસ્થાને[2] છોડીને એટલે અધૂરી રાખીને ભાડુતની[3] પેઠે નાસી જાય તે. આ દોષવાળું વંદન अनुपचार वंदन કહેવાય છે.

४ परिपिंडित दोष-એકત્ર થયેલા ઘણા આચાર્યાદિકને જુદી જુદી વંદના વડે ન વાંદતાં એક જ વંદનાથી સર્વને વાંદે તે. અથવા આવર્તોને અને સૂત્રાક્ષરોને યથાયોગ્ય જુદા ન પાડતાં ભેગા કરી નાખી વંદના કરે તે. અથવા [4]બે કુક્ષિ ઉપર (=કેડ ઉપર ડાબો જમણો) બે હાથ સ્થાપવાથી પિંડિત (=ભેગા) થયેલા હાથ-પગ પૂર્વક વંદન કરે તે એ ત્રણ અર્થ જાણવા.

५ टोलगति दोष-ટોલ એટલે તીડ તેની માફક (વંદન કરતી વખતે) પાછો હઠે, અને આગળ (સન્મુખ) ખસે, એ પ્રમાણે આગળ પાછળ કૂદકા મારતો વાંદે તે.

६ अंकुश दोष-હાથીને જેમ અંકુશથી યથાસ્થાને લઈ જવાય અથવા બેસાડાય છે, તેમ શિષ્ય પણ વંદનાર્થે આચાર્યનો હાથ અથવા કપડું ઝાલી-ખેંચી યથાસ્થાને લાવી અથવા બેસાડી વંદના કરે તે, અથવા રજોહરણને

---

૧ વાયુ આદિકથી નહિ નમતું અંગ **द्रव्य स्तब्ध** અને અભિમાનથી નહિ નમવું તે **भाव स्तब्ध** તેના ૪ ભાંગા આ પ્રમાણે-(૧) દ્રવ્યથી સ્તબ્ધભાવથી અસ્તબ્ધ, (૨) ભાવથી સ્તબ્ધ-દ્રવ્યથી અસ્તબ્ધ, (૩) દ્રવ્યથી સ્તબ્ધભાવથી પણ સ્તબ્ધ અને (૪) દ્રવ્યથી અસ્તબ્ધ અને ભાવથી પણ અસ્તબ્ધ, એ ચાર ભાંગામાં ચોથો ભંગ શુદ્ધ છે, અને શેષ ત્રણ ભંગમાં ભાવથી સ્તબ્ધ તો અશુદ્ધ જ છે. તથા દ્રવ્યથી સ્તબ્ધ તે (પહેલા ભાંગે) શુદ્ધ અને (ત્રીજે ભાંગે) અશુદ્ધ પણ હોય.

૨ પ્રથમપ્રવેશ આદિ સાચવવા યોગ્ય સ્થાનો અધૂરાં રાખીને નાસી જવું તે અસ્થાને છોડવું ગણાય.

૩ ભાડુતી ગાડાવાળો કોઈક વ્યાપારીનાં વાસણો બીજા નગરથી તે વ્યાપારીને ત્યાં લાવ્યો. વ્યાપારીએ કહ્યું હું વાસણો ઉતારવાનું સ્થાન દેખું તેટલીવાર જરા થોભજે, ત્યારે ભાડુતીએ કહ્યું ભાડું નગર સુધી લાવવાનું ઠરાવ્યું છે, પરન્તુ થોભીને તમારા બતાવેલા સ્થાને વાસણો ઉતારવાનું ઠરાવ્યું નથી, એમ કહી અસ્થાને જ તે વાસણો ઠાલવી ચાલ્યો ગયો તેમ.

૪ એ ત્રીજો અર્થ ધર્મસંગ્રહવૃત્તિમાં કહેલો લખ્યો છે.

અંકુશની પેઠે બે હાથે ઝાલી વંદના કરે તે. અન્ય આચાર્યો કહે છે કે-અંકુશથી હસ્તિ (ના શીર્ષ)ની પેઠે (વંદન કરતી વખતે) શીર્ષને નીચું-ઊંચું કરવું તે. એમ *ત્રણ અર્થ જાણવા.

૭ **कच्छपरिंगित दोष**-કચ્છપ એટલે કાચબો, તેની પેઠે +રિંગતો એટલે અભિમુખ (સન્મુખ) અને પશ્ચાત્‌મુખ કિંચિત્ શરીરને ચળાયમાન કરતો વંદના કરે, એટલે ઊભા રહીને "તિત્તી સન્નયરાએ" ઇત્યાદિ વંદનાક્ષરો બોલતી વખતે, અને બેસીને "અહો કાયં" ઇત્યાદિ અક્ષરો બોલતી વખતે શરીરને ગુરુ સન્મુખ અને પશ્ચાત્=પોતાના તરફ ઊભા ઊભા તેમજ બેઠાં બેઠાં હિંડોલાની પેઠે હલાવ્યા કરે તે.

૮ **मत्स्योद्‌वृत्त दोष**-મત્સ્ય (માછલું) જેમ જળમાં ઉછાળો મારતું શીઘ્ર ઉપર આવે છે, અને પુનઃ નીચે ડૂબતી વખતે પોતાનું શરીર ઉલટાવી શીઘ્ર ડૂબી જાય છે, તેમ શિષ્ય પણ ઊઠતી અને બેસતી વખતે એકદમ ઉછળવા સરખો શીઘ્ર ઊઠે અને બેસે તે मत्स्योद्‌वृत्त અથવા मत्स्योद्‌धृत દોષ કહેવાય અથવા મત્સ્ય જેમ ઉછળીને ડૂબતી વખતે શરીર એકદમ ફેરવી-પલટાવી નાખે છે, તેમ એકને વંદના કરતો પુનઃ (પાસે-પડખે વા પશ્ચાત્ બેઠેલા) બીજા આચાર્યાદિકને વાંદવા માટે ત્યાં ને ત્યાં જ બેઠો છતાં પોતાનું શરીર એકમદ ઘુમાવે=ફેરવી દે, પરન્તુ જયણાથી ઊઠીને ત્યાં ન જાય તે मत्स्यावर्त्त દોષ પણ આ દોષમાં જ અંતર્ગત છે. અહીં મત્સ્યનું "ઉદ્‌ધૃત" એટલે ઊંચું ઉછળવું અને "આવર્ત્ત" એટલે શરીરને ગોળાકારમાં પરાવર્ત્તવું-ફેરવી દેવું-ઘુમાવવું એવો શબ્દાર્થ છે.

૯ **मनःप्रदुष्ट दोष**-વંદનીય આચાર્યદિ કોઈ ગુણ વડે હીન હોય તો તે હીન ગુણને મનમાં લાવી અસૂયા સહિત (અરુચિપૂર્વક) વંદનાકરે તે. અથવા [1]આત્મપ્રત્યય અને પરપ્રત્યયથી ઉત્પન્ન થયેલા મનોદ્વેષપૂર્વક વંદના કરે તે.

---

*બીજો અર્થ આવ૦ વૃત્તિ તથા ભાષ્યાવચૂરિમાં પણ છે, તો પણ પ્રવ૦ સારો૦ વૃત્તિમાં એ બીજા અને ત્રીજા અર્થ માટે પણ "સૂત્રાનુસારી" નથી માટે "તત્ત્વ બહુશ્રુતગમ્ય" કહ્યું છે. ધર્મ સં૦ વૃત્તિમાં ત્રણે અર્થ કહ્યા છે.

+ કાચબો પોતાની ડોકને પીઠમાંથી વારંવાર બહાર કાઢે છે અને પુનઃ પાછો ખેંચી લે છે તે કાચબાનું રિંગણ કહેવાય.

૧ ગુરુએ શિષ્યને પોતાને કહ્યું હોય તો આત્મપ્રત્યય, અને શિષ્યના મિત્રાદિક આગળ શિષ્યને રૂબરૂમાં કહ્યું હોય તો પરપ્રત્યય મનઃપ્રદોષ જાણવો. (પ્રવ૦ સારો૦ વૃત્તિઃ)

૧૦ **वेदिकाबद्ध दोष**-બે જાનુ (ઘુંટણ) ઉપર બે હાથ સ્થાપીને, અથવા બે જાનુની નીચે બે હાથ સ્થાપીને, અથવા બે જાનુના પડખે બે હાથ સ્થાપીને, અથવા બે હાથ ખોળામાં રાખીને, અથવા એક જાનુને બે હાથની વચ્ચે રાખીને એમ પાંચ પ્રકારે વંદના કરે તો તે પાંચ પ્રકારનો વેદિકાબદ્ધ દોષ જાણવો. (અહીં વેદિકા એટલે હાથની રચના-સ્થાપના તે વડે બદ્ધ એટલે યુક્ત તે વેદિકાબદ્ધ દોષ.)

૧૧ **भजन्त दोष**- આ ગુરુ મને ભજે છે એટલે સેવે છે, (એટલે મારી સારી રીતે બરદાસ કરે છે) મને અનુસરે છે, તેમજ આગળ પણ મને ભજશે (=અનુવર્તશે-મારી સેવા બરદાસ કરશે) એવા અભિપ્રાયથી વંદના કરવી, અથવા હે ગુરુજી ! અમે તમને વંદના કરતા ઊભા છીએ એમ કહેવું તે.

૧૨ **भय दोष**-વંદના નહિ કરું તો ગુરુ મને સંઘથી, કુલથી, ગચ્છથી અથવા ક્ષેત્રથી બહાર કરશે (કાઢશે) એવા ભયથી વંદના કરવી તે.

૧૩ **मैत्री दोष**-આચાર્ય મારા મિત્ર છે, અથવા આચાર્ય સાથે મારે મૈત્રી (મિત્રતા) થશે એમ જાણીને વંદન કરવું તે.

૧૪ **गौरव दोष**-સર્વ સાધુઓ જાણે કે આ સાધુ વંદનાદિ સામાચારીમાં અતિ કુશળ છે, એવા ગર્વથી-માનથી આવર્ત્ત વગેરે વંદનવિધિ યથાર્થ કરે તે.

૧૫ **कारण दोष**-જ્ઞાન, દર્શન અને ચારિત્રનો લાભ એ ત્રણ કારણ વર્જીને શેષ વસ્ત્ર-પાત્ર આદિના લાભના કારણથી વંદન કરવું તે. (અહીં જ્ઞાનાદિકના લાભને જો કે કારણદોષમાં ગણ્યો નથી તો પણ લોકમાં પૂજા-મહત્ત્વાદિ માટે જ્ઞાનાદિ ત્રણેના લાભની ઇચ્છા પણ કારણ દોષમાં ગણાય.)

૧૬ **स्तेन दोष**-વંદના કરવાથી મારી લઘુતા જણાશે એવા અભિપ્રાયથી છાનો-છૂપો રહી વંદન કરી લેવું, અથવા કોઈ દેખે ન દેખે તેમ ઉતાવળથી કરી લેવું તે સ્તેન (એટલે ચોરવત્ છાનો અને ઉતાવળો) દોષ જાણવો.

૧૭ **प्रत्यनीक दोष**-પંદરમી ગાથામાં કહેલા વંદના નહિ કરવાના અવસરે વંદના કરવી તે.

૧૮ **रुष्ट दोष** - ગુરુ રોષાયમાન હોય તે વખતે વંદન [૧]કરવું અથવા પોતે રોષમાં-ક્રોધમાં વર્તતાં વંદન કરવું તે બન્ને રીતે રુષ્ટ દોષ જાણવો.

---

૧ આ અર્થ જો કે ૧૭મા પ્રત્યનીકના એક અવયવમાં અન્તર્ગત (ગૌણપણે રહ્યો) છે, તો પણ અહીં રોષની મુખ્યતાએ મુખ્ય ગણીને કહ્યો છે.

૧૯ तर्जना दोष-"હે ગુરુ ! કાષ્ઠના મહાદેવ સરખા તમો ન વાંદવાથી રોષ કરતા નથી,તેમ વાંદવાથી પ્રસન્ન પણ થતા નથી, માટે અમે વાંદીએ કે ન વાંદીએ તે બધું તમારે મન સરખું જ છે" એમ (વચનથી) તર્જના કરતો વંદના કરે તે, અથવા અંગુલી આદિક વડે (કાયાથી) તર્જના કરતો વંદન કરે તે.

૨૦ शठ दोष-વંદન તે વિશ્વાસ ઉપજાવવાનું કારણ છે, એમ માની લોકમાં વિશ્વાસ ઉપજાવવાના અભિપ્રાયથી યથાર્થ વિધિ સાચવી વંદના કરે તે. (અહીં શઠ એટલે કપટભાવ જાણવો.) અથવા માંદગી વગેરેનું બહાનું કાઢી યથાવિધિ વંદના ન કરે તે પણ શઠ દોષ જાણવો.

૨૧ हीलित दोष-હે ગુરુ ! તમને વાંદવાથી શું ? ઇત્યાદિ વચનોથી હેલના-અવજ્ઞા કરતો વંદન કરે તે.

૨૨ विपलि (रि) कुंचित दोष-થોડી વંદના કરીને વચ્ચે દેશકથાદિક વિકથાઓ કરે તે. એનું *વિપરિકુંચિત નામ પણ છે.

૨૩ दृष्टादृष्ट दोष-ઘણા સાધુઓ વંદન કરતા હોય તે વખતે કોઈ સાધુની ઓથે-ઓડમાં રહીને અથવા અંધારામાં ગુરુ ન દેખે ત્યારે વંદના કર્યા વિના ઊભો રહે અથવા બેસી રહે, અને ગુરુ દેખે કે તુર્ત વંદન કરવા માંડે તે.[1]

૨૪ शृंग दोष-પશુનાં બે શિંગડાં જેમ મસ્તકના ડાબા જમણા બે ભાગમાં હોય છે, તેમ અહીં પોતાના લલાટના બે પડખે વંદન કરે તે. અર્થાત્ "અહો કાયં કાય" એ પદોના ઉચ્ચાર વખતે લલાટના મધ્ય ભાગે બે હાથ (ની અંજલિ) સ્પર્શી-લગાડી આવર્ત (વા વંદન) ન કરતાં લલાટના ડાબા-જમણા એ બે પડખે હાથ લગાડી વંદન કરે તે શૃંગ દોષ.

૨૫ कर दोष-આ વંદન કરવું તે પણ અરિહંત ભગવંત રૂપી રાજાનો વા ગુરુનો કર છે એમ સમજી વંદન કરવું તે.

૨૬ करमोचन दोष-સાધુ થવાથી લૌકિક (રાજાના) કરથી તો છૂટ્યા, પરન્તુ અરિહંતરૂપી રાજાના (વાંદણાં દેવારૂપી) કરથી હજી છૂટા થયા નથી, એમ કર ચૂકવવા સરખું સમજી વંદન કરે તે.

૨૭ आश्लिष्ट-अनाश्लिष्ट दोष- અહો કાયં કાય ઇત્યાદિ ૬ આવર્ત્ત કરતી વખતે બે હાથ રજોહરણને અને મસ્તકે લગાડવા-સ્પર્શવા જોઈએ, તે યથાવિધિ

---

*એ શબ્દમાં "વિ" અને "પરિ" એ બે ઉપસર્ગ છે, અને કુંચ ધાતુથી બનતો કુંચન શબ્દ અલ્પ કરવાના અર્થવાળો છે જેથી કુંચિ=અલ્પીકૃત અર્ધીકૃત વંદના.

૧ સોળમા સ્તેન દોષમાં દષ્ટાદષ્ટ કહેલ છે તે લોક વડે દષ્ટાદષ્ટ છે. અને આ ત્રેવીમા દોષમાં ગુરુવડે *દષ્ટાદષ્ટ શિષ્ય જાણવો.

ન સ્પર્શે તો (आश्लिष्ट=સ્પર્શ, अनाश्लिष्ट=અસ્પર્શ) તે દોષરૂપ છે. અહીં સ્પર્શના ૪ ભાંગા થાય છે તેમાં પહેલો ભાંગો શુદ્ધ છે તે આ પ્રમાણે-

| | | |
|---|---|---|
| (૧) બે હસ્ત વડે | રજોહરણને સ્પર્શે - અને મસ્તકને સ્પર્શે | (શુદ્ધ) |
| (૨) બે હસ્ત વડે | રજોહરણને સ્પર્શે - અને મસ્તકને ન સ્પર્શે | અશુદ્ધ |
| (૩) બે હસ્ત વડે | રજોહરણને ન સ્પર્શે - અને મસ્તકને સ્પર્શે | અશુદ્ધ |
| (૪) બે હસ્ત વડે | રજોહરણને ન સ્પર્શે - અને મસ્તકને ન સ્પર્શે | અશુદ્ધ |

૨૮ न्यून દોષ- વંદનસૂત્રના વ્યંજન(=અક્ષર), અભિલાપ (પદ-વાક્ય), અને આવશ્યક (જે પૂર્વે પચીસ કહ્યાં છે તે) ન્યૂન કરે, પણ પરિપૂર્ણ ન કરે તે.

૨૯ उत्तरचू : (उत्तरचूलिका) દોષ- (ઉત્તર એટલે) વંદન કર્યા પછી પર્યન્તે (ચૂડ એટલે ઊંચી શિખા તે સરખા) મોટા સાદે "મત્થએણ વંદામિ" એ ચૂલિકારૂપે અધિક કહેવું તે.

૩૦ मूक દોષ-મૂક-મૂંગા મનુષ્યની પેઠે વંદનસૂત્રના અક્ષરો આલાપક કે આવર્ત્તનો પ્રગટ ઉચ્ચાર કરે નહિ, પરન્તુ મોઢે ગણગણીને અથવા મનમાં બોલી-વિચારીને વંદન કરે તે.

૩૧ ढड्डर દોષ-ઘણા મોટા સાદે બોલીને વંદન કરે તે.

૩૨ चूडलिक દોષ-ચુડલિક એટલે બળતું ઉંબાડિયું, તે જેમ છેડાથી ધરીને ગોળ ભમાવાય છે (બાળકો ભમાવે છે), તેમ રજોહરણને છેડેથી ધરીને ભમાવતો વંદન કરે તે, અથવા હાથ લાંબો કરીને "વંદન કરૂં છું" એમ કહેતો છતો વંદન કરે તે, અથવા હાથ લાંબો કરી ભમાવતો છતો "સર્વને વાંદું છું" એમ કહી વંદન કરે તે. એમ ત્રણ અર્થ જાણવા.

**अवतरण :-** પૂર્વે ત્રણ ગાથામાં જે બત્રીસ દોષ-કહ્યા, તે બત્રીસ દોષ રહિત વંદન કરનારને શું ફળ થાય ? તે આ ગાથામાં દર્શાવે છે.

## बत्तीसदोस-परिसुद्धं, किइकम्मं जो पउंजइ गुरूणं ।
## सो पावइ निव्वाणं, अचिरेण विमाणवासं वा ॥२६॥

**શબ્દાર્થ :-**

**जो**=જે સાધુ | **अचिरेण**=શીઘ્ર

**पउंजइ**=કરે, પ્રયુંજે

**गाथार्थ :-** જે સાધુ (સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા) ગુરુને બત્રીસ દોષ વડે અત્યંત શુદ્ધ. (=બત્રીસ દોષ રહિત) કૃતિકર્મ (=દ્વાદશાવર્ત્ત વંદન) કરે તે સાધુ (વગેરે) શીઘ્ર નિર્વાણ-મોક્ષ પામે અથવા તો વિમાનમાં વાસ (વૈમાનિક દેવપણું) પામે ॥૨૬॥

**भावार्थ :-** ગાથાર્થવત્ સુગમ છે.

**अवतरण** :- ગુરુને વંદન કરવાથી ૬ ગુણ ઉત્પન્ન થાય છે તે સંબંધી ૧૪ મું દ્વાર કહેવાય છે.

## इह छच्च गुणा विणओ-वयार माणाइभंग गुरुपूआ ।
## तित्थयराण य आणा, सुयधम्माराहणाऽकिरिया ॥२७

**શબ્દાર્થ** :-ગાથાર્થને અનુસારે

**गाथार्थ** :- અહીં (ગુરુને વંદન કરવામાં) છ ગુણ થાય છે તે આ પ્રમાણે-

(૧) विनयोपचार X એટલે વિનય ગુણ ઉત્પન્ન થાય છે. (૨) मानभंग એટલે અભિમાન અહંકાર વગેરેનો ભંગ-નાશ થાય છે. (૩) गुरुपूजा ગુરુજનની [1]સમ્યક્ પૂજા (=સત્કાર) થાય છે, (૪) શ્રી તીર્થંકર ભગવંતની [2]आज्ञानुं आराधन એટલે આજ્ઞાનું પાલન થાય છે. (૫) श्रुतधर्मनी आराधना [3]થાય છે, અને પરંપરાએ (૬) अक्रिया એટલે [4]સિદ્ધિ થાય છે, ॥૨૭॥

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે. પરંતુ વિશેષ એ છે કે વંદન કરવાથી ૬ પ્રકારના ગુણ કહ્યા છે, તેમ ગુરુને વંદન ન કરવાથી ૬ પ્રકારના દોષ પણ કહ્યા છે, તે આ પ્રમાણે-

माणो अविणय खिंसा, नीयागोयं अबोहि भववुड्ढी ।
अनमंते छद्दोसा (एवं अडनउयसयमहियं ॥१॥) ધ. સં. વૃત્તિ.

---

X વિનય તે જ ઉપચાર=આરાધનાનો પ્રકાર તે **विनयोपचार.**

૧ અભિમાન રહિત વિનીતપણે વંદન કરવાથી જ **सम्यक् गुरुपूजा** ગણાય છે.

૨ "વિનય તે ધર્મનું મૂળ છે" એવી તીર્થંકર ભગવંતની **आज्ञा** છે માટે.

૩ વંદન પૂર્વક જ શ્રુત ગ્રહણ કરાય છે માટે વંદન કરવાથી **श्रुतनी आराधना** થાય છે.

૪ ગુરુ વંદનથી પરંપરાએ સિદ્ધિપદની પ્રાપ્તિ થાય છે તે સંબંધી શ્રી સિદ્ધાન્તમાં આ પ્રમાણે કહ્યું છે-

तहारूवाण भंते समणं वा माहणं वा वंदमाणस्स वा पज्जुवासमाणस्स वा वंदणा पज्जुवासणा य किंफला पन्नत्ता ? ઉત્તર-गोयमा सवणफला ઇત્યાદિ આલાપકનો (કથનનો) ભાવાર્થ આ પ્રમાણે-

હે ભગવન્ ! તથા સ્વરૂપવાળા શ્રમણ અથવા માહણને વંદન કરતા અથવા પર્યુપાસના કરતા એવા સાધુની તે વંદના અને પર્યુપાસના શું ફળવાળી કહી છે ? (હોય ?) ઉત્તર-હે ગૌતમ ! શાસ્ત્રશ્રવણ રૂપ ફળ હોય. પ્રશ્ન-તે શ્રવણનું શું ફળ ? ઉત્તર-જ્ઞાન ફળ. પ્ર૦-જ્ઞાનનું ફળ શું ? ઉ૦-વિજ્ઞાન ફળ. પ્ર૦-વિજ્ઞાનનું શું ફળ ? ઉ૦-પચ્ચક્ખાણ ફળ. એ પ્રમાણે પચ્ચક્ખાણનું સંયમ ફળ, સંયમનું અનાશ્રવ (સંવર) ફળ, અનાશ્રવનું તપ ફળ, તપનું વ્યવદાન (નિર્જરા) ફળ, નિર્જરાનું અક્રિયા ફળ અને અક્રિયાનું સિદ્ધિગતિ ફળ છે.

**અર્થ :-** ગુરુને નમસ્કાર (વંદન) નહિ કરવાથી અભિમાન અવિનય-ખિંસા (નિંદા અથવા લોકનો તિરસ્કાર)-નીચ ગોત્રનો બંધ-સમ્યક્ત્વનો અલાભ-અને સંસારની વૃદ્ધિ એ છ દોષ ઉત્પન્ન થાય છે, (એ પ્રમાણે દ્વાદશાવર્ત્ત વંદનના ૧૯૮ બોલ જાણવા.-)

**અવતરણ :-** ગુરુ સાક્ષાત્ ન વર્તતા હોય ત્યારે કોની આગળ વંદન કરવું ? તે સંબંધી (એટલે ગુરુના અભાવે ગુરુની સ્થાપના સ્થાપવા સંબંધી) ૧૫ મું દ્વાર કહેવાય છે.

**गुरुगुणजुत्तं तु गुरुं, ठाविज्जा अहव तत्थ अक्खाई ।**
**अहवा नाणाइ तियं, ठविज्ज सक्खं गुरुअभावे ॥२८॥**

**શબ્દાર્થ :-**

**जुत्तं**=સહિત
**ठाविज्जा**=સ્થાપવા
**अक्खाई**=અક્ષ વગેરે (અરિયા વગેરે)
**सक्खं**=સાક્ષાત્, પ્રત્યક્ષ.

**ગાથાર્થ :-** સાક્ષાત્ ગુરુના અભાવે ગુરુના ૩૬ ગુણ યુક્ત સ્થાપના ગુરુ સ્થાપવા (એટલે ગુરુની [1]સદ્ભૂત સ્થાપના સ્થાપવી) અથવા (તેવી સદ્ભૂત સ્થાપના સ્થાપવાનું ન બને તો) અક્ષ (ચંદન-અરિયા) વગેરે (ની અસદ્ભૂત[2] સ્થાપના) અથવા જ્ઞાનાદિ ત્રણને સ્થાપવાં, (એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણને ગુરુ તરીકે માનીને તેવી સદ્ભૂત સ્થાપના સ્થાપવી.)

**ભાવાર્થ :-** ગાથાર્થવત્ સુગમ છે.

**અવતરણ :-** પૂર્વ ગાથામાં ગુરુના અભાવે ગુરુની સ્થાપના अक्खाइ એટલે અક્ષ વગેરેથી સ્થાપવાની કહી તેમાં "અક્ષ વગેરે" એમ કહેવાથી ક્યા ક્યા પદાર્થો (વડે ગુરુસ્થાપના સ્થાપવી) ? તેમ જ તે સ્થાપના કેવા પ્રકારની ? અને કેટલા કાળ સુધીની ગણવી ? તે આ ગાથામાં દર્શાવાય છે-

**अक्खे वराडए वा, कट्ठे पुत्थे अ चित्तकम्मे अ ।**
**सब्भावमसब्भावं, गुरुठवणा इत्तरावकहा ॥२९॥**

**શબ્દાર્થ :-**

**अक्खे**=અક્ષ (માં)
**वराडए**=વરાટક, કોડા
**सब्भावं**=સદ્ભાવ, સ્થાપના
**असब्भावं**=અસદ્ભાવ સ્થાપના
**इत्तरा**=ઇ વર, અલ્પકાળની
**आवकहा**=યાવત્કથિત, હંમેશની

**ગાથાર્થ :-** ગુરુની સ્થાપના અક્ષમાં, વરાટક-કોડામાં, કાષ્ઠમાં, પુસ્તમાં અને ચિત્રકર્મમાં (ચિત્રમ) કરાય છે તે સદ્ભાવ સ્થાપના અને અસદ્ભાવ સ્થાપના એમ બે પ્રકારની છે; પુનઃ તે પ્રત્યેક ઇત્વર અને યાવત્કથિત એમ બે-બે પ્રકારની છે ॥૨૯॥

---

૧-૨ ગુરુના સરખા પુરુષ આકારવાળી મૂર્તિ તે ગુરુની સદ્ભૂત સ્થાપના અને પુરુષાકાર સિવાય ગમે તેવા આકારવાળી વસ્તુમાં ગુરુપણું આરોપવું તે ગુરુની અસદ્ભૂત સ્થાપના એ બન્ને સ્થાપના ગાથામાં ગર્ભિત દર્શાવી છે.

**ભાવાર્થ :- अक्ष** એટલે અરિયા કે જે વર્તમાન કાળમાં પણ મુનિ મહારાજો સ્થાપનામાં રાખે છે, તે સમુદ્રમાં શંખની પેઠે ઉત્પન્ન થતા દ્વીન્દ્રિય જીવોનું અચિત્ત કલેવર-શરીર છે, પરંતુ શંખ વગેરેની માફક તે પણ બહુ ઉત્તમ-શ્રેષ્ઠ પદાર્થ હોવાથી શાસ્ત્રને વિષે તેમાં ગુરુની[1] સ્થાપના કરવાનું કહ્યું છે, તેમ જ તેનાં લક્ષણ તથા ફળ વગેરે ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીએ સ્થાપનાકલ્પ (કુલક)માં કહેલ છે. તથા **वराटक** એટલે ત્રણ લીટીવાળા કોડા જાણવા. તે હાલ સ્થાપનાચાર્ય તરીકે દેખવામાં આવતા નથી, તો પણ તેમાં ગુરુની સ્થાપના થઈ શકે છે. અક્ષ અને કોડામાં ગુરુની સ્થાપના કરવી તે **असद्भाव स्थापना** જાણવી, કારણ કે તેમાં ગુરુ સરખો પુરુષ આકાર નથી.

તથા ચંદનના કાષ્ઠ સરખા બીજા પણ ઉત્તમ કાષ્ઠને ઘડીને ગુરુ સરખો આકાર બનાવી તે કાષ્ઠમૂર્તિમાં ગુરુના ૩૬ ગુણ પ્રતિષ્ઠા વિધિપૂર્વક સ્થાપી તેને ગુરુ માનવા તે ગુરુની **सद्भाव स्थापना** જાણવી.

ચારિત્રના ઉપકરણ તરીકે દાંડો અથવા ઓઘાની દાંડી વગેરે સ્થાપવી તે ગુરુની [2]કાષ્ઠ સંબંધી અસદ્દ્ભાવ સ્થાપના જાણવી.

**पुस्त** એટલે લેપ્ય કર્મ અર્થાત્ રંગ વગેરેથી ગુરુની મૂર્ત્તિ [3]આલેખવી તે, અથવા પુસ્તક જે જ્ઞાનનું ઉપકરણ છે તેને ગુરુ તરીકે સ્થાપવું તે પણ ગુરુસ્થાપના જાણવી. તથા **चित्रकर्म** એટલે પાષાણ વગેરે ઘડવા યોગ્ય પદાર્થને ઘડીને અથવા કોરીને ગુરુમૂર્તિ બનાવી હોય તેમાં પણ ગુરુની સ્થાપના કરાય છે, એ પુસ્ત-ચિત્રકર્માદિમાં યથાયોગ્ય સદ્દ્ભાવ અથવા અસદ્દ્ભાવ સ્થાપના સ્વ-બુદ્ધિથી વિચારવી.

તથા ઉપર કહેલી બન્ને પ્રકારની સ્થાપના ગુરૂવંદન અથવા સામાયિક વગેરે ધર્મક્રિયા કરતાં સુધી જ અલ્પકાળ સ્થાપવી તે **इत्वर स्थापना** એટલે અલ્પકાળની સ્થાપના જાણવી, અને પ્રતિષ્ઠાદિક વિધિપૂર્વક કરેલી સ્થાપના તો તે દ્રવ્ય-વસ્તુ જ્યાં સુધી રહે ત્યાં સુધી ગુરુરૂપે મનાય છે, માટે તે **यावत्कथित**

---

૧ વર્તમાનમાં અક્ષાદિકની જે ગુરુસ્થાપના સ્થપાય છે, તે વર્તમાન સાધુપરંપરાના મૂળ ગુરુ **श्री सुधर्मा गणधर**ની જાણવી. કારણ કે તેમની જ શિષ્ય-પરંપરા પંચમ આરાના પર્યન્ત સુધી ચાલવાની છે, અને શેષ ગણધરો કેવળજ્ઞાન પામી ગયા હોવાથી તેમણે પોતાની સાધુસંતતિ શ્રી સુધર્માસ્વામીને સોંપેલી છે. તેથી જ શ્રી વીર પ્રભુએ વર્તમાન શાસન શ્રી સુધર્મા ગણધરને સોંપ્યું હતું.

૨ વર્તમાન કાળમાં ખરતરગચ્છના મુનિરાજો કાષ્ઠની અસદ્દ્ભાવ સ્થાપના રાખે છે, અને તે સુખડની એક જ નાની પેટીમાં ઘડેલી ૫ સોગઠી સરખા આકારની હોય છે કે જે પંચપરમેષ્ઠિને સૂચવનારી મનાય છે.

૩ એ અર્થ ચિત્રકર્મમાં પણ કરવો હોય તો કરી શકાય છે.

સ્થાપના જાણવી, (એમાં યાવત્=જયાં સુધી કાયમ રહે ત્યાં સુધીની કથિત=કહેવાયેલી-કહેલી તે "યાવત્કથિત" એવો શબ્દાર્થ છે)એ સ્થાપનાને પણ સાક્ષાત્ ગુરુ તુલ્ય ગણી તેની સાક્ષીએ ધર્મક્રિયા કરવી, અને ગુરુની જેમ ગુરુ સ્થાપનાની પણ આશાતના ન કરવી.

**अवतरण :-** ગુરુ ન હોય તો ગુરુની સ્થાપના કરવાનું શું કારણ ? અને તેથી કાર્યસિદ્ધિ કેવી રીતે મનાય ? તે દૃષ્ટાન્ત સહિત આ ગાથામાં દર્શાવાય છે-

**गुरुविरहंमि ठवणा, गुरुवएसोवदंसणत्थं च ।**
**जिणविरहंमि जिणबिंब-सेवणामंतणं सहलं ॥३०॥**

**શબ્દાર્થ :-**

| | |
|---|---|
| **उवएस**=ઉપદેશ-આદેશ-આજ્ઞા | **आमंतणं**=આમંત્રણ |
| **उवदंसणत्थं**=દર્શાવવાને અર્થે | **सहलं**=સફળ |

**गाथार्थ :-** સાક્ષાત્ ગુરુનો વિરહ હોય ત્યારે (ગુરુની) સ્થાપના કરાય છે, અને તે સ્થાપના ગુરુનો આદેશ દેખાડવાને હોય છે. (માટે ગાથામાં કહેલા च શબ્દથી સ્થાપના વિના ધર્માનુષ્ઠાન ન કરવું.) (તેમાં દૃષ્ટાન્ત-) જેમ સાક્ષાત્ જિનેશ્વરનો-તીર્થંકરનો વિરહ હોય ત્યારે જિનેશ્વરની પ્રતિમાની સેવા અને આમંત્રણ સફળ થાય છે (તેમ ગુરુના અભાવે ગુરુની પ્રતિમા-સ્થાપના સમક્ષ કરેલી ધર્મક્રિયા પણ સફળ થાય છે-ઈતિ સંબંધઃ ॥૩૦॥

**भावार्थ :-** ગાથાર્થવત્ સુગમ છે, તાત્પર્ય એ જ કે સ્થાપના આગળ સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્માનુષ્ઠાન કરતી વખતે જાણે સાક્ષાત્ ગુરુ આગળ જ તે ક્રિયાઓ કરીએ છીએ, અને તેમાં માગવામાં આવતા આદેશો-આજ્ઞા-સમ્મતિ પણ સાક્ષાત્ ગુરુ મહારાજ પાસે જ મગીએ છીએ, અને સાક્ષાત્ ગુરુ મહારાજ જ તે આદેશ-આજ્ઞા આપે છે એમ સમજવું જોઈએ.

આ ગાથાઓનો ભાવાર્થ દર્શાવી આપે છે કે-શ્રી જિનેન્દ્ર શાસનમાં ગુરુનું કેટલું અત્યંત માન છે ? તેમ શિષ્યોએ ગુરુનો કેટલો બધો વિનય સાચવવો જોઈએ! તેનો અનહદ ચિતાર એ ગાથાઓમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

**अवतरण :-** હવે (અવગ્રહ) એટલે ગુરુથી કેટલે દૂર રહેવું તેનું ૧૬ મું દ્વાર કહે છે-

**चउदिसि गुरुग्गहो इह, अहुट्ठ तेरस करे सपरपक्खे ।**
**अणणुन्नायस्स सया, न कप्पए तत्थ पविसेउं ॥३१॥**

**શબ્દાર્થ :-**

**उग्गहो**=અવગ્રહ
**अह**=હવે, અથ
**उट्ठ**=સાડા ત્રણ (હાથ)
**स ( पक्खे )**=સ્વ (પક્ષમાં)
**परपक्खे**=પર પક્ષમાં
**अणणुन्नायस्स**=ગુરુની આજ્ઞા નહિ લીધેલ એવા (સાધુ આદિક)ને

**ગાથાર્થ :-** હવે અહીં ચારે દિશામાં ગુરુનો અવગ્રહ સ્વપક્ષને વિષે ૩॥ હાથ છે, અને પરપક્ષને વિષે ૧૩ હાથ છે, માટે તે અવગ્રહમાં ગુરુની આજ્ઞા નહિ લીધેલા એવા સાધુને-સાધુએ પ્રવેશ કરવો હંમેશાં-કદી પણ ન કલ્પે ॥૩૧॥

**ભાવાર્થ :-** અહીં પુરુષ આશ્રયી પુરુષ સ્વપક્ષ અને સ્ત્રીની અપેક્ષાએ સ્ત્રી સ્વપક્ષ એમ બે પ્રકારનો સ્વપક્ષ છે, તથા પુરુષાપેક્ષાએ સ્ત્રી અને સ્ત્રી અપેક્ષાએ પુરુષ, એમ પરપક્ષ પણ બે પ્રકારનો જાણવો. ત્યાં સ્વપક્ષે ૩॥ હાથ અને પરપક્ષે ૧૩ હાથ દૂર રહેવું તે આ પ્રમાણે-

| | ૩॥ હાથ અવગ્રહ | | ૧૩ હાથ અવગ્રહ |
|---|---|---|---|
| ૨ સ્વપક્ષ | ગુરુથી સાધુને | ૨ સ્વપક્ષ | ગુરુથી સાધ્વીને |
| | ગુરુથી શ્રાવકને | | ગુરુથી શ્રાવિકાને |
| | ગુરુણીથી સાધ્વીને | | ગુરુણીથી સાધુને |
| | ગુરુણીથી શ્રાવિકાને | | ગુરુણીથી શ્રાવકને |

એ કહેલા અવગ્રહમાં ગુરુની અથવા ગુરુણીની આજ્ઞા લીધા વિના પ્રવેશ કરવો કલ્પે નહિ. એ અવગ્રહથી ગુરુનું સન્માન સચવાય છે, ગુરુની આશાતનાઓ ટળે છે, તેમજ પોતાનું શીલ-સદાચાર પણ સારી રીતે સચવાય છે. ઇત્યાદિ અનેક ગુણ ઉત્પન્ન થવાના કારણથી શ્રીજિનેન્દ્ર ભગવંતોએ અવગ્રહની મર્યાદા બાંધેલી છે, માટે તે સમ્યક્ પ્રકારે સાચવવી એ જ પરમ-કલ્યાણનું કારણ છે.

**અવતરણ :-** હવે વંદનસૂત્રના સર્વ અક્ષરની સંખ્યાનું ૧૭ મું દ્વાર તથા પદની સંખ્યાનું ૧૮ મું દ્વાર કહેવાય છે-

**पण तिग बारसदुग तिग, चउरो छट्ठाण पय इगुणतीसं।**
**गुणतीस सेस आवस्सयाइ, सव्वपय अडवन्ना ॥३२॥**

**શબ્દાર્થ :-** ગાથાર્થને અનુસારે સુગમ છે.

**ગાથાર્થ :-** ૧૭ મું અક્ષરદ્વાર સુગમ હોવાથી કહ્યું નથી, અને ૧૮ મું પદદ્વાર આ પ્રમાણે-(વંદનનાં આગળ કહેવાતાં ૬ સ્થાનને વિષે અનુક્રમે) ૫-૩-૧૨-૨-૩-૪ એ પ્રમાણે છ સ્થાનમાં ૨૯ પદ છે, તેમજ શેષ રહેલાં બીજાં પણ "આવસ્સિઆએ" ઇત્યાદિ ૨૯ પદ છે, જેથી સર્વ પદ ૫૮ (અઠ્ઠાવન) છે. ॥૩૨॥

**भावार्थ** :- ૧૭ મું અક્ષરદ્વાર સુગમ હોવાથી ગાથામાં કહ્યું નથી, તો પણ અહીં કિંચિત્ દર્શાવાય છે-વંદનસૂત્રમાં સર્વ અક્ષર ૨૨૬ (બસો છવીસ) છે, તેમાં લઘુ અક્ષર ૨૦૧ (બસો એક) છે, અને ગુરુ અક્ષર (જોડાક્ષર) પચીસ છે તે આ પ્રમાણે--च्छा-ज्जा-ग्ग-ज्जो-प्प-क्कं-त्ता-ज्जं-क्क-क्क-त्ती-न्न-च्छा--क्क-क्क-क्क-व्व-व्व-च्छो-व्व-म्मा-क्क-स्स-क्क-प्पा એ સત્તરમું અક્ષરદ્વાર કહ્યું.

૧૮ મું *પદદ્વાર આ પ્રમાણે-૩૩ મી ગાથામાં વંદના કરનારનાં જે ૬ સ્થાન કહેવાશે તેમાં અનુક્રમે ૫-૩-૧૨-૨-૩-૪ પદ છે, અને શેષ ૨૯ પદ મળી ૫૮ પદ છે તે આ પ્રમાણે-

इच्छामि - खमासमणो - वंदिउं-जावणिज्जाए- निसीहियाए-(એ પ્રથમસ્થાનનાં પાંચ પદ. ત્યારબાદ) अणुजाणह-मे-मिउग्गहं (એ બીજા સ્થાનમાં ૩ પદ. ત્યારબાદ) निसीहि [१]अहो कायंकायसंफासं-खमणिज्जो-भे-किलामो-अप्पकिलंताणं-बहुसुभेण-भे-दिवसो-वइक्कंतो (એ ત્રીજા સ્થાનમાં ૧૨ પદ. ત્યારબાદ जत्ता-भे (એ ચોથા સ્થાનમાં ૨ પદ) जवणिज्जं-च-भे (એ પાંચમા સ્થાનનાં ૩ પદ). खामेभि-खमासमणो-देवसिअंवइक्कमं (એ છઠ્ઠા સ્થાનનાં ૪ પદ,) એ પ્રમાણે ૬ સ્થાનનાં ૨૯ પદ થયાં. (ત્યારબાદ) (१)आवस्सियाए +(२)पडिक्कमामि-(३)खमासमणाणं-(४)देवसियाए-(५)आसायणाए-(६)तित्तीसन्नयराए-(७)जंकिंचि मिच्छाए-(८)मणदुक्कडाए (९)वयदुक्कडाए-(१०)कायदुक्कडाए-(११)कोहाए-(१२)माणाए-(१३)मायाए-(१४)लोभाए-(१५)सव्वकालि-याए-(१६)सव्वमिच्छोवयाराए-(१७)सव्वधम्माइक्कमणाए-(१९)आसायणाए-(१९)जो (२०)मे (२१)अइ-आरो-(२२)कओ-(२३)तस्स-(२४)खमासमणो-(२५)पडिक्कमामि-(२६)निंदामि-(२७)गरिहामि-(२८)अप्पाणं (२९)वोसिरामि ॥

**अवतरण** :- હવે વંદના કરનાર શિષ્ય જે છ બાબત પૂર્વક ગુરુને વંદના કરે છે તે શિષ્યનાં ૬ સ્થાન કહેવાય, તેનું ૧૯ મું દ્વાર આ ગાથામાં કહે છે.

**इच्छा य अणुन्नवणा, अव्वाबाहं च जत्त जवणा य ।**
**अवराहखामणावि अ, वंदणदायस्स छट्ठाणा ॥३३॥**

---

*पदं च विभक्त्यन्तमत्र ग्राह्यम्-ઇતિ અવચૂરિ :

૧ अहो એ અવ્યય હોવાથી ભિન્નપદ સંભવે છે. અર્થથી તો अहोकायं એક જ ગણાય તેથી જ આવ૦ સૂત્રમાં એક શબ્દથી લખેલ સંભવે છે.

+ આવશ્યક સૂત્રમાં स्सि એ જોડાક્ષર છે તથા શ્રી જ્ઞાનવિમલસૂરિના બાલાવબોધમાં કહ્યું છે કે "એ પદ અનવસ્થિત હોવાથી ગણતરીમાં કેટલાક આચાર્યો ગણતા નથી, जंकिंचि मिच्छाए ને એક જ પદ માને છે, માટે શ્રી બહુશ્રુત કહે તે પ્રમાણે."

**શબ્દાર્થ :-**

**अणुन्नवणा**=અનુજ્ઞાપના (આજ્ઞા)
**अव्वाबाहं**=અવ્યાબાધ (=સુખ-શાતા).
**जत्त**=યાત્રા(=સંયમયાત્રા)
**जवणा**=યાપના(=દેહસમાધિ)
**अवराह**=અપરાધ

**गाथार्थ :-** ઇચ્છા-અનુજ્ઞા-અવ્યાબાધ-સંયમયાત્રા-દેહસમાધિ-અને અપરાધખામણા એ વંદન કનાર શિષ્યનાં ૬ સ્થાન છે. ॥૩૩॥

**भावार्थ :-** પ્રથમ "इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए" એ પાંચ પદ બોલવાથી શિષ્યે ગુરુને પોતાની વંદના કરવાની ઇચ્છા-અભિલાષા દર્શાવી, માટે इच्छा એ શિષ્યનું પહેલું વંદનસ્થાન કહેવાય.

પહેલા સ્થાનમાં જણાવ્યું કે હું વંદન કરવા આવ્યો છું માટે अणुजाणह मे मिउग्गहं=હે ભગવંત મને મિતા[1]વગ્રહમાં (પ્રવેશ કરવાની) અનુજ્ઞા આપો (=આજ્ઞા આપો) એ ત્રણ પદ વડે અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગી તે अनुज्ञा. એ શિષ્યનું બીજું વંદનસ્થાન ગણાય.

ત્યારબાદ निसीहिथी वइक्कंतो સુધીનાં બાર પદ બોલવા વડે શિષ્યે ગુરુને વંદના કરવા પૂર્વક અવ્યાબાધા-સુખશાતા પૂછી તે **अव्याबाध** નામનું ત્રીજું વંદનસ્થાન જાણવું.

ત્યારબાદ "जत्ता भे" એ બે પદ વડે भे=હે ભગવંત ! આપની जत्ता= સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે ? એમ પૂછવું તે यात्रा નામનું ચોથું વંદનસ્થાન જાણવું.

ત્યારબાદ जवणिज्जं च भे એ ૩ પદ વડે શિષ્યે ગુરુની યાપના એટલે શરીરની સમાધિ (સુખરૂપતા) પૂછી છે, માટે यापना (=દેહસમાધિ) એ પાંચમું વંદનસ્થાન જાણવું.

ત્યારબાદ खामेमि खमासमणो देवसिअं वइक्कमं એ ચાર પદ વડે શિષ્ય પોતાના તે દિવસે થયેલા અપરાધને (સામાન્યથી) ખમાવે છે. માટે अपराधक्षमापना એ શિષ્યનું છટ્ઠું વંદનસ્થાન જાણવું. (ત્યારપછીના પાઠમાં વિશેષ પ્રકારના અપરાધ ખમાવે છે પરંતુ તે ક્ષમાપના કોઈ પણ સ્થાનમાં ગણાયેલી નથી).

**પ્રશ્ન :-** અવ્યાબાધ, યાત્રા અને યાપના એ ત્રણમાં પરસ્પર શું તફાવત છે ?

**ઉત્તર:-** ખડ્ગાદિના અભિઘાતથી થયેલ વ્યાબાધા એટલે પીડા તે દ્રવ્ય-વ્યાબાધા, અને મિથ્યાત્વાદિ (શલ્ય)થી થતી પીડા તે ભાવ-વ્યાબાધા તે બન્નેનો અભાવ તે અહીં अव्याबाधा જાણવી. તથા સુખ પૂર્વક સંયમક્રિયા પ્રવર્તવી તે यात्रा અને ઔષધાદિ વડે શરીરની વર્તતી સમાધિ તે દ્રવ્યયાપના, તથા ઇન્દ્રિય અને

૧ मित=ગુરુના દેહપ્રમાણવાળો એટલે ૩॥ હાથ પ્રમાણનો अवग्रह=ચારે દિશાનો ક્ષેત્રભાગ તે मितावग्रह..

મનના ઉપશમ વડે વર્તતી શરીરસમાધિ તે ભાવયાપના, એ પ્રમાણે બન્ને પ્રકારની યાપના જાણવી. એ ભાવાર્થથી ત્રણેની પરસ્પર ભિન્નતા શું છે તે સમજાય તેવી છે.

**अवतरण :-** પૂર્વ ગાથામાં કહેલ શિષ્યના પ્રશ્નરૂપ વંદનસ્થાનોમાં ગુરુનાં પણ ઉત્તરરૂપ ૬ વચન હોય છે, તે છ ગુરુવચન સંબંધી ૨૦ મું દ્વાર આ ગાથામાં કહેવાય છે.

**छंदेणणुजाणामि, तहत्ति तुब्भंपि वट्टए एवं ।**
**अहमवि खामेमि तुमं, वयणाइं वंदणरिहस्स ॥३४॥**

**શબ્દાર્થ :-**

**छंदेण**=ઇચ્છા વડે, અભિપ્રાય વડે.
**अणुजाणामि**=આજ્ઞા આપું છું.
**तहत्ति**=તેમજ, તેવીજ
**तुब्भंपि**=તને પણ
**वट्टए**=વર્તે છે
**एवं**=એમજ
**अहमवि**=હું પણ
**खामेमि**=ખમાવું છું
**तुमं**=તને
**वयणाइं**=એ (છ) વચનો
**वंदण-अरिहस्स**=વંદન કરવા યોગ્યનાં (એટલે ગુરુનાં)

**ગાથાર્થ :-** છંદેણ-અણુજાણામિ-તહત્તિ-તુબ્ભંપિ વટ્ટએ-એવં-અને "અહમવિ ખામેમિ તુમં" એ ૬ વચનો ગુરુનાં હોય છે ॥૩૪॥

**ભાવાર્થ :-** શિષ્ય પોતાના પહેલા વંદનસ્થાનમાં इच्छामि ઇત્યાદિ પાંચ પદો વડે જયારે ગુરુને વંદન કરવાની ઇચ્છા જણાવે, ત્યારે વંદન કરાવવું હોય તો ગુરુ "*छंदेण" એમ કહે તે ગુરુનું પહેલું વચન જાણવું. તથા કોઈ કારણથી વંદન ન કરાવવું હોય તો. [1]पडिक्खह કહે, અથવા [2]तिविहेण કહે, ત્યારે શિષ્ય સંક્ષિપ્ત વંદન કરીને એટલે ખમાસમણ દઈને અથવા તો ફક્ત "મત્થએણ વંદામિ" એટલું જ કહીને જાય, પરન્તુ સર્વથા વંદન કર્યા વિના ન જાય એ શિષ્ટાચાર છે.

ત્યારબાદ બીજા વંદનસ્થાનામાં अणुजाणह मे मिउग्गहं એ ૩ પદો વડે શિષ્ય વંદના કરવા માટે જયારે ગુરુના અવગ્રહમાં પ્રવેશ કરવાની આજ્ઞા માગે ત્યારે ગુરુ अणुजाणामि (=આજ્ઞા આપું છું કે મારા અવગ્રહમાં પ્રવેશ કર) એમ કહે તે ગુરુનું બીજું વચન જાણવું.

---

*छंदेण-અભિપ્રાય વડે, અર્થાત્ મારો પણ એ અભિપ્રાય છે (કે તું વંદના કરે)-પ્રવ૦ સા૦ વૃત્તિઃ એમાં શિષ્યને "જેવો તારો અભિપ્રાય" એમ કહેવાનો અર્થ દેખવામાં નથી, પરન્તુ સમજી શકાય એવો છે.

૧ पडिक्खह (=પ્રતીક્ષસ્વ-થોભો) એ આવ૦ ચૂર્ણિનું વચન અર્થસહ પ્રવ૦ સારો૦ વૃત્તિમાં કહ્યું છે. પુનઃ તે કારણ જો શિષ્યને કહેવા યોગ્ય હોય તો કહે, નહિતર ન કહે.

૨ तिविहेण એ પદ આવશ્યક વૃત્તિમાં કહ્યું છે, અને તેનો અર્થ "મન વચન કાયા વડે વંદન કરવાનો નિષેધ છે" એ અર્થ પ્રવ૦ સારો૦ વૃત્તિમાં કહ્યો છે.

ત્યારબાદ ત્રીજા વંદનસ્થાનમાં **निसीहि** થી **दिवसो वइक्कंतो** સુધીનાં બાર પદ વડે (ગુરુના ચરણને સ્પર્શ કરવાથી થયેલી અલ્પ કિલામણા ખમાવીને) આપનો આજનો દિવસ બહુ સારી રીતે વ્યતીત થયો ? એ પ્રમાણે સુખશાતા પૂછે ત્યારે ગુરુ [1]तहत्ति કહે તે ગુરુનું ત્રીજું વચન જાણવું.

ત્યારબાદ **"जत्ता भे"** એ બે પદ વડે "આપની સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે ?" એમ પૂછે, ત્યારે ગુરુ [2]तुब्भंपि वट्टए કહે તે ગુરુનું ચોથું વચન જાણવું.

ત્યારબાદ "जवणिज्जं च भे" એ ત્રણ પદ વડે ગુરુને યાપના (દેહની સુખ-સમાધિ) પૂછે, ત્યારે ગુરુ [3]एवं કહે તે ગુરુનું પાંચમું વચન જાણવું.

ત્યારબાદ खामेमि खमासमणो देवसिअं वइक्कमं એ છઠ્ઠા વંદનસ્થાનમાં ચાર પદો વડે હે ક્ષમાશ્રમણ ! મારાથી આપનો આજના દિવસ સંબંધી જે અપરાધ થયો હોય તે ખમાવું છું, એમ કહી ખમાવે ત્યારે ગુરુ [4]अहमवि खामेमि तुमं એમ કહે તે ગુરુનું છટ્ઠું વચન જાણવું. એ પ્રમાણે શિષ્યના છ વંદનસ્થાનમાં દરેક વખતે ગુરુ એકેક ઉત્તર આપતાં જે છ ઉત્તર આપે છે તે છ ગુરુવચન જાણવાં.

**अवतरण** :- હવે ગુરુ પ્રત્યે થતી ૩૩ આશાતના ટાળવાનું ૨૧ મું દ્વાર કહે છે.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૯ ૧૦
**पुरओ पक्खासन्ने, गंताचिट्ठण निसीअणा-यमणे ।**
૧૧ * ૧૨ ૧૩ ૧૪
**आलोअणऽपडिसुणणे पुव्वालवणे य आलोए ।।३५।।**
૧૫ ૧૬ ૧૭ ૧૯
**तह उवदंस निमंतण, खद्धाययणे तहा अपडिसुणणे।**
૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫
**खद्धत्ति य तत्थगए, किं तुं तज्जाय नोसुमणे ।।३६।।**
૨૬ ૨૭ ૨૮ ૨૯
**नो सरसि कहंछित्ता, परिसंभित्ता अणुट्ठियाइ कहे ।**
૩૦ ૩૧ ૩૨ ૩૩
**संथारपायघट्टण, चिट्ठुच्च समासणे आवि ।।३७।।**

**શબ્દાર્થ** :- ગાથાર્થાનુસારે સુગમ છે.

---

૧ तहत्ति એટલે તેમજ. અર્થાત્ જેમ તું કહે છે તેમ મારો દિવસ શુભ વ્યતીત થયો છે.

૨ અર્થાત્ "તને પણ વર્તે છે ?" એટલે તારી સંયમયાત્રા પણ સુખે વર્તે છે? મારી તો વર્તે છે.

૩ एवं=હા એમજ (એટલે મારા શરીરને સુખ સમાધિ વર્તે છે.

૪ હું પણ તને ખમાવું છું-ઈત્યર્થ :

* દેખાતા પાઠોમાં "ઽ" એવો અવગ્રહ કે अकार સ્પષ્ટ સમજાય એવો પાઠ નથી તેથી પાછળના ણમાં ડૂબેલો માનવો, અથવા પ્રવ૦ સારો૦ ને અનુસારે તો **आलोअणापडिसुणणे** પાઠ હોય તો તે પણ ઉચિત છે.

**ગાથાર્થ :-** [૧]પુરોગમનX (પુરોગન્તાX)-[૨]પક્ષગમન-[૩]આસન્ન-ગમન (*પૃષ્ઠગમન) તથા [૪]પુરઃસ્થ, (=પુરઃતિષ્ઠન્) [૫]પક્ષસ્થ (પક્ષોતિષ્ઠન્) -[૬]પૃષ્ઠસ્થ (આસન્નતિષ્ઠન્)-તથા [૭]પુરોનિષીદન [૮]પક્ષોનિષીદન-[૯]આસન્નનિષીદન (પૃષ્ઠનિષીદન) એ ૯ આશાતના ત્રણ ત્રિક રૂપ જાણવી.)-તથા [૧૦]પૂર્વઆચમન - [૧૧]પૂર્વઆલોચન - [૧૨]અપ્રતિશ્રવણ - [૧૩]પૂર્વાલાપન- [૧૪]પૂર્વાલોચન- [૧૫]પૂર્વોપદર્શન-[૧૬]પૂર્વનિમંત્રણ-[૧૭]ખદ્ધદાન-[૧૮]ખદ્ધાદન-[૧૯]અપ્રતિશ્રવણ-[૨૦]ખદ્ધ(ખદ્ધભાષણ) [૨૧]તત્રગત- [૨૨]કિં(શું)? --[૨૩]તું-- [૨૪]તજ્જાત (તજ્જાતવચન) --[૨૫]નોસુમન-[૨૬]નોસ્મરણ-[૨૭]કથાછેદ--[૨૮]પરિષદ્ભેદ-[૨૯]અનુત્થિતકથા--[૩૦]સંથારપાદઘટ્ટન-[૩૧]સંથારાવસ્થાન [૩૨]ઉચ્ચાસન-અને [૩૩]સમાસન आवि=તે પણ, એ ૩૩ આશાતનાઓ છે.

**ભાવાર્થ :-** એ ૩૩ આશાતનાઓનાં નામ અને ભાવાર્થ સંક્ષેપમાં આ પ્રમાણે-

૧ પુરોગમન આશાતના--ગુરુની (પુરઃ=) આગળ આગળ કારણ વિના (ગમન=) ચાલે તે. (માર્ગ દેખાડવો ઇત્યાદિ કારણથી આગળ ચાલવામાં આશાતના ન ગણવી)

૨ પક્ષગમન આશાતના-ગુરુની (પક્ષ=) પડખે પડખે (બરાબરીમાં દેખાય એવી રીતે) [૧]નજીકમાં ચાલવું તે. (નજીકમાં ચાલવાથી શ્વાસ, ખાંસી, છીંક ઇત્યાદિ થતાં ગુરુને શ્લેષ્મ વગેરે ઊડે છે માટે તેવી આશાતના ન થાય તેટલે દૂર ચાલવું).

---

XX ગાથામાં પુરોગન્તા એ શબ્દ (ગુરુની આગળ ચાલનાર શિષ્ય આશાતનાવાળો જાણવો એવા અર્થવાળો હોવાથી) શિષ્યનું વિશેષણ થાય છે. અને તે પ્રમાણે ગાથામાં કહેલા સર્વે શબ્દ શિષ્યના વિશેષણ તરીકે ગણવાના છે, તો પણ અહીં તો પુરોગમન (=ગુરુની આગળ ચાલવું તે આશાતના"એ અર્થ પ્રમાણે એ) આશાતનાનું નામ કહ્યું છે, અને તેથી આ ગાથાર્થમાં કહેલા સર્વે શબ્દો આશાતનાના નામ તરીકે ગણાવ્યા છે, પરન્તુ શિષ્યના વિશેષણ તરીકે નહિ. એ વિપર્યય કરવાનું કારણ આશાતનાના નામનું જ અહીં પ્રયોજન હોવાથી તે નામોની સુગમતા કરવી તે છે.

*ગાથામાં જો કે आसन्न શબ્દ છે, પરન્તુ એ અહીં પૃષ્ઠ ના અર્થ સાથે જોડવા માટે છે, તેમજ પક્ષની આશાતના વખતે પણ ઉપલક્ષણથી જોડવાનો છે.

૧ એ "નજીક" અર્થ પક્ષની ૩ આશાતનાઓમાં ન જોડીએ તો પણ ચાલે, પરન્તુ પૃષ્ઠ સંબંધી આશાતનાઓમાં અવશ્ય જોડવો.

૩ +पृष्ठ (आसन्न) गमन-ગુરુની પૃષ્ઠે=પાછળ નજીકમાં ચાલે તે આશાતના.

૪ पुरःस्थ-ગુરુ पुरः આગળ (स्थ=) ઊભા રહેવું તે આશાતના.

૫ पक्षस्थ -ગુરુની પડખે નજીકમાં ઊભા રહેવું તે આશાતના.

૬ पृष्ठ (आसन्न) स्थ-ગુરુની પાછળ પરંતુ નજીકમાં ઊભા રહેવું તે આશાતના.

૭ पुरोनिषीदन-ગુરુની આગળ निषीदन=બેસવું તે આશાતના.

૮ पक्ष निषीदन-ગુરુની પડખે નજીકમાં બેસવું તે આશાતના.

*૯ पृष्ठ (आसन्न) निषीदन-ગુરુની પાછળ પરન્તુ નજીકમાં બેસવું તે આશાતના.

૧૦ आचमन-ગુરુની સાથે ઉચ્ચારભૂમિએ (=વડીનીતિ માટે) ગયેલ શિષ્ય ગુરુના પહેલાં આચમન (=હાથ-પગની શુદ્ધિ) કરે તો આશાતના. આહારાદિ વખતે પણ પહેલી મુખાદિ શુદ્ધિ કરવાથી પણ એ જ આશાતના લાગે છે.

૧૧ आलोचन-બહારથી ઉપાશ્રયે ગુરુની સાથે આવ્યા છતાં ગુરુની પહેલાં ગમનાગમન આલોવવું તે આશાતના.

૧૨ अप्रतिश्रवण-કોણ ઊંઘે છે ? કોણ જાગે છે ? એ પ્રમાણે રાત્રે ગુરુ પૂછે ત્યારે શિષ્ય જાગતો હોય તો પણ જાણે अप्रतिश्रवण=સાંભળતો ન હોય તેમ જવાબ ન આપે તો આશાતના.

૧૩ पूर्वालापन-કોઇ આવેલ ગૃહસ્થાદિકને ગુરુએ બોલાવ્યા પહેલાં પોતે બોલાવે તો આશાતના, (પૂર્વ=પ્રથમ આલાપન=બોલાવવું એ શબ્દાર્થ છે)

---

+ ગાથામાં તો પૃષ્ઠ શબ્દ છે જ નહિ, પરન્તુ આસન્ન શબ્દ છે, તો અહીં આસન્ન ગમનને બદલે પૃષ્ઠગમન આશાતના કેમ કહી ? એ શંકાના સમાધાનમાં જાણવું કે ગુરુની પૃષ્ઠે પાછળ તો શિષ્યને ચાલવા વગેરેનો અધિકાર છે જ, પરન્તુ આસન્ન નજીકમાં ચાલવાનો અધિકાર નથી. માટે ગાથામાં પૃષ્ઠ શબ્દને બદલે आसन्न શબ્દ કહ્યો છે તે જ વિશે, ઠીક છે, અને તે પૃષ્ઠ સાથે જોડવા માટે છે, જેથી પાછળ તે આશાતના નહિ પરન્તુ પાછળ નજીકમાં ચાલે તેજ આશાતના એ ભાવ સ્પષ્ટ થાય છે. અને ગ્રંથોમાં પૃષ્ઠગમન આશાતના લખેલી હોવાથી અહીં પણ પૃષ્ઠગમન આશાતના લખી છે.

* આગળની ૩, પડખાની ૩, અને પાછળની ૩ આશાતનાઓ (ચાલવું-ઊભા રહેવું-અને બેસવા સંબંધિ) ગણતાં એ ત્રણ ત્રિકની ૯ આશાતના ગણવી. અથવા ચાલવાની ૩, ઊભા રહેવાની ૩ અને બેસવાની ૩ એ પ્રમાણે ૯ આશાતના ત્રણ ત્રિકરૂપ ગણાય.

૧૪ પૂર્વાલોચન-*ગોચરી આહારાદિ લાવીને પ્રથમ બીજા કોઇ સાધુ આગળ તે ગોચરી આલોચે, અને ત્યારબાદ ગુરુ આગળ આલોચે તો આશાતના (અહીં ગોચરી સંબંધી ગમનાગમનની ઇરિયાવહિયા પડિક્કમવી તે ગોચરી આલોવવી અથવા આલોચવી કહેવાય).

૧૫ પૂર્વોપદર્શન- લાવેલી ગોચરી ગુરુને દેખાડ્યા પહેલાં બીજા કોઈ સાધુને દેખાડે તો આશાતના (અહીં પૂર્વ=પહેલાં ઉપદર્શન= દેખાડવું એ શબ્દાર્થ છે).

૧૬ પૂર્વનિમન્ત્રણ- લાવેલાં આહાર પાણી વાપરવા માટે પહેલાં બીજા સાધુઓને નિમન્ત્રણ કરે (બોલાવે) અને ત્યારબાદ ગુરુને નિમન્ત્રણ કરે તો આશાતના.

૧૭ खद्ध दान- આહાર લાવીને ગુરુની આજ્ઞા વિના પોતે જ બીજા સાધુઓને જેમ ઘટે તેમ મધુર સ્નિગ્ધ આદિ खद्ध=ખાદ્ય[1]આહાર યથાયોગ્ય दान=વહેંચી આપે તો આશાતના.

૧૮ खद्धादन- આહાર લાવીને ગુરુને કંઈક થોડો આપીને જે સ્નિગ્ધ અને મધુર આહાર ઉત્તમ દ્રવ્યોનો બનેલો હોય તે પોતે વાપરે તો આશાતના (અહીં खद्ध એટલે ખાદ્ય-મધુર આહારનું अदन=ખાવું એ [2]શબ્દાર્થ છે.)

૧૯ अप्रतिश्रवण- ગુરુ બોલાવે ત્યારે ન બોલવું તે આશાતના (બારમી આશાતના પણ એ જ નામવાળી છે, પણ તેમાં અને આમાં તફાવત એ છે કે બારમી આશાતના રાત્રે નિદ્રાના સમયની છે, અને આ ૧૯મી આશાતના [3]દિવસે બોલાવવા સંબંધી છે.)

૨૦ खद्ध (भाषण)- કઠિન કર્કશ અને મોટા ઘાંટા પાડીને ગુરુ સાથે (ખદ્ધ એટલે પ્રચુર--ઘણું) બોલવું તે આશાતના.

૨૧ तत्रगत (भाषण)-- ગુરુ બોલાવે ત્યારે શિષ્ય "[4]મત્થએણવંદામિ" ઇત્યાદિ બોલી તુર્ત ઊઠી ગુરુ પાસે જઇને નમ્રતાથી ગુરુ શું કહે છે તે સાંભળવું જોઇએ, તેને બદલે પોતાના આસને બેઠો છતોજ જવાબ આપે તો આશાતના.

૨૨ किं भाषण- ગુરુ બોલાવે ત્યારે 'કેમ ? શું છે ? શું કહો છો ? ઇત્યાદિ બોલે તો આશાતના કારણ કે ગુરુ બોલાવે ત્યારે શિષ્યે શીઘ્ર "મત્થએણ વંદામિ"

---

*૧૧ મી અને ૧૪મી આશાતના નામથી તુલ્ય છે. પરન્તુ અર્થથી ભિન્ન છે.

૧ ખદ્ધ એટલે પ્રચુર-ઘણું આપવું એવો પણ અર્થ થાય છે.

૨. અહીં "ખદ્ધાદિ અદન" એ પણ આશાતના કહી છે, જેમાં ખદ્ધ એટલે પ્રચુર-ઘણું અર્થ થાય છે; તે પ્રચુર આદિ આહારવાળો અર્થ ભણનારને દીર્ઘ અને સુગમ ન હોવાના કારણથી કહ્યો નથી.

૩ ઇતિ પ્રવ૦ સારો૦ અને ધર્મ સં૦ વૃત્તિ.

૪ વર્તમાનમાં એ વચન પ્રચલિત નથી, તો પણ તુર્ત જી કહીને ઊઠવું તે (પ્રચલિત) રિવાજ પણ વિનયભર્યો છે.

કહેવું, (અને તુર્ત ગુરુ પાસે જઈને "આજ્ઞા ફરમાવો" ઈત્યાદિ નમ્ર વચનો બોલવાં જોઈએ).

૨૩ तुं भाषण--ગુરુને "ભગવંત, શ્રી પૂજ્ય, આપ," ઈત્યાદિ મોટા માનવાળા (બહુવચનવાળા) શબ્દોથી બોલાવવા જોઈએ, તેને બદલે "તું, તને, ત્હારા" ઈત્યાદિ "તોછડાઈવાળા" (એકવચનવાળા) શબ્દોથી ટુંકારીને બોલાવે તો આશાતના.

૨૪ तज्जात (भाषण)--ગુરુ શિષ્યને કહે છે કે "આ ગ્લાન (માંદા) સાધુની વેયાવચ્ચ કેમ કરતો નથી ? તું બહુ આળસુ થઈ ગયો છે." ત્યારે શિષ્ય કહે છે કે "તમે પોતે જ કેમ વેયાવચ્ચ કરતા નથી ? તમે પોતે જ આળસુ થઈ ગયા છો" ઈત્યાદિ રીતે ગુરુ જે શિખામણનું વચન કહે તે જ વાક્ય-વચન પ્રમાણે ગુરુને પ્રત્યુત્તર (સામો-ઊલટો જવાબ) આપે તે તજ્જાત ભાષણ અથવા તજ્જાત વચન આશાતના કહેવાય. [અહીં तज्जात એટલે તે જ જાતિના અર્થાત્ તે સરખા વચનો (વડે ઊલટો જવાબ) એ શબ્દાર્થ છે.]

૨૫ नोसुमन- ગુરુ (અથવા રત્નાધિક) કથા કહેતા હોય ત્યારે "અહો આપે આ વચન ઉત્તમ કહ્યું" ઈત્યાદિ પ્રશંસા વચનો ન કહે તેમજ કથાથી પોતાને સારી અસર થઈ છે એવો આશ્ચર્યભાવ અથવા હર્ષભાવ પણ ન દર્શાવે, પરંતુ મનમાં (શું મારાથી પણ એમની અધિક વ્યાખ્યાનકળા છે ? એવી ઈર્ષાથી જ જાણે) દુભાતો હોય તેમ વર્તે તો આશાતના. (અહીં ગુરુ પ્રત્યે કથાદિ પ્રસંગે શિષ્યનું सुमन=સારું મન नो=નહિં તે नोसुमन-એ શબ્દાર્થ છે.)

૨૬ नोस्मरण- ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે "તમને આ અર્થ સ્મરણમાં-યાદ નથી, એ અર્થ એ પ્રમાણે ન હોય" ઈત્યાદિ કહે તો આશાતના.

૨૭ कथाछेद- ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે "એ કથા હું તમને (સભાજનોને) પછીથી સારી રીતે સમજાવીશ" ઈત્યાદિ કહીને અથવા તે કથા પુનઃ સમજાવીને ચાલતી કથામાં વ્યાઘાત-ભંગ કરે તો આશાતના.

૨૮ परिषद् भेद- ગુરુ કથા કહેતા હોય; અને સભા પણ કથાના રસમાં એકતાન થઈ રહી હોય, એટલામાં શિષ્ય આવીને કહે કે [1]હવે ક્યાં સુધી કથા લંબાવવાની છે ? આહાર-પાણીનો અવસર થઈ ગયો અથવા પૌરુષી વેળા પણ થઈ ગઈ" ઈત્યાદિ કહી પરિષદ=સભા (જનતાના ચિત્ત)નો ભંગ કરે (તેમ જ સભાજનો પણ કેટલાક ઊઠી ઊઠીને ચાલવા માંડે) તો આશાતના અથવા એવું કાંઈ કહે કે જેથી સભા ભેગી ન થાય તે [1]પણ આશાતના.

---

૧ तहकिंचि भणइ जह न सा मिलइ-ઈતિ૦ પ્રવ૦ સારો૦ વચનાત્.

૨૯ अनुत्थित कथा- ગુરુ કથા કહી રહ્યા બાદ પર્ષદા-સભા હજી ઊઠી ન હોય તેટલામાં પોતાની ચતુરાઈ દર્શાવવા ગુરુએ વ્યાખ્યાનમાં કહેલી કથાનો અથવા અર્થનો વિશેષ વિસ્તાર કહી બતાવે તો આશાતના.

૩૦ संथारपादघट्टन- ગુરુની શય્યાને અને સંથારા વગેરેને પોતાનો પગ લગાડવો, તેમ જ આજ્ઞા વિના હાથ લગાડવો, તથા તેમ કરીને પણ ગુરુને તે દોષ ખમાવે નહિ તો આશાતના જાણવી. કારણ કે ગુરુની પેઠે ગુરુનાં ઉપકરણ પણ પૂજ્ય છે માટે શિષ્યનો ધર્મ છે કે ગુરુનાં ઉપકરણને પણ પગ વગેરે લગાડવો નહિ અને આજ્ઞા વિના સ્પર્શ પણ કરવો નહિ, અને જો સ્પર્શ થઈ જાય તો "ફરીથી એમ નહિ કરૂં" એમ બોલી અપરાધ ખમાવવો (અહીં શરીર પ્રમાણની ૩ાા હાથની) શય્યા અને અઢી હાથનો સંથારો જાણવો.)

૩૧ संथारावस्थान- ગુરુની શય્યા તથા સંથારા વગેરે ઉપર अवस्थान=ઊભા રહેવું (તથા ઉપલક્ષણથી) બેસવું, સૂવું, તે આશાતના.

૩૨ उच्चासन- ગુરુથી અથવા ગુરુની આગળ તેમના કરતાં ઊંચા [1]આસન ઉપર બેસે તો આશાતના.

૩૩ समासन- ગુરુથી અથવા ગુરુની આગળ સરખા આસને બેસે તો આશાતના.

ઉત્તમ શિષ્યે એ ૩૩ આશાતનાઓ વર્જવી, કારણ કે ગુરુની આશાતના (અવિનય) નહિ કરનાર શિષ્ય ઉપર ગુરુની પરમ કૃપા સ્વાભાવિક હોય છે. અને તેથી જ્ઞાનાદિકની પ્રાપ્તિ સુગમ થાય છે. એ આશાતનાઓ સાધુની મુખ્યતાએ કહી છે, છતાં શ્રાવકને પણ એ આશાતનાઓ યથાયોગ્ય (જેટલી શ્રાવકને અંગે ઘટે તેટલી) ટાળવા યોગ્ય જાણવી.

### ॥ ગુરુની જઘન્યાદિ ભેદથી ૩ આશાતના ॥

ગુરુને પગ વગેરે લગાડ્યો ઈત્યાદિ जघन्य आशातना, થુંક વગેરે લગાડવું ઈત્યાદિ मध्यम आशातना, અને ગુરુની આજ્ઞા ન માનવી, અથવા આજ્ઞાથી વિપરીત કરવું, આજ્ઞા સાંભળવી નહિ, અને કઠોર ભાષણ કરવું વગેરે उत्कृष्ट आशातना જાણવી. એ પ્રમાણે સાક્ષાત્ ગુરુની આશાતના ૩૩ પ્રકારે અથવા ૩ પ્રકારે જાણવી. (-શ્રાદ્ધવિધિ વૃત્તિઃ)

### ॥ ગુરુની સ્થાપનાની ૩ આશાતના ॥

સ્થાપનાને પગ લગાડવો વગેરે, અથવા આમતેમ ચલવિચલ કરવી તે जघन्य, ભૂમિ ઉપર પાડી નાખવી અને અવજ્ઞાથી જેમ તેમ મૂકવી-ગોઠવવી તે मध्यम. તથા નાશ, કરવો અથવા ભાંગી નાખવી વગેરે उत्कृष्ट આશાતના જાણવી. (-શ્રાદ્ધવિધિ વૃત્તિઃ)

---

૧ ઉપલક્ષણથી ગુરુનાં વસ્ત્રાદિકથી અધિક મૂલ્યવાળાં વસ્ત્રાદિક વાપરવાં તે પણ આશાતના એમાં અંતર્ગત સંભવે છે.

**अवतरण** :- હવે (બૃહત્) ગુરુવંદન કરવાની બે વિધિનું ૨૨મું द्वार કહેવાય છે. કે જે સવાર અને સાંજનું लघुप्रतिक्रमण ગણાય છે. તેમાં પ્રથમ સવારનું લઘુપ્રતિક્રમણ આ પ્રમાણે-

**इरिया कुसुमिणुसग्गो, चिइवंदण पुत्ति वंदणा-लोयं ।**
**वंदण खामण वंदण, संवर चउछोभ दुसज्झाओ ॥३८॥**

**શબ્દાર્થ** :- ભાવાર્થમાં લખેલા ક્રમ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ** :- ભાવાર્થમાં લખેલા ક્રમ પ્રમાણે સુગમ છે-

**भावार्थ** :- પ્રભાતનું પ્રતિક્રમણ કરવાના નિયમવાળાએ કોઈ વખતે પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે આ ગાથામાં દર્શાવેલા વિધિ પ્રમાણે બૃહત્ ગુરુવંદન તો અવશ્ય કરવું જોઇએ, એ બૃહત્ ગુરુવંદન તે लघुप्रतिक्रमण ગણાય છે. તે સવારના બૃહત્ ગુરુવંદનનો (એટલે લઘુપ્રતિક્રમણનો) વિધિ[1]સંક્ષેપમાં આ પ્રમાણે-

१ इरियावहियं- ગુરુ પાસે ઇરિયાવહિયં પડિક્કમી પર્યન્તે લોગસ્સ કહેવો.

२ कुसुमिणदुसुमिणनो काउस्सग्ग- ત્યારબાદ રાત્રે રાગથી આવેલ તે (સ્ત્રીગમનાદિક) કુસ્વપ્ન, અને દ્વેષથી આવ્યાં હોય તે દુઃસ્વપ્નનો દોષ ટાળવા માટે ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો તે કુસુમિણ-દુસુમિણનો કાઉસ્સગ્ગ જાણવો.

३ चैत्यवंदन- ત્યારબાદ ચૈત્યવંદનનો આદેશ માગી જગચિંતામણિ ચૈત્યવંદન જયવીઅરાય સુધીનું કરવું.

४ मुहपत्ति- ત્યારબાદ ખમાસમણપૂર્વક આદેશ માગી મુહપત્તિ પડિલેહવી.

५ वंदण- ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

६ आलोचना- ત્યારબાદ આદેશ માગી રાઇય આલોયણા કરવી. (="ઇચ્છા૦ સં૦ ભ૦ રાઈયં આલોઉં ? ઇચ્છં આલોએમિ જો મે રાઇઓ" ઇત્યાદિ કહેવું.) અહીં એ જ लघुप्रतिक्रमण सूत्र છે.

७ वंदण- ત્યારબાદ પુનઃ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

८ खामणा- ત્યારબાદ રાઈય અબ્ભુટ્ઠિઓ ખામવો.

९ वंदन- ત્યારબાદ પુનઃ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

१० संवर (पच्चक्खाण)- ત્યારબાદ ગુરુ પાસે યથાશક્તિ પચ્ચક્ખાણ લેવું.

११ चार छोभवंदन- ત્યારબાદ ૪ ખમાસમણપૂર્વક "ભગવાન હં" આદિ ૪ ને છોભવંદન કરવું.

१२ बे स्वाध्याय आदेश - ત્યારબાદ બે ખમાસમણપૂર્વક સજ્ઝાય કરવાના બે આદેશ માગવા, અને ગુરુ પાસે સ્વાધ્યાય કરવો.

---

૧. ક્રમશઃ વિશેષ વિધિ ગુરુ વગેરે પાસે શીખવાથી જાણી શકાય. આ બૃ૦ ગુરુવંદનની અપેક્ષાએ દ્વાદશાવર્ત્ત વંદન તે અહીં લઘુ ગુરુવંદન જાણવું.

**अवतरण :-** પૂર્વ ગાથામાં સવારના બૃહત્ ગુરુવંદનનો વિધિ કહીને હવે આ ગાથામાં સાંજે કરવા યોગ્ય બૃહત્ ગુરુવંદન અથવા સાંજના લઘુપ્રતિક્રમણ નો વિધિ દર્શાવે છે-

**इरिया-चिइ-वंदण-पुत्ति-वंदण-चरिम-वंदणा-लोयं ।**
**वंदण खामण चउछोभ-दिवसुस्सग्गो दुसज्झाओ ॥३९॥**

**શબ્દાર્થ :-** ભાવાર્થમાં કહેલા ક્રમ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ :-** ભાવાર્થના ક્રમ પ્રમાણે સુગમ છે.

**भावार्थ :-** સાંજનું પ્રતિક્રમણ કરવાના નિયમવાળાએ કોઈક વખતે પ્રતિક્રમણની સામગ્રીના અભાવે અથવા તેવી શક્તિના અભાવે આ ગાથામાં દર્શાવેલા વિધિ પ્રમાણે બૃ૦ ગુરુવંદન તો અવશ્ય કરવું જોઈએ, કે જે સંધ્યાનું લઘુ પ્રતિક્રમણ ગણાય છે. તેનો વિધિ આ પ્રમાણે-

૧ इरियावहियं- ઈરિયાવહિયં પડિક્કમી પર્યન્તે લોગસ્સ કહેવો.

૨ चिइवंदण- ત્યારબાદ ખમા૦ દઈ આદેશ માગી ચૈત્યવંદન કરવું.

૩ मुहपत्ति- ત્યારબાદ ખમા૦ દઈ આદેશ માગી મુહપત્તિ પડિલેહવી.

૪ वंदन- ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

૫ दिवसचरिम- ત્યારબાદ દિવસચરિમ પચ્ચક્ખાણ કરવું.

૬ वंदन- ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

૭ आलोचना- ત્યારબાદ આદેશ માગી દિવસ સંબંધિ અતિચાર આલોવવા (એટલે "ઇચ્છં આલોએમિ જો મે દેવસિઓ અઈયારો" એ સૂત્ર કહેવું.) અહિં મુખ્યત્વે એ જ સૂત્ર लघु प्रतिक्रमण सूत्र જાણવું.

૮ वंदण- ત્યારબાદ બે વાર દ્વાદશાવર્ત્ત વંદન કરવું.

૯ खामणा- ત્યારબાદ આદેશ માગી અબ્ભુટ્ઠિઓ ખામવો.

૧૦ चार छोभवंदन- ત્યારબાદ ૪ ખમાસમણ પૂર્વક ૪ છોભવંદન કરવાં.

૧૧ दैवसिक प्रायश्चित्तनो काउस्सग्ग- ત્યારબાદ આદેશ માગી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૧૨ बे स्वाध्याय आदेश- ત્યારબાદ બે ખમાસમણ પૂર્વક બે આદેશ માગી સજ્ઝાય (સ્વાધ્યાય) કરવી. ॥ इति २२ मुं द्वार समाप्त ॥

॥ इति गुरुवंदनस्य २२ द्वाराणि समाप्तानि ॥

**अवतरण :-** હવે આ પ્રકરણના ઉપસંહારમાં (સમાપ્તિના પ્રસંગમાં) પ્રથમ પૂર્વોક્ત વિધિએ ગુરુવંદન કરનારને જે મહાન્ લાભ થાય છે તે આ ગાથામાં દર્શાવાય છે :-

**एयं किइकम्मविहिं, जुंजंता चरणकरणमाउत्ता ।**
**साहू खवंति कम्मं, अणेगभवसंचिअमणंतं ॥४०॥**

**શબ્દાર્થ :-**

**एयं**(=એવં)=એ પ્રમાણે; પૂર્વે કહેલી
**जुंजंता**=પ્રયુંજતા, કરનાર
**आउत्ता**=ઉપયોગવાળા, સાવધાન
**संचिअ**=સંચિત, એકઠાં કરેલ.

**ગાથાર્થ :-** એ પ્રમાણે પૂર્વે કહેલ કૃતિકર્મ વિધિને (ગુરુવંદન વિધિને) કરનાર એવા ચરણ-કરણમાં (=ચારિત્રમાં અને તેની ક્રિયામાં અથવા ચરણસિત્તરિ તથા કરણસિત્તરિમાં) ઉપયોગવાળા સાધુઓ અનેક પૂર્વ ભવનાં (માં) એકઠાં કરેલાં અનન્ત કર્મોને [1]ખપાવે છે (એટલે મોક્ષપદ પામે છે) ॥૪૦॥

**ભાવાર્થ :-** ગાથાર્થને અનુસારે જાણવો, પરંતુ આ ગાથામાં વિશેષ તાત્પર્ય એ છે કે-સાધુ પોતાની સર્વ ક્રિયામાં ચાહે તેવો કુશળ અને ઉપયોગવાળો હોય તો પણ ગુરુવંદન વિધિપૂર્વક ન કરતો હોય તો તેવો (ગુરુના વિનયમાં અનાદરવાળો) સાધુ કર્મની નિર્જરા કરી મુક્તિપદ ન પામી શકે, માટે ક્રિયાવંત સાધુએ પણ ગુરુ મહારાજનો વિનય કરવામાં અનાદરવાળા ન થવું, એ ઉપદેશ છે.

**અવતરણ :-** હવે આ છેલ્લી ગાથા વડે ગુરુવંદન ભાષ્યની સમાપ્તિ થાય છે. ત્યાં આ ભાષ્યના કર્તા શ્રી દેવેન્દ્રસૂરિ પોતાના મતિદોષથી અજાણતાં થઈ ગયેલી (રહી ગયેલી) કોઈ ભૂલચુકને માટે પોતાની લઘુતા દર્શાવી શ્રી ગીતાર્થોને તે ભૂલ સુધારી લેવા વિજ્ઞપ્તિ કરે છે-

## अप्पमइभव्वबोह-त्थ, भासियं विवरियं च जमिह मए ।
## तं सोहंतु गियत्था, अणभिनिवेसी अमच्छरिणो ॥४१॥

---

૧ શ્રી સિદ્ધાંતમાં કહ્યું છે કે- वंदणएण भंते जीवे किं अंज्जिअइ ? गोअमा ! अट्ठकम्मपगडीओ निबिडबंधणबद्धाओ सिढिल-बंधणबद्धाओ करेइ ઇત્યાદિ આલાપકનો અર્થ આ પ્રમાણે-

હે ભગવંત ! ગુરુવંદન વડે જીવ શું (લાભ ઉપાર્જન કરે ? ઉત્તર- હે ગૌતમ! આઠ કર્મપ્રકૃતિઓ જે ગાઢ બંધનથી બંધાયેલી હોય તેને શિથિલ બંધનથી બંધાયેલી (=શિથિલ) કરે, દીર્ઘકાળની સ્થિતિવાળી હોય તેને અલ્પકાળની સ્થિતિવાળી કરે; તીવ્ર રસવાળી હોય તેને મંદરસવાળી કરે, ઘણા પ્રદેશ સમૂહવાળી હોય તેને અલ્પપ્રદેશ સમૂહવાળી કરે, અને આ અનાદિ અનન્ત સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ ન કરે અને તેનો પાર પામે. (બીજા આલાપકનો અર્થ :-) તથા વંદન વડે નીચગોત્રકર્મ ખપાવે, અને ઉચ્ચગોત્રકર્મ બાંધે. તેમજ સૌભાગ્યવાળું અપ્રતિહત એવું (જિનેન્દ્રની) આજ્ઞાનું ફળ (મુક્તિપદ) પામે,-ઇતિ ધર્મસંગ્રહ વૃત્તિઃ)

**શબ્દાર્થ :-**

**अप्पमइ**=અલ્પમતિવાળા
**भव्य**=ભવ્ય જીવોને
**बोहत्थ**=બોધ કરવાને અર્થે
**भासियं**=ભાખ્યું, કહ્યું
**विवरियं**=વિપરીત
**च**=અને(પરન્તુ)
**जं**=જે કાંઈ
**इह**=અહીં, તેમાં
**मए**=મેં, મારા વડે
**सोहंतु**=શોધો, શુદ્ધ કરો
**गियत्था**=હે ગીતાર્થો !
**अणभिनिवेसी**=આગ્રહ રહિત
**अमच्छरिणो**=મત્સર (=ઈર્ષ્યા) રહિત

**ગાથાર્થ :-** અલ્પમતિવાળા એવા ભવ્ય જીવોને બોધ કરવાને અર્થે (આ ગુરુવંદન ભાષ્ય નામનું પ્રકરણ મેં દેવેન્દ્રસૂરિએ) કહ્યું છે. પરન્તુ તેમાં મારા વડે જે કાંઈ વિપરીત કહેવાયું હોય (એટલે મારાથી અજાણતાં જે કાંઈ ભૂલચુક થઈ હોય) તે ભૂલચુકને આગ્રહરહિત અને ઈર્ષ્યારહિત એવા હે ગીતાર્થ મુનિઓ ! તમે શુદ્ધ કરજો ॥૪૧॥

**ભાવાર્થ :-** ગાથાર્થવત્ સુગમ છે.

**इति श्री महिसानाख्य-नगरनिवासी-सद्गतश्रेष्ठिवर्य-श्रीयुत वेणीचन्द्र-सुरचन्द्र-संस्थापित-श्री जैनश्रेयस्करमंडल सत्प्रेरणातः श्रीभृगुकच्छनिवासी-श्रेष्ठिवर्य-श्रीयुता-नुपचन्द-विद्यार्थी-चन्दुलाल-लिखितः**

**श्री गुरुवन्दनभाष्यभावार्थः**

**समाप्तः**

( मूलकर्त्ता श्री देवेन्द्रसूरिः ॥)

# पच्चक्खाण भाष्य

## भावार्थ सहित

**अवतरण :-** હવે આ ત્રીજા પચ્ચક્ખાણ ભાષ્યમાં પચ્ચક્ખાણ લેવાનો વિધિ કહેવાય છે. ત્યાં આ પહેલી ગાથામાં પચ્ચક્ખાણનાં ૯ મૂળ દ્વાર દર્શાવાય છે-

**दस पच्चखाण चउविहि, आहार दुवीसगार अदुरुत्ता ।**
**दसविगइ तीस विगई-गय दुहभंगा छसुद्धि फलं ॥१॥**

શબ્દાર્થ :-

**चउविहि**=૪ પ્રકારનો વિધિ | **अदुरुत्ता**=બીજીવાર નહિ ઉચ્ચરેલા
**दुवीस (आ) गार**=બાવીસ આગાર | **विगईगय**=વિકૃતિગત, નીવિયાતાં.

**गाथार्थ :-** ૧૦ પચ્ચક્ખાણ-૪ પ્રકારનો (ઉચ્ચાર) વિધિ-૪ X પ્રકારનો આહાર-બીજીવાર નહિ ઉચ્ચરેલા (=નહિ ગણેલા) એવા ૨૨ આગાર-૧૦ વિગઈ-૩૦ નીવિયાતાં-૨ પ્રકારના ભાંગા-૬ પ્રકારની શુદ્ધિ-અને (૨ પ્રકારનું) ફળ. (એ પ્રમાણે ૯ મૂળ દ્વારના ૯૦ ઉત્તર ભેદ થાય છે.). ॥૧॥

**भावार्थ :-** આ પચ્ચક્ખાણ ભાષ્યમાં કહેવાતું પચ્ચક્ખાણનું સ્વરૂપ ૯ દ્વાર વડે (એટલે સમજવા યોગ્ય ૯ પ્રકારો વડે) સમજવાનું છે, તે ૯ મૂળદ્વારોની ટૂંકી સમજ આ પ્રમાણે-

૧ दश पच्चक्खाण द्वार- આ દ્વારમાં પચ્ચક્ખાણના અનાગત આદિ ૧૦ મૂળભેદ તેમજ ૧૦મા ભેદના એટલે અદ્ધા પચ્ચક્ખાણના પણ ૧૦ પ્રતિભેદ (ઉત્તરભેદ) કહેવાશે. (ગા. ૨-૩ માં)

૨ चार विधिनुं द्वार - એમાં પચ્ચક્ખાણનો પાઠ ઉચ્ચરવાના ૪ પ્રકાર કહેવાશે. (ગા. ૪ થી ૧૨માં)

૩ चार आहारनुं द्वार- એમાં અશન-પાન-ખાદિમ-અને સ્વાદિમ એ ૪ પ્રકારના આહારનું સ્વરૂપ કહેવાશે. (ગા. ૧૩-૧૪-૧૫માં)

૪ बावीस आगार- એમાં એક જ જાતિનો આગાર જુદા જુદા પચ્ચક્ખાણમાં આવતો હોવાથી અનેકવાર બોલવામાં આવે છે, પરન્તુ તેને જુદો ન ગણતાં એક જ વાર ગણીએ તો તેવા (અદ્વિરુક્ત એટલે બીજીવાર નહિ ઉચ્ચરેલા અથવા નહિ ગણાયેલા) ૨૨ (બાવીસ) આગાર એટલે ૨૨ અપવાદ છે તે કહેવાશે. (ગા. ૧૬ થી ૨૮માં)

---

X ગાથાને વિષે चउविहमां કહેલા चउ શબ્દનું અનુસરણ आहार શબ્દ સાથે પણ કરાય, તેથી "૪ પ્રકારનો આહાર" એ અર્થ થાય છે.

૫ दशविगइ- દૂધ આદિ છ ભક્ષ્ય વિગઈ અને મધ આદિ ચાર અભક્ષ્ય વિગઈ (અથવા એ જ છ લઘુવિગઈ અને ચાર મહાવિગઈ) મળી ૧૦ વિગઈનું સ્વરૂપ કહેવાશે. (ગા. ૨૯-૩૦-૩૧માં)

૬ त्रीस निवियातां- છ ભક્ષ્ય વિગઈનાં ત્રીસ નિવિયાતાં થાય છે તે કહેવાશે. (ગા. ૩૨ થી ૪૧ માં)

૭ बे भांगा- મૂળગુણ પચ્ચક્ખાણ અને ઉત્તરગુણ પચ્ચક્ખાણ એ બે ભાંગા મુખ્ય કહેવાશે, અને તે પ્રસંગે ૧૪૭ ભાંગા પણ કહેવાશે. (ગા. ૪૨-૪૩માં)

૮ छ शुद्धि- પચ્ચક્ખાણની સ્પર્શના, પાલના વગેરે ૬ શુદ્ધિ કહેવાશે. (ગા. ૪૪-૪૫-૪૬ માં).

૯ बे फल- પચ્ચક્ખાણથી આલોકમાં અને પરલોકમાં જે ફળ પ્રાપ્ત થાય તે બે પ્રકારનું ફળ કહેવાશે. ગાથામાં બે ફળ નથી કહ્યાં તો પણ અધ્યાહારથી "दु=બે"નું ગ્રહણ કરવું. (ગા. ૪૭ માં).

એ પ્રમાણે ૯ મૂળદ્વારના ઉત્તરભેદ (૧૦+૪+૪+૨૨+૧૦+૩૦+૨+૬+૨=)૯૦ થયા. ॥ इति द्वारसंग्रहस्य प्रथम गाथायाः भावार्थः ॥

**अवतरण** :- હવે (પૂર્વે કહેલાં નવ દ્વારમાં પ્રથમ) ૧૦ પ્રકારના *પચ્ચક્ખાણનું પહેલું દ્વાર (એટલે પચ્ચક્ખાણના ૧૦ ભેદ કહેવાય છે-

**अणागय-मइक्कंतं, कोडीसहियं नियंटि अणगारं ।**
**सागार निरवसेसं, परिमाणकडं सके अद्धा ॥२॥**

(૧ अणागय, ૨ मइक्कंतं, ૩ कोडीसहियं, ૪ नियंटि, ૫ अणगारं, ૬ सागार, ૭ निरवसेसं, ૮ परिमाणकडं, ૯ सके, ૧૦ अद्धा)

**શબ્દાર્થ** :-ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ** :- અનાગત પચ્ચ૦, અતિક્રાન્ત પચ્ચ૦, કોટિસહિત પચ્ચ૦, નિયન્ત્રિત પચ્ચ૦, અનાગાર પચ્ચ૦, સાગાર પચ્ચ૦, નિરવશેષ પચ્ચ૦, પરિમાણકૃત પચ્ચ૦, સકેત (સંકેત) પચ્ચ૦, અને અદ્ધા પચ્ચ૦ (એ પ્રમાણે પચ્ચક્ખાણ ૧૦ પ્રકારનાં છે). ॥૨॥

**भावार्थ** :- એ ૧૦ પ્રકારના પચ્ચક્ખાણનો સંક્ષિપ્ત અર્થ આ પ્રમાણે-

૧ अनागत पच्च०- અનાગત એટલે ભવિષ્યકાળ. અર્થાત્ ભવિષ્યકાળે જે પચ્ચક્ખાણ કરવાનું છે તેને કોઈક કારણસર પહેલું કરી લેવું તે. જેમકે-પર્યુષણાદિ પર્વમાં જે અટ્ઠમ વગેરે તપ કરવાનો છે તે તપને પર્યુષણા વખતે ગુરુની, ગચ્છની, રોગી મુનિની, નવી દીક્ષાવાળા શિષ્યની અને તપસ્વી વગેરેની વેયાવચ્ચ કરવાના કારણસર પર્યુષણ પહેલાં જ કરી લેવો તે અનાગત પચ્ચક્ખાણ મુખ્યત્વે મુનિને હોય છે.

---

*આ કહેવાતાં અનાગત વગેરે ૧૦ પચ્ચક્ખાણો સર્વોત્તરગુણ પ્રત્યા૦ના (સર્વવિરતિવંતના ઉત્તરગુણ સંબંધી) ભેદરૂપ હોવાથી બહુધા મુનિની અપેક્ષાએ છે તો પણ તેમાંનાં કેટલાક પ્રત્યાખ્યાનો શ્રાવકને આશ્રયી પણ છે.

૨ अतिक्रान्त पच्च०- અતિક્રાન્ત એટલે વ્યતીત કાળ-ભૂત કાળનું પચ્ચક્ખાણ. અર્થાત્ પર્યુષણાદિમાં જે અટ્ઠમ વગેરે તપ કરવાનો છે તેને ઉપર કહેલા વેયાવચ્ચ વગેરેના કારણથી પર્યુષણાદિ પર્વ વ્યતીત થયા બાદ કરવો, તે અતિક્રાન્ત પ્રત્યા૦ મુખ્યત્વે મુનિને અંગે કહ્યું છે.

૩ कोटिसहित पच्च०- બે તપના બે (કોટિ એટલે) છેડા મળતા હોય એવું. એટલે બે તપની સંધિ-જોડાણવાળું પચ્ચક્ખાણ તે કોટિસહિત પચ્ચક્ખાણ. જેમકે- પહેલે દિવસે ઉપવાસ કરીને પુનઃ બીજા દિવસે પણ પ્રભાતમાં ઉપવાસનું પચ્ચક્ખાણ કરે તો તે પહેલા ઉપવાસનો પર્યન્ત ભાગ અને બીજા ઉપવાસનો આદિ ભાગ એ બન્ને ભાગરૂપ બે કોટિ સંધાવાથી-જોડવાથી એ પચ્ચક્ખાણ કોટિસહિત ગણાય છે. તે સમકોટિવાળું અને વિષમ કોટિવાળું એમ બન્ને પ્રકારનું હોય છે. ત્યાં ઉપવાસ પૂર્ણ થયે ઉપવાસ કરવો, અને આયંબિલ પૂર્ણ થયે આયંબિલ કરવું ઈત્યાદિ રીતે સરખાં પચ્ચક્ખાણ સાંધવાં તે समकोटि વાળું, અને ઉપવાસ પૂર્ણ થયે એકાશનાદિ કરવું, અથવા એકાશનાદિ પૂર્ણ થયે ઉપવાસાદિ કરવા, ઈત્યાદિ રીતે લગોલગ બે ભિન્ન તપ જોડવાથી - કરવાથી विषमकोटि વાળું પચ્ચક્ખાણ ગણાય છે.

૪ नियन्त्रित पच्च०- નિયન્ત્રિત એટલે નિશ્ચયપૂર્વક પચ્ચક્ખાણ કરવું તે. જેમકે-માંદો હોઉં, કે સાજો હોઉં, અથવા તો ગમે તેવું મહાન્ વિઘ્ન આવે, તો પણ અમુક વખતે મારે અમુક તપ કરવો જ. આ પચ્ચક્ખાણ જિનકલ્પી અને ચૌદ પૂર્વધર મુનિઓના વખતમાં પ્રથમ સંઘયણી એવા સ્થવિરાદિ મુનિઓને પણ હતું, પરન્તુ જિનકલ્પાદિના વિચ્છેદ સાથે એ પચ્ચક્ખાણ પણ વિચ્છેદ પામવાથી વર્તમાન કાળમાં થઈ શકે નહિ, કારણ કે તેવા પ્રકારના આયુષ્યનો, સંઘયણનો અને ભાવિનો નિશ્ચય કરવાનો અભાવ છે માટે.

૫ अनागार पच्च०- આગળ કહેવાતા આગાર-અપવાદોમાંથી અનાભોગ આગાર અને સહસા આગાર એ બે *વર્જીને શેષ આગાર રહિત પ્રત્યાખ્યાન [1]કરવું તે.

૬ सागार पच्च०- આગળ કહેવાતા બાવીસ આગારોમાંના યથાયોગ્ય આગારો સહિત પચ્ચક્ખાણ કરવું તે.

---

*કારણ કે એ બે આગાર બુદ્ધિપૂર્વક બનતા નથી, પરન્તુ અણચિંતવ્યા અકસ્માત્ બને છે માટે.

૧ એ પ્રત્યાખ્યાન પહેલા સંઘયણવાળા મુનિઓ પ્રાણાન્ત કષ્ટ અને ભિક્ષાનો સર્વથા અભાવ જેવા મોટા પ્રસંગોમાં કરે છે. માટે વર્તમાનકાળમાં પહેલા સંઘયણના અભાવે એ પ્રત્યાખ્યાન કરવામાં આવતું નથી.

૭ निरवशेष पच्च०- ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરવો તે. (આ પચ્ચક્ખાણ વિશેષતઃ અન્ત સમયે સંલેખણાદિ સમયે કરાય છે)

૮ परिमाणकृत पच्च०- [1]દત્તિનું-[2]કવલનું (કોળિયાનું) [3]ઘરોનું-ભિક્ષાનું અને [4]દ્રવ્યનું પ્રમાણ કરી શેષ ભોજનનો ત્યાગ કરવો તે.

૯ सकेत (અથવા संकेत) पच्च०-કેત એટલે ઘર (स=) સહિત એવા ગૃહસ્થોનું જે પચ્ચક્ખાણ તે सकेत, અથવા મુનિને આશ્રયી વિચારીએ તો કેત એટલે ચિહ્ન, તે ચિહ્ન સહિત જે પચ્ચક્ખાણ તે સકેત પચ્ચક્ખાણ. એનું સંકેત અથવા સકેત એવાં પણ નામ છે. એ પ્રમાણે એ પચ્ચક્ખાણ શ્રાવકને તેમજ સાધુને પણ હોય છે, ૮ પ્રકારના ચિહ્ના ભેદથી એ પચ્ચક્ખાણ ૮ પ્રકારનું છે તે આ પ્રમાણે-કોઈ શ્રાવક પૌરુષી આદિ પચ્ચક્ખાણ કરીને તે પચ્ચક્ખાણ પૂર્ણ થયા છતાં પણ જ્યાં સુધી હજી ભોજન સામગ્રી થઇ નથી ત્યાં સુધી ક્ષણમાત્ર પણ પચ્ચક્ખાણ વિના ન રહેવાના આશયથી અંગુઠો વગેરે આઠ પ્રકારના ચિહ્નમાંનું કોઈ પણ ચિહ્ન ધારે તે-આ પ્રમાણે-

૧. જ્યાં સુધી મુઠ્ઠીમાં અંગુઠો વાળીને છૂટો ન કરું ત્યાં સુધી મારે પચ્ચક્ખાણ છે એમ ધારી અંગુઠો છૂટો કરે ત્યારે જ મુખમાં ખાવાની વસ્તુ નાખે એવા સંકેતનું નામ अंगुष्ठसहित=અંગુટ્ઠસહિયં સંકેત પચ્ચક્ખાણ.

૨. એ પ્રમાણે મુઠ્ઠી વાળીને છૂટી ન કરે ત્યાં સુધી मुष्ठिसहित=મુટ્ઠિસહિયં.

૩. એ પ્રમાણે વસ્ત્રની અથવા દોરા વગેરેની ગાંઠ વાળીને છુટી ન કરે ત્યાં સુધી ग्रन्थिसहित=ગંઠિસહિયં.

૪. એ પ્રમાણે ઘરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધીનું પચ્ચ૦- તે घरसहित=ઘરસહિયં.

૫. એ પ્રમાણે પરસેવાના બિંદુ ન સૂકાય ત્યાં સુધીનું પચ્ચ૦ તે स्वेदसहित.

૬. એ પ્રમાણે આટલા શ્વાસોચ્છ્વાસ ન થાય ત્યાં સુધીનું उच्छ्वाससहित પચ્ચ૦

---

૧ હાથ અથવા વાસણ વગેરેમાંથી જેટલું અન્ન સતત એક ધારાએ પાત્રમાં પડે તેટલું અન્ન એક દત્તિ કહેવાય. તેવી ૧-૨-૩ આદિ દત્તિનું પ્રમાણ કરવું તે दत्तिप्रमाण.

૨ મુખમાં સુખે પ્રવેશી શકે તેવા ૩૨ કવલ જેટલો પુરુષનો અને ૨૮ કવલ જેટલો સ્ત્રીનો આહાર ગણીને તેમાંથી અમુક-આટલા કવલ ખાવાનું પ્રમાણ કરવું તે कवलप्रमाण.

૩ આટલાં ઘરોમાંથી જ આહાર લેવો એવું પ્રમાણ કરવું તે गृहप्रमाण.

૪ ખીર, ભાત વા મગ આદિ અમુક દ્રવ્ય-આહાર લેવા તે द्रव्यप्रमाण.

૭. એ પ્રમાણે પાણી વગેરેની માંચીમાં[1] લાગેલા જળના (સ્તિબુક=) બિંદુ ન સૂકાય ત્યાં સુધીનું स्तिबुकसहित.

૮. એ પ્રમાણે આ દીપક ન હોલવાય ત્યાં સુધીનું પચ્ચ૦ दीपकसहित દીવસહિયં.

એ પ્રમાણે કરેલો કોઇ પણ પ્રકારનો સંકેત પૂર્ણ થયા પહેલાં જો મુખમાં કોઈ ચીજ પડી જાય તો તે [2]પચ્ચક્ખાણનો ભંગ થયો-કર્યો જાણીને તેનું પ્રાયશ્ચિત્ત ગુરુ પાસે લેવું પડે છે.

૧૦ अद्धा पच्चक्खाण- અદ્ધા એટલે કાળ, તે મુહૂર્ત, પ્રહર, બે પ્રહર, દિવસ, પક્ષ, માસ ઇત્યાદિ જાણવો. અને તે મુહૂર્ત આદિ કાળની મર્યાદાવાળું જે નવકારસી-પોરિસી-સાર્દ્ધપોરિસી-પુરિમડ્ઢ-અવડ્ઢ-એકાસણું, ઉપવાસ વગેરે પચ્ચ૦ તે અદ્ધા પચ્ચ૦ કહેવાય, તેના ૧૦ પ્રકાર છે તે આગળની ત્રીજી ગાથામાં કહેવાશે. એ પ્રમાણે પચ્ચક્ખાણના=+પ્રત્યાખ્યાનના મૂળ ૧૦ ભેદ કહ્યા. એમાં છેલ્લાં બે પ્રત્યાખ્યાન પ્રતિદિન ઉપયોગી જાણવાં. ॥ इति १० प्रत्याख्यानभेदाः ॥

**अवतरण :-** પૂર્વ ગાથામાં જે દશમું અદ્ધા પચ્ચક્ખાણ કહ્યું તેના ૧૦ ભેદ છે તે આ ગાથામાં કહેવાય છે. (અથવા પહેલી ગાથામાં કહેલ મૂળ નવ દ્વારમાં જે "દશ પચ્ચક્ખાણ" નામનું પહેલું દ્વાર કહ્યું છે તે એક રીતે પૂર્વ ગાથામાં બીજી રીતે દર્શાવાય છે)

**नवकारसहिय[१] पोरिसि[२], पुरिमड्ढे[३]-गासणे[४]-गठाणे[५] य ।**
**आयंबिल[६] अभतट्ठे[७], चरिमे[८] अ अभिग्गहे[९] विगई[१०] ॥३॥**

**શબ્દાર્થ** :-ગાથાર્થને અનુસારે સુગમ છે.

---

૧ માંચીના ઉપલક્ષણથી શેષ વાસણ વગેરેનું પણ ગ્રહણ કરવું અનુચિત નથી.

૨ આ સંકેત પચ્ચક્ખાણો એક અથવા ત્રણ નવકાર ગણીને પારવાં. ત્યારબાદ ભોજન કરીને પુનઃ પણ એ સંકેત પચ્ચક્ખાણ કરી શકાય છે. અને એ પ્રમાણે વારંવાર સંકેત પચ્ચક્ખાણ ધારવાથી ભોજન સિવાયનો સર્વકાળ વિરતિપણામાં લેખાય છે. દરરોજ એકાસણું કરનારને એ પચ્ચ૦થી એક માસમાં લગભગ ૨૯ ઉપવાસ અને બેઆસણું કરનારને લગભગ ૨૮ ઉપવાસ જેટલો લાભ મળે છે. તથા એકાસણા-બેઆસણા આદિ રહિત છૂટો શ્રાવક પણ દરરોજ એ પચ્ચક્ખાણ વારંવાર કરે તો અદ્ધા પચ્ચ૦માં આગળ કહેવાશે તેવી રીતે પણ તેને વિરતિપણાનો સારો લાભ મળે છે. માટે ક્ષણ માત્ર પણ અવિરતિ નહિ ઇચ્છનારા શ્રાવકને (તથા સાધુને પણ) આ પચ્ચક્ખાણ પ્રતિદિન અને વારંવાર ઉપયોગી છે. તેમજ ૧૦મું અદ્ધા પ્રત્યા૦ પણ શ્રાવકને પ્રતિદિન ઉપયોગી છે.

+ "પચ્ચક્ખાણ" એ પ્રાકૃત શબ્દ છે. અને "પ્રત્યાખ્યાન" એ સંસ્કૃત શબ્દ છે, તેની વ્યુત્પત્તિ (શબ્દાર્થ) આ પ્રમાણે-प्रति=પ્રતિકૂળપણે आ=મર્યાદા વડે ख्यान=કહેવું અર્થાત્ અમુક રીતે નિષેધ કહેવો=કરવો તે प्रत्याख्यान કહેવાય.

**गाथार्थ :- નવકાર સહિત (=નવકારસી)-પૌરુષી-પુરિમાર્ધ (પુરિમડ્ઢ)-એકાશન-એકસ્થાન (એકલઠાણું)-આયંબિલ-અભક્તાર્થ (ઉપવાસ) દિવસચરિમ-અભિગ્રહ-અને વિકૃતિ (નીવી) એ દશ પ્રકારનાં अद्धा पच्चक्खाण છે ॥૩॥**

**भावार्थ :-** હવે અદ્ધા પચ્ચક્ખાણના ૧૦ ભેદનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે-

૧ नवकारसहियं (=नमस्कार सहित) प्रत्याख्यान- સૂર્યોદયથી પ્રારંભીને ૧*મુહૂર્ત (=૨ ઘડી=૪૮ મિનિટ) સુધીનું અને પૂર્ણ થયે ત્રણ નવકાર ગણીને પારવાનું (એ પ્રમાણે મુહૂર્ત અને નવકાર એ બે વિધિવાળું) જે પચ્ચક્ખાણ તે. એ નવકારસીનું પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં ધારવું-કરવું જોઇએ, અન્યથા અશુદ્ધ ગણાય.

૨ पोरिसी प्रत्या०- સવારમાં પુરુષની છાયા જયારે (તે પુરુષના) પોતાના દેહ જેટલી થાય ત્યારે पोरिसी એટલે પ્રહર ગણાય છે. માટે સૂર્યોદયથી પ્રારંભીને ૧ પ્રહર સુધીનું પચ્ચ૦ તે પોરિસી પચ્ચ૦ કહેવાય. આ પ્રત્યાખ્યાન સૂર્યોદય પહેલાં ધારવું જોઈએ. અથવા તો નવકારસી સાથે જોડી દેવાથી પણ થાય છે. તથા सार्ध पोरिसी એટલે દોઢ પ્રહરનું પચ્ચક્ખાણ પણ આમાં જ અંતર્ગત ગણાય છે.

૩ पुरिमार्ध प्रत्या०-દિવસના पुरिम=પહેલા अर्ध=અર્ધ ભાગનું એટલે સૂર્યોદયથી બે પ્રહર સુધીનું પચ્ચ૦ તે પુરિમાર્ધ અથવા પુરિમડ્ઢ. તથા દિવસના अप=પશ્ચાત્-પાછલા अर्ध=અર્ધ ભાગનું એટલે સૂર્યોદયથી ૩ પ્રહરનું અને મતાન્તરે છેલ્લા બે પ્રહરનું એટલે દિવસના ઉત્તરાર્ધનું પચ્ચ૦ તે अपार्ध (અવડ્ઢ) પચ્ચ૦ પણ આમાં અંતર્ભૂત ગણાય. આ પચ્ચ૦ સવારમાં નવકારસી, પોરિસી ધાર્યા વિના પણ કરી શકાય છે.

---

*नमस्कार सहित માં सहित શબ્દ મુહૂર્તના જ વિશેષણવાળો છે માટે, અને અદ્ધા પચ્ચક્ખાણ ૧ મુહૂર્તથી ઓછું હોય નહિ માટે નવકારસીનો ૧ મુહૂર્ત કાળ અવશ્ય ગણવો જોઈએ. જેઓ એમ સમજે છે કે નવકારસી તો ૩ નવકાર ગણીને ગમે તે વખતે પારી શકાય, અને કાળની લેશ માત્ર પણ મર્યાદા વિના, સૂર્યોદય પહેલાં તેમજ તુર્ત પણ ૩ નવકાર ગણ્યે નવકારસી પચ્ચક્ખાણ થઈ જાય તેમ સમજવું સર્વથી ભૂલ ભરેલું છે, માટે નવકારસી બે ઘડી પછી જ ૩ નવકાર ગણીને પારી શકાય. કારણ કે બે ઘડી થયા પહેલાં ૩ નવકાર ગણીને પારે તો નવકારસીનો ભંગ થાય છે, તેમજ બે ઘડી થયા બાદ પણ ૩ નવકાર ગણ્યા વિના પારે તો નવકારસી નહિ પારેલી ગણાય છે.

અહીં નવકારસીનો કાળ ૧ મુહૂર્ત કેમ ? તે સંબંધી વિશેષ ચર્ચા બીજા ગ્રંથોથી જાણવી.

एकाशन (વા=एकासन)- દિવસમાં एक=એકવાર अशन=ભોજન કરવું *તે एकाशन અથવા ઊઠીને પુનઃ ન બેસી શકાય તેમ જ બેઠાં બેઠાં પણ ખસી ન શકાય એવી રીતે एक=એક જ અર્થાત્ निश्चल आसन=આસનથી-બેઠકથી ભોજન કરવું તે एकासन કહેવાય છે. આમાં બેઠક માત્ર (કેડથી નીચેનો ભાગ) નિશ્ચલ હોય છે, પરન્તુ શેષ હાથ-પગ વગેરે અવયવોનું હલન-ચલન થઈ શકે છે, અહીં ભોજન કરીને ઉઠ્યા બાદ તિવિહાર અથવા ચઉવિહાર કરવો.

૫ एकस्थान (=એકલઠાણું)- જેમાં જમણો હાથ અને મુખ એ બે અંગ સિવાય બાકીનું કોઈ પણ અંગ હાલે-ચાલે નહિ એવું અતિ (एक) નિશ્ચલ (स्थान) આસનવાળું એકાસણું તે એકલઠાણું કહેવાય. પૂર્વે કહેલ એકાસણમાં સર્વ અવયવો હલાવવાની છૂટ છે. તેવી છૂટ આમાં નથી, એટલો જ ભેદ એકાસણ અને એકલઠાણામાં છે. (પુનઃ અહિં ભોજન કર્યા બાદ ઉઠતી વખતે ચઉવિહાર કરવાનો હોય છે; તેથી એકાસણની પેઠે ઉઠ્યા બાદ ઉષ્ણ જળ પણ પીવાય નહિ એ વિશેષ છે.)

૬ आयंबिल (आचामाम्ल-) એમાં आचाम=ઓસામણ અને=अम्ल=ખાટો રસ એ બેના ત્યાગવાળું તે આચામામ્લ અથવા આચામ્લ કહેવાય. તે ભાત-કઠોળ-અને સાથવાના આહારથી મૂળ ૩ પ્રકારનું છે. અને તે દરેક વળી જઘન્ય, મધ્યમ, અને ઉત્કૃષ્ટ એમ ત્રણ-ત્રણ પ્રકારનું તે દ્રવ્યથી, ગુણથી અને રસથી ગણાય છે, ઈત્યાદિ આયંબિલના ભોજનની વિશેષ સામાચારી તો પરંપરાથી જાણવા યોગ્ય છે. અને સામાન્યથી તો એટલું સમજવું યોગ્ય છે કે-આયંબિલમાં મુખ્યત્વે વિગઈ અને ખટાશનો ત્યાગ હોય છે. તેમજ નીવિયાતાંનો પણ ત્યાગ હોય છે, જેથી એમાં રસ-કસ વિનાનો નીરસ આહાર લેવાનો હોય છે.

૭ अभक्तार्थ- જેમાં भक्त=ભોજનનું अर्थ=પ્રયોજન अ=નથી, તે अभक्तार्थ એટલે ઉપવાસ કહેવાય. એમાં આજના સૂર્યોદયથી આવતી કાલના સૂર્યોદય સુધી આખો દિવસ અને રાત્રિ ચારે આહારનો અથવા પાણી સિવાય ત્રણે આહારનો સર્વથા ત્યાગ હોય છે, તેમજ તિવિહારવાળાને પણ દિવસે ઉષ્ણ જળ પીવું કલ્પે છે, રાત્રિએ તેનો પણ ત્યાગ હોય છે. આ અભક્તાર્થમાં એક દિવસમાં કરાતા બે વારના ભોજનનો ત્યાગ ગણાય છે. પરન્તુ જો એ જ ઉપવાસના

---

*એકાશન-એકલઠાણું-આયંબિલ-નીવી, એ જો કે અનાગતાદિ દશ પ્રકારમાંથી આઠમા પ્રકારનાં પરિમાણકૃત પ્રત્યાખ્યાનો છે, પરંતુ પોરિસી આદિ અદ્ધા પ્રત્યાખ્યાન સહિત ઉચ્ચરાય છે-કરાય છે માટે અદ્ધા પ્રત્યાખ્યાનમાં ગણ્યાં છે, (ઇતિ ધર્મ૦ વૃત્તિ આદિ.)

(=અભક્તાર્થના) પહેલા દિવસે એકાશન અને પછી પારણાના. દિવસે પણ એકાશન કરીએ તો ચાર વારના ભોજનનો ત્યાગ થવાથી એ બે એકાશન સહિત એક ઉપવાસનું નામ चतुर्थभक्त (=ચોથભક્ત) કહેવાય છે.

૮ चरिमप्रत्या०- આ પ્રત્યાખ્યાન બે પ્રકારનું છે. ત્યાં દિવસના એટલે અહોરાત્રના चरिम=છેલ્લા ભાગનું અર્થાત્ રાત્રિનું જે પ્રત્યાખ્યાન તે दिवसचरिम, અને ભવના એટલે આયુષ્યના છેલ્લા ભાગનું અર્થાત્ મરણ વખતનું પચ્ચક્ખાણ તે (છેલ્લી વખતે જીવે ત્યાં સુધીનું) भवचरिम કહેવાય. એમાં દિવસચરિમ પ્રત્યાખ્યાન સૂર્યાસ્તથી ૧ મુહૂર્ત પહેલાં ગૃહસ્થોએ દુવિહાર, તિવિહાર, ચઉવિહારવાળું કરવું, અને મુનિને તો ચઉવિહારવાળું જ હોય છે, અને છૂટા શ્રાવક-સાધુને તેમજ [1]એકાશનાદિવાળાને પણ (પાણહારરૂપે) કરવાનું હોય છે.

૯ अभिग्रह प्रत्या०- અમુક કાર્ય થાય ત્યારે જ મારે અમુક ભોજન કરવું એવા પ્રકારનો અભિગ્રહ કરવો તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ મુખ્યત્વે ૪ પ્રકારનો છે. ત્યાં અમુક દ્રવ્ય=આહાર લેવો અથવા અમુક દ્રવ્ય વડે (કડછી આદિ વડે) આપે તો જ આહાર લેવો તે द्रव्य अभिग्रह, અમુક ગામમાંથી અથવા અમુક ઘરોમાંથી અથવા અમુક ગાઉ દૂરથી આહાર લાવવાનો અભિગ્રહ તે क्षेत्र अभिग्रह, ભિક્ષાકાળ પહેલાં અથવા ભિક્ષાકાળ વખતે અથવા ભિક્ષાકાળ વીત્યા બાદ આહાર લાવવાનો અભિગ્રહ તે ૩ પ્રકારનો काल अभिग्रह અને ગાતો ગાતો અથવા રુદન કરતો અથવા બેઠો બેઠો અથવા ઊભો ઉભો પુરુષ વા સ્ત્રી વહોરાવે તો જ આહાર લેવો ઈત્યાદિ અનેક પ્રકારનો भाव अभिग्रह જાણવો. પૂર્વે કહેલા અનાગતાદિ ૧૦ પ્રકારના પચ્ચ૦માંનું ૮ મું પરિમાણકૃત પચ્ચ૦ તથા નવકારસી આદિ અદ્ધા પચ્ચ૦ વિનાનું ૯ મું સંકેત પચ્ચક્ખાણ પણ આ અભિગ્રહ પ્રત્યાખ્યાનમાં (સંબંધવાળું) ગણાય છે.

૧૦ विगइ प्रत्या०- વિગઈ એટલે વિકૃતિ, અને વિકૃતિ એટલે વિકાર. તે વિકારવાળા એટલે ઈન્દ્રિયોના વિષયોને પ્રબળ કરનારા દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ અને પક્વાન્ન એ ૬ પદાર્થો विगइ (ભક્ષ્ય વિગઇ) ગણાય છે, તેમાંથી ૧-૨ યાવત્ છએ વિગઈ નો ત્યાગ કરવો તે विगइ प्रत्या० અને એ જ વિગઈનાં ૩૦

---

૧ પ્રશ્નઃ- છૂટા શ્રાવકને તો એ પ્રત્યાખ્યાન યુક્ત છે, પરંતુ એકાશનાદિ તપવાળાને તો એકાશનાદિ તપ બીજા સૂર્યોદય સુધીનું હોવાથી તે તપમાં જ આવી ગયું ગણાય, માટે તેને દિવસચરિમ પ્રત્યા૦ ની સાર્થકતા શી ?

ઉત્તરઃ- એકાશન વગેરે તપ આઠ આદિ આગારવાળું છે, અને દિવસ-ચરિમ પ્રત્યા૦ ચાર આગારવાળું છે, માટે આગારનો સંક્ષેપ થાય છે એ સાર્થકતા છે- ઈત્યાદિ અધિક ચર્ચા ધર્મસંગ્રહવૃત્તિ વગેરેથી જાણવી.

નીવિયાતાનો યથાસંભવ ત્યાગ કરવો તે नीवि प्रत्या० કહેવાય. માંસ, મધ, મદિરા અને માખણ એ ૪ અભક્ષ્ય વિગઈ અથવા મહાવિગઈ નો તો હંમેશને માટે સર્વથા ત્યાગ હોવો જ જોઈએ, અને તે વિગઈ પ્રત્યા૦માં અંતર્ગત ગણાય છે. એ પ્રમાણે ૧૦ પ્રકારનાં અદ્ધાપ્રત્યાખ્યાન કહ્યાં છે.

॥ इति प्रथमं १० प्रत्याख्यानद्वारम् ॥

**अवतरण** :- હવે આ ગાથામાં પચ્ચક્ખાણનો પાઠ જે ચાર પ્રકારે ઉચ્ચરાય છે (ઉચ્ચારાય છે) તે ૪ પ્રકારના ઉચ્ચારવિધિનું ૨ જું द्वार કહેવાય છે-

## उग्गए सूरे अ नमो, पोरिसि पच्चक्ख उग्गए सूरे।
## सूरे उग्गए पुरिमं, अभत्तट्ठं पच्चखाइ त्ति ॥४॥

**શબ્દાર્થ** :- શબ્દાર્થનું અહીં પ્રયોજન નથી.

**गाथार्थ** :- ભાવાર્થને અનુસારે વિચારવો.

**भावार्थ** :- "ઉગ્ગએ સૂરે નમો" એટલે उग्गए सूरे नमुक्कारसहिअं पच्चक्खाइ (मि) એ પહેલો ઉચ્ચારવિધિ તથા "પોરિસિ પચ્ચક્ખ ઉગ્ગએ સૂરે" એટલે पोरिसिं पच्चक्खामि उग्गए सूरे (અથવા उग्गए सूरे पोरिसिअं पच्चक्खामि)એ બીજો ઉચ્ચારવિધિ પોરિસિ તેમજ સાર્ધપોરિસિ માટે પણ જાણવો. તફાવત એ જ કે સાર્ધપોરિસિ માટે साढपोरिसिअं એ પદ બોલવું. તથા "સૂરે ઉગ્ગએ પુરિમ" એટલે सूरे उग्गए पुरिमड्ढं पच्चक्खामि એ ત્રીજો ઉચ્ચારવિધિ પુરિમડ્ઢ અને અવડ્ઢ માટે પણ જાણવો. તથા "સૂરે ઉગ્ગએ અભતટ્ઠં" એટલે सूरे उग्गए अभत्तट्ठं पच्चक्खामि એ ચોથો ઉચ્ચારવિધિ ઉપવાસ માટે જાણવો. ગાથામાં "पच्चक्खाइ त्ति" એ પદ પાંચમી ગાથા સાથે સંબંધવાળું છે એ પ્રમાણે અહીં[1] ૪ પ્રકારના ઉચ્ચારવિધિ એક અહોરાત્રમાં જેટલા અદ્ધાપચ્ચક્ખાણ સૂર્યોદયથી પ્રારંભીને થઈ શકે તેટલા અદ્ધાપચ્ચ૦ આશ્રયિ દર્શાવ્યા.

વળી જે બે ઉચ્ચારવિધિમાં उग्गए सूरे પાઠ આવે છે તે પચ્ચક્ખાણો સૂર્યોદય પહેલાં ધારવાથી-કરવાથી જ શુદ્ધ ગણાય, અને જેમાં सूरे उग्गए પાઠ આવે છે તે પચ્ચક્ખાણો સૂર્યોદય થયા બાદ પણ ધારી-કરી શકાય છે, એ પ્રમાણે उग्गए सूरे અને सूरे उग्गए એ બંને પાઠમાં "સૂર્યોદયથી પ્રારંભીને" એ અર્થ જો કે સરખો છે તો પણ ક્રિયાવિધિનો તફાવત હોવાથી એ બંને પાઠનો ભેદ સાર્થક (કારણવાળો) છે.

**अवतरण** :- પચ્ચક્ખાણના પાઠમાં ગુરુ-શિષ્યના વચનરૂપે બીજી રીતે પણ ૪ પ્રકારનો ઉચ્ચારવિધિ દર્શાવે છે, તથા પચ્ચક્ખાણ આપવામાં પાઠનો ફેરફાર બોલાયો હોય તો પણ ધારેલું પચ્ચક્ખાણ પ્રમાણ ગણાય. એ બે વાત આ ગાથામાં દર્શાવાય છે-

---

૧ એકાશન સહિત ૧ ઉપવાસ માટે चउत्थभत्तं अभत्तट्ठं પદનો ઉચ્ચાર હોય, અને કેવળ ૧ ઉપવાસ માટે अभत्तट्ठं પદનો ઉચ્ચાર હોય છે. (ઇતિ સેનપ્રશ્ન;)

**भणइ गुरुसीसो पुण, पच्चक्खामित्ति एव वोसिरइ।**
**उवओगित्थ पमाणं, न पमाणं वंजणच्छलणा ॥५॥**

શબ્દાર્થ :-

**त्ति**=ઇતિ, એ પ્રમાણે, એમ
**एव**=એ પ્રમાણે, એમ
**इत्थ**=અહીં, પચ્ચક્ખાણ લેવામાં
**वंजण**=વ્યંજનની, અક્ષરની,
**च्छलणा**=સ્ખલના, ભૂલ.

**गाथार्थ** :- (પચ્ચક્ખાણનો પાઠ ઉચ્ચરતી વખતે) ગુરુ જ્યારે **पच्चक्खाइ** કહે ત્યારે શિષ્ય **पच्चक्खामि** એમ કહે, અને એ પ્રમાણે જ ગુરુ જ્યારે **वोसिरइ** કહે ત્યારે શિષ્ય **वोसिरामि** કહે. તથા પચ્ચક્ખાણ લેવામાં લેનારનો ઉપયોગ જ (=ધારેલું પચ્ચક્ખાણ જ) પ્રમાણ છે, પરંતુ અક્ષરની સ્ખલના-ભૂલ પ્રમાણ નથી.

**भावार्थ** :- ગાથાર્થ પ્રમાણે સુગમ છે, પરંતુ વિશેષ એ જ કે ગુરુ કહે पच्चक्खाइ એટલે શિષ્ય પચ્ચક્ખાણ કરે છે ત્યારે શિષ્ય તે તે પચ્ચક્ખાણને સ્વીકારે છે તેથી पच्चक्खामि=હું પ્રત્યાખ્યાન કરૂં છું એમ શિષ્ય કહે છે.

તથા અક્ષરની સ્ખલના થઈ હોય એટલે ચઉવિહાર ઉપવાસ લેતી વખતે પાઠમાં તિવિહાર બોલાઈ જાય; અથવા તો તિવિહાર ઉપવાસ લેતી વખતે પાઠમાં ચઉવિહાર બોલાઈ જાય અથવા એકાશનને બદલે બિઆસણ અને બિઆસણને બદલે એકાશનનો પાઠ ભૂલથી બોલાઈ જવાય ઇત્યાદિ રીતે પાઠ ફેરફાર બોલવા છતાં પણ પ્રત્યાખ્યાન તો જે ધાર્યું હોય તે જ પ્રમાણે ગણાય.

**अवतरण** :- પૂર્વે ચાર પ્રકારના ઉચ્ચારવિધિ બે રીતે કહીને હવે આ ગાથામાં એકાશનાદિ પચ્ચક્ખાણમાં આવતાં પાંચ પ્રકારનાં ઉચ્ચારસ્થાન અને તેના ૨૧ ભેદ કહે છે-

**पढमे ठाणे तेरस, बीए तिन्नि उ तिगाइ (य) तइयंमि।**
**पाणस्स चउत्थंमि, देसवगासाइ पंचमए ॥६॥**

**शब्दार्थ** :- ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थ** :- પહેલા ઉચ્ચારસ્થાનમાં ૧૩ ભેદ છે, બીજા ઉચ્ચારસ્થાનમાં ૩ ભેદ છે, ત્રીજા ઉચ્ચારસ્થાનમાં ૩ ભેદ છે. ચોથા ઉચ્ચારસ્થાનમાં પાણસ્સનો ૧ ભેદ છે, અને પાંચમા ઉચ્ચારસ્થાનામાં પણ દેસાવગાસિક વગેરેનો ૧ ભેદ છે. (એ પ્રમાણે પાંચ મૂળ ઉચ્ચાર સ્થાનોના ૨૧ ભેદ અથવા ૨૧ ઉચ્ચારસ્થાનો પણ કહેવાય છે.)

**भावार्थ** :- અહીં Xએકાશનાદિ મોટાં પ્રત્યાખ્યાનોમાં અંતર્ગતપણે (પેટાભાગમાં) જે જુદાં જુદાં પાંચ પ્રકારનાં પચ્ચક્ખાણ ઉચ્ચરાવવામાં આવે છે તે પાંચ સ્થાન

X અહીં ગણાતાં પાંચ સ્થાનો તે એકાશનાદિ (આહારવાળાં) પ્રત્યાખ્યાનોના પેટાવિભાગ તરીકે જાણવાં, અને [આહાર રહિતના પ્રત્યાખ્યાન માટે એટલે ઉપવાસ માટે જે પાંચ સ્થાનો છે તે તો ખાસ જુદી ગાથાથી (૮ મી ગાથામાં) જ કહેવાશે.]

કહેવાય છે. અને તે પાંચ પચ્ચક્ખાણના જુદા જુદા આલાપક આલાવા-(=પાઠ) તે પાંચ પ્રકારનાં **उच्चारस्थान** કહેવાય છે. જેમકે-એકાશનમાં સર્વથી પ્રથમ "નમુક્કાર સહિયં પોરિસી" આદિ એક અદ્ધાપચ્ચક્ખાણ અને મુટ્ઠિસહિયં આદિ એક સંકેત પચ્ચક્ખાણ ઉચ્ચરાવાય છે, તે બે મળીને પહેલું ઉચ્ચારસ્થાન ગણાય, ત્યારબાદ*વિગઇનું પચ્ચક્ખાણ ઉચ્ચરાવાય છે તે બીજું, ત્યારબાદ એકાશનનો આલાવો ઉચ્ચરાવાય છે તે ત્રીજું, ત્યારબાદ પાણસ્સનો આલાવો ઉચ્ચરાવાય છે તે ચોથું, એ પ્રમાણે ચાર પચ્ચ૦ના ચાર આલાવા પ્રભાતમાં એક સાથે ઉચ્ચરાવાય છે, અને સવારે તથા સાંજે દેશાવકાશિક અથવા સાંજે દિવસચરિમ કે પાણહારનું પચ્ચ૦ ઉચ્ચરાવાય છે તે પાંચમું ઉચ્ચારસ્થાન. એ રીતે એકાશનના એક જ પ્રત્યા૦માં પાંચ પેટા પચ્ચક્ખાણો તે પાંચ સ્થાન કહેવાય છે, અને તે પાંચ પ્રત્યા૦ના પાંચ આલાવા તે પાંચ [1]ઉચ્ચારસ્થાન જાણવાં.

એ પાંચ ઉચ્ચારસ્થાનોના ૨૧ ભેદ નામપૂર્વક આગળની ગાથામાં જ કહેવાશે.

**अवतरण :-** પૂર્વગાથામાં પાંચ સ્થાનને વિષે જે ૧૩-૩-૩-૧-૧ ઉચ્ચારભેદ કહ્યા તે નામપૂર્વક આ ગાથામાં કહેવાય છે-

**नमु पोरिसि सड्ढा पुरि-मवड्ढ अंगुट्ठमाइ अड तेर ।**
**निविविगइं-बिलतिय तिय, दुइगासण एगठाणाई ॥७॥**

**शब्दार्थ :-** ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थ :-** નવકારસી-પોરિસી-સાર્ધપોરિસિ-પુરિમડ્ઢ-અવડ્ઢ અને અંગુટ્ઠસહિયં આદિ આઠ એ ૧૩ પ્રકાર (ઉચ્ચારભેદ) પહેલા સ્થાનમાં છે. તથા નીવિ, વિગઇ અને આયંબિલ એ ૩ બીજા સ્થાનમાં છે, તથા [दु ( आसण )=इग] બિયાસણું, એકાસણું અને એકલઠાણું એ ૩ પ્રકાર ત્રીજા સ્થાનામાં છે, (અને ચોથા તથા પાંચમા સ્થાનમાં તો પૂર્વે કહેલો પાણસ્સનો અને દેશાવકાશિકનો જે એકેક પ્રકાર છે એમ અધ્યાહારથી સમજવું.) ॥૭॥

**भावार्थ :-** પહેલા વિભાગમાં (એકાશનાદિ પ્રસંગે) નમુક્કારસહિયંનું અથવા પોરિસીનું યાવત્ અવડ્ઢનું એમ પાંચ પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારનું અદ્ધાપચ્ચક્ખાણ ઉચ્ચરાવાય છે અને એ જ અદ્ધા પચ્ચક્ખાણના શબ્દ સાથે

---

*(એકાશન, બિઆસણ અને એકલઠાણમાં) ૬ ભક્ષ્યવિગઇમાંની કોઈ એક પણ વિગઈનો ત્યાગ ન કર્યો હોય તો પણ ચાર અભક્ષ્ય વિગઇનો ત્યાગ તો પ્રાયઃ સર્વેને હોવોજ જોઇએ, તે કારણથી એ પ્રત્યાખ્યાનોમાં વિગઇત્યાગનો આલાવો પણ અવશ્ય ઉચ્ચરાવાય છે. (ધ. સં. વૃત્તિ ભાવાર્થઃ)

૧ અથવા બીજો અર્થ-જે ૨૧ પચ્ચક્ખાણો છે, તેના ઉચ્ચારપાઠરૂપ આલાવા જુદા ૨૧ નથી, પરન્તુ મુખ્ય પાંચ આલાવા છે, માટે તે ૨૧ પ્રત્યાખ્યાન ઉચ્ચરાવવામાં જે મુખ્ય પાંચ જ આલાવા-સૂત્રપાઠ ઉપયોગી થાય છે, તે પાંચ સૂત્રપાઠ પાંચ उच्चारस्थान ગણાય છે.

જોડવામાં આવતું અંગુટ્ઠસહિયં અથવા મુટ્ઠિસહિયં ઇત્યાદિ ૮ પ્રકારમાંથી કોઇપણ એક પ્રકારનું સંકેત પચ્ચક્ખાણ પણ ઉચ્ચરાવવામાં આવે છે, માટે એ બેનો ભેગો એક જ આલાવો ઉચ્ચારપાઠ ૧૩ શબ્દના ફેરફારવાળો થવાથી પહેલું ઉચ્ચારસ્થાન એ રીતે ૧૩ પ્રકારનું ગણાય છે.

તથા વિગઇત્યાગવાળો એક જ આલાવો વિગઈના પચ્ચક્ખાણ માટે विगइ. શબ્દથી આયંબિલના પચ્ચક્ખાણ માટે आयंबिलं શબ્દથી અને નીવિના પચ્ચક્ખાણ માટે निव्विगइ શબ્દથી ઉચ્ચારવામાં આવે છે, માટે વિગઇત્યાગ સંબંધી ત્રીજું ઉચ્ચારસ્થાન ત્રણ પ્રકારનું ગણાય છે.

એ પ્રમાણે એક અથવા બે વખતના આહાર સંબંધી જે એક જ આલાવો તે એકાશન માટે एगासणं શબ્દથી, બિયાસણ માટે बिआसणं શબ્દથી અને એકલઠાણા માટે एकठाणं શબ્દથી ઉચ્ચારવામાં આવે છે માટે આ ત્રીજું ઉચ્ચારસ્થાન પણ ૩ પ્રકારનું છે.

તથા ચોથા ઉચ્ચારસ્થાનમાં પાણી સંબંધી અને પાંચમા ઉચ્ચારસ્થાનમાં દેસાવગાસિક (અથવા દિવસચરિમ) સંબંધી એક એક શબ્દવાળા (=એકેક પ્રકારનો જ) એકેક આલાવો હોવાથી આ ગાથામાં એ બે સ્થાનોનો એકેક પ્રકાર સ્પષ્ટ કહ્યો નથી તો પણ અધ્યાહારથી જાણવો.

**હવે કયા પચ્ચ૦માં કયાં સ્થાન ? તેનો સંક્ષિપ્ત સાર-**

| | | | |
|---|---|---|---|
| એકાશનમાં | ૫ ઉચ્ચારસ્થાન | = | ૧લું સંકેત સહિત અદ્ધા પચ્ચ૦નું |
| બિયાસણમાં | ૫ ઉચ્ચારસ્થાન | = | ૨જું વિગઇનું |
| એકઠાણામાં | ૫ ઉચ્ચારસ્થાન | = | ૩જું એકાશનનું (એકાશન માટે)<br>બિયાસણનું (બિઆ૦ માટે)<br>એકઠાણાનું (એકઠાણા માટે)<br>૪થુ પાણસ્સનું<br>૫મું દેસાવ૦ *વા દિવસચ૦નું |
| આયંબિલમાં | ૫ ઉચ્ચારસ્થાન | = | એકાશનવત્, પરંતુ બીજું ઉચ્ચારસ્થાન આયંબિલના પચ્ચ૦નું |
| નિવિમાં | ૫ ઉચ્ચારસ્થાન | = | એકાશનવત્, પરંતુ બીજું ઉચ્ચારસ્થાન નીવિના પચ્ચ૦નું |
| તિવિહાર ઉપવાસમાં | ૫ ઉચ્ચારસ્થાન | = | આગળની ૮મી ગાથામાં કહેશે તે પ્રમાણે |
| ચઉવિહાર ઉપવાસમાં | ૨ ઉચ્ચારસ્થાન | = | ઉપવાસનું અને દેશાવકાશિકનું |

*દેસાવગાસિકનું પચ્ચક્ખાણ ચૌદ નિયમ ધારનારને આ સાથે જ આપવામાં આવે છે, અને નહિ ધારનારને એક ઉચ્ચારસ્થાન ઓછું જાણવું.

**अवतरण** :-પૂર્વ ગાથામાં એકાશનાદિ (આહારવાળાં) પ્રત્યાખ્યાનોમાં પાંચ પાંચ ઉચ્ચારસ્થાનો-આલાવા દર્શાવીને હવે (આહાર રહિતના તિવિહાર) ઉપવાસના પ્રત્યાખ્યાનમાં ક્યાં પાંચ ઉચ્ચારસ્થાનો છે ? તે આ ગાથામાં દર્શાવાય છે-

**पढमंमि चउत्थाई, तेरस बीयंमि तइय पाणस्स।**
**देसवगासं तुरिए, चरिमे जहसंभवं नेयं ॥८॥**

**શબ્દાર્થ :-**

**तुरिए**=ચોથા સ્થાનમાં | **जहसंभवं**=યથાસંભવ, જેમ ઘટે તેમ
**चरिमे**=છેલ્લા (પાંચમા) સ્થાનમાં | **नेयं**=જાણવું

**ગાથાર્થ :-** ઉપવાસના પહેલા ઉચ્ચારસ્થાનમાં ચતુર્થભક્તથી માંડીને ચોત્રીસભક્ત સુધીનું પચ્ચક્ખાણ, બીજા સ્થાનમાં (નમુક્કારસહિયં આદિ)૧૩ પચ્ચક્ખાણ, ત્રીજા ઉચ્ચારસ્થાનમાં પાણસ્સનું, ચોથા ઉચ્ચાર૦માં દેસાવગાસિકનું, અને પાંચમા ઉચ્ચારસ્થાનમાં સાંજે યથાસંભવ પાણહારનું એટલે ચઉવિહારનું પચ્ચક્ખાણ હોય છે. ॥૮॥

**ભાવાર્થ :-** ચઉવિહાર ઉપવાસ હોય ત્યારે તેનું પચ્ચક્ખાણ ઉપવાસનો ઉચ્ચાર અને દેશાવકાશિકનો ઉચ્ચાર એ બે જ ઉચ્ચાર સ્થાનવાળું હોય છે, પરન્તુ તિવિહાર ઉપવાસ કરવો હોય ત્યારે તેનું પચ્ચક્ખાણ પાંચ ઉચ્ચારસ્થાનવાળું હોય છે તે આ પ્રમાણે-

તિવિહાર ઉપવાસના પચ્ચક્ખાણમાં પહેલો એક આલાવો [1]चउत्थभत्तं અથવા [2]अभत्तट्ठं એટલે ૧ ઉપવાસથી માંડીને यावत् चउत्तीसभत्तं પર્યન્ત એટલે ૧૬ ઉપવાસ સુધીનો ઉચ્ચરાવાય છે, માટે એ વર્તમાનકાળે[3] ૧૬ પ્રકારનું) પહેલું ઉચ્ચારસ્થાન જાણવું.

---

૧-૨ બે એકાશનયુક્ત ૧ ઉપવાસ કરનારને सूरे उग्गए चउत्थभत्त अभत्तट्ठं નો ઉચ્ચાર અને બે એકાશન રહિત એક ઉપવાસ (ગઈ રાત્રે ચઉવિહાર કર્યો હોય અગર ન કર્યો હોય તો પણ) सूरे उग्गए अभत्तट्ठंનો ઉચ્ચાર હોય છે. તથા છટ્ઠ વગેરેના પચ્ચક્ખાણમાં ચતુર્થભક્તની પેઠે આગળ પાછળ એકાશનનો નિયમ નથી, તેથી કેવળ આગળ-પાછળના બે એકાશન રહિત બે ઉપવાસ, ત્રણ ઉપવાસ વગેરે કર્યા હોય તો પણ તે છટ્ઠ અટ્ઠમ ઈત્યાદિ સંજ્ઞાથી જ ઓળખાય છે, અને પ્રત્યાખ્યાનનો ઉચ્ચાર પણ सूरे उग्गए छट्ठभत्तं अट्ठमभत्तं ઈત્યાદિ પદોથી જ હોય છે. (સેનપ્રશ્ન ભાવાર્થ:)

૩ પહેલા ભગવંતના શાસનમાં એક સામટું ૧૨ માસના ઉપવાસનું, બાવીસ તીર્થંકરના શાસનમાં સામટું ૮ માસના ઉપવાસનું, અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પહેલાં સામટું ૬ માસના ઉપવાસનું પચ્ચક્ખાણ અપાતું હતું, પરન્તુ છેલ્લા તીર્થંકરના શાસનમાં હાલમાં સંઘયણ બળ વગેરેની હાનિના કારણે સામટા ૧૬ ઉપવાસથી અધિક પચ્ચક્ખાણ આપવાની આજ્ઞા નથી માટે.

ત્યારબાદ બીજો આલાવો નમુક્કારસહિયં આદિ પાંચ અદ્ધા પચ્ચક્ખાણમાંના અને અંગુટ્ઠસહિયં આદિ આઠ સંકેત પચ્ચક્ખાણમાંના કોઈ પણ એકેક પચ્ચક્ખાણ સહિત મિશ્ર છે, માટે બીજું ઉચ્ચારસ્થઆન ૧૩* પ્રકારનું છે.

ત્યારબાદ ત્રીજો આલાવો पाणस्स लेवेण वा ઈત્યાદિ પદોપૂર્વક તિવિહાર ઉપવાસમાં જ પાણી સંબંધી છે, માટે આ ત્રીજું ઉચ્ચારસ્થાન ૧ પ્રકારનું જાણવું. એ ત્રણે ઉચ્ચાસ્થાન એકસાથે ઉચ્ચારવામાં આવે છે.

ત્યારબાદ ચૌદ નિયમના સંક્ષેપ માટે દેસાવગાસિક ઉચ્ચરાવાય છે, માટે એ ચોથું ઉચ્ચારસ્થાન ૧ પ્રકારનું છે, તે તથા સાંજે દિવસચરિમ ચઉવિહારનું (=પાણહારનું) ઉચ્ચારસ્થાન તે પાંચમું ઉચ્ચારસ્થાન ૧ પ્રકારનું છે, અથવા તે વખતે જેને પોતાનું આયુષ્ય અલ્પ રહ્યું જાણી શેષ આયુષ્ય સુધી ચારે આહારનો ત્યાગ કરવો હોય તો भवचरिमं पच्चक्खामि चउव्विहंपि आहारं ઈત્યાદિ પદોથી ભવચરિમ પચ્ચક્ખાણનું પણ ઉચ્ચારસ્થાન આ પાંચમા[1] ઉચ્ચારસ્થાનમાં અન્તર્ગત છે.

**अवतरण :-** પચ્ચક્ખાણના પ્રારંભમાં આવતો "ઉગ્ગએ સૂરે" અને પર્યન્તે આવતો "વોસિરઈ" એ શબ્દો (મોટા પચ્ચક્ખાણના) દરેક પેટા પચ્ચક્ખાણમાં કહેવા કે નહિ ? તે સંબંધી દર્શાવે છે-

## तह मज्झपच्चखाणेसु न पिहु सूरुग्गयाइ वोसिरइ ।
## करणविहि उ न भन्नइ, जहावसीआइ बियछंदे ॥९॥

**શબ્દાર્થ :-**

**पिहु**=પૃથક્, જુદાં.
**करणविहि**=કરણવિધિ, ક્રિયા વિધિ (પ્રત્યા૦ કરવાનો વિધિ.)
**आवसीआइ**="આવસિઆએ" એ પદ
**बियछंदे**=બીજા વાંદણામાં

**गाथार्थ :-** તથા મધ્યના પચ્ચક્ખાણોમાં सूरे उग्गए ઈત્યાદિ वोसिरइ એ પદ જુદાં જુદાં ન કહેવાં. જેમ બીજા વંદનમાં "આવસિયાએ" એ પદ બીજીવાર કહેવાતું નથી, તેમ એ (સૂરે ઉગ્ગએ અને વોસિરઈ પદ) પણ વારંવાર ન કહેવાં તે કરણવિધિ (પ્રત્યા૦ ઉચ્ચારવાનો વિધિ) જ એવો છે. ॥૯॥

**भावार्थ :-** દ્વાદશાવર્ત્ત વંદનમાં બીજીવારના વાંદણામાં "આવસિઆએ", એ પદ ન બોલવું એવી પરંપરા પૂર્વાચાર્યોથી ચાલી આવે છે, તેમ એકાસન-બિઆસન-એકઠાણું-આયંબિલ-નીવિ અને ઉપવાસ વગેરે મોટા પચ્ચક્ખાણોના

---

*આ ગાથાના જ પ્રસંગે અવચૂરિમાં કહેલ द्वितीयस्थाने "पाणहार नमुक्कारसहियं" इत्यादि प्रागुक्ता एव १३ प्रकाराः (ઇતિ વચનાત્)

૧ અવચૂરિમાં ત્રણ પ્રકારનું ઉચ્ચારસ્થાન કહ્યું છે તે સામાન્ય પાંચમા ઉચ્ચારસ્થાનને અંગે સંભવે.

પ્રારંભમાં જ એકવાર सूरे उग्गए અથવા उग्गए सूरे શબ્દ યથાયોગ્ય બોલવો અને પર્યન્તે એકવાર वोसिरइ શબ્દ બોલવો. પરંતુ એ મોટા પચ્ચક્ખાણના આલાવામાં મધ્યમાં આવતા વિગઈ, એકાશનાદિ, અને પાણસ્સના નાના આલાવામાં દરેકમાં પ્રારંભે અને પર્યન્તે એ બે પાઠ-શબ્દ (જો કે સંબંધવાળા છે તો પણ) ન બોલવા, તે પૂર્વાચાર્યોથી ચાલી આવતી કરણવિધિ અથવા પરંપરા છે.

**अवतरण** :- હવે આ ગાથામાં પાણસ્સના (પાણીના) આગારનો આલાવો ક્યારે ઉચ્ચરાવવો ? તે સંબંધી ઉચ્ચારવિધિ દર્શાવે છે-

**तह तिविह पच्चखाणे, भन्नंति य पाणगस्स आगारा ।**
**दुविहाहारे अच्चित्त-भोइणो तह य फासुजले ॥१०॥**

**શબ્દાર્થ** :- ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थ** :- **તથા તિવિહાર પચ્ચક્ખાણમાં (એટલે તિવિહાર ઉપવાસ, એકાશન વગેરેમાં) પાણસ્સના આગાર (નો આલાવો) ઉચ્ચરાવાય છે. વળી એકાશન વગેરે દુવિહારવાળું હોય તો તેમાં પણ અચિત્તભોજીને પાણસ્સના આગાર ઉચ્ચરાવવા, તેમ જ એકાશનાદિ કંઈ પણ વિશેષ વ્રત વિના છુટો શ્રાવક પણ જો ઉષ્ણ જળ પીવાના નિયમવાળો હોય તો તેને પણ પાણસ્સના આગાર ઉચ્ચરાવવા. (તાત્પર્ય કે ઉષ્ણ પાણી પીવાના નિયમમાં સર્વત્ર [1]પાણસ્સના આગાર કહેવા). ૧૦**

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ જ કે જો શ્રાવકે તિવિહાર એકાશન કર્યું હોય તો તેણે સચિત્ત આહાર પાણીનો ત્યાગ કરવો, અને પાણસ્સના આગાર ઉચ્ચરવા, પરન્તુ દુવિહારી એકાશનાદિમાં સચિત્તનો ત્યાગ ન કર્યો હોય તો પાણસ્સના આગાર ન ઉચ્ચરવા.

**अवतरण** :- પૂર્વ ગાથામાં અચિત્ત જળ પીનારને પાણસ્સના આગાર ઉચ્ચરાવવા કહ્યા, પરન્તુ અચિત્ત જળ ક્યા ક્યા વ્રતમાં કોણે પીવું ? તેનો નિયમ આ ગાથામાં દર્શાવાય છે-

---

૧ અહીં પાણસ્સના આગાર ઉચ્ચરવા સંબંધી ચતુર્ભંગી શ્રીજ્ઞાનવિમલ સૂરિકૃત બાલાવબોધમાં કહી છે તે આ પ્રમાણે-

૧ સચિત્ત ભોજન-સચિત્ત જળ (એમાં પાણીના આગાર નહિ).
૨ સચિત્ત ભોજન - અચિત્ત જળ (એમાં પાણીના આગાર હોય).
૩ અચિત્ત ભોજન- સચિત્ત જળ (એમાં પાણીના આગાર નહિ).
૪ અચિત્ત ભોજન- અચિત જળ (એમાં પાણીના આગાર હોય).

તાત્પર્ય એ છે કે-એકાશનાદિ જે જે વ્રતોમાં તિવિહાર થઈ શકે છે તે તે વ્રતોના તિવિહારમાં (અચિત્ત ભોજન અને) અચિત્ત જળ પીવું જોઇએ, અને તેથી પાણસ્સના આગાર પણ ઉચ્ચરવા જોઇએ. તે તે એકાશનાદિ વ્રતોમાં દુવિહાર કર્યો હોય તો તે દુવિહારમાં તેવો નિયમ ત્યાં નથી. કયા વ્રત દુવિહાર, તિવિહાર વા ચઉવિહાર હોય છે તે ૧૨ મી ગાથામાં દર્શાવશે.

**इत्तुच्चिय खवणंबिल-निविआइसु फासुयं चिय जलं तु ।**
**सड्ढा वि पियंति तहा, पच्चक्खंति य तिहाहारं ॥११॥**

શબ્દાર્થ :-

**इत्तुच्चिय**=એટલા જ માટે, એ હેતુથી જ.
**खवण**=ઉપવાસ.
**फासुयं**=પ્રાસુક, નિર્જીવ, અચિત્ત.
**सड्ढावि**=શ્રાવકો પણ.

**ગાથાર્થ :-** એ હેતુથી જ ઉપવાસ, આયંબિલ અને નીવિ વગેરેમાં શ્રાવકો પણ चिय=નિશ્ચય પ્રાસુક-અચિત્ત જળ પીએ તથા તિવિહારનું પચ્ચક્ખાણ (ઉપવાસાદિકમાં) કરે ॥૧૧॥

**ભાવાર્થ :-** એ હેતુથી જ (એટલે અચિત્તભોજીપણું અને પ્રાસુકઅચિત્ત જળ પીવાનો નિયમ હોવાથી જ) શ્રાવકો પણ ઉપવાસ, આયંબિલ અને નીવિ વગેરેમાં તેમજ (અહીં 'વગેરે', શબ્દથી) એકાશન વગેરેમાં પણ અચિત્તભોજી એવા શ્રાવકો પ્રાસુકજ જળ પીએ અને પ્રાય:-વિશેષથી તિવિહારનું જ પચ્ચક્ખાણ+ કરે (ઇતિ અવચૂરિ અક્ષરાર્થ:) અહીં સચિત્તભોજીને પણ ઉપવાસ, આયંબિલ અને નીવિ એ ત્રણ તો તિવિહાર અને ચઉવિહાર જ હોય, અને તેથી એ ત્રણ વ્રતમાં અચિત્ત પાણી જ પીવું જોઈએ અને એકાશનાદિ તે યથાસંભવ દુવિહાર, તિવિહાર અને ચઉવિહાર એમ ત્રણે પ્રકારે હોય છે, ત્યાં (દુવિહારમાં) અચિત્તનો નિયમ નથી. (જ્ઞાનવિમલ-સૂરિકૃત બાલાવબોધ:)

**અવતરણ :-** હવે ચાર પ્રકારના આહારમાંથી મુનિને અને શ્રાવકને ક્યા પચ્ચક્ખાણમાં કેટલા આહારનો ત્યાગ કરવાનો હોય છે ? (એટલે દુવિહાર, તિવિહાર, અને ચઉવિહારવાળાં ક્યાં પચ્ચક્ખાણો હોય છે ?) તેનો નિયમ આ ગાથામાં દર્શાવે છે-

---

+ અહીં તાત્પર્ય એ છે કે-શ્રાવકોએ પણ વ્રતોમાં ઉષ્ણ પાણી પીવું, અને પચ્ચક્ખાણ વિશેષત: તિવિહાર એકાશનાદિ કરવું, દુવિહાર પચ્ચક્ખાણ (દુવિહાર એકાશનાદિ) તો કારણે જ કરવું યોગ્ય છે, તેમજ વ્રતમાં કાચું પાણી ન પીવું. કારણ કે મુખ્ય વૃત્તિએ તો ઉત્તમ શ્રાવકે સચિત્તનો સર્વદા ત્યાગ કરવો જોઇએ, તે સંબંધમાં કહ્યું છે કે-

**निरवज्जाहारेणं, निज्जीवेणं परित्तमीसेणं ।**
**अत्ताणुसंधणपरा, सुसावगा एरिसा हुंति ॥१॥** (શ્રાદ્ધ૦ વૃત્તિ:)

અર્થ :- નિરવદ્ય (=નિર્દોષ) આહાર વડે, નિર્જીવ આહાર વડે અને પ્રત્યેક મિશ્ર (સાધારણ વન૦ રહિત) એવા આહાર વડે (આત્માનુસંધાનમાં તત્પર એટલે) આત્મગુણ પ્રાપ્ત કરવામાં વા તેવા આહાર વડે જ આજીવિકા નિભાવવામાં તત્પર એવા સુશ્રાવકો હોય છે.

એ પ્રમાણે વિચારતાં છૂટા શ્રાવકને પણ અચિત્ત આહાર હોવો જોઇએ. તો એકાશનાદિ વ્રતોમાં વિના કારણે શ્રાવકથી તિવિહારમાં સચિત્ત જળ અને દુવિહારમાં સચિત્ત સ્વાદિમ વગેરે કેમ વપરાય ?

**चउहाहारं तु नमो, रत्तिंपि मुणीण सेस तिह चउहा ।**
**निसि पोरिसिपुरिमेगा-सणाइ सड्ढाण दुतिचउहा ॥१२॥**

શબ્દાર્થ :-

**नमो**=નમુક્કારસહિયં
**रत्ति**=રાત્રિ (નાં પચ્ચક્ખાણ)
**तिह**=તિવિહાર
**सड्ढाण**=શ્રાવકોને
**दुहा**=દુવિહાર
**ति ( हा )**=તિવિહાર

**ગાથાર્થ** :- મુનિને નવકારસીનું પચ્ચ૦ તથા રાત્રિનું (દિવસ ચરિમ) પચ્ચક્ખાણ ચઉવિહારવાળું જ હોય, અને શેષ (પોરિસી આદિ) પચ્ચક્ખાણો તિવિહાર, ચઉવિહાર એમ બે +પ્રકારે હોય છે. તથા શ્રાવકને તો રાત્રિનું (દિવસચરિમનું) અને પોરિસી, પુરિમડ્ઢ તથા એકાશન વગેરે પચ્ચક્ખાણો દુવિહાર, તિવિહાર, ચઉવિહાર એમ ત્રણે પ્રકારનાં હોય છે. [પરંતુ નવકારસીનું પચ્ચ૦ તો શ્રાવકને પણ ચઉવિહાર જ હોય, કારણકે નવકારસી તે ગઈ રાત્રિના ચઉવિહાર પચ્ચ૦નું તીરણ (=કંઈક અધિક કરવા) રૂપ પણ કહ્યું છે.]

**ભાવાર્થ** :- ગાથાર્થ પ્રમાણે સુગમ છે. તે સંક્ષેપમાં આ પ્રમાણે- નમુક્કારસહિયં- મુનિને તથા શ્રાવકને પણ ચઉવિહાર.

| | |
|---|---|
| પૌરુષી<br>સાર્ધપૌરુષી<br>પુરિમાર્ધ<br>અપાર્ધ | મુનિને તિવિહાર, ચઉવિહાર<br>(ગાઢ કારણે જ દુવિહાર)<br>શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર. |
| એકાશન<br>એકઠાણું<br>બીઆસણું | મુનિને તિવિહાર, ચઉવિહાર, (ગાઢ કારણે જ દુવિહાર)<br>શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર.<br>(પરંતુ એકઠાણું જમ્યા પછી ચઉવિહાર જ) |

---

+ ગ્લાન (માંદગી) આદિના ગાઢ કારણે પોરિસી આદિ પચ્ચક્ખાણો મુનિને ક્વચિત્ દુવિહાર પણ હોય, તે चउहाहारं तु नमो रत्तिंपि मुणीणसेस दुतिचउहा એ કહેલા પાઠથી તેમજ શ્રીપંચાશકજીના પાંચમા પંચાશકમાં ૩૫ મી ગાથાની વૃત્તિમાં અતિ ગાઢ કારણે જ દુવિહાર કહ્યો છે તેથી સંભવે છે, નહિતર મુખ્ય આજ્ઞા તો મુનિને તિવિહાર-ચઉવિહારનીજ જાણવી. તથા મુનિને ૮ પ્રકારનાં સંકેત પચ્ચક્ખાણો પણ ચઉવિહાર કહ્યાં છે. (ઇતિ યતિદિનચર્યા). તથા મુનિને ભવચરિમ અને ઉપવાસ તિવિહાર, ચઉવિહાર એમ બે પ્રકારે કહેલ છે, અને શેષ પચ્ચક્ખાણો દુવિ૦ તિવિ૦ ચઉવિ૦ કહ્યાં છે. (ઇતિ શ્રાદ્ધ૦ વૃત્તિ વગેરે.)

**પ્રશ્ન**:- ઉપવાસ તો તિવિહાર, ચઉવિહાર સમજી શકાય છે. પરન્તુ એકાશન વગેરે દુવિહાર, તિવિહાર કેવી રીતે ?

**ઉત્તર**:- એકાસનાદિમાં ભોજન કરવા સિવાયના શેષ વખતમાં પાણીની અને સ્વાદિમની છૂટ હોય તે દુવિહાર એકાશન વગેરે કહેવાય, અને ભોજન સિવાયના શેષ વખતમાં ફક્ત પાણી પીવાની જ છૂટ હોય તો તે તિવિહાર એકાશનાદિ કહેવાય.

| | |
|---|---|
| આયંબીલ, નીવી<br>ઉપવાસ<br>ભવચરિમ | શ્રાવકને તથા મુનિને પણ તિવિહાર,<br>ચઉવિહાર.<br>(અપવાદે નીવી દુવિહાર[1] પણ). |

સંકેત પચ્ચ૦-મુનિને તિવિહાર, ચઉવિહાર, શ્રવિકને દુ૦ તિ૦, ચઉવિહાર.

| | |
|---|---|
| રાત્રિ પ્રત્યા૦<br>(દિવસ ચરિમ) | મુનિને ચઉવિહાર.<br>શ્રાવકને દુવિહાર, તિવિહાર, ચઉવિહાર,<br>પરન્તુ એકાશનાદિ વિશેષ વ્રતોમાં ચઉ૦. |

એ એકાશનાદિક વ્રતોમાં યથાસંભવ જ્યાં જ્યાં દુવિહાર કહ્યો છે, તે મુનિને તો કોઈ ગાઢ કારણે જ હોય. પરન્તુ શ્રાવકોએ પણ કારણે જ દુવિહાર કરવો, અને વિશેષતઃ તો તિવિહાર વા ચઉવિહાર જ કરવો જોઈએ.

**अवतरण :-** હવે અશન-પાન-ખાદિમ-અને સ્વાદિમ એ ચાર પ્રકારનાં આહારનું ૩ જું દ્વાર કહેવાય છે. ત્યાં આ ગાથામાં પ્રથમ આહારનું લક્ષણ કહેવાય છે.

## खुहपसम खमेगागी, आहारि व एइ देइ वा सायं ।
## खुहिओ व खिवइ कुट्ठे, जं पंकुवमं तमाहारो ।।१३।।

**શબ્દાર્થ :-**

**खुह**=ક્ષુધાને
**पसम**=શમાવવામાં
**खम**=સમર્થ
**एगागी**=એકલું, એકાકી
**व**=અથવા
**एइ**=આવે
**खुहिओ**=ક્ષુધાવાળો, ભૂખ્યો
**खिवइ**=ક્ષેપવે, નાખે
**कुट्ठे**=કોઠામાં, ઉદરમાં
**पंक**=કાદવ
**उवमं**=સરખું
**तं**=તે દ્રવ્ય-પદાર્થ

**गाथार्थ :- જે એકલું હોવા છતાં પણ ક્ષુધાને શાંત કરવામાં સમર્થ હોય, અથવા આહારમાં આવતું હોય, અથવા આહારમાં સ્વાદ આપતું હોય, ભૂખ્યો મનુષ્ય જે કાદવ સરખા નિરસ દ્રવ્યને-પદાર્થને પણ (ભૂખ શમાવવા માટે) ઉદરમાં પ્રક્ષેપે (=ખાય તે =એ ચારે લક્ષણવાળું દ્રવ્ય) આહાર કહેવાય. ॥ ૧૩ ॥**

**भावार्थ :-** જે એકાંગી-એકાકી (=બીજા પદાર્થમાં મિશ્ર થયા વિના પોતે એકલો જ) હોઇને પણ ક્ષુધા શાન્ત કરવામાં સમર્થ હોય તો તે પદાર્થ આહારમાં ગણાય, આ પ્રથમ લક્ષણવાળો આહાર ચાર પ્રકારનો છે તે આ પ્રમાણે-કૂર (=રાંધેલો ભાત) વગેરે अशन છાશની આછ તથા પાણી વિગેરે पान, ફળ, શેરડી વગેરે खादिम અને સૂંઠ વગેરે खादिम ॥ इति આહારનું ૧ લું લક્ષણ ॥

[1] उपवासचामाम्लनिर्विकृतिकानि प्रायस्त्रिचतुर्विधाहाराणि अपवादात्तु निर्विकृतिकादि पौरुष्यादि च द्विविधाहारमपि स्यात्-ઇતિ શ્રાદ્ધવિધિવચનાત્. પરન્તુ દુવિહાર કરવો તે વ્યવહારમાર્ગ નથી.

તથા ક્ષુધા શમાવવામાં સમર્થ ન હોય એવો એકાંગી-એકાકી પદાર્થ પણ જો ચાર પ્રકારના આહારમાં આવતો હોય એટલે અશનાદિકમાં મિશ્ર થઈને તેના ગુણમાં કે રસમાં કંઈક વિશેષતા કરતો હોય એ ૨ જું લક્ષણ, અથવા તો તે અશનાદિકના સ્વાદમાં વધારો કરતો હોય તો તે એકાંગી પદાર્થ આહાર સાથે મિશ્ર હોય કે ન હોય (એકલો હોય) તો પણ આહારરૂપ જાણવો. (એ ૩ જું લક્ષણ) એ બન્ને લક્ષણનાં ભેગાં ઉદાહરણ જેમકે-અશનમાં [1]લૂણ-હિંગ-જીરું વગેરે. પાણીમાં કપૂર વગેરે, ફળાદિ ખાદિમમાં પણ લુણ વગેરે, અને તંબોલાદિક સ્વાદિમમાં કાથો વગેરે.

તથા ભૂખ્યો માણસ ભૂખ શમાવવા માટે કાદવ સરખું નિરસ દ્રવ્ય ખાય તો તે પણ આહાર જાણવો, જેમકે-માટી વગેરે. ॥ इति आहारनुं ૪ થું लक्षण ॥

અહીં ઔષધોમાં કેટલાક ઔષધ આહાર અને કેટલાક અનાહાર પણ છે, (એમાંનો ઘણોખરો ભાવાર્થ શ્રાદ્ધવિધિ વૃત્તિને અનુસારે લખ્યો છે.)

**असणे मुग्गो-अण-सत्तुमंड-पय-खज्ज-रब्ब-कंदाई।**
**पाणे कंजिय-जव-कयर-कक्काडोदग सुराइ जलं ॥१४॥**

શબ્દાર્થ :-

**मुग्ग**=મગ
**ओअण**=ઓદન, ભાત
**सत्तु**=સાથુ-સાથવો
**मंड**=માંડા, પૂડા
**पय**=દૂધ
**खज्ज**=ખાદ્ય, ખાજાં
**रब्ब**=રાબ, ઘેંસ
**कंजिय**=કાંજીનું
**जव**=યવનું
**कयर**=કેરાંનું
**कक्कड**=કાકડીનું
**उदग**=પાણી
**सुरा**=( **आ** ) **इ**=મદિરા વગેરે.

**गाथार्थ** :- મગ[2] વગેરે (=સર્વ કઠોળ), ભાત વગેરે (=સર્વ ચોખા, તંદૂલ, ઘઉં વગેરે), સાથુ વગેરે (જુવાર મગ વગેરેને શેકીને તેનો બનાવેલો લોટ), માંડા વગેરે (=પૂડા, પોળી, રોટલી, રોટલા, વગેરે), દૂધ વગેરે (દહીં, ઘી વગેરે), ખાજાં વગેરે (સર્વ પક્વાન્ન મોદક વગેરે), રાબ વગેરે (સર્વ જાતિની ઘેંસ) અને કંદ વગેરે

---

૧ અર્થાત્ એ લૂણ-હિંગ-જીરૂ-કપૂર-કાથો વગેરે પદાર્થો ક્ષુધા શમાવવામાં સમર્થ નથી તો પણ આહારમાં ઉપકારી હોવાથી આહાર તરીકે ગણાય છે.

૨ ગાથામાં. कंदाइ પદમાં રહેલો "आइ=આદિ" શબ્દ મગ ઇત્યાદિ સર્વ શબ્દની સાથે સંબંધવાળો ગણવો.

**(સર્વ વનસ્પતિના કંદમૂળ ફળાદિકનાં રંધાયેલાં શાક વગેરે) એ સર્વ *अशन માં ગણાય છે. એ પ્રમાણે ૮ વિભાગમાં અશનનો સમાવેશ થાય છે. અને કાંજીનું પાણી (=છાશની આછ), જવનું પાણી (=[1]જવનું ધોવણ), કેરનું પાણી (કેરનું ધોવણ) અને કર્કટકનું તે ચીભડા વગેરે ફળોની [2]અંદર રહેલું અથવા તેના [3]ધોવણનું પાણી તથા મદિરા [4]વગેરે [5]પાણી એ સર્વ જાતિનાં પાણી [6]પાન આહારમાં ગણાય છે. ॥૧૪॥**

**ભાવાર્થ :-** **ગાથાર્થમાં કહ્યા પ્રમાણે સુગમ છે, પરંતુ વિશેષ એ છે કે તિવિહારના પચ્ચક્ખાણવાળાને એ પાણી કલ્પે નહિ, પરંતુ નદી, કૂવા, તળાવ વગેરેનાં પાણી કે જે કર્પૂરાદિ અન્ય પદાર્થ વડે મિશ્ર થયેલ ન હોય તેવાં જ શુદ્ધ પાણી તિવિહારમાં કલ્પે. અને કર્પૂર, દ્રાક્ષ, ઈલાયચી આદિ સ્વાદિમ વસ્તુઓથી મિશ્ર થયેલાં-કરેલાં જળ દુવિહારમાં કલ્પે.**

**અવતરણ :-**ચાર પ્રકારના આહારમાંથી પૂર્વ ગાથામાં પહેલા અશન અને પાન એ બે આહારનું સ્વરૂપ કહીને હવે આ ગાથામાં खादिम અને स्वादिम એ બે આહારનું સ્વરૂપ કહે છે, તેમજ આહારમાં ન ગણાતી (अनाहारी) વસ્તુઓ પણ કહે છે -

**खाइमि भत्तोस फला-इ साइमे सुंठि जीर अजमाई ।**
**महु गुल तंबोलाई, अणहारे मोअ निंबाइ ॥१५॥**

શબ્દાર્થ :-ગાથાર્થને અનુસારે સુગમ છે.

**ગાથાર્થ :- (भत्तोस= ભક્તોષ એટલે) શેકેલાં ધાન્ય તથા ફળ વગેરે વસ્તુઓ**

---

*શબ્દનો અર્થ વ્યુત્પત્તિથી (એટલે ધાતુ ઉપરથી), અને નિર્યુક્તિથી (એટલે શબ્દમાં રહેલા અક્ષરો ઉપરથી ઉપજાવેલી યુક્તિથી) એમ બે પ્રકારે થાય છે, તે પ્રમાણે અહીં "અશન" શબ્દનો અર્થ પણ બે રીતે છે તે આ પ્રમાણે-

आशु=શીઘ્ર (ક્ષુધાને ઉપશમાવે) તે अशन એ નિર્યુક્તિ અર્થ છે. અને अश्यते-भुज्यते=જેનું ભોજન કરાય તે अशन એ વ્યુત્પત્તિ અર્થ (=ધાતુ સિદ્ધ અર્થ) છે. ત્યાં જો કે ફળાદિક સર્વ આહારી પદાર્થનું ભોજન કરાય છે તો પણ अशन શબ્દથી ભાત વગેરે અમુક અમુક પદાર્થો જ રૂઢિથી ગણાય છે.

(૧) ઘઉં, ચોખા, કોદ્રવ વગેરે અનાજનાં ધોવણ પણ એમાં અંતર્ગત જાણવાં.

(૨) ઈતિ પ્રવ૦ સારો૦ વૃત્તિઃ

(૩) ઈતિ ભાષ્યાવચૂરિઃ

(૪) સરકા, આસવો વગેરે એમાં અંતર્ગત જાણવા.

(૫) એ ઉપરાંત નાળિયેરનું પાણી, શેરડીનો રસ તથા છાશ (અને મદિરા) જો કે પાણી તરીકે ગણાયેલાં છે. પરન્તુ એને વર્તમાન કાળે અશનમાં ગણવાનો વ્યવહાર છે. એ ઉપરાંત નદી, તળાવ, કૂવા વગેરેનાં પાણી એટલે સર્વ અપ્કાય પણ પાનમાં જ ગણવા.

(૬) પ્રાણોનો ઉપકાર કરે તે पान (ઈતિ નિર્યુક્તિ અર્થ), અથવા पा ધાતુ પીવાના અર્થમાં હોવાથી જે पीयते=પીવાય તે पान (ઈતિ વ્યુત્પત્તિ અર્થ).

**[1]खादिम માં ગણાય, સૂંઠ, જીરું, અજમો વગેરે તથા મધ, ગોળ અને તંબોલ વગેરે પણ [2]स्वादिम માં ગણાય અને (मोअ=મોક એટલે) મૂત્ર (ગોમૂત્ર) તથા લીંબડો વગેરે अनाहार માં ગણાય. ૧૫**

**भावार्थ :-** જે વસ્તુઓને ખાવાથી ક્ષુધાની પૂર્ણ શાન્તિ ન થાય, તો પણ કંઈક સંતોષ થાય (=ભૂખ શમાવે) તેવી વસ્તુઓ खादिम માં ગણાય છે. તેનાં કેટલાંક નામ-શેકેલાં ધાન્ય (એટલે મમરા, પઉંઆ, શેકેલા ચણા, દાળીઆ, શેકેલા મગ વગેરે), તથા ખજૂર, ખારેક, નાળિયેર, તથા બદામ, દ્રાક્ષ, કાજુ વગેરે મેવા, કેરી, ચીભડાં, તડબૂચ, ખડબૂજ વગેરે ફળો, શેરડી વગેરે તથા કોઠવડી-આમળાગંઠી-આંબાગોળી-કોઠીપત્ર-લિંબુઈપત્ર વગેરે (એ સર્વે ખાદિમ હોવાથી દુવિહાર પચ્ચક્ખાણમાં ન કલ્પે).

स्वादिम વસ્તુઓ-સૂંઠ-હરડે-પીપર-મરી-જીરું-અજમો-જાયફળ, જાવંત્રી, કાથો-ખેરવટી-જેઠીમધ-કેસર-નાગકેસર-તમાલપત્ર-એલચી-લવિંગ-બિડબવણ-અજમોદ-પીપરીમૂળ-(ગંઠોડા)-ચિણિકબાબા-મોથ-કાંટાસેલિઓ-કપૂર-હરડાં,-બેહડાં-બાવળછાલ-ધાવડીછાલ-ખેરનીછાલ-ખીજડાછાલ તથા એનાં પત્ર-સોપારી-હિંગ-જવાસામૂળ-બાવચી-તુળસી-કચૂરો-તજ-સંચય-પુષ્કરમૂળ તથા તંબોલ-વરિયાલી-સુવા ઈત્યાદિ દુવિહારમાં કલ્પે.

એમાં જીરુ સ્વાદિમમાં અને ખાદિમમાં પણ ગણાય એમ બે મત છે તથા અજમાને પણ કેટલાક આચાર્યો ખાદિમ કહે છે.

તથા મધ-ગોળ-ખાંડ-સાકર પણ સ્વાદિમમાં ગણાય, પરન્તુ તૃપ્તિ કરનાર હોવાથી દુવિહારમાં કલ્પે નહિ.

अनाहारी વસ્તુઓ-લીંબડાનાં અંગ (પત્ર-છાલ-કાષ્ઠ-ફળ-ફૂલ વગેરે)-ગોમૂત્ર વગેરે મૂત્ર-ગળો-કડુ-કરિયાતુ-અતિવિષ-ચીડ-રાખ-હળદર-ઉપલેટ-જવ-હરડે-[3]બેહડાં-આમળાં-બાવળછાલ-ધમાસો-નાહિ-આસંધિ-રિંગણી-એળીઓ-ગુગળ-

---

૧ खाद्यते=જે ખવાય-તે खादिम (ઇતિ વ્યુત્પત્તિ:) તથા ख=આકાશ એટલે મુખનું વિવર તેમાં माति=માય-સમાય તે खादिम (ઇતિ નિર્યુક્તિ.) એમાં द કારનો નિપાત સંભવે.

૨ स्वाद्यते એટલે જેનો આસ્વાદ કરાય તે स्वादिम (ઇતિ વ્યુત્પત્તિ:), તથા ગોળ, સાકર, વગેરે દ્રવ્યોને અને રસ વગેરે ગુણોને તેમજ કર્ત્તાના સંયમ ગુણોને એટલે રાગદ્વેષ રહિત આસ્વાદન કરવાથી સંયમીના સંયમ ગુણોને જે स्वादयते=સ્વાદ પમાડે તે स्वादिम અથવા જેનું આસ્વાદન કરતાં તે વસ્તુઓ પોતાના માધુર્યાદિ ગુણોને सादयति નાશ પમાડે તે स्वादिम (ઇતિ નિર્યુક્તિ:)

૩ હરડે બેહડાં અને આમળાં વગેરે કેટલીક વસ્તુઓ સ્વાદિમમાં અને

બોરડી-કંથેરી-કેરમૂળ-પૂંઆડ-મંજીઠ-બોળ-ચિત્રક-કુંદરુ-ફટકડી-ચિમેડ-થુવર-આકડા ઈત્યાદિ જે વસ્તુઓ ખાવામાં અનિષ્ટ સ્વાદવાળી હોય, તે અનાહારી જાણવી.

**अवतरण** :- હવે આ ૧૬મી અને ૧૭મી ગાથામાં ૨૨ આગારનું (એટલે ૨૨ આગારમાંથી કયા પચ્ચક્ખાણમાં કેટલા આગાર હોય? તે સંબંધી) ૪થું દ્વાર કહેવાય છે-

**दो नवकारि छ पोरिसि, सग पुरिमड्ढे इगासणे अट्ठ ।**
**सत्तेगठाणि अंबिलि; अट्ठ पण चउत्थि छप्पाणे ॥१६॥**

શબ્દાર્થ :- ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ** :- **નવકારસીમાં ૨ આગાર, પોરિસીમાં ૬ આગાર, પુરિમડ્ઢમાં ૭ આગાર, એકાશનમાં (તથા બિઆસણમાં પણ)૮ આગાર, એકલઠાણામાં ૭ આગાર, આયંબિલમાં ૮ આગાર, ચતુર્થ ભક્તમાં (ઉપવાસમાં) ૫ આગાર, અને પાણસ્સના પચ્ચક્ખાણમાં ૬ આગાર છે. ૧૬**

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે, પરંતુ નવકારશી આદિમાં કયા કયા આગાર છે ? તેનાં નામ અને અર્થ પણ આગળ ગાથાઓમાં જ કહેવાશે, માટે અહીં વિશેષ સ્પષ્ટ કરવાનું પ્રયોજન નથી.

**चउ चरिमे चउभिग्गहि, पण पावरणे नवट्ठ निव्वीए ।**
**आगारुक्खित्तविवेग-मुत्तु दवविगइ नियमिट्ठ ॥१७॥**

શબ્દાર્થ :- ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ** :- **(દિવસચરિમ અને ભવચરિમ એ બે) ચરિમ પચ્ચક્ખાણમાં ૪** આગાર છે, ***અભિગ્રહમાં ૪** આગાર છે, **પ્રાવરણ (વસ્ત્રના) પચ્ચ૦માં પણ=પાંચ** આગાર છે, **અને નીવિમાં ૯ અથવા ૮ આગાર છે. તેમાં નીવિને વિષે જો પિંડવિગઈ અને દ્રવવિગઈ એ બન્નેનું પચ્ચ૦ હોય તો તે (એકલા દ્રવવિગઈના) नियमि=નિયમમાં "ઉક્ખિત્તવિવેગેણં" એ એક આગાર मुत्तु=મૂકીને-છોડીને બીજા ( ट्ठ=अट्ठ ) ૮ આગાર** હોય [1]છે. ॥૧૭॥

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે; **પરંતુ વિશેષ એ છે કે-અહીં ભાષ્યમાં જો કે વિગઈના છૂટા પચ્ચ૦માં ૯-૮ એમ બે રીતે આગાર કહ્યા નથી, પરંતુ ૨૦ મી ગાથામાં કેવળ નવ આગાર જ કહેવાશે તો પણ અન્ય ગ્રન્થોને અનુસારે વિગઈના પચ્ચ૦માં પણ ૯ અને ૮ એમ બન્ને પ્રકારના આગાર જાણવા.**

---

*અહીં "અભિગ્રહ" શબ્દથી ૮ પ્રકારનાં સંકેત પચ્ચક્ખાણમાં તેમજ બીજા પણ દ્રવ્યાદિ ચારે પ્રકારના અભિગ્રહમાં ૪ આગાર જાણવા, તે આગાળ ૨૩ મી ગાથામાં જ કહેવાશે.

૧ એ ૮ વા ૯ આગારનું કારણ વિગઈઓનાં સ્વરૂપ તથા ઉખિત્ત૦ આગારનો અર્થ જે આગળ કહેવાશે તે જાણ્યા બાદ સમજાશે.

તથા પ્રાવરણના પ્રત્યાખ્યાનમાં (જિતેન્દ્રિય મુનિઓ જે ચોલપટ્ટ પણ નહિ પહેરવાનો અભિગ્રહ **વિશેષ** કરે છે તેમાં) **અન્ન૦-સહ૦-ચોલપટ્ટાગારેણં-મહ૦-સવ્વ૦** એ પાંચ આગાર હોય છે. આ સંબંધી વિશેષ ભાવાર્થ **ચોલપટ્ટા૦** ના અર્થમાં કહેવાશે.

એ પ્રમાણે બે ગાથાઓમાં પ્રત્યેક પચ્ચક્ખાણની આગાર સંખ્યા સામાન્યથી ગણાવી. તે સંક્ષેપમાં આ પ્રમાણે-

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નમુ૦ | ૨ | પુરિમા૦ | ૭ | એકાશ૦ | ૮ | ઉપવાસ | ૫ | પ્રાવ૦ | ૫ |
| પોરિ૦ | ૬ | અવડ્ઢ | ૭ | બિઆ૦ | ૮ | પાણહાર | ૬ | | |
| સાર્ધપો૦ | ૬ | વિગઈ | ૯ | એકલઠાણ | ૭ | ચરિમ | ૪ | | |
| | | નીવિ | ૯ | આયંબિલ | ૮ | અભિ૦ | ૪ | | |

**અવતરણ** :- હવે કયા પચ્ચ૦માં કયા કયા આગાર હોય તે નામપૂર્વક દર્શાવાય છે. ત્યાં આ ગાથામાં **પ્રથમ** સ્થાનમાં ગણાતા અદ્ધા પ્રત્યા૦ ના એટલે નવ૦-પોરિસી-સાર્ધપો૦-અને **પુરિમ૦** (તથા અવડ્ઢ) પ્રત્યા૦ના આગાર કહેવાય છે :-

**अन्न सह दु नमुक्कारे, अन्न सह प्पच्छ दिस य साहु सव्व ।**
**पोरिसि छ सड्ढपोरिसि, पुरिमड्ढे सत्त समहत्तरा ॥१८॥**

**શબ્દાર્થ** :-ગાથાર્થ અનુસારે સુગમ છે.

**ગાથાર્થ** :- નમુક્કારસહિયંના પચ્ચ૦માં अन्न=અન્નત્થણાભોગેણં અને सह=સહસાગારેણં એ *दु=બે આગાર છે. તથા અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, प्पच्छ=પચ્છન્નકાલેણં, दिस=દિસામોહેણં, साहु=સાહુ-વયણેણં, सव्व= સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૬ આગાર પોરિસી અને સાર્ધપોરિસીના પચ્ચ૦માં છે, અને "મહત્તરાગારેણં" એ આગાર સહિત સાત આગાર પુરિમાર્ધ (તથા અપાર્ધના-અવડ્ઢના) પચ્ચ૦માં છે. ૧૮

---

***પ્રશ્ન** :- उग्गए सूरे नमुक्कारसहियं मुट्ठिसहियं पच्चक्खाइ । चउविहंपि आहारं असणं पाणं खाइमं साइमं । अन्नत्थणाभोगेणं सहसागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥ એ નવકારસી **પચ્ચ.** ના આલાપકમાં-આલાવામાં તો ૪ આગાર દર્શાવ્યા છે તે કેમ ?

**ઉત્તર** :- એ પ્રત્યાખ્યાન કેવળ નવકારસીનું નથી પરન્તુ નવકારસી સાથે મુટ્ઠિસહિયંનું પણ ભેગું છે, તેમાં નવકારસી અદ્ધા પચ્ચ૦ છે, અને મુટ્ઠિસહિયં એ સંકેત પચ્ચક્ખાણ છે, અને સંકેત પચ્ચ૦ના ૪ આગાર પૂર્વે કહ્યા છે, તેથી એમાં નવકારસીના તો બે જ આગાર છે, અને (તેજ બે આગાર સહિત સર્વ) ચાર આગાર મુટ્ઠિસહિયંના છે, જેથી બેના ભેગા મળીને પણ ચાર જ આગાર એ આલાવામાં કહેલા છે, તે સંકેત પચ્ચ૦ ભેગું હોવાના કારણથી છે. તેવી જ રીતે પોરિસી અને સાર્ધપોરિસીના આલાવામાં પણ મુટ્ઠિસહિયં હોવાથી જ મહત્તરાગારેણં આગાર આવે છે.

**भावार्थ :-** ગાથાર્થવત્ સુગમ છે. પરન્તુ વિશેષ એ જ કે અન્ન સહ ઇત્યાદિ શબ્દો સંપૂર્ણ પદ નથી પરન્તુ પદનો એકેક અંશ છે તો પણ અર્થમાં સંપૂર્ણ પદ લેવું. તથા નવકારસી પ્રત્યાખ્યાન અતિ અલ્પ કાળનું એટલે મુહૂર્ત (=સૂર્યોદયથી બે ઘડી) સુધીનું જ છે, તે કારણથી તેમાં અશક્ય [1]પરિહારવાળા જ બે આગાર જેટલા અલ્પ આગાર છે, અને પોરિસી આદિ પ્રત્યાખ્યાનો વિશેષ કાળપ્રમાણવાળાં હોવાથી તેમાં વધારે આગાર રાખવા પડે છે.

॥ इति प्रथम स्थानना अद्धाप्रत्या० ना आगार ॥

**अवतरण :-** આ ગાથામાં એકશન, બિઆસણ અને એકલઠાણામાં આગાર (નાં નામ) કહે છે, અર્થાત્ ત્રીજા સ્થાનમાં ગણાતાં પચ્ચક્ખાણોના આગાર કહે છે-

**अन्न सहस्सागारि अ, आउंटण गुरु अ पारि मह सव्व ।**
**एग-बियासणि अट्ठ उ, सग इगठाणे अउंट विणा ॥१९॥**

શબ્દાર્થ :- ગાથાર્થાનુસારે સુગમ છે.

**गाथार्थ :-** (अन्न=) અન્નત્થણા[1]ભોગેણં (सह) [2]સહસાગારેણં, (सागारी)= સાગારિ [3]આગારેણં, આઉંટણ [4]પસારેણં, (गुरू=) ગુરુ [5]અબ્ભુટ્ઠાણેણં, (पारि=) પારિટ્ઠાવણિયાગારેણં,[6] મહત્તરા[7]ગારેણં, સવ્વ [8]સમાહિવત્તિયાગારેણં એ ૮ આગાર (एग=) એકાશનમાં અને બિઆસણમાં છે, અને એકલઠાણામાં તો "આઉંટણપસારેણં" એ એક આગાર વિના શેષ* ૭ આગાર છે. ॥૧૯॥

**भावार्थ :-** ગાથાર્થવત્ સુગમ છે.

**अवतरण :-** આ ગાથામાં વિગઈ, નીવિ અને આયંબિલ એ ત્રણ પ્રત્યાખ્યાન (કે જે બીજા સ્થાનનાં પ્રત્યાખ્યાનો છે તે) ના આગાર કહેવાય છે-

**अन्न स्सह लेवा गिह, उक्खित्त पडुच्च पारि मह सव्व ।**
**विगइ निव्विगए नव, पडुच्चविणु अंबिले अट्ठ ॥२०॥**

શબ્દાર્થ :- ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ :-** અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, અને

---

૧. અહીં જે દોષ આપણે ટાળવાનો પ્રયત્ન કરીએ તો પણ ટાળી ન શકાય તેવા અને કુદરતી રીતે જ થતા હોય તો તેવા અકસ્માત્ દોષો અશક્ય પરિહારવાળા કહેવાય, જેથી દરેક પ્રત્યા૦માં એ અશક્ય પરિહારવાળા બે આગાર રાખ્યા વિના છૂટકો જ નહિ, અને તે કારણથી જ નિરાગાર (આગાર-રહિત) પ્રત્યાખ્યાનમાં પણ એ બે આગાર તો હોય જ.

*"આઉંટણપસારેણં" એ આગાર અંગોપાંગને સંકોચવા અને પ્રસારવા (=હાથ પગ વગેરે લાંબા-ટૂંકા કરવા)ની છૂટ માટે છે અને એકલઠાણામાં અંગોપાંગ હલાવાય પણ નહિ, માટે એ આગાર નથી.

સવ્વસમાહિવત્તિયાગારેણં એ ૯ આગાર **विगइ** અને **नीविना** પચ્ચ૦માં છે. અને [1]**પડુચ્ચમક્ખિએણં** વિના ૮ આગાર **आयंबिलमां** આવે છે. ॥૨૦॥

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે, પરન્તુ વિશેષ એ છે કે-અહીં નીવિ તથા વિગઈમાં ૯ આગાર કહ્યા છે, તો પણ પૂર્વે ૧૭ મી ગાથાના ભાવાર્થમાં કહ્યા પ્રમાણે નીવિમાં ૯ તથા ૮ આગાર પણ હોય. ત્યાં પિંડવિગઈ અને દ્રવવિગઈ એ બન્ને સંબંધી નીવિમાં ૯ આગાર અને કેવળ દ્રવવિગઇ સંબંધી નીવિમાં ઉક્ખિત્તવિ૦ વર્જીને શેષ ૮ આગાર જાણવા.

તથા જેમ નીવિમાં ૯ અને ૮ આગાર કહ્યા છે, તેમ છૂટી વિગઇના પચ્ચ૦માં પણ કેવળ પિંડવિગઈનું પચ્ચ૦ કરે તો ૯ આગાર અને કેવળ દ્રવવિગઈના પચ્ચ૦માં ઉક્ખિત્ત વિ૦ વર્જીને શેષ ૮ આગાર જાણવા.

**अवतरण** :- આ ગાથામાં ઉપવાસ, પાણી, ચરિમ અને સંકેતાદિ અભિગ્રહ એ ચાર પચ્ચક્ખાણોના આગાર કહે છે-

## अन्न सह पारि मह सव्व, पंचखम ( व ) णे छ पाणिलेवाई ।
## चउ चरिमंगुट्ठाई-भिग्गहि अन्न सह मह सव्व ॥२१॥

**शब्दार्थ** :- ગાથાર્થ અનુસારે સુગમ છે.

**गाथार्थ** :- ક્ષપણમાં (=ઉપવાસમાં) અન્નત્થણાભોગેણં-સહસા-ગારેણં-પારિટ્ઠાવણિયાગારેણં-મહત્તરાગારેણં અને સવ્વસમાહિવત્તિયાગારેણં એ પાંચ આગાર છે. પાણીના પચ્ચક્ખાણમાં લેવેણ વા આદિ ૬ આગાર (લેવેણ વા-અલેવેણ વા-અચ્છેણ વા-બહુલેવેણ વા-સસિત્થેણ વા અસિત્થેણવા એ ૬ આગાર) છે. તથા ચરિમ પચ્ચ૦માં અને અંગુટ્ઠસહિયં આદિ અભિગ્રહના (સંકેત વગેરે) પચ્ચક્ખાણોમાં અન્નત્થણાભોગેણં-સહસાગારેણં-મહત્તરાગારેણં અને સવ્વસમાહિ-વત્તિયાગારેણં એ ૪ આગાર છે. ॥૨૧॥

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે. પરંતુ વિશેષ એ છે કે-ચરિમ પચ્ચ૦માં દિવસચરિમ અને ભવચરિમ એ બન્ને પચ્ચક્ખાણ ૪-૪ આગારવાળાં છે, તો પણ ભવચરિમ પચ્ચક્ખાણ જો કોઇ સમર્થ મહાત્મા મહત્તરા૦ અને સવ્વસમાહિ૦ એ બે આગારનું મારે ભાવિમાં પ્રયોજન નથી એમ જાણીને નિરાગાર (આગાર રહિત) કરે તો તે નિરાગાર ભવચરિમ પચ્ચ૦માં અન્નત્થ૦ સહસા૦ એ બે જ આગાર હોય. (ધર્મસં૦ વૃત્તિ આદિ)

---

૧ આયંબિલમાં ઘી વગેરે સ્નિગ્ધ (ચીકાશવાળું) દ્રવ્ય કલ્પે નહિ, અને પડુચ્ચમ૦ આગાર ઘી વગેરેથી કિંચિત્ મસળેલી રોટલી વગેરેના આહારની છૂટાવાળો છે, માટે આયંબિલમાં એ આગાર ન હોય.

| પચ્ચક્ખાણના આગારોનું કોષ્ટક | | |
|---|---|---|
| નવકારશી | ૨ | અન્ન૦ - સહ૦ |
| પોરિસી<br>સાર્ધ પોરિસી | ૬ | અન્ન૦ - સહ૦ - પચ્છન્ન૦ -<br>દિસા૦ - સાહુ૦ - સવ્વ૦ |
| પુરિમડ્ઢ<br>અવડ્ઢ | ૭ | ૬ પૂર્વવત્-૧ મહત્તરા૦ |
| એકાસણ<br>બિઆસણ | ૮ | અન્ન૦-સહ૦-સાગારિ૦-<br>આઉંટ૦-ગુરુ૦-પારિ૦-મહ૦-સવ્વ૦ |
| એકલઠાણું | ૭ | આઉંટ૦ વિના એકાશનવત્ |
| વિગઈ / નીવિ — પિંડવિગઈ સંબંધિ | ૯ | અન્ન૦-સહ૦-લેવા-ગિહત્થ૦-<br>ઉક્ખિત્ત૦-પડુચ્ચ૦-પારિ૦-મહ-સવ્વ૦ |
| નીવિ / વિગઈ — દ્રવવિગઈ સંબંધિ | ૮ | ઉક્ખિત્ત૦ વિના |
| આયંબિલ | ૮ | પડુચ્ચ૦ વિના વિગઈવત્ |
| ઉપવાસ | ૫ | અન્ન૦-સહ૦-પારિ૦-મહ૦-સવ્વ૦ |
| પાણહાર | ૬ | લેવે૦-અલેવે૦ અચ્છે૦-<br>બહુલે૦ સસિત્થે૦-અસિત્થે૦ |
| અભિગ્રહ (સંકેતસહ) | ૪ | અન્ન૦-સહ-મહ૦-સવ્વ૦- |
| પ્રાવરણ | ૫ | અન્ન૦-સહ-ચોલપટ્ટાગા૦-મહ૦-સવ્વ૦ |
| દિવસ ચરિમ<br>ભવ ચરિમ<br>દેસાવગા૦ | ૪ | અન્ન૦-સહ૦-મહ૦-સવ્વ૦ |

**અવતરણ** :- પૂર્વે કહેલી ૨૦ મી ગાથાના પ્રસંગને અનુસરીને આ ગાથામાં તે વિગઈ અને તેના દ્રવવિગઈ આદિ ભેદ પણ દર્શાવાય છે.

**दुद्ध-महु-मज्ज-तिल्लं, चउरो दवविगई चउर पिंडदवा ।**
**घय-गुल-दहियं-पिसियं, मक्खण-पक्कन्न दो पिंडा ॥२२॥**

શબ્દાર્થ :-

| | |
|---|---|
| **महु**=મધ | **घय**=ઘૃત. |
| **मज्ज**=મધ, મદિરા | **पिसियं**=પિશિત, માંસ. |

**ગાથાર્થ :- દૂધ-મધ-મદિરા-અને તેલ એ ૪ द्रवविगइ છે, તથા ઘી-ગોળ-દહિં અને માંસ એ ૪ पिंडद्दव એટલે મિશ્ર વિગઈ છે, અને માખણ તથા પક્વાન્ન એ બે पिंड** વિગઈ છે. ॥૨૨॥

**ભાવાર્થ :-** અહિં દ્રવ એટલે રેલો ચાલે એવી અતિ નરમ પ્રવાહી વિગઇ તે द्रवविगइ કહેવાય. અને પિંડ એટલે જેના અંશો પરસ્પર બાઝીને-વળગી રહીને પિંડીભૂત થયેલા હોય તેવી કંઈક કઠીનતાવાળી વિગઇ તે पिंडविगइ (=કઠીન વિગઈ) કહેવાય, તથા અગ્નિ આદિ સામગ્રી વડે જે વિગઈ દ્રવ-પ્રવાહી થતી હોય, અને તેવી સામગ્રીના અભાવે પુનઃ પિંડરૂપ-કઠિન પણ થતી હોય (=જામી જતી હોય-ઠરી જતી હોય) તો તે द्रवपिंडविगइ એટલે બન્ને સ્વભાવવાળી ગણાય. ત્યાં કઇ વિગઇ કેવા સ્વભાવવાળી છે તે ગાથાર્થમાં કહ્યા પ્રમાણે સમજવી સુગમ છે, માટે તેનું વિશેષ વર્ણન કરવાનું અહિં પ્રયોજન નથી. તથા બેમાં ભક્ષ્ય કઈ અને અભક્ષ્ય કઈ ? તેનો વિવેક તો ગ્રંથકાર પોતે જ આગળ ૨૯મી ગાથામાં દર્શાવશે.

**અવતરણ :-** હવે ક્યા પચ્ચક્ખાણો (પરસ્પર) સરખા આગાર વાળાં છે ? તે આ ગાથામાં કહેવાય છે-

**पोरिसि-सड्ढ-अवड्ढं, दुभत्त-निव्विगइ पोरिसाइ समा ।**
**अंगुट्ठ-मुट्ठि-गंठी-सचित्त दव्वाइ भिग्गहियं ॥२३॥**

શબ્દાર્થ :-ગાથાર્થને અનુસારે સુગમ છે.

**ગાથાર્થ :- પોરિસી અને સાર્ધપોરિસી એ બેના, ( अवड्ढ એટલે) અવઢ્ઢ [1]પુરિમઢ્ઢ એ બેના, તથા (दुभत्त એટલે) બિઆસણ અને [2]એકાશન એ બેના, તથા (निव्विगई એટલે) નીવિ અને [3]વિગઇ એ બેના, તથા અંગુટ્ઠસહિયં મુટ્ઠિસહિયં-અને ગંઠિસહિયં આદિ ૮ સંકેત પ્રત્યા૦ અને સચિત્ત દ્રવ્યાદિકનો (=દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચારેનો) અભિગ્રહ (દેસાવગાસિક) એ બેના પરસ્પર સરખા સરખા આગાર છે. એટલે આગારની સંખ્યા અને આગારનાં નામ બન્ને તુલ્ય છે. ૨૩**

---

૧-૨-૩ ગાથામાં अवड्ढ-दुभत्त અને निव्विगई એટલે અપાર્ધ, બિઆસણું અને નીવિ એ ૩ પ્રત્યાખ્યાનો એકેક પ્રત્યાખ્યાન છે તો પણ ઉપલક્ષણથી તેના સરખા આગારવાળાં પુરિમઢ્ઢ, એકાશન અને વિગઇ એ તેનાં સજાતીય પચ્ચક્ખાણો પણ એ એકેક પદ ઉપરથી જ ગ્રહણ કરવાં.

**भावार्थ** :- ગાથાર્થવત્ સુગમ છે.

**अवतरण** :- પૂર્વે ૧૮ થી ૨૧ ગાથામાં પચ્ચક્ખાણો માટે જે ૨૨ આગાર યથાયોગ્ય દર્શાવ્યા, તે દરેક આગારનો અર્થ હવે આ ૨૪ થી ૨૮ મી ગાથા સુધીમાં દર્શાવાય છે-

**विस्सरणमणाभोगो, सहसागारो सयं मुहपवेसो ।**
**पच्छन्नकाल मेहाई, दिसिविवज्जासु दिसिमोहो ।।२४।।**

શબ્દાર્થ :-

**विस्सरणं**=વિસ્મરણ, ભૂલી જવું.
**अणाभोगो**=અનાભોગ આગાર
**सयं**=સ્વયં. પોતાની મેળે
**मेहाई**=મેઘ વગેરે (થી)
**विवज्जासु**=વિપર્યાસમાં, દિશિના ફેરફારથી.

**गाथार्थ** :- વિસરી જવું તે અનાભોગ, આહારની વસ્તુ પોતાની મેળે જ મુખમાં પ્રવેશે (પડે) તે સહસાકાર, મેઘ વગેરેથી (કાળ માલૂમ ન પડે તે) પ્રચ્છન્નકાળ, અને દિશાઓનો ફેરફાર સમજાવાથી દિશિમોહ આગાર જાણવો ॥૨૪॥

**भावार्थ** :- સર્વ આગારોમાં પહેલો આગાર "અન્નત્થણાભોગેણં" છે, તેમાં "અન્નત્થ" અને "અનાભોગ" એ બે શબ્દ છે. ત્યાં अन्नत्थ એટલે અન્યત્ર (=સિવાય અથવા વર્જીને) એવો અર્થ છે, અને अनाभोग શબ્દનો અર્થ તો વિસરી જવું એ પ્રમાણે ગાથામાં જ કહ્યો છે. તેથી જે પચ્ચક્ખાણ કર્યું છે તે પચ્ચક્ખાણ મતિદોષથી અથવા ભ્રાન્તિથી કદાચ ભૂલી જવાય અને તેથી ત્યાગ કરેલી ચીજ ભૂલથી ખાઈ લેવાય, અગર મુખમાં નાખી દેવાય તો તે अनाभोग કહેવાય, માટે એવો અનાભોગ (अन्नत्थ=) વર્જીને જ હું આ પચ્ચ૦ કરૂં છું, એમ પચ્ચ૦ લેતી વખતે તે છૂટ પ્રથમથી જ જણાવવા માટે પચ્ચ૦ના આલાવામાં **अन्नत्थणाभोगेणं** આગાર ઉચ્ચરવો પડે છે, જેથી વિસરી જતાં કદાચ તેવી ભૂલ થાય તો પણ કરેલા પચ્ચ૦નો ભંગ (=પ્રતિજ્ઞા ભંગ) ગણાય નહિ (અથવા થાય નહિ).

વળી આ અને બીજા પણ આગારોના સંબંધમાં એટલું ધ્યાનમાં રાખવું કે ભૂલથી અથવા બીજા કોઈ પ્રકારથી ત્યાગ કરેલી ચીજ ખાઈ લેવામાં અગર મુખમાં નાખવામાં આવે તો સ્મરણમાં આવતાં તુર્ત જ ખાવાનું બંધ કરી મુખમાં ચાવતાં ચાવતાં પણ શેષ રહી ગયેલી ચીજ બહાર કાઢી નાખી મુખ-શુદ્ધિ કરી લેવી, પરંતુ ગળે ઉતારવી નહિ, અને ફરીથી તેવી ભૂલ ન થાય તેમ પરિણામ પણ નિઃશંક-મલિન ન થાય એટલા માટે તેવી ભૂલોનું ગુરુમુખે યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત લેવું એ શુદ્ધ વ્યવહાર છે.

તથા "अन्नत्थ" (એટલે વર્જીને) એ શબ્દ જેમ "અનાભોગ" શબ્દ સાથે જોડવામાં આવ્યો છે, તેમ આગળ કહેવાતા સહસાકાર વગેરે બીજા આગારો સાથે પણ સંબંધવાળો છે, જેથી अन्नत्थ सहसागारेणं-अन्नत्थ महत्तरागारेणं-अन्नत्थ सव्वसमाहि-वत्तियागारेणं ઇત્યાદિ રીતે સર્વે આગારમાં "अन्नत्थ" શબ્દ અનુસરે છે, પરંતુ ઉચ્ચારમાં વારંવાર ન બોલવાના કારણથી એ શબ્દને પહેલા ("અન્નત્થ" પદનું) અનુસરણ-સંબંધ તે દરેક પેટા પચ્ચ૦ ના પ્રારંભમાં અનુસરતા "ઉગ્ગએ સૂરે વા સૂરે ઉગ્ગએ" ના પાઠવત્ અને પર્યન્તમાં અનુસરતા "પચ્ચક્ખાઈ વા વોસિરઇ"ના (પાઠવત્) *આવે છે એમ જાણવું.

તથા सहसा એટલે એકદમ (=અણધાર્યું-અચાનક-ઓચિંતુ-અકસ્માત્) કોઇ કાર્ય થઈ જાય કે જે કાર્ય પોતે જાણી જોઈને ન કર્યું હોય, તેવાં સહસા કાર્યનો (=તેવા અકસ્માત્ કાર્યનો) જે આગાર=आकार (=છૂટ) તે सहसाकार કહેવાય, જેમકે-ઉપવાસનું પચ્ચ૦ કર્યું હોય, અને છાશ વલોવતાં છાશનો છાંટો ઊડીને પોતાની મેળે મુખમાં પડી જાય તો તે સહસાકાર કહેવાય, માટે એવા સહસાકારથી પણ પચ્ચ૦નો ભંગ ન ગણાય, તે કારણથી सहसागारेणं આગાર રાખવામાં આવે છે.

તથા મેઘ વડે અથવા આકાશમાં મહાવાયુથી ચઢેલી ધૂળ વડે અથવા પર્વત વગેરેની આડથી સૂર્ય ઢંકાઈ જવાથી દિવસ કેટલો ચઢ્યો છે ? તેની સ્પષ્ટ ખબર પડે નહિ, અને તેથી અનુમાનથી પોરિસી વગેરે પચ્ચ૦નો કાળ પૂર્ણ થયો જાણી તે પચ્ચ૦ પારવામાં આવે, પરંતુ વાસ્તવિક રીતે પચ્ચ૦નો કાળ પૂર્ણ ન થયો હોય તો તેવા પ્રસંગે કરેલા પચ્ચ૦નો ભંગ ન થાય તે માટે पच्छन्नकालेणं (મેઘ વગેરેથી ઢંકાયેલા કાળ વડે ભૂલથી અપૂર્ણ કાળે પચ્ચ૦ પારી લેવાય તો પણ પચ્ચ૦ ભંગ ન થાય એવો) આગાર રાખવામાં આવે છે. પરંતુ અહીં પચ્ચ૦નો કાળ હજી પૂર્ણ નથી થયો એમ જાણવામાં આવે તો તુર્ત જ જમતાં જમતાં અટકી જવું, અને તેમજ બેસી રહેવું. પછી જ્યારે પચ્ચ૦નો કાળ પૂર્ણ થાય ત્યારે શેષ ભોજન જમવું, અને જો કાળ પૂર્ણ નથી થયો એમ જાણ્યા છતાં પણ જમવાનું ચાલુ જ રાખે તો પચ્ચ૦ નો ભંગ થયો જાણવો.

---

*જુઓ ગાથા ૯ મીનો ભાવાર્થ.

તથા પૂર્વ [1]દિશાને પશ્ચિમ દિશા જાણે (અને [2]પશ્ચિમને પૂર્વ દિશા જાણે), એવો દિશામોહ થતાં પચ્ચક્ખાણનો કાળ પૂર્ણ ન થવા છતાં પણ પૂર્ણ થયો જાણી પચ્ચ૦ પારે તો પણ કરેલા પચ્ચ૦ નો (પો૦ સાર્ધપો૦ પુરિમ-અવ૦ એ ચારેનો, અને એ ચાર સહિત થતાં બીજાં એકાશનાદિ પચ્ચક્ખાણનો પણ) ભંગ ન થાય-ન ગણાય, તે કારણથી दिशामोहेणं એ આગાર કહ્યો છે. અહીં દિગ્મૂઢ થવું (=દિશામોહ થવો) તે મતિદોષથી થાય છે, પરન્તુ જાણી જોઈને થતો નથી માટે એ છૂટ રાખવી પડે છે.

**अवतरण :-** પૂર્વ ગાથામાં પહેલા ચાર આગારનો અર્થ કહીને હવે આ ગાથામાં ૫-૬-૭-૮ એ બીજા ચાર આગારનો અર્થ કહેવાય છે.

## साहुवयण उग्घाडा-पोरिसि तणुसुत्थया समाहित्ति ।
## संघाइकज्ज महत्तर, गिहत्थबन्दाइ सागारी ॥२५॥

**શબ્દાર્થ :-**

| | |
|---|---|
| **तणु**=શરીરની | **( इ ) ति**=તે |
| **सुत्थया**=સ્વસ્થતા, રોગની શાન્તિ. | **कज्ज**=કાર્ય |
| **समाहि**=સમાધિ | **बन्दाइ**=બન્દી વગેરે |

**गाथार्थ :-** **"ઉગ્ઘાડા પોરિસી" એવું સાધુનું વચન સાંભળી અપૂર્ણ કાળે પચ્ચ૦ (પોરિસી પચ્ચ૦) પારવું તે સાહુવયણેણં આગાર કહેવાય. શરીરાદિકની સ્વસ્થતા માટેનો આગાર તે સવ્વસમાહિવત્તિયાગારેણં આગાર કહેવાય, સંઘ વગેરેના મહાન્ કાર્ય-પ્રયોજનવાળો અથવા મહાનિર્જરાવાળો તે મહત્તરાગાર આગાર, અને ગૃહસ્થ તથા બન્દી વગેરે સંબંધી આગાર તે સાગારી આગાર કહેવાય.**

---

૧-૨ એવી દિગ્મૂઢતા વખતે વાસ્તવિક રીતે સૂર્ય પૂર્વમાં જ હોય છે, પરન્તુ તેને પશ્ચિમ જાણવાથી 'સૂર્ય પૂર્વ દિશા છોડીને પશ્ચિમ દિશામાં એટલે સુધી ખસી આવ્યો તેથી મધ્યાહ્નકાળ પણ વીતી જવાથી પોરિસી વગેરેનો કાળ તો કયારનોએ થઈ ગયો' એવો અભિપ્રાય ઉત્પન્ન થાય છે તેથી પૂર્વને પશ્ચિમ જાણવાનો એક જ પ્રકાર કહેવા છતાં પણ પશ્ચિમને પૂર્વ જાણવાનો પ્રકાર તો અર્થાપત્તિથી જ પ્રાપ્ત થાય છે, જેથી એ બીજો પ્રકાર સ્પષ્ટ ન કહે તો પણ ગ્રહણ કરવામાં વિરોધ નથી, પરંતુ એ બે સિવાયના શેષ પ્રકારોનું ગ્રહણ કરવાનું અહીં કારણ નથી.

**भावार्थ** :- સૂર્યોદયથી ૬ ઘડી વીત્યા બાદ પહેલી [1]સૂત્રપોરિસી પૂર્ણ થાય છે, તે વખતે પોરિસીનો કાળ પાદોનપોરિસી (પોણીપોરિસી) જેટલો થયેલો હોય છે, તે પાદોનપોરિસી અથવા સૂત્રપોરિસી થતાં મુનિ મહારાજ "ઉગ્ઘાડા પોરિસી" અથવા "બહુ પડિપુન્ના પોરિસી" કહીને મુહપત્તિ પડિલેહણા કરે, એવી સામાચારી (=મુનિનો વિધિમાર્ગ) છે, તે "ઉગ્ઘાડા પોરિસી" શબ્દથી પોરિસીના પચ્ચક્ખાણવાળો (પોરિસી પૂર્ણ થયાની) ભ્રાન્તિ ઉત્પન્ન થતાં "પોરિસી પૂર્ણ થઈ" એમ જાણી, પોણી પોરિસી વખતે જ એટલે પોરિસી પૂર્ણ થયા પહેલાં જ પચ્ચક્ખાણ પારે તો પણ પોરિસીના પચ્ચ૦નો ભંગ ન થાય તે કારણથી साहुवयणेणं (એટલે " *ઉગ્ઘાડા પોરિસી" એવું સાધુનું વચન સાંભળવા વડે) એ આગાર રાખવામાં આવે છે, પરન્તુ પાછળથી માલૂમ પડે તો તેનો વિવેક પ્રથમ કહ્યા પ્રમાણે સાચવવો.

તીવ્ર શૂળ વગેરેની વેદનાથી અત્યંત પીડા પામતાં પ્રત્યાખ્યાનવાળા પુરુષને તે અતિપીડાથી કદાચ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન થવાનો પણ સંભવ છે, અને તેવા દુર્ધ્યાનથી તે જીવ દુર્ગતિમાં જાય છે, જેથી તેવું દુર્ધ્યાન થતું અટકાવવા માટે ઔષધાદિ લેવાના કારણે પોરિસી આદિ પચ્ચ૦ નો કાળ પૂર્ણ થયા પહેલાં પણ તે વેદનાથી વ્યાકુળ થયેલો જીવ જો પોરિસી આદિ પચ્ચ૦ પારે તો પણ પચ્ચ૦ નો ભંગ ન ગણાય, તે માટે सव्वसमाहिवत्तियागारेणं આગાર રાખવામાં આવે છે. (અહીં દુર્ધ્યાનના सव्व=સર્વથા અભાવ વડે समाहि=સમાધિ એટલે શરીરની સ્વસ્થતા થવી તે वत्तिय=પ્રત્યય-હેતુ-કારણવાળા आगारेण=આગાર વડે પચ્ચ૦ ભંગ ન ગણાય એ શબ્દાર્થ છે.

---

૧ પહેલી ૬ ઘડી સુધીમાં સૂત્ર ભણી શકાય છે માટે પહેલી सूत्रपोरिसी, અને બીજી ૬ ઘડી સુધીમાં અર્થ ભણાય માટે બીજી अर्थपोरिसी તે કારણથી જ મુનિમહારાજ પ્રથમ (પાદોન) પોરિસીમાં અર્થાત્ સૂત્રપોરિસીમાં પહેલું સૂત્રનું વ્યાખ્યાન વાંચી સૂત્રપોરિસી પૂર્ણ થયે મુહપત્તિ પડિલેહી પુનઃ અર્થનું એટલે ચરિત્ર વગેરેનું બીજું વ્યાખ્યાન વાંચે છે, એ બે, વ્યાખ્યાનની વચ્ચે સાધુ-સાધ્વી અને પૌષધવ્રતી શ્રાવકો પણ જે મુહપત્તિ પડિલેહે છે તે સૂત્રપોરિસી પૂર્ણ થયાની અને તે વખતે શ્રાવિકાઓ વિશેષ સ્વાધ્યાય અર્થે ગહુંલિ ગાય છે.

* પોરિસીના પચ્ચ૦ નો કાળ સૂર્યોદયથી જુદા જુદા અનિયત પ્રમાણવાળો છે, અને સૂત્રપોરિસીનો (=પાદોન પો૦ નો) કાળ તો હંમેશાં સૂર્યોદયથી ૬ ઘડીનો નિયત હોય છે, માટે "ઉગ્ઘાડા પોરિસી" એ વચન પોરિસીના પચ્ચ૦ વાળાને ભ્રાન્તિ ઉત્પન્ન કરે છે, અને તેથી અપૂર્ણ કાળે પચ્ચ૦ પારવાનું બને છે.

અથવા તેવી પીડા પામતા સાધુ વગેરે ધર્મી આત્માઓનું ઔષધાદિ કરવા જનાર વૈદ્ય વગેરે પણ જો અપૂર્ણ કાળે પોરિસી આદિ પચ્ચ૦ પારે તો તે વૈદ્યાદિકને પણ પચ્ચ૦ ભંગ ન ગણાય. એ પ્રમાણે આ આગાર સાધુ આદિકને માટે અને વૈદ્યાદિકને માટે પણ છે. (ઇતિ ધર્મ સં૦ વૃત્તિ, પ્રવ૦ સારો૦ વૃત્તિ આદિ).

પચ્ચ૦થી થતી નિર્જ્જરાની અપેક્ષાએ જેમાં महत्तर=ઘણી મોટી નિર્જ્જરા થતી હોય તેવું સંઘનું અથવા ચૈત્યનું અથવા ગ્લાન મુનિ આદિનું કોઈ મોટું કાર્ય આવી પડ્યું હોય, અને તે મહાન્ કાર્ય બીજા પુરુષથી થઈ શકે તેવું ન હોય તો તેવા પ્રસંગે પોરિસી આદિ પચ્ચ૦નો કાળ પૂર્ણ થયા પહેલાં પણ પોતે તે પચ્ચ૦ પારીને જાય તો પચ્ચ૦ નો ભંગ ન ગણાય તે કારણથી महत्तरागारेणं એ આગાર રાખવામાં આવે છે.

તથા એકાશનાદિકમાં સાગારી આગાર આવે છે, ત્યાં सागारी એટલે (મુનિની અપેક્ષાએ) કોઈપણ ગૃહસ્થ, અને (શ્રાવકની અપેક્ષાએ) જેની દૃષ્ટિથી અન્ન પચે નહિ એવો મનુષ્ય. અહીં તાત્પર્ય એ છે કે- મુનિ કોઈપણ ગૃહસ્થના દેખતાં ભોજન ન[1] કરે એવી સાધુ સામાચારી છે, તેથી એકાશન કરતી વખતે કોઈ ગૃહસ્થ આવી પડે અને જો તે વધારે વખત ઊભો નહિ રહે તેમ જણાય તો મુનિએ ક્ષણવાર ભોજન કરતાં અટકવું, અને વધારે વખત ઊભો રહેશે એમ જણાય તો ભોજન કરતાં કરતાં વચમાં પણ ઊઠીને બીજે સ્થાને જઇ ભોજન કરે તો એકાશનનો ભંગ ન ગણાય તે કારણથી सागारिआगारेणं એ આગાર રાખવામાં આવે છે. તેવી જ રીતે જેની દૃષ્ટિ પડવાથી ભોજન ન પચી શકે અને અવગુણ કરે તેવી દૃષ્ટિવાળો મનુષ્ય આવી પડતાં ગૃહસ્થ પણ એકાશન (ભોજન) કરતો વચમાં ઊઠીને [2]અન્ય સ્થાને જઈ ભોજન કરે. એ પ્રમાણે મુનિને તથા શ્રાવકને

---

૧. તેનો હેતુ વિસ્તાર સહિત શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટકજીમાંથી (આહાર અષ્ટક નામના અષ્ટકમાંથી) જાણવા યોગ્ય છે.

૨. તેવી દૃષ્ટિ સિવાયનો કોઈ અન્ય ગૃહસ્થ ભોજન વખતે આવે તો તેને જમવાની યથાયોગ્ય નિમંત્રણા કરે, અને નિમંત્રણા સ્વીકારે તો તેને વિવેકપૂર્વક જમાડે. તેમ જ બહાર યાચક વગેરે આવ્યા હોય તો તેઓને પણ યથાશક્તિ (કિંચિત્ પણ) આપે; પરંતુ સર્વથા નિરાશ કરી ન કાઢે, કારણ કે ગૃહસ્થનો દાન ધર્મ છે, માટે ભોજન વખતે અવંગુયદ્વાર (ખુલ્લાં દ્વાર) રાખવાનું કહ્યું છે. પરંતુ રખેને કોઈ આવી પડશે તો કાંઈક આપવું પડશે, એવા ભયથી બંધબારણે ભોજન કરવું તે ગૃહસ્થોને અંગે તો કૃપણતા અને એકલપેટાપણું ગણાય.

અંગે જે સાગારિક આગાર કહ્યો તે સાગારિકના ઉપલક્ષણથી (કેવળ સાગારિક જ નહિ પરંતુ) બન્દિ (ભાટ ચારણ આદિ)-સર્પ-અગ્નિભય-જળની રેલ-તથા ઘરનું પડવું ઇત્યાદિ અનેક આગાર (આ સાગારિ આગારમાં) અન્તર્ગત જાણવા.

**अवतरण** :- આ ગાથામાં ૯-૧૦-૧૧-૧૨ એ ચારે આગારનો અર્થ કહે છે-

**आउंटण-मंगाणं, गुरुपाहुणसाहु गुरु अभुट्ठाणं ।**
**परिठावण विहिगहिए, जईण पावरणि कडिपट्टो ॥२६॥**

શબ્દાર્થ :-

**आउंटणं**=આકુંચન પ્રસારણ (લાંબું ટૂંકું કરવું)
**अंगाणं**=અંગોનું, હાથ પગ વગેરેનું
**विहिगहिय**=વિધિપૂર્વક ગ્રહણ કર્યે છતે.
**जइण**=યતિને, મુનિને.
**पावरणि**=પ્રાવરણના (વસ્ત્રના) પચ્ચક્ખાણમાં
**कडिपट्टो**=કટિવસ્ત્રનો-ચોલપટ્ટનો આગાર

**गाथार्थ** :- **અંગને લાંબું-ટૂંકું કરવું તે "આઉંટણપસારેણં" આગાર, ગુરુ આવ્યે અથવા પ્રાહુણા સાધુ (વડીલ પ્રાહુણા) આવ્યે ઊઠીને ઊભા થવું તે "ગુરુઅબ્ભુટ્ઠાણેણં" આગાર, વિધિપૂર્વક ગ્રહણ કરતાં વધેલો આહાર પરઠવવા યોગ્ય હોય તેને (ગુરુ આજ્ઞાએ) વાપરવો તે "પારિટ્ઠાવણિયાગારેણં" આગાર, યતિને જ હોય છે, તેમજ વસ્ત્રના પચ્ચક્ખાણમાં "ચોલપટ્ટાગારેણં" આગાર પણ યતિને જ હોય ॥૨૬॥**

**भावार्थ** :- એકાશનમાં હાથ, પગ વગેરે અવયવોને સ્થિર રાખી ઘણી વાર બેસી ન શકાય તો હાથ, પગ વગેરેને "આઉંટણ"- આકુંચન કરતાં એટલે સંકોચતાં, તેમજ "પસારેણં" એટલે પસારતાં-લાંબા કરતાં એકાશનનો ભંગ ન ગણાય, તે કારણથી **आउंटणपसारेणं** આગાર રાખવામાં આવે છે.

તથા એકાશન કરતી વખતે ગુરુ મહારાજ પધારે અથવા તો કોઇ વડીલ પ્રાહુણા સાધુ પધારે તો તેમનો વિનય સાચવવા માટે એકદમ ઊઠીને ઊભા થવું જોઈએ, માટે તે વખતે "અબ્ભુટ્ઠાણેણં" એટલે ઊભા [1]થતાં પણ એકાશનનો ભંગ ન ગણાય તે કારણથી **गुरुअब्भुट्ठाणेणं** આગાર રાખવામાં આવે છે, આ આગાર વિનયધર્મનું કેટલું પ્રાધાન્ય દર્શાવે છે !

---

૧. આ આગાર ઊભા થવા માત્રનો છે, પણ ચાલીને સન્મુખ જવા માટેનો નથી.

તથા વિધિ વડે ગ્રહણ કરેલ એટલે વિધિપૂર્વક વહોરી લાવેલું હોય, અને અન્ય મુનિઓએ વિધિપૂર્વક [૧]વાપરતાં તે ભોજન કિંચિત્ વધ્યું હોય તો તે પારિષ્ઠાવણીય એટલે પરઠવવા યોગ્ય (=સર્વથા ત્યજવા યોગ્ય) ગણાય છે; પરંતુ તે વધેલા ભોજનને પરઠવતાં અનેક દોષ જાણીને ગુરુ મહારાજ ઉપવાસ તથા એકાશનાદિ પચ્ચ૦ વાળા મુનિને એકાશનાદિ કરી લીધા બાદ પણ વાપરવાની આજ્ઞા કરે તો તે મુનિને ફરીથી આહાર વાપરતાં પણ ઉપવાસ તથા એકાશનાદિ પચ્ચ૦ નો ભંગ ન ગણાય, તે કારણથી पारिठ्ठावणियागारेणं આગાર રાખવામાં આવે છે. આ આગાર (આહાર)માં પચ્ચ૦ વાળા મુનિએ ગુરુની પવિત્ર આજ્ઞા જ આરાધવાની છે, પરંતુ આહાર ઉપર કિંચિત્માત્ર પણ લોલુપતા રાખવાની નથી, તેમજ "ગુરુમહારાજની આજ્ઞાથી આટલો પણ આહાર વાપરવાનું બન્યું તો ઠીક થયું, નહિતર આજે એકાશનાદિ પચ્ચક્ખાણ મને બહુ ભારી-આકરૂં થાત્" ઇત્યાદિ રીતે પણ આહારની અનુમોદના કરવાની નથી. આ આગાર [૨]મુનિને જ હોય છે. તથા અહીં એટલું વિશેષ છે કે-ઉપવાસ એકાશન વગેરે જો ચઉવિહારથી કરેલ હોય અને પરઠવવા યોગ્ય આહારમાં પણ અન્ન અને પાણી એ બન્ને ચીજ વધી હોય તો તે બે ચીજ ગ્રહણ કરવી કલ્પે, કારણ કે પાણી ન વધ્યું હોય અને કેવળ આહાર જ વધ્યો હોય તો ચઉવિહાર પચ્ચ૦ માં મુખશુદ્ધિ કેવી રીતે થાય ? માટે આહાર સાથે પાણી પણ વધેલું હોવું જોઈએ, અને જે મુનિએ ઉપવાસ વા એકાશન વગેરે તિવિહારથી કરેલ હોય તેને તો પાણી પીવાની પ્રથમથી જ છૂટ હોવાથી પાણી ન વધ્યું હોય અને કેવળ આહાર જ વધ્યો હોય તો એકલો આહાર ગ્રહણ કરવો પણ કલ્પે, કારણ કે તે વધેલો આહાર વાપરીને (તિવિહારથી છુટા રહેલા,) પાણી વડે તે મુખશુદ્ધિ કરી શકે છે.

તથા આ આગાર એકાશન=એકલઠાણું આયંબિલ-નીવિ-ઉપવાસ-છઠ્ઠ અને અઠ્ઠમ સુધીના પચ્ચ૦માં હોય, તે ઉપરાંત દશભક્તાદિ (ચાર ઉપવાસ આદિ)

---

૧ અહીં વિધિગ્રહિત અને વિધિભુક્ત
વિધિગ્રહિત અને અવિધિભુક્ત
અવિધિગ્રહિત અને વિધિભુક્ત
અવિધિગ્રહિત અને અવિધિભુક્ત
} એ ૪ ભાંગમાંથી પહેલા ભાંગાવાળો આહાર આ આગારમાં કલ્પે, શેષ ત્રણ ભંગોનો આહાર ન કલ્પે.

૨ શ્રાવકને એકાશનાદિ પચ્ચ૦ માં આ આગાર ઉચ્ચરાવાય છે તે પચ્ચ૦ નો આલાપક (આલાવો-પાઠ) ખંડિત ન કરવા માટે જ, પરંતુ એ આગાર શ્રાવકને પણ હોય એવા કારણથી નહિ. (-ધર્મ સં૦ વૃત્તિઃ)

પચ્ચ૦માં ન હોય, તથા આ આગારના સંબંધમાં બીજો પણ વિશેષ વિધિ છે તે સિદ્ધાંતથી જાણવા યોગ્ય છે.

તથા વસ્ત્ર ન પહેરવા છતાં પણ અવિકારી રહેનારા એવા જિતેન્દ્રિય મહામુનિઓ અમુક અમુક પ્રસંગે (કટિવસ્ત્ર વગેરે) વસ્ત્રનું પણ અભિગ્રહ પચ્ચ૦ કરે છે, તેવા વસ્ત્રના ત્યાગી-અભિગ્રહધારી મુનિ વસ્ત્રરહિત થઈ બેઠા હોય, અને તેવા પ્રસંગે જો કોઈ ગૃહસ્થ આવે તો ઊઠીને તુરતં ચોલપટ્ટ પહેરી લે તો તે જિતેન્દ્રિય મુનિને વસ્ત્રના અભિગ્રહ પચ્ચક્ખાણનો ભંગ ન ગણાય, તે કારણથી **चोलपट्टागारेणं** આગાર રાખવામાં આવે છે. આ આગાર પણ મુનિને જ હોય, પરંતુ શ્રાવકને [1]નહિ. અહીં ચોલ એટલે પુરુષચિહ્ન તેને ઢાંકનારૂં પટ્ટ-વસ્ત્ર તે ચોલપટ્ટ કહેવાય એ શબ્દાર્થ છે.

વળી પ્રાવરણના પચ્ચક્ખાણમાં અન્ન૦-સહ૦-ચોલ૦-મહ૦ સવ્વ૦ એ પાંચ આગાર પૂર્વે ૧૭ મી ગાથામાં કહ્યા છે, તેથી સંભવે છે કે એ અભિગ્રહ એકાશનાદિક વિના જુદો પણ લઈ શકાય છે અને તે પચ્ચક્ખાણમાં "पांगुरणसहिअं पच्चक्खामि" अन्नत्थणाभोगेणं ઈત્ય'દિ આલાપક ઉચ્ચરવામાં આવે છે.

**अवतरण :-** આ ગાથામાં ૧૩-૧૪-૧૫-૧૬ એ ચાર આગારનો અર્થ કહેવાય છે-

## खरडिय लूहिय डोवा-इ लेव संसट्ठ डुच्च मंडाई।
## उक्खित्त पिंड विगई-ण मक्खियं अंगुलीहिं मणा ॥२७॥

**શબ્દાર્થ :-**

**खरडिय**=ખરડાયેલી
**लूहिय**=લુંછેલી, લોહેલી
**डोव आइ**=ડોયો-કડછી વગેરે
**लेव**=લેવાલેવેણ આગાર
**संसट्ठ**=સંસૃષ્ટ, (ગૃહસ્થે) મિશ્ર કરેલ તે અને ગિહત્થ સંસટ્ઠેણં આગાર
**डुच्च**=શાક
**मंडाइ**=માંડા, પૂડા (રોટલી) વગેરે
**उक्खित्त**=ઉત્ક્ષિપ્ત=ઉપાડી લીધેલી, અને ઉક્ખિત્તવિવેગેણં આગાર
**पिंडविगईण**=પિંડ વિગઇને
**मक्खियं**=મ્રક્ષિત=મસળેલ, અને પડુચ્ચમક્ખિએણં આગાર
**अंगुलीहिं**=અંગુલીઓ વડે
**मणा**=મનાક્=કિંચિત્

---

૧ **પ્રશ્નઃ-** એ આગાર વર્તમાન સમયે અપાતા પચ્ચ૦ ના આલાવામાં કેમ બોલવામાં આવતો નથી ?

**ઉત્તરઃ-** વર્તમાનકાળમાં વસ્ત્રના પચ્ચ૦નો અભાવ છે માટે, અને પ્રાચીનકાળમાં પણ કોઈક મુનિને અંગે જ એ આગાર ઉચ્ચરાવાતો હોવાથી પચ્ચ૦ ના આલાવામાં હંમેશ માટે સંબંધવાળો ન હોય, એમ સંભવે છે. વળી સાધ્વી હંમેશાં વસ્ત્રધારી જ હોય માટે સાધ્વીને પણ એ આગાર નથી.

**गाथार्थ :-** **(અકલ્પનીય દ્રવ્યથી) ખરડાયેલી કડછી વગેરેને લુહી નાખેલી હોય તે લેવાલેવેણં આગાર, શાક તથા માંડા વગેરેને ગૃહસ્થે (વિગઈથી) મિશ્ર કરેલ હોય (=સ્પર્શાવેલ હોય) તે ગિહત્થસંસટ્ઠેણં આગાર, પિંડવિગઈને ઉપાડી લીધી (=લઈ લીધી) હોય તે ઉક્ખિત્તવિવેગેણં આગાર, અને રોટલી વગેરેને કિંચિત્ (વિગઈથી) મસળી હોય તે પડુચ્ચમક્ખિએણં આગાર. ॥૨૭॥**

**भावार्थ :-** આયંબિલ તથા નીવિમાં ન કલ્પે એવી વિગઈ વડે डोवाइ=ડોયા-કડછી વગેરે. खरडिय=ખરડાયેલી હોય તે લેપ, અને તેને लूहिय=લુછી નાખ્યાથી અલેપ ગણાય છે, તો પણ કિંચિત્ અંશ રહી જવાથી (અર્થાત્ સર્વથા અલેપ નહિ થવાથી) લેપાલેપ ગણાય છે, માટે તેવા લેપાલેપવાળી કડછી વગેરેથી અથવા લેપાલેપ ભોજનમાંથી આહાર ગ્રહણ કરી વાપરતાં પચ્ચ૦નો (આયંબિલ તથા નીવિનો) ભંગ થયો ન ગણાય, તે કારણથી लेवालेवेणं આગાર રાખવામાં આવે છે.

તથા (દુચ્ચ=) શાક તથા કરંબો વગેરેને વઘારવાદિકથી તથા (મંડાઇ=) રોટલા-રોટલી વગેરેને લેવામાં લેપવાળી હથેલી ઘસીને ગૃહસ્થે પ્રથમથી જ આયંબિલાદિકમાં ન કલ્પે એવી વિગઈ વડે પોતાના માટે (સંસૃષ્ટ=) મિશ્ર કરેલ હોય એટલે કિંચિત્ લેપવાળી કરેલ હોય, તેથી ભોજનમાં પણ તેનો કિંચિત્ અંશ આવે, તો તેવા વિગઇના અલ્પ સ્પર્શવાળા ભોજનથી પણ આયંબિલ પચ્ચ૦નો ભંગ ન ગણાય તે કારણથી [1]गिहत्थसंसट्ठेणं આગાર મુનિને માટે રાખવામાં આવે છે, વળી તે અકલ્પનીય વિગઇનો રસ જો સ્પષ્ટ અનુભવમાં ન આવે તો એ આગારમાં ગણાય, પરંતુ જો અનુભવમાં આવે તેવો અધિક રસ હોય તો પચ્ચ૦નો ભંગ ગણાય. તથા શ્રાવકને તો એવા અલ્પમિશ્ર ભોજનથી પણ આયંબિલનો ભંગ ગણાય. કારણ કે શ્રાવકે તો ભોજન સામગ્રી પોતાના ઉદ્દેશથી પોતાના હાથે બનાવવાની છે, અને મુનિને તો પોતાના માટે નહિ બનાવેલું એવું નિર્દોષ ભોજન શ્રાવક પાસેથી ભિક્ષાવૃત્તિથી લેવાનું છે, માટે મુનિને જ એ આગાર રાખવાની જરૂર છે, પણ શ્રાવકને નહિ, (છતાં શ્રાવકને પચ્ચ૦ આપતાં એ આગાર બોલવામાં આવે છે તે પચ્ચ૦નો આલાપક

---

૧ આ ગ્રંથમાં આ આગાર ભોજન બનતી વખતે ભોજનની અંદર ગૃહસ્થે પોતાને માટે જાણી જોઈને પ્રથમથી જ કરેલી મિશ્રતાનો છે, અને બીજા ગ્રંથોમાં તો ભોજનના પાત્રમાં પ્રથમથી લેપાયેલી (પણ લૂછ્યા વિનાની) વિગઇથી થયેલી મિશ્રતાનો કહ્યો છે.

ખંડિત ન થવાના કારણથી), એ આગારનો અર્થ આયંબિલને અંગે કહ્યો, અને વિગઈ તથા નીવિના પચ્ચ૦ને અંગે જે વિશેષ-જુદો અર્થ છે, તે આગળ કહેવાતી ૩૬મી ગાથાના અર્થથી જણવો.

તથા રોટલી વગેરે ઉપર પ્રથમ મૂકી રાખેલી ગોળ વગેરે પિંડવિગઈને (ઉક્ખિત=) ઉપાડી લઇ (વિવેગ=વિવિક્ત=) અલગ કરી દીધી હોય તો પણ તે પિંડવિગઈનો કિંચિત્ અંશ રહી જાય છે. માટે તેવી (પિંડવિગઇના કિંચિત્ સ્પર્શ-લેપવાળી) રોટલી વગેરે વાપરતાં આયંબિલાદિ પચ્ચ૦ નો ભંગ ન થાય તે કારણથી उक्खित्तविवेगेणं આગાર રાખવામાં આવે છે. આ આગાર પણ મુનિને માટે હોવાથી શ્રાવકે સેવવા યોગ્ય નથી. અહીં સર્વથા ઉપાડી ન શકાય તેવી પિંડવિગઇને ઉપાડી લેવાથી રહેલા અધિકમિશ્રતાવાળા ભોજન વડે તો પચ્ચ૦નો ભંગ જ થાય એમ જાણવું.

તથા રોટલી વગેરે કુમળી-સુંવાળી કરવાને નીવિમાં ન કલ્પે એવી ઘી વગેરે વિગઇનો હાથ દેવામાં (આંગળીઓથી ઘી ઘસવામાં અથવા લુવાને કિંચિત્ મસળવામાં) આવે છે, તો તેવી અલ્પ લેપવાળી રોટલી વગેરેના ભોજનથી નીવિના પચ્ચ૦નો ભંગ ન થાય તે કારણથી पडुच्चमक्खिएणं આગાર રાખવામાં આવે છે. (અને પડુચ્ચ=પ્રતીત્ય એટલે (સર્વથા રૂક્ષ-લૂખાની) અપેક્ષાએ મક્ખિય મ્રક્ષિત એટલે કિંચિત્ સ્નેહવાળું કરવું એવો શબ્દાર્થ છે) આ આગાર કેવળ નીવિના પચ્ચ૦માં જ મુનિને માટે કહેવામાં આવે છે. તથા વિગઈની સૂક્ષ્મ પણ ધાર રેડીને જો રોટલી વગેરે મસળી હોય તો તેવા ભોજનથી નીવિના પચ્ચ૦ નો ભંગ થાય છે.

**अवतरण :-** આ ગાથામાં પાણીના ૬ આગારનો અર્થ કહેવાય છે-

**लेवाडं आयामाइ इयर, सोवीर-मच्छमुसिणजलं ।**
**धोयण बहुल ससित्थं, उस्सेइम इयर सित्थविणा ॥२८॥**

**શબ્દાર્થ :-**

**लेवाडं**=લેપકૃત, લેવેણવા આગાર
**आयामं**=આચામ્લ, ઓસામણ
**इयर**=ઇતર. અલેપકૃત, અલેવેણવા આગાર
**सोवीरं**=સોવીર, કાંજી
**अच्छ**=નિરમલ, અચ્છેણવા આગાર
**उसिण**=ઉષ્ણ, ઉકાળેલું
**धोयण**=(તંદૂલ વગેરેના) ધોવણ
**उस्सेइम**=ઉત્સ્વેદિમ, લોટ (થી ખરડાયેલા હાથ વગેરે)નું ધોવણ
**बहुल**=બહુલ, ગડુલ, બહુલેવેણવા આગાર
**ससित्थ**=દાણા સહિત, સસિત્થેણવા આગાર
**इयर**=તેથી ઇતર, અસિત્થેણવા આગાર
**सित्थविणा**=લોટના મિશ્રણ વિનાનું પાણી

**ગાથાર્થ** :- ઓસામણ વગેરે લેપકૃત્ પાણી કહેવાય, તેથી (તેની છૂટવાળો) "લેવેણ વા" આગાર છે, કાંજી વગેરે અલેપકૃત્ પાણી છે, માટે "અલેવેણ વા" આગાર છે, ઉષ્ણ જળ તે અચ્છ-નિર્મળ તેની છૂટવાળો "અચ્છેણ વા" આગાર છે, ચોખા વગેરેનું ધોવણ તે બહુલ કહેવાય માટે તેની છૂટવાળો "બહુલેવેણ વા" આગાર છે. લોટનું ધોવણ સસિત્થ (દાણા-વાળું૦ ગણાય, માટે તેની છૂટવાળો "સસિત્થેણ વા" આગાર છે, અને તેથી ઈતર-ઊલટો "અસિત્થેણ વા" આગાર છે. ॥૨૮॥

**ભાવાર્થ** :- તિવિહારના પચ્ચક્ખાણમાં (અશન-પાન-ખાદિમ-સ્વાદિમ એ ૪ પ્રકારના આહારમાંથી) કેવળ પાણીનો એક જ આહાર કલ્પે છે, અને શેષ ત્રણ આહારનો ત્યાગ થાય છે, જેથી કદાચ શુદ્ધ પાણી ન મળે, અને [1]ઓસામણનું પાણી, અથવા [2]ખજુરનું, આમલીનું કે દ્રાક્ષ વગેરેનું ઇત્યાદિ લેપ કૃત્[3] પાણી મળે, કે જેમાં ત્યાગ કરેલ અશન અથવા ખાદિમ વા સ્વાદિમ પદાર્થનાં રજકણો મિશ્ર થયેલ હોય તો કારણસર તેવું લેપકૃત્ પાણી પીવાથી પણ પચ્ચ૦ નો (તિવિહાર ઉપવાસાદિકનો) ભંગ ન ગણાય, તે કારણથી [4]लेवेण वा આગાર રાખવામાં આવે છે. એ દ્રાક્ષાદિકનાં પાણી ભાજનમાં રાખવાથી ભાજનને લેપવાળું-ચીકણું કરે છે માટે એ પાણીઓને શાસ્ત્રમાં "લેપકૃત્" (=લેપ-ચીકાશ કરનારાં) કહ્યાં છે.

તથા શુદ્ધ પાણીના અભાવે કદાચ કારણસર સોવીર-કાંજી (છાશની આછ) ઈત્યાદિ અલેપકૃત્ પાણી મળે તો તેવું પાણી (કાંજી વગેરે) પીવાથી તિવિહાર ઉપવાસાદિ પચ્ચ૦નો ભંગ ન થાય તે કારણથી अलेवेण वा આગાર રાખવામાં આવે છે. કાંજી વગેરેનું પાણી જે ભાજનમાં રહ્યું હોય તે ભાજનને અલેપ રાખે છે, એટલે તે ભાજન ચીકાશવાળું થતું નથી માટે કાંજી વગેરેને અલેપકૃત પાણી કહ્યું છે. અહીં અલેપ એટલે અલ્પ લેપ એવો અર્થ સંભવે છે.

---

૧ રાંધેલા અનાજનું દાણા વિનાનું અને ડહોળું નહિ એવું નીતર્યું પાણી.

૨ ગૃહસ્થે ખજૂરના ગળપણમાં કરેલું નીતર્યું પાણી, તેવી જ રીતે દ્રાક્ષાદિકના પાણી પણ નીતર્યા હોય તે લેવાં સંભવે પરન્તુ ડહોળા હોય તો ખજૂરાદિનો (ત્યાગ કરેલ પદર્થોનો) ચાવવા જેવો ભાગ આવી જવાથી પચ્ચ૦ ભંગ થાય અહીં ખજૂરાદિકનું પાણી બનાવી કપડાથી ગાળેલું હોય તો તે નીતર્યા પાણી તરીકે કલ્પે એ સંભવે છે.

૩ ભાજનમાં રાખવાથી ભાજનને લેપ-ચીકાશવાળું કરે છે માટે દ્રાક્ષાદિકના જળને શાસ્ત્રમાં લેપકૃત જળ તરીકે કહેલ છે.

૪ वा શબ્દની સાર્થક્તા છ આગરના પર્યન્તે કહેવાશે.

તથા અચ્છ=નિર્મલ જળ એટલે ઉષ્ણ જળ કે જે ત્રણ*ઉકાળા વડે જ ઉકાળેલું હોય તો સર્વથા અચિત્ત થાય છે, તે પાણી પીવાથી તિવિહાર ઉપવાસાદિકનો ભંગ ન થાય તે કારણથી **अच्छेण वा** આગાર કહેવામાં આવે છે. (તિવિહારમાં બનતાં સુધી આ જ પાણી પીવાનું હોય છે, અને શેષ પાંચ આગારવાળાં પાણી તો અપવાદથી કારણસર પીવાનાં હોય છે. તેમાં પણ ગૃહસ્થને તો વિશેષતઃ ઉષ્ણજળ પીવું જોઈએ, માટે શેષ પાંચ આગાર પ્રાયઃ ગૃહસ્થ માટે નહિ, પરંતુ વિશેષતઃ મુનિને જાણવા.) વળી ફળાદિકનાં ધોવણ અથવા ફળાદિકનાં નિર્મળ[1] અચિત્ત જળ પણ આ આગારમાં ગણાય છે.

તથા તલનું ધોવણ અથવા તંદૂલનું ધોવણ વગેરે ગડુલજળ અથવા બહુલજળ કહેવાય છે, તેવું બહુલજળ પીવાથી પણ પચ્ચ૦ નો ભંગ ન થાય તે કારણથી **बहुलेवेण वा** આગાર રાખવામાં આવે છે.

તથા સિત્થ એટલે ધાન્યનો દાણો તે (स=) સહિત જે જળ તે સસિત્થ જળ કહેવાય, જેથી ઓસામણ વગેરે પાણીમાં રંધાયેલો દાણો રહી ગયો હોય, અથવા રંધાયેલા દાણાનો નરમ ભાગ રહી ગયો હોય તો તેવું ઓસામણ વગેરે પાણી પીવાથી પચ્ચ૦નો ભંગ ન ગણાય, તેમજ તિલોદક (તિલનું ધોવણ) તંદુલોદક (તંદુલનું ધોવણ) વગેરેમાં તિલ વગેરેનો (નહિ રંધાયેલો કાચો) દાણો રહી ગયો હોય તો તેવું પાણી પીવાથી પચ્ચ૦ ભંગ ન ગણાય, તે કારણથી **ससित्थेण वा** આગાર રાખવામાં આવે છે. તથા ગાથામાં કહેલ ઉત્સ્વેદિમનું તાત્પર્ય આ પ્રમાણે- પિષ્ટજળ અને પિષ્ટ ધોવણ એ બન્ને પ્રકારનું ઉત્સ્વેદિમ જળ તે સસિત્થ જળ કહેવાય, ત્યાં મદિરાદિ બનાવવા માટે લોટ પલાળ્યો હોય તેવું (લોટ કોહ્યા પહેલાંનું) જળ તે પિષ્ટ જળ, અને લોટથી ખરડાયેલા હાથથી ભાજન વગેરે ધોયાં હોય તે પિષ્ટ ધોવણ કહેવાય, એ બન્ને પ્રકારના પાણીમાં લોટનાં રજકણો

---

*કાચું પાણી પ્રાયઃ ઘણું સચિત્ત અને થોડું અચિત્ત એવું મિશ્ર હોય છે. એક વાર ઉકાળો આવેલું પાણી તેથી ઘણું અચિત્ત, બે ઉકાળા આવેલું પાણી તેથી પણ અતિઘણું અચિત્ત (અને અલ્પ સચિત્ત) એવું મિશ્ર હોય છે, અને ત્રણ ઉકાળા આવેલું પાણી જ સર્વથા અચિત્ત થાય છે માટે વ્રતધારીઓએ ત્રણ ઉકાળા આવેલું પાણી પીવું, જેવું તેવું ઉકાળેલું પાણી વ્રતમાં દૂષણવાળું છે.

૧ अच्छमुष्णजलमुत्कालितमन्यदपि निर्मलं એ અવચૂ૦ વગેરેના પાઠમાં ઉકાળેલા જળ સિવાયનું બીજું પણ નિર્મળ કહ્યું છે અને જ્ઞા૦ વિ૦ સૂ૦ કૃત બાળાવબોધમાં ફળાદિકનાં ધોવણ કહ્યાં છે માટે અહીં ફળનું જળ પણ "અચ્છેણ વા" માં કહ્યું છે.

આવે છે માટે તેવું પાણી પીવાથી પચ્ચ૦ ભંગ ન ગણાય તે કારણથી **ससित्थेण वा** આગાર રાખવામાં આવે છે.

તથા ઉપર કહેલા સસિત્થ જળને જો ગાળવામાં આવે તો દાણો તથા લોટના રજકણો (સ્થૂળ રજકણો) ન આવવાથી એ જ અસિત્થ જળ કહેવાય, તેવું જળ પીવાથી પણ પચ્ચ૦ ભંગ ન ગણાય તે કારણથી **असित्थेण वा** આગાર રાખવામાં આવે છે. (અહીં પણ અસિત્થ એટલે સર્વથા સિત્થનો અભાવ નહીં, પરંતુ અલ્પસિત્થ એવો અર્થ સંભવે છે.)

અહીં દરેક આગારમાં **वा** શબ્દ આવે છે, તે છ આગારોમાં પ્રતિપક્ષી બે બે આગારોની સમાનતા દર્શાવવા માટે છે, તે આ પ્રમાણે- જેમ અલેવેણ વા આગારથી એટલે લેપ રહિત જળથી પચ્ચ૦ ભંગ થતો નથી. તેમ લેવેણ વા એટલે લેપવાળા જળથી પણ પચ્ચ૦ ભંગ થતો નથી. એ પ્રમાણે જેમ (અચ્છેણ વા=) નિર્મળ જળથી પચ્ચ૦ ભંગ થતો નથી તેમ (બહુલેવેણ વા=) બહુલ જળ વડે પણ પચ્ચ૦ ભંગ થતો નથી તથા જેમ (અસિત્થેણ વા=) અસિત્થ જળ વડે પચ્ચ૦ ભંગ થતો નથી તેમ (સસિત્થેણ વા=) સસિત્થ જળ વડે પણ પચ્ચ૦ ભંગ થતો નથી એ પ્રમાણે અહીં **वा** શબ્દથી બે બે પ્રતિપક્ષી આગારોની અવિશેષતા દર્શાવી છે. ॥ इति ४ थुं आकारद्वारम् ॥

**अवतरण :-** પૂર્વે બાવીસ આગારનો અર્થ કહીને હવે આ પાંચમા દ્વારમાં પ્રથમ છ ભક્ષ્ય વિગઈના ૨૧ ભેદ, તથા ચાર અભક્ષ્ય વિગઈના ૧૨ ભેદ મળી વિગઈના કુલ ૩૩ ભેદ સામાન્યથી-સંખ્યામાત્રથી ગણાવે છે.

## पण चउ चउ चउ दु दुविह, छ भक्ख दुद्धाइ विगइ इगवीसं।
## ति दु ति चउविह अभक्खा, चउ महुमाई विगइबार ॥२९॥

શબ્દાર્થ :- ગાથાર્થને અનુસારે સુગમ છે.

**गाथार्थ :-** ૫-૪-૪-૪-૨-અને ૨ ભેદ, એ પ્રમાણે દૂધ વગેરે છ ભક્ષ્ય વિગઈના ૨૧ ભેદ છે, અને મધ વગેરે ચાર અભક્ષ્ય વિગઈના અનુક્રમે ૩-૨-૩ અને ૪ ભેદ હોવાથી ૧૨ ભેદ છે ॥૨૯॥

**भावार्थ :-** સુગમ છે, પરંતુ પ્રત્યેક ઉત્તરભેદ આ પ્રમાણે--

| | | | |
|---|---|---|---|
| દૂધના | ૫ ભેદ | મધના | ૩ ભેદ |
| દહિંના | ૪ ભેદ | મદિરાના | ૨ ભેદ |
| ઘીના | ૪ ભેદ | માંસના | ૩ ભેદ |
| તેલના | ૪ ભેદ | માખણના | ૪ ભેદ (દહીંની જેમ) |
| ગોળના | ૨ ભેદ | | ૧૨ અભક્ષ્ય વિગઈ |
| પક્વાન્નના | ૨ ભેદ | | |
| | ૨૧ ભક્ષ્ય વિગઈ | | |

એ ૨૧ ભેદ તથા ૧૨ ભેદ કયા કયા તે આગળની ગાથાઓમાં કહેવાશે. જેના આહારથી ઇન્દ્રિયોને તથા ચિત્તને વિગઈ-વિકૃતિ-વિકાર (વિષયવૃત્તિ) ઉત્પન્ન થાય તે विगइ-विकृति કહેવાય.

**अवतरण** :- પૂર્વ ગાથામાં છ ભક્ષ્ય વિગઈના ૨૧ ભેદ સંખ્યામાત્રથી કહ્યા, તે ભેદોને આ બે ગાથામાં નામ સહિત સ્પષ્ટ કરે છે--

**खीर घय दहिय तिल्लं, गुल पक्कन्नं छ भक्ख विगईओ ।**
**गो-महिसि-उट्टि-अय-एलगाण पण दुद्ध अह चउरो ॥३०॥**
**घय दहिया उट्टिविणा, तिल सरिसव अयसि लट्ट तिल्ल चऊ ।**
**दवगुड पिंडगुडा दो, पक्कन्नं तिल्ल घयतलियं ॥३१॥**

શબ્દાર્થ :- ૩૦ મી ગાથાનો

**गुल**=ગોળ
**पक्कन्नं**=પકવાન્ન
**महिसि**=ભેંસનું
**अय**=અજાનું, બકરીનું
**एलगाण**=એડકીનું, ઘેટીનું, ગાડરીનું.
**पण**=પાંચ (પ્રકારનું)

શબ્દાર્થ :- ૩૧ મી ગાથાનો

**उट्टि**=ઊંટડી
**अयसि**=અતસી, અલસી
**लट्ट**=કુસુમ્ભ
**दव**=દ્રવ, રેલો ચાલે એવો નરમ
**पिंड**=કઠિન
**तलियं**=તળેલું

**गाथार्थ** :- ક્ષીર (દૂધ-ઘી-દહીં-તેલ-ગોળ-અને પક્વાન્ન એ ૬ ભક્ષ્ય વિગઈ છે, તેમાં ગાયનું-ભેંસનું-ઊંટડીનું-બકરીનું અને ગાડરીનું દૂધ એમ પાંચ પ્રકારનું દૂધ વિગઈ તરીકે ગણાય છે, अह= અને ચાર પ્રકારનું ઘી તથા દહીં છે તે ઊંટડી વિનાનું જાણવું. તથા તલ-સર્ષપ (સરસવ)-અલસી-અને કુસુંબીના ઘાસનું તેલ એમ ચાર પ્રકારનું તેલ (વિગઈ રૂપ) છે, તથા દ્રવગોળ અને પિંડગોળ એમ બે પ્રકારનો ગોળ વિગઈ તરીકે છે, અને તેલમાં તથા ઘીમાં તળેલું એ બે પ્રકારનું પકવાન્ન વિગઈરૂપ જાણવું. ॥૩૧॥

**भावार्थ** :- સુગમ છે, પરંતુ વિશેષ એ છે કે-દૂધ પાંચ પ્રકારનું છે, અને દહીં તથા ઘી ચાર પ્રકારનું કહ્યું છે, તેનું કારણ એ છે કે-- જેમ ભેંસ વગેરેના દૂધનું દહીં તથા ઘી બને છે, તેમ ઊંટડીના દૂધનું દહીં તથા ઘી બનતું નથી. તથા સ્ત્રી વગેરેના દૂધ વિગઈ તરીકે ગણાતાં નથી. તથા ઉપર કહેલાં ચાર પ્રકારનાં તેલ સિવાય બીજાં એરંડિયું, ડોળિયું, કોપરેલ ભોંયસિંગનું, કપાસિયાનું, ઇત્યાદિ અનેક પ્રકારનાં તેલ છે પરંતુ તે વિગઈ તરીકે નથી. તોપણ તે તેલને [1]લેપકૃત્ તો ગણવાં

---

[1] शेपतैलानि तु न विकृतयः लेपकृतानि तु भवन्ति ઇતિ ધર્મ૦ સં૦ વૃત્તિ વચનાત્ તથા આ ભાષ્યની જ ૩૮મી ગાથામાં પણ એ તેલોને લેપકૃત્ કહેવામાં આવશે.

જોઈએ, (જેથી આયંબિલાદિકમાં તેનો પણ ત્યાગ થાય છે, તેમ જ એ વિગઇરહિત તેલોના લેપથી લેવાલેવેણં આગાર રાખવો જોઈએ ઇતિ તાત્પર્ય).

એ પ્રમાણે આ બે ગાથામાં ૬ ભક્ષ્યવિગઈના ૨૧ ઉત્તરભેદ કહ્યા, અને ચાર અભક્ષ્ય વિગઈના ઉત્તરભેદ કહેવાના હજી બાકી છે, તે પહેલાં ચાલુ પ્રસંગમાં અનુકૂળતા જાણી ગ્રંથકાર એ છ વિગઈનાં જે ૩૦ નીવિયાતાં થાય છે, એટલે એ વિગઈ તે અવિગઈ પણ થાય છે, તે અવિગઈનું સ્વરૂપ જ પ્રથમ દર્શાવશે.

**अवतरण :-** દૂધ વગેર ૬ ભક્ષ્ય વિગઈ જે વિકૃતિ સ્વભાવવાળી છે, તે વિકૃતિ સ્વભાવ જે રીતે દૂર થઈ અવિકૃતિ સ્વભાવવાળી બને છે, તે निर्विकृति (નીવિયાતું) ગણાય છે, તેમાં પ્રથમ દૂધ વિગઈનાં ૫ નીવિયાતાં કહેવાય છે-

## पयसाडि-खीर-पेया-वलेहि-दुद्धट्टि दुद्धविगइगया।
## दक्ख बहु अप्पतंदुल, तच्चुन्नंबिलसहियदुद्धे ॥३२॥

**શબ્દાર્થ :-**

**पयसाडि**=પયઃશાટી, દુગ્ધશાટિકા,
**विगइगया**=વિકૃતિગત, નીવિયાતાં
**दक्ख**=દ્રાક્ષ
**तच्चुन्न**=તેનું (તંદુલનું) ચૂર્ણ (ચોખા વગેરેનો લોટ)
**अंबिल**=ખટાશ

**गाथार्थ :-** દ્રાક્ષ સહિત રાંધેલું દૂધ (પ્રાયઃ *બાસુદી તે) **પયઃશાટી** કહેવાય, ઘણાં તંદૂલ-ચોખા વગેરે સહિત રાંધેલું દૂધ [1]**क्षीर** (ખીર) કહેવાય, અલ્પ તંદૂલ સહિત રાંધેલું દૂધ **पेया**[2] કહેવાય, તંદૂલના ચૂર્ણ (લોટ) સહિત રાંધેલું દૂધ **अवलेहिका**

---

*હાલમાં થતી બાસુદી દ્રાક્ષાદિ રહિત ફક્ત દૂધ ઉકાળીને જ બનાવવામાં આવે છે. માટે નીવિયાતામાં જેમ દૂધપાક દષ્ટિગોચર થાય છે તેમ બાસુદી દષ્ટિગોચર થતી નથી. કારણ કે અન્ય યોગ્ય દ્રવ્યોના સંયોગ વિના વિકૃતિ દ્રવ્યો નિર્વિકૃતિ થતાં નથી. એવો ૩૭ મી ગાથામાં કહેલો ભાવાર્થ પણ હેતુરૂપ સંભવે છે.

૧ વર્તમાનમાં કંઈક સ્થાને રાંધેલો ભાત નાખીને અને કંઈક સ્થાને ચોખા નાખીને પણ ખીર બનાવવામાં આવે છે, અને દૂધપાક જેટલી જાડી નહિ પરંતુ થોડી જાડી બનાવાય છે. કારણ કે ઘણી જાડી કરવા જતાં ચોખા વધારે નાખેલા હોવાથી દૂધ ચોખા બન્ને પિંડરૂપ થઈ જાય. એ રીતે દેશ દેશની પદ્ધતિ પ્રમાણે ખીર જુદી જુદી રીતે બનાવાય છે.

૨ એ પેયા ને પ્રવ૦ સારો૦ વૃત્તિમાં દૂધની કાંજી તરીકે ઓળખાવી છે, તથા વર્તમાનમાં જે દૂધપાક કહેવાય છે તેને જ અહીં પેયા કહેલ છે, એમાં ચોખા અલ્પ આવવાથી (એક શેર દૂધમાં લગભગ ૧ તોલો જેટલા આવવાથી) ઘણો ઉકાળીને જાડો બનાવવામાં આવે છે.

**કહેવાય, અને (કાંજી આદિ) ખાટા પદાર્થ સાથે રાંધેલું દૂધ [1]दुग्धाटी કહેવાય છે. (એ પાંચ રીતે રંધાયેલું દૂધ તે દૂધની પાંચ અવિગઈ-નીવિયાતાં ગણાય, જેથી યોગ વા ઉપધાન સંબંધી નીવિના પચ્ચક્‌ખાણમાં દૂધનાં એ પાંચ નીવિયાતાં કલ્પે પરન્તુ બીજી નીવિમાં નહિ.) ॥૩૨॥**

**भावार्थ :-** ગાથાના અર્થને અનુસારે સુગમ છે, તથા ગાથામાં કહેલ **सहियदुद्धे** એ પદ "**दक्ख**" ઇત્યાદિ દરેક શબ્દની સાથે સંબંધવાળું છે, અને **तंदूल** એ પદ "**बहु**" અને "**अप्प**" એ બે શબ્દ સાથે સંબંધવાળું છે.

**अवतरण :-** હવે આ ગાથામાં ઘી તથા દહીં વિગઇનાં પાંચ નીવિયાતાં કહેવાય છે-

## निब्भंजण-वीसंदण-पक्कोसहितरिय-किट्टि-पक्कघयं ।
## दहिए कंख-सिहरिणि-सलवणदहि घोल-घोलवडा ॥३३॥

**શબ્દાર્થ :-**

**निब्भंजण**=નિર્ભંજન ઘી
**वीसंदण**=વિસ્પંદન ઘી
**पक्क**=પકાવેલી, ઉકાળેલી
**ओसही**=ઔષધી-વનસ્પતિ
**तरिय**=(ઘીની) તરી
**पक्कघयं**=પકાવેલું ઘી
**दहिए**=દહીંમાં, દહીંનાં
**सिहरिणि**=શિખંડ
**घोल**=છાણેલું - ગાળેલું દહીં.

**गाथार्थ :- પકવાન્ન તળાઇ રહ્યા બાદ કઢાઈમાંનું વધેલું બળેલું ઘી તે निर्भंजन તથા દહીંની તર અને લોટ એ બે મેળવીને બનાવેલ કુલેર તે [2]विस्पंदन, औषधि (=વનસ્પતિ વિશેષ) નાખીને ઉકાળેલા ઘીની ઉપર તરી (તર) તે पक्वौषधि तरित, ઘી ઊકળતાં ઘી ઉપર જે ઘીનો મેલ તરી આવે છે તે મેલનું નામ किट्टि. અને આમળાં વગેરે ઔષધિ નાખીને પકાવેલું-ઉકાળેલું ઘી તે पक्व घृत કહેવાય, (એ ઘીનાં પાંચ નીવિયાતાં (=પાંચ પ્રકારનું અવિકૃત ઘી) નીવિમાં કલ્પે.)**

---

૧ કેટલાક આચાર્યો દુગ્ધાટીને બદલે બહલિકા કહે છે, કે જે પ્રાયઃ તુર્ત વીઆયેલી ભેંસ વગેરેના દૂધની બને છે અને તે "બળી" કહેવાય છે.

૨ સિદ્ધાંતોમાં તો અર્ધ બળેલા ઘીમાં તંદૂલ નાખીને બનાવેલ ભોજન વિશેષ તે વિસ્પંદન એમ કહ્યું છે.

તથા જે દહીંમાં ભાત મેળવ્યો હોય તે ભાતવાળું દહીં **करम्ब**, દહીંનું પાણી કાઢી નાખવાથી રહેલા માવામાં અથવા પાણીવાળા દહીંમાં પણ ખાંડ નાખી વસ્ત્રથી છાણ્યું (ઘસીને ગાળ્યું) હોય તે **शिखरिणी**-શિખંડ, લુણ (મીઠું) નાખીને મથન કરેલું (હાથથી અડવાળેલું) દહીં તે [1]**सलवण दधि**, વસ્ત્રથી ગાળેલું દહીં તે **घोल** અને તે ઘોલમાં વડાં નાખ્યાં હોય તે **घोलवडां**, અથવા ઘોલ નાખીને બનાવેલાં વડાં તે પણ ઘોલવડાં કહેવાય, (એ પ્રમાણે દહીંનાં પાંચ નીવિયાતાં (=દહીંની પાંચ અવિગઈ) તે નીવિના પચ્ચ૦માં કલ્પે છે.) ॥૩૩॥

**भावार्थ** :- ગાથાર્થને અનુસારે સુગમ છે. વિશેષ એ જ કે એ ઘી તથા દહીંનાં નીવિયાતાં પણ પ્રાયઃ યોગ વહન કરતા મુનિ મહારાજને તથા શ્રાવકને ઉપધાન સંબંધી નીવિના પચ્ચ૦માં કલ્પે, પરંતુ બીજી નીવિમાં ન કલ્પે.

**अवतरण** :- આ ગાથામાં તેલનાં પાંચ અને ગોળનાં પાંચ નીવિયાતાં કહેવાય છે-

## तिलकुट्टी निब्भंजण पकतिल, पक्कुसहितरिय तिल्लमली ।
## सक्कर गुलवाणय पाय, खंड अद्धकढि इक्खुरसो ॥३४॥

શબ્દાર્થ :- ગાથાર્થ પ્રમાણે સુગમ છે.

**गाथार्थ :- તિલકુટ્ટી, નિર્ભંજન, પક્વતેલ, પક્વૌષધિતરિત અને તેલની મલી એ તેલનાં પાંચ નીવિયાતાં છે. તથા સાકર, ગુલવાણી, પાકો ગોળ, ખાંડ અને અર્ધ ઉકાળેલો ઈક્ષુ (શેલડીનો) રસ, એ ગોળનાં પાંચ નીવિયાતાં છે ॥૩૪॥**

**गाथार्थ :- અહીં તિલકુટ્ટી સિવાયનાં ૪ નીવિયાતાં જે તેલનાં કહ્યાં તે અને વિસ્પંદન સિવાયનાં ૪ નીવિયાતાં ઘીનાં તે બે બે સરખા નામવાળાં અને સરખા અર્થવાળાં છે, તો પણ અહી ંતેલનાં પાંચે નીવિયાતાંના અર્થ કહેવાય છે તે આ પ્રમાણે-**

તલ તથા ગોળ (કઠિન ગોળ) એ બેને ભેગા કરી ખાંડણીમાં ખાંડી એકરસ

૧ શાસ્ત્રમાં એને राजिकाखाट કહે છે, માટે લોકભાષામાં જે દહીંનું રાઈતું અથવા દહીંનો મઠો કહેવાય છે તે એ જ હોય એમ સંભવે છે અને તેમાં સાંગરી વગેરે ન નાખ્યું હોય તો પણ નીવિયાતું કહ્યું છે.

બનાવે છે તે तिळकुटी અથવા તિલવટી[૧] કહેવાય છે, તથા પક્વાન્ન તળ્યા બાદ કઢાઈમાં વધેલું બળેલું તેલ તે निर्भंजन तेल, તથા ઔષધિઓ નાખીને પકાવેલું તેલ તે पक्वतेल, તથા ઔષધિઓ નાખીને પકાવાતા તેલમાં ઉપર જે તરી વળે છે તે पक्वौषधितरित तेल, અને ઉકળેલા તેલની કિટ્ટિ-મેલ તે તેલની મલી અથવા કિટ્ટિ, એ પ્રમાણે તેલનાં એ પંચ નીવિયાતાં ગણાય છે.

તથા साकर કે જે કાંકરા સરખી હોય છે તે, તથા ગોળનું પાણી જે પૂડા વગેરે સાથે ખવાય છે તે गुलपानक-ગુલવાણી[૨] તથા (पाय એટલે) ઉકાળીને કરેલો पाको गोळ કે જે ખાજાં વગેરે ઉપર લેપવામાં આવે છે તે (ગોળની ચાસણી), તથા સર્વ પ્રકારની खांड, તથા (અર્ધક્વથિત=) અર્ધ ઉકાળેલો શેલડીનો રસ તે *अर्धक्वथितइक्षुरस એ પાંચ નીવિયાતાં ગોળ વિગઈનાં જાણવાં.

**अवतरण** :- આ ગાથામાં પક્વાન્ન વિગઈ કે જેનું બીજું નામ કડાહ વિગઈ છે તેનાં પાંચ નીવિયાતાં કહે છે-

**पूरिय तवपूआ बी-अपूअ तन्नेह तुरियघाणाई ।**
**गुलहाणी जललप्पसि, अ पंचमो पुत्तिकयपूओ ॥३५॥**

---

૧ પ્રથમ તલને ખાંડીને ત્યાંરબાદ ઉપરથી ગોળ નાખવામાં આવે છે તે તલની સાણી કહેવાય છે, તથા આખા તલમાં કાચો ગોળ ભેળવાય છે તે તલ સાંકળી, એ બન્ને નીવિના પચ્ચ૦માં ન કલ્પે. કારણ કે એ બન્નેમાં કાચો ગોળ આવે છે, પરંતુ ગોળનો પાયો કરી (ગોળને ઉકાળીને પાકો ગોળ કરી) તલ મેળવાય છે તે પાકા ગોળની તલસાંકળી નીવિયાતામાં કલ્પનીય છે.

૨ ખાટા પૂડામાં ખાવા માટે ગોળનું પાણી ઉકાળવામાં આવે છે તે ગળમાણું.

*સંપૂર્ણ ઉકાળ્યાથી ગોળ બની જાય છે, માટે અર્ધક્વથિત કહ્યો છે.

**પ્રશ્ન**-અર્ધ ઉકાળેલ ઈક્ષુરસ અવિગઈ થાય, તો સંપૂર્ણ ઉકાળેલ ઇક્ષુરસનો બનેલો ગોળ તો સહજે અવિગઈ જ થાય, તેને બદલે ગોળને પુનઃ વિગઈ કેમ ગણવો ?

**ઉત્તર**-ઈક્ષુરસથી બનેલો ગોળ તે ઇક્ષુરસથી દ્રવ્યાન્તર (= અન્ય દ્રવ્ય) ઉત્પન્ન થયું, માટે ગોળમા ંજે ગોળને અનુસરતું એટલે ગોળનું વિગઇપણું ઉત્પન્ન થયું, તેમાં દ્રવ્યાન્તરોત્પત્તિ (ભિન્ન દ્રવ્યની ઉત્પત્તિ થવી) એ જ હેતુ સંભવે, તે વખતે પ્રથમનું ઇક્ષુરસનું વિગઇપણું (શેલડીના રસનો વિકાર-રસનું વિગઈપણું) તો સંપૂર્ણ નષ્ટ થયેલું સંભવે, ઇત્યાદિ હેતુ યથાયોગ્ય વિચારવો.

શબ્દાર્થ :-

| | |
|---|---|
| **पूरिय**=પૂરાયેલી | **तुरिय**=ચોથો |
| **तव**=તવી, કઢાઈ | **घाण**=ઘાણ |
| **पूआ**=પૂડલાથી, પૂરીથી | **गुलहाणी**=ગુડધાણી |
| **बीअपूअ**=બીજો પૂડલો-પૂરી | **जललप्पसि**=જળ લાપસી |
| **तन्नेह**=તત્સ્નેહ, તેજ ઘી (માં) અથવા તે જ તેલ (માં તળેલો) | **पंचमो**=પાંચમું નીવિયાતું |
| | **पुत्तिकय**=પોતકૃત (તળેલો નહિં પણ પોતું દઈ ને સીજવેલો) |

**ગાથાર્થ :- તવી પૂરાય તેવા પહેલા પૂડલાથી બીજો પૂડલો, તથા તે જ તેલાદિકમાં તળેલો ચોથો આદિ ઘાણ, ગોળધાણી, જળલાપસી, (એ ચાર નીવિયાતાં) અને પોતું દીધેલો પૂડલો પાંચમું નીવિયાતું છે ॥૩૫॥**

**ભાવાર્થ :-** કઢાઈ અથવા તવીમાં તળીને થઈ શકે તેવા ભોજનને અહીં પક્વાન્ન તરીકે ગણવું, પરંતુ લોકપ્રસિદ્ધ જે ખાજાં, સૂત્રફેણી, ઘેબર ઇત્યાદિ પાંચ પક્વાન્ન ગણાય છે; તેટલાં જ પક્વાન્ન એમ નહિ, જેથી અહીં ભજિયાં, પૂરી, તળેલા પાપડ, પાપડી ઇત્યાદિ ચીજો પણ પક્વાન્ન ગણવી, તેમ જ એ સર્વ ચીજો કટાહ (=કઢાઈ)માં ઘી વગેરે વિગઇની અંદર તળીને બનાવાતી હોવાથી **कयाह विगइ** કહેવાય, અને તે પૂર્વે કહ્યા પ્રમાણે ઘીમાં તળેલી અને તેલમાં તળેલી એમ બે પ્રકારની છે, તે બે પ્રકારની કટાહ વિગઇ એટલે પક્વાન્ન વિગઈ જે વિગઈ સ્વરૂપ છે તે અવિગઈ સ્વરૂપ (નીવિયાતાં રૂપ) કેવી રીતે થાય ? તેના પાંચ ભેદ અહીં દર્શાવાય છે, અર્થાત્ પક્વાન્ન વિગઈનાં પાંચ નીવિયાતાં કહેવાય છે તે આ પ્રમાણે-

તવી (=કઢાઇ)માં સંપૂર્ણ સમાય એવો એક જ મોટો પૂડલો પહેલો તળીને ત્યારબાદ બીજો, ત્રીજો આદિ પૂડલો અથવા પૂરીઓ વગેરે તળે તો તે પહેલો પૂડલો વિગઈ અને બીજો, ત્રીજો આદિ સર્વે પૂડલા તેમ જ પૂરીઓ વગેરે અવિગઈ=નીવિયાતાં ગણાય, તે અહીં "બીઅ પૂઅ" એટલે **द्वितीयापूप** નીવિયાતું કહેવાય (એમાં વચ્ચે બીજું ઘી ઉમેર્યુ ન હોય તો, અને બીજું ઘી ઉમેર્યું હોય તો પુનઃ પહેલો મોટો પૂડલો તળવો જોઈએ).

તથા જે ઘી પ્રથમ પૂરેલું છે તે જ ઘીમાં (વચ્ચે બીજું ઘી ઉમેર્યા વિના) નાની પૂરીઓના ૩ ઘાણ તળી લીધા બાદ ચોથો, પાંચમો ઇત્યાદિ જેટલા ઘાણ તળાય તેટલા સર્વ ઘાણની પૂરીઓ નીવિયાતી ગણાય, અને તે પહેલા ૩ ઘાણની પૂરીઓ તે વિગઇ ગણાય માટે એ ચોથા વગેરે સર્વ ઘાણની પુરીઓ તે **तत्स्नेह चतुर्थादिघाण** નામનું બીજું નીવિયાતું ગણાય.

તથા ગોળ અને ધાણી એ બેનું મિશ્રણ તે ગોળધાણી નીવિયાતું ગણાય છે, એમાં કાચા ગોળ સાથે ધાણી (જે જુવાર વગેરેને શેકીને બનાવાય છે તે ધાણી) મેળવી હોય તો તે નીવિયાતું નહિ, પરંતુ ગોળનો પાયો કરીને ધાણી મેળવી હોય તો તેવી ગોળધાણી નીવિયાતું ગણાય. વિશેષતઃ એ ગોળધાણીના મોદક-લાડુ બનાવવામાં આવે છે. (એટલે લાડુના આકારે વાળવામાં આવે છે.)

તથા પક્વાન્ન તળી કાઢ્યા બાદ વધેલું ઘી પણ કાઢી લઈને તવીમાં જે ચીકાશ વળગી રહી હોય, તે ચીકાશ ટાળવા માટે તેમાં ઘઉંનો ભરડો (=જાડો કાંકરીયાળો લોટ) શેકી ગોળનું પાણી રેડી જે છૂટો દાણાદાર શીરો અથવા કંસાર જેવું બનાવાય તે जललापसी ચોથું નીવિયાતું ગણાય. એ જલલાપસીના ઉપલક્ષણથી ચાલુ પદ્ધતિ પ્રમાણે કોરી કઢાઈઓમાં બનાવાતા શીરા અને કંસાર પણ નીવિયાતા તરીકે જાણવા, પરંતુ એ સર્વને ચૂલા ઉપરથી નીચે ઉતાર્યા પછી તેમાં ઘીનો એક છાંટો નાખવામાં આવે તો તે નીવિયાતામાં ગણાય નહિ. કદાચ ઘી ઓછું જાણી ચૂલા ઉપર જ રહેલી તપતી તવીમાં ઘી ઉમેરી ઉકાળવામાં આવે તો તે નીવિયાતામાં ગણી શકાય.

તથા તવીમાંનું બળેલું ઘી કાઢી લીધા બાદ ખરડેલી તવીમાં ગળ્યા પૂડા અથવા ખાટા પૂડા ઘી અથવા તેલનું પોતું દઈને કરવામાં આવે તો તે पोतकृत पूडलो પાંચમું નીવિયાતું ગણાય, અથવા કોરી તવીમાં પણ ચાલુ રીતિ પ્રમાણે બનાવાતા ગળ્યા અથવા ખાટા પૂડા પણ પાંચમાં નીવિયાતામાં ગણી શકાય, પરંતુ ચૂલા ઉપરથી તવી નીચે ઉતાર્યા બાદ તેમાં ઘી અથવા તેલનો એક છાંટો પણ ઉમેરવો નહિ. એ રીતે *પાંચ નીવિયાતાં પક્વાન્ન વિગઈનાં છે.

---

***પ્રશ્ન**-કડાહ વિગઈનાં (પકવાન્નના) છેલ્લા ત્રણ નીવિયાતામાં તળવાની ક્રિયા થતી નથી, તો તે ત્રણને કડાહ વિગઈનાં નીવિયાતાં કેમ ગણવાં ? અર્થાત્ "પક્વાન્ન એટલે તળેલી ચીજ" એ અર્થ એ ત્રણે નીવિયાતામાં કેમ ઘટતો નથી?

**ઉત્તર** :- અહીં पक्वान्न એટલે "ઘી અથવા તેલ વગેરે સ્નેહ દ્રવ્યોમાં પક્વ થયેલી એટલે તળાયેલી અથવા શેકાયેલી વસ્તુ" એ અર્થ ઘટિત છે, અને कडाह એટલે (કેવળ કઢાઈ જ નહિ પરન્તુ) કઢાઈ, તવી, લોઢી, તપેલી ઈત્યાદિ ભાજન જાણવાં. માટે ઘી અથવા તેલમાં તળાયેલી અથવા શેકાયેલી વસ્તુઓ તે पक्वान्नविगइ અને તે જ વસ્તુઓ કઢાઈ કે તવીમાં તેમ જ તપેલી વગેરેમાં તળાય વા શેકાય છે, માટે તેનું બીજું નામ कडाह विगइ છે. અથવા ઘી અને

એ પ્રમાણે ૬ ભક્ષ્ય વિગઈનાં ૩૦ નીવિયાતાં સંક્ષેપમાં આ પ્રમાણે

| **દૂધનાં ૫** | **ઘીનાં ૫** | **દહીંના ૫** |
|---|---|---|
| ૧ પયઃશાટી | ૧ નિર્ભંજન | ૧ કરમ્બ |
| ૨ ખીર | ૨ વિસ્પંદન | ૨ શિખરિણી |
| ૩ પેયા | ૩ પક્વૌષધિ તરિત | ૩ સલવણ દધિ |
| ૪ અવલેહિકા | ૪ કિટ્ટિ | ૪ ઘોલ |
| ૫ દૂગ્ધાટી | ૫ પક્વઘૃત | ૫ ઘોલવડાં |
| **તેલનાં ૫** | **ગોળનાં ૫** | **પકવાન્નનાં ૫** |
| ૧ તિલકુટ્ટી | ૧ સાકર | ૧ દ્વિતીય પૂડલો |
| ૨ નિર્ભંજન | ૨ ગુલવાણી | ૨ ચતુર્થ ઘાણાદિ |
| ૩ પક્વતેલ | ૩ પાક ગુડ (ગુડપાંતિ) | ૩ ગુડધાણી |
| ૪ પક્વૌષધિ તરિત | ૪ ખાંડ | ૪ જલલાપસી |
| ૫ તિલમલિ | ૫ અર્ધક્વથિત ઈક્ષુરસ | ૫ પોતકૃત પૂડલો |

એ ૩૦ નીવિયાતાં સામાન્યથી મુખ્ય મુખ્ય કહ્યાં, પરંતુ તે દરેક વિગઈના રૂપાન્તરથી થતાં બીજાં પણ અનેક નીવિયાતાં છે, તે બીજા ગ્રંથોથી જાણવાં.

**अवतरण** :-"ગિહત્થ સંસટ્ઠેણં" એ આગારથી પૂર્વે આયંબિલમાં કલ્પે એવાં દ્રવ્યો કહ્યાં છે, અને હવે આ ગાથામાં એ જ આગારથી નીવિમાં તથા વિગઈના પચ્ચક્ખાણમાં કલ્પે એવાં ગૃહસ્થસંસૃષ્ટ દ્રવ્યો કયાં કયાં ? તે દર્શાવાય છે.

---

તૈલાદિ સ્નિગ્ધ દ્રવ્યોમાં અવગાહવા વડે (=બોળાઈને) જે પક્વ થાય તે अवगाहिम પણ એ પાંચ નીવિયાતાંવાળી પક્વાન્ન વિગઈનું જ નામ છે. એ અર્થ પ્રમાણે છેલ્લાં ત્રણ નીવિયાતાં ઘણા ડૂબાડૂબ ઘી-તેલમાં તળાતાં નથી તો પણ પોતે ચૂસી શકે એટલા ઘી-તેલમાં પણ તળાય વા શેકાય છે, માટે પક્વાન્નના નીવિયાતામાં જ ગણાય, વળી ચોમાસી પ્રતિક્રમણ વગેરે પ્રસંગે પક્વાન્નનો કાળ કહેવામાં આવે છે, ત્યાં પક્વાન્ન શબ્દથી ઘણા ડૂબાડૂબ ઘીમાં તળેલી ચીજોનો જ કાળ કહેવાય છે એમ નથી, પરંતુ શેકાવા જેવી ચીજોને પણ પક્વાન્ન તરીકે ગણીને જ તેનો કાળ કહેવામાં આવે છે. વળી પોતકૃત પૂડલાઓને પણ પોતું માત્ર દીધેલું હોવા છતાં પૂડા શેક્યા કહેવાતા નથી, પરંતુ પૂડા તળ્યા કહી શકાય છે, માટે ડૂબાડૂબ ઘી વડે "તળવું" એમ અવગાહન જેટલા અલ્પ ઘી વડે "તળવું વા શેકવું" એમ કહેવાની પ્રવૃત્તિ છે. તે પ્રમાણે એ ત્રણે નીવિયાતાં પક્વાન્નનાં નીવિયાતાં ગણી શકાય છે.

**दुद्ध दही चउरंगुल, दवगुल घय तिल्ल एग भत्तुवरिं।**
**पिंडगुडमक्खणाणं, अद्दामलयं च संसट्ठं ॥३६॥**

**શબ્દાર્થ :-**

**दवगुल**=દ્રવ ગોળ, ઢીલો ગોળ
**एग**=એક અંગુલ
**भत्त उवरिं**=ભોજન ઉપર
**अद्दामलयं**=આર્દ્રામલક, પીલુનો વા શીણનો મહોર
**संसट्ठं**=સંસૃષ્ટ, મિશ્ર

**ભાવાર્થ :-** ભોજન ઉપર દૂધ અને દહીં ચાર અંગુલ (ચઢેલાં હોય) ત્યાં સુધી સંસૃષ્ટ, અને નરમ ગોળ, નરમ ઘી અને તેલ ૧ અંગુલ ચઢે ત્યાં સુધી સંસૃષ્ટ, અને કઠિન ગોળ તથા [1]માખણ તે પીલુ અથવા શીણવૃક્ષના મહોર જેવડા કણ-ખંડ વાળા હોય ત્યાં સુધી સંસૃષ્ટ (હોય તો નીવીમાં કલ્પે, ઉપરાંત અધિક સંસૃષ્ટ હોય તો ન કલ્પે.)

**ભાવાર્થ :-** ગૃહસ્થે પોતાને માટે ભાત વગેરેને દૂધ અથવા દહીં વડે સંસૃષ્ટ-મિશ્ર કર્યો હોય એટલે ભાતમાં દૂધ અથવા દહીં એવી રીતે ડૂબાડૂબ (=તરબોળ) રેડયું હોય, કે તે મિશ્ર કરેલા ભાતમાં દૂધ અથવા દહીં ભાતને ડુબાવીને ૪ અંગુલ ઊંચું ચઢયું હોય તો તે દૂધ વા દહીં **સંસૃષ્ટ દ્રવ્ય** કહેવાય, અને તે મુનિને નીવિ તથા વિગઈના પચ્ચ૦માં કલ્પે છે, પરંતુ તેથી કિંચિત્ પણ અધિક ચઢયું હોય તો તે વિગઈમાં ગણાય જેથી નીવિ અને વિગઈના પચ્ચ૦માં કલ્પે નહિ. એ પ્રમાણે દ્રવ ગોળ (ઢીલો ગોળ), ઘી અને તેલ, ભાત વગેરે ઉપર ૧ અંગુલ ઊંચું ચઢયું હોય તો એ ત્રણ **સંસૃષ્ટ દ્રવ્ય** નીવિયાતામાં ગણાય.

તથા કઠિન ગોળને ચુરમા વગેરેમાં સંસૃષ્ટ-મિશ્ર કર્યો હોય, તેમજ કઠિન માખણને ભાત વગેરેમાં મિશ્ર કર્યું હોય અને તે સર્વથા-સંપૂર્ણ એકરસ ન થયા હોય, પરંતુ તે ગોળ અને માખણના (આર્દ્રામલક જેવડા=) પીલુ અથવા શીણ વૃક્ષના મહોર જેવડા ઝીણા કણિયા ચુરમા તથા ભાત વગેરેમાં થોડા ઘણા રહી ગયા હોય તો પણ તે ગોળ તથા માખણ **સંસૃષ્ટ દ્રવ્ય** કહેવાય અને નીવિયાતામાં ગણાય, પરંતુ એથી મોટો એક પણ કણ રહ્યો હોય તો તે બન્ને દ્રવ્ય વિગઈમાં ગણાવાથી નીવિના અને વિગઇના પચ્ચ૦માં કલ્પે નહિ.

---

૧ અહીં શ્રી જ્ઞાનવિ૦ સૂરિકૃત બાળાવબોધમાં मक्खणाणं પદનો મસળેલો (ગોળ) એવો અર્થ કર્યો છે, પરંતુ એ જ પાઠની અવચૂરિમાં તો पिंडगुडम्रक्षणयोः એ દ્વિવચન પ્રયોગ હોવાથી પિંડગોળ અને માખણ એવો અર્થ સંભવે છે.

એ પ્રમાણે એ ૭ વિગઈઓ કહેલી વિધિ પ્રમાણે **संसृष्ट** દ્રવ્ય ગણાય અને તે ગિહત્થસંસટ્ઠેણં આગારમાં આવી શકે છે, પરંતુ એમાં માખણ વિગઈ તો અભક્ષ્ય જ હોવાથી નીવિયાતી થઈ હોય તો પણ વહોરવી કલ્પે નહિ.

**अवतरण** :- હવે દૂધ વગેરે દ્રવ્યો વિગઈ-વિકૃતિ સ્વભાવવાળાં હોવા છતાં નિર્વિકૃતિ સ્વભાવવાળાં કેમ થાય છે ? તેમજ અન્ય આચાર્યોના અભિપ્રાયથી ઉત્કૃષ્ટ દ્રવ્યરૂપ નીવિયાતું કઇ રીતે થાય છે ? તે પણ આ ગાથામાં દર્શાવાય છે-

**दव्वहया विगई विगइ-गय पुणो तेण तं हयं दव्वं ।**
**उद्धरिए तत्तंमि य, उक्किट्ठदव्वं इमं चन्ने ॥३७॥**

શબ્દાર્થ :- ગાથાર્થમાં કહ્યા પ્રમાણે.

**गाथार्थ** :- **दव्व**=અન્ય દ્રવ્યોથી. **हया**=હણાયેલી. **विगइ**=વિગઈ તે. **विगइगय**=વિકૃતિગત એટલે નીવિયાતું કહેવાય. **पुणो**=અને **तेण**=તે કારણથી. **तं**=તે. **हयंदव्वं**=હતદ્રવ્ય કહેવાય. ॥ **इति गाथाना पूर्वार्धनो अर्थः** ॥

**य**=વળી પક્વાન્ન. **उद्धरिए**=ઉદ્ધર્યા બાદ (=તળીને કાઢી લીધા બાદ) **तत्**=ઉધ્ધૃત ઘી વગેરે. **तंमि**=તેને વિષે (ચૂલાથી ઉતારી ઠંડુ [1]થયા બાદ) જે દ્રવ્ય બનાવવામાં આવે તે પણ નીવિયાતું કહેવાય. **च**=વળી **इमं**=એ નીવિયાતાને **अन्ने**=બીજા આચાર્યો **उक्किट्ठदव्वं**="ઉત્કૃષ્ટ દ્રવ્ય" એવું બીજું નામ આપે છે. ॥ **इति गाथाना उत्तरार्धनो अर्थः** ॥३७॥

**भावार्थ** :- આ ગાથાનાં ભાવાર્થમાં આ ગાથાની જ અવચૂરિનો અક્ષરશઃ અર્થ કહેવાય છે, તે આ પ્રમાણે-

(द्रव्यैः એટલે) કલમશાલિ તંદુલ આદિ દ્રવ્યો વડે (हता=) ભેદાઈ છતી જે

---

૧ પ્રવ૦ સારો૦ વૃત્તિમાં તો આ ગાથાના જ અર્થમાં ગાથામાં કહેલા तत्तंमि પદનો ચૂલા ઉપર તપ્યા કરતા ઘી વગેરેમાં" એવો અર્થ કરીને "તેમાં બનતા દ્રવ્યને ઉત્કૃષ્ટ દ્રવ્ય અને તેને નીવિયાતું કેટલાક આચાર્યો ગણે છે, પરંતુ તે અર્થ ગીતાર્થને અનુસરતો નથી, ગીતાર્થનો અભિપ્રાય તો ચૂલા ઉપરથી ઉતારી ઘી ઠંડુ થયા બાદ તેમાં જો કણિક્કાદિ ભેળવાય તો જ તથાવિધ પાકના (પરિપક્વ થવાના) અભાવે નીવિયાતું ગણાય. નહિતર પરિપક્વ થવાથી તો વિગઈ જ ગણાય, આ ગાથાની વ્યાખ્યા અમોએ તો આ રીતે કરી છે, તો પણ બુદ્ધિમાનોએ પોતાના જ્ઞાનને અનુસારે બીજી રીતે પણ વ્યાખ્યા કરવી" એટલું વિશેષ કહ્યું છે.

દૂધ આદિ વિગઇ તે "વિકૃતિગત" (=નીવિયાતું) એમ કહેવાય છે, અને (તેણ=) તે કારણથી તંદુલ આદિ વડે હણાયેલું તે દૂધ વગેરે દ્રવ્ય જ કહેવાય (પરંતુ વિગઈ નહિ, માટે જ નીવિના પચ્ચક્ખાણવાળાઓને પણ કેટલાકને તે કોઈ રીતે પણ કલ્પે છે જ- ઇતિ પ્રવ૦ સારો૦ વૃત્તિઃ)

તથા પાકભોજનમાંથી (કઢાઈ વગેરેમાંથી) સુકુમારિકાદિ (=સુખડી વગેરે પક્વાન્ન) ઉદ્ધર્યે છતે પાછળથી ઉધ્ધૃત (=વધેલું) જે ઘી વગેરે, તેને ચૂલા ઉપરથી ઉતાર્યે છતે અને ઠંડુ થયા બાદ જો તેમાં કણિક્કાદિ પ્રક્ષેપીએ-મેળવીએ, ત્યારે જ (તે કણિક્કાદિનું બનેલું દ્રવ્ય) નીવિયાતું થાય, વળી અન્ય આચાર્યો એને (એ કણિક્કાદિથી બનેલા દ્રવ્યને ઉત્કૃષ્ટ દ્રવ્ય કહે છે, ॥૧॥ વળી આ ગાથા પાઠાન્તર પણ છે તે આ પ્રમાણે-

**दव्वहया विगइगयं, विगई पुण तीइ तं हयं दव्वं ।**
**उद्ध० उक्किट्ठ० ॥१॥**

એ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે-દ્રવ્યથી હણાયેલી વિગઈ નીવિયાતું થાય છે, ક્ષીરાન્નવત્ (ખીરવત્), અને તે વિગઈ વડે તે દ્રવ્ય હણાયું છતું મોદકની પેઠે વિગઈ થાય છે. વળી ત્રણ ઘાણ ઉપર ઉધ્ધૃત (=વધેલા) એવા તે તપ્ત ઘીમાં જે પૂડલા વગેરે પકાવાય તે પૂડલા વગરે નીવિયાતું ગણાય, અને અન્ય આચાર્યો તો (એ નીવિયાતાને) ઉત્કૃષ્ટ દ્રવ્ય એવું બીજું નામ કહે છે. ॥૩૭॥ (એ અવચૂરિનો અક્ષરાર્થ કહ્યો)

**અવતરણ** :- પૂર્વે ત્રીસ નીવિયાતાં દ્રવ્ય કહ્યાં, ત્યારબાદ ૩૬મી ગાથામાં સંસૃષ્ટ દ્રવ્ય કહ્યાં, અને હવે આ ગાથામાં ત્રીજાં સરસોત્તમ દ્રવ્ય કહેવાય છે કે જે દ્રવ્યો નીવિમાં કારણે કલ્પનીય કહ્યાં છે.

**तिलसक्कुलि वरसोला-इ रायणंबाइ दक्खवाणाई ।**
**डोली तिल्लाई इय, सरसुत्तमदव्व लेवकडा ॥३८॥**

**શબ્દાર્થ** :- ગાથાર્થને અનુસારે સુગમ છે.

**ગાથાર્થ :- તિલસાંકળી, વરસોલાં વગેરે, રાયણ અને આમ્ર (કેરી) વગેરે દ્રાક્ષપાન (દ્રાક્ષનું પાણી) વગેરે, ડોળિયું અને (અવિગઇ) તેલ વગેરે, એ સરસોત્તમ દ્રવ્યો અને લેપકૃત દ્રવ્યો છે. ॥૩૮॥**

**ભાવાર્થ** :- તલ તથા ગોળનો પાયો કરી (પકાવીને) બનાવેલી હોય તે પાકી તિલસાંકળી (પરંતુ કાચી તિલસાંકળી કે જે કાચા ગોળ સાથે તલ ભેળવીને બનાવાય છે તે નહિ), તથા છેદ પાડી દોરો પરોવી હારડા રૂપે

કરેલાં કોપરાં, ખારેક, શિંગોડાં વગેરે વસ્તુઓ વરસોલાં કહેવાય, તથા ("વરસોલાઈ" એ શબ્દમાં કહેલા "આઈ" એટલે "આદિ" શબ્દથી) સાકરનાં દ્રવ્યો તે સાકર-ખાંડ-સાકરિયા ચણા, સાકરિયા કાજુ વગેરે, તેમજ અખોડા બદામ વગેરે સર્વ જાતિના મેવા વગેરે દ્રવ્યો પણ (વરસોલાઈ શબ્દથી) જાણવાં. તથા અચિત્ત કરેલાં તેમજ ખાંડ વગેરેથી મિશ્ર કરેલાં રાયણ અને કેરી વગેરે ફળો, તથા દ્રાક્ષ પાનાદિ એટલે દ્રાક્ષનું પાણી, નાળિયેરનું પાણી, તેમ જ કાકડી વગેરે ફળો (ની અંદર) નાં અચિત્ત થયેલાં (કરેલાં) પાણી, તથા ડોળીનું એટલે મહુડાનાં બીજનું તેલ તે ડોળિયું. તેમજ બીજાં એરંડિયું, કુસુંભિયું વગેરે (વિગઈમાં નહિ ગણાવેલ) તેલ એ સર્વે सरसुत्तम અથવા उत्तम દ્રવ્યમાં ગણાય છે, અને તે લેપકૃત પણ છે. (એટલે લેવાલેવેણ આગારના વિષયવાળાં દ્રવ્યો છે. (એ દ્રવ્યો નીવિના પચ્ચ૦-માં મુનિને કારણે-અપવાદે કલ્પનીય છે તે આગળની ગાથાથી દર્શાવાશે.)

**अवतरण :-** પૂર્વે કહેલાં નિર્વિકૃત દ્રવ્યો સંસૃષ્ટ દ્રવ્યો અને સરસોત્તમ દ્રવ્યો નીવિના પચ્ચ૦માં કોને અને કયારે કલ્પે ? તે આ ગાથામાં કહેવાય છે-

**विगइगया संसट्ठा, उत्तमदव्वा य निव्विगइयंमि ।**
**कारणजायं मुत्तुं, कप्पंति न भुत्तुं जं वुत्तं ॥३९॥**

શબ્દાર્થ :-

**विगइगया**=વિકૃતિગત, નીવિયાતાં.
**निव्विगइयंमि**=નીવિમાં.
**कारणजायं**=કારણ ઉત્પન્ન થયું. હોય તેને.
**मुत्तं**=મૂકીને, સિવાય.
**भुत्तुं**=ભોગવવી, ખાવી.
**जं**=જે કારણથી.
**वुत्तं**=કહ્યું છે કે.

**ગાથાર્થ :-** **નીવિયાતાં (જે પૂર્વે ૩૦ કહ્યાં તે) તથા (૩૬ મી ગાથામાં કહેલાં સંસૃષ્ટ દ્રવ્યો, તથા ઉત્તમ દ્રવ્યો (જે ૩૭મી ગાથામાં કહ્યાં તે) એ ત્રણ પ્રકારનાં દ્રવ્યો જો કે વિગઈ-વિકૃતિ રહિત છે, તો પણ નીવિના પચ્ચ૦માં કંઈ કારણ ઉત્પન્ન થયું હોય તો તે કારણ વર્જીને શેષ નીવિઓમાં ભોગવવાં-ખાવાં કલ્પે નહિ; અર્થાત્ તથા- પ્રકારના પ્રબળ કારણ વિના એ દ્રવ્યો નીવિમાં કલ્પે નહિ. જે કારણથી સિદ્ધાંતમાં (નિશિથ ભાષ્યમાં) કહ્યું છે કે-(એ સિદ્ધાંતની ગાથા હવે દર્શાવાય છે.)**

**ભાવાર્થ :-** ગાથાર્થને અનુસારે સુગમ છે, પરંતુ વિશેષ એ છે કે-અહીં કારણના સંબંધમાં જાણવાનું કે જે મુનિ યોગવહન કરે છે, પરંતુ વિશેષ સામર્થ્ય ન હોય અથવા દીર્ઘ કાળ સુધી નીવિની તપશ્ચર્યા ચાલતી હોય, અથવા યાવજ્જીવ

વિગઈનો ત્યાગ હોય, બહુ તપસ્વી હોય, અથવા નીવિના તપ સાથે ગ્લાન મુનિ તથા ગુરુ તથા બીજા પણ સાધુઓની વૈયાવૃત્ય (કાયિક સેવા) કરનાર હોય અને તેવા મુનિઓને નીવિની તપશ્ચર્યા ચાલતી હોય, અને સર્વથા નીરસ દ્રવ્યોથી અશક્તિ પ્રાપ્ત થતાં તે વૈયાવૃત્યાદિમાં વ્યાઘાત થતો હોય તો તેવા મુનિઓને ગુરુની આજ્ઞાથી નીવિમાં એ ત્રણે પ્રકારનાં દ્રવ્ય કલ્પે, પરંતુ જિહ્‌વાના લોભથી અર્થાત્ આહારની રસિકતાથી તો એ દ્રવ્યો નીવિયાતાં હોવા છતાં પણ નીવિમાં લેવાં કલ્પે નહિ. કારણ કે એ દ્રવ્યો જો કે વિકૃતિ રહિત કહ્યાં છે, તો પણ સુસ્વાદ રહિત તો નથી જ, (તેમજ સર્વથા વિકૃતિરહિત પણ નથી,) અને તપશ્ચર્યા તો સ્વાદિષ્ટ આહારના ત્યાગથી જ સાર્થક ગણાય વળી તપશ્ચર્યા કરવી અને સ્વાદિષ્ટ આહાર કરવો એ તપશ્ચર્યાનું ખરૂં લક્ષણ નથી. તપશ્ચર્યામાં ઉજમાળ થયેલો આત્મા તો સ્વાદિષ્ટ આહારના ત્યાગ સન્મુખ વર્તનારો જ હોય, કારણ કે તપસ્વીનું લક્ષ્ય જેમ બને તેમ અંતે નીરસ આહારનો પણ ત્યાગ કરવા તરફ હોય છે, તો તેવા તપમાં સ્વાદિષ્ટ આહારને અવકાશ કયાંથી હોય ! તથા એ વિગઈઓનાં નીવિયાતાં બનાવવા છતાં પણ વિગઈઓ સર્વથા વિકૃતિરહિત થાય છે એમ નથી, તે વાત આગળની જ ૪૦ મી ગાથામાં દર્શાવાશે.

**અવતરણ :-** પૂર્વે કહેલાં ૩ પ્રકારનાં દ્રવ્યો નિર્વિકૃતિક (વિકૃતિરહિત)માં ગણવા છતાં નીવિના પચ્ચ૦માં કેમ ન કલ્પે ? તેનું કારણ શ્રી નિશિથ ભાષ્યની ગાથા વડે કહે છે, તે ગાથા આ પ્રમાણે-

**विगइं[४] विगईभीओ[१], विगइगयं[६] जो[२] उ[५] भुंजए[७] साहू[३] ।**
**विगई विगइसहावा, विगई विगइं बला नेइ ॥४०॥**

[१]શબ્દાર્થ :-

**विगइं**=વિગઇને
**विगई**=વિગઇ (=દુર્ગતિ અથવા અસંયમથી)
**भीओ**=ભીત, ભય પામેલો
**विगइगयं**=વિકૃતિગતને, નિર્વિકૃતિને, નીવિયાતાંને
**जो**=જે
**उ**=અને (અથવા છંદપૂર્તિ માટે)
**भुंजए**=ભોગવે, આહાર કરે, ખાય.
**विगई**=વિગઈ
**विगईसहाया**=વિકૃતિના સ્વભાવ વાળી જ (હોય છે માટે તે)
**विगई**=વિગઇ
**विगइं**=દુર્ગતિમાં, વિગતિમાં
**बला**=બળાત્કારે
**नेइ**=લઇ જાય છે.

૧-૨ આ ગાથામાં "વિગઈ" શબ્દ ઘણી વાર આવવાથી શબ્દનો અર્થ

[2]અન્વયઃ

**विगईभीओ जो साहू, विगइं उ विगइगयं भुंजए ।**

**( [3]तं साहुं ઈતિશેષઃ)**

**विगई विगइसहावा, विगई विगइं बला नेइ ॥૪૦॥**

**गाथार्थ :-** વિગતિથી (એટલે દુર્ગતિથી અથવા અસંયમથી ભય પામેલો જે સાધુ વિગઈને અને નીવિયાતાંને (તથા ઉપલક્ષણથી સંસૃષ્ટ દ્રવ્યો તથા ઉત્તમ દ્રવ્યોને પણ) ભોગવે-ખાય, (તે સાધુને) વિગઈ તેમ જ ઉપલક્ષણથી નીવિયાતાં આદિ ત્રણે પ્રકારની વસ્તુઓ પણ (અવશ્ય) વિગઈ-વિકૃતિના (ઇન્દ્રિયોને વિકાર ઉપજાવવાના સ્વભાવવાળી હોય છે, માટે તે (વિગતિ સ્વભાવવાળી) વિગઈ વિગતિમાં (એટલે દુર્ગતિમાં અથવા અસંયમમાં) બળાત્કારે લઈ જાય છે. (અર્થાત્ વિના કારણે રસના લોભથી વિગઈ વાપરનાર સાધુને તે વિગઈઓ બળાત્કારે દુર્ગતિમાં પાડે છે, અને સંયમમાર્ગથી ભ્રષ્ટ કરે છે.

**भावार्थ :-** દૂધ, દહીં આદિ વિગઈઓ જ્યાં સુધી અન્ય દ્રવ્યો વડે ઉપહત ન થઈ હોય (=હણાઈ ન હોય) ત્યાં સુધી તો સાક્ષાત્ વિકૃતિ સ્વભાવવાળી છે. એટલું જ નહિ પરંતુ તે વિગઈઓને અન્ય દ્રવ્યો વડે તથા અગ્નિ આદિ વડે ઊપહત કરી તેનાં દૂધપાક, શિખંડ આદિ નીવિયાતાં બનાવ્યાં હોય, તો તે નીવિયાતાં જો કે વિગઈના ત્યાગવાળાને કલ્પે છે તો પણ એ ઉત્કૃષ્ટ દ્રવ્યો (=પૌષ્ટિક અને મધુર રસવાળાં) છે, માટે તે ખાનારને મનોવિકાર ઉત્પન્ન કરે છે, અને વિગઈના ત્યાગવાળા તપસ્વીઓને એ ઉત્કૃષ્ટ દ્રવ્યો ખાવાથી ઉત્કૃષ્ટ નિર્જરા થતી નથી, તે કારણથી નિર્વિકૃતિક હોવા છતાં પણ એ ઉત્કૃષ્ટ દ્રવ્યો (=નીવિયાતાં વિગેરે) ખાવાં નહિ, પરંતુ જે મુનિ વિવિધ તપ કરવાથી દુર્બળ-અશક્ત થયા હોય અને વિગઇનો સર્વથા ત્યાગ કરવાથી ઉત્તમ અનુષ્ઠાન તથા સ્વાધ્યાય-અધ્યયન વગેરે ન કરી શકે તેમ હોય તો તેવા મુનિને વિગઈના ત્યાગમાં તે નીવિયાતાં આદિ ઉત્કૃષ્ટ દ્રવ્યો ગુરુની આજ્ઞા હોય તો કલ્પે છે, તેમાં કોઈ દોષ લાગતો નથી. પરંતુ ઘણી કર્મનિર્જરા પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે

---

તથા ગાથાનો અર્થ પણ શબ્દના ક્રમપૂર્વક સમજવામાં ગૂંચવણ ન પડે તે કારણથી આ ગાથાનો સંપૂર્ણ શબ્દાર્થ અને અન્વય પણ લખ્યો છે.

૩ અર્થ કરતી વખતે तं साहुं એ બે પદ અહીં અધ્યાહારથી ગ્રહણ કરવાં.

સાધુને નીવિયાતાં પણ [1]વિના કારણે અને ગુરુની આજ્ઞા વિના ખાવાં કલ્પે નહિ. (પ્રવ૦ સારો૦ વૃ૦ ભાવાર્થ:)

**અવતરણ** :- ૨૯ મી ગાથામાં ૬ ભક્ષ્ય વિગઈ અને ૪ અભક્ષ્ય વિગઈ અને તેના ઉત્તરભેદ નામવિના સંખ્યામાત્રથી દર્શાવીને ત્યારબાદ ૩૦ થી ૪૦ ગાથા સુધીમાં ૬ ભક્ષ્ય વિગઈનું સ્વરૂપ તેના ૩૦ નીવિયાતાં આદિ સહિત સવિસ્તરપણે દર્શાવ્યું, તેથી હવે બાકી રહેલી ૪ અભક્ષય વિગઈનું સ્વરૂપ (તેના નામ અને તેના ઉત્તરભેદ સહિત) આ ગાથામાં દર્શાવાય છે-

**कुत्तिय-मच्छिय-भामर, महुं तिहा कट्ठ पिट्ठ मज्ज दुहा ।**
**जल-थल-खगमंस तिहा,घयव्व मक्खण चउ अभक्खा ॥४१॥**

---

૧ વિના કારણે વિગઇઓનો (=નીવિયાતાં વગેરેનો) ઉપભોગ ન કરવા માટે સિદ્ધાંતોમાં જે પ્રમાણે કહ્યું છે તે ગાથાઓનો ભાવાર્થ આ પ્રમાણે-

"પરંતુ અહીં વિશેષ એ છે કે-નીવિયાતાંનો ઉપયોગ પણ કારણની અપેક્ષાવાળો છે, 'અને ઉત્કૃષ્ટ દ્રવ્યનો ઉપભોગ તો વિશેષથી ન કરવા યોગ્ય જાણવો ॥૧॥ નીવિયાતાંને પ્રાપ્ત થયેલી વિગઈનો પરિભોગઅસાધુને યુક્ત છે, પરંતુ ઇન્દ્રિયનો વિજય કરનાર સાધુને વિગઇના ત્યાગવાળા આહારને વિષે તે વિગઇનો (નીવિયાતાં વગેરેનો) પરિભોગ યુક્ત નથી ॥૨॥ વળી જે સાધુ વિગઈઓનો ત્યાગ કરીને સ્નિગ્ધ અને મધુર રસવાળાં ઉત્કૃષ્ટ દ્રવ્યો (=નીવિયાતાં વગેરે) ખાય, તે તપનું કર્મનિર્જરારૂપ ફળ અતિ તુચ્છ જાણવું. ॥૩॥ સંયમધર્મમાં મંદ એવા કેટલાયે (ઘણાએ) સાધુઓ દેખાય છે કે જેઓએ જે (આહારાદિ સંબંધિ) પચ્ચક્ખાણ કર્યું છે, તે પચ્ચ૦ માં કારણે સેવવા યોગ્ય તે વસ્તુને વિના કારણે સેવતા હોય છે ॥૪॥ તલના મોદક, તિલવટી, વરસોલાં, નાળિયેરના (કોપરાના) કકડા વગેરે, ઘણું ઘોલ, ખીર, ઘૃતપૂપ (પૂરીઓ) અને શાક વગેરે ॥૫॥ ઘીમાં તળેલા માંડા વગેરે, દહીં દૂધના કરંબ વગેરે, તથા કુલેર, અને ચૂરમાં વગેરે (એ નીવિયાતાં ઉત્કૃષ્ટ દ્રવ્યો) ને કેટલાયે સાધુઓ વિના કારણે ભોગવે છે (ખાય છે), ॥૬॥ માટે યથોક્ત વિધિમાર્ગ પ્રમાણે ચાલનારા અને આગમની આજ્ઞા પ્રમાણે વર્તનારા તથા જરા, જન્મ અને મરણ વડે ભયંકર એવા આ ભવસમુદ્રથી ઉદ્વેગ પામેલ ચિત્તવાળા સાધુઓને તે (અસાધુઓનું આચરણ) પ્રમાણ નથી. ॥૭॥ જે કારણથી ઘણા દુઃખ રૂપી દાવાનળ અગ્નિથી તપેલા એવા જીવોને આ સંસારરૂપી અટવીમાં શ્રી જિનેશ્વરની આજ્ઞા સિવાય બીજો કોઈ પ્રતિકાર-ઉપાય નથી ॥૮॥ વિગઈ (તિ) પરિણતિ ધર્મવાળો મોહ જેને ઉદય પામે છે, તેને તે મોહ ઉદય પામે છતે મનને વશ કરવામાં સારા ઉદ્યમવાળો સાધુ હોય તો તે પણ અકાર્યમાં કેમ ન પ્રવર્તે ! ॥૯॥- ઇત્યાદિ પ્રવ૦ સારો૦ માં ઉદ્ધૃત ભાવાર્થ.

**શબ્દાર્થ :-**

**कुत्तिय**=કૌતિક, કુંતીનું બગતરાંનું
**मच्छिय**=માક્ષિક, માખીઓનું
**भामर**=ભ્રમર, ભમરીઓનું
**कट्ठ**=કાષ્ઠની, વનસ્પતિની
**पिट्ठ**=પિષ્ટ, લોટની
**मज्ज**=મધ, મદિરા, દારૂ
**जल**=જલચરનું
**थल**=સ્થલચરનું
**खग**=પક્ષીનું
**मंस**=માંસ
**घयव्व**=ઘીની પેઠે

**गाथार्थ :-** [1]**કુંતિયાંનું મધ, માખીઓનું મધ, અને ભમરીઓનું મધ એમ મધ ૩ પ્રકારનું છે. તથા કાષ્ઠ (વનસ્પતિની) મદિરા અને પિષ્ટ (લોટની) મદિરા એમ મદિરા બે પ્રકારની છે, તથા જલચરનું માંસ, સ્થલચરનું માંસ અને ખેચરનું માંસ એમ માંસ ૩ પ્રકારનું છે, ઘીની પેઠે માખણ ચાર પ્રકારનું છે, એ પ્રમાણે ૪ અભક્ષ્ય વિગઈ જાણવી. ॥૪૧॥**

**भावार्थ :-** ત્રણ પ્રકારનું મધ જે ગાથામાં કહ્યું છે તે પ્રસિદ્ધ છે, તથા બે પ્રકારની મદિરામાં જે કાષ્ઠની મદિરા કહી છે તે काष्ठ એટલે વનસ્પતિના અવયવ (સ્કંધ-પુષ્પ-તથા ફળ વગેરે) જાણવા. તે અવયવોને અત્યંત કોહોવરાવીને જે ઉન્માદક આસવ-સત્ત્વ ખેંચવામાં આવે છે તે મદિરા છે. ત્યાં શેલડી વગેરેની મદિરા તે સ્કંધની, મહુડા વગેરેની મદિરા તે પુષ્પની અને દ્રાક્ષ વગેરેની મદિરા તે ફળની મદિરા કહેવાય, એ રીતે બીજાં અંગોની પણ काष्ठ मदिरा યથાસંભવ જાણવી. તથા જુવાર વગેરેના પિષ્ટ એટલે લોટને કોહોવરાવીને જે માદક સત્ત્વ ખેંચવામાં આવે છે તે पिष्ट मदिरा જાણવી.

તથા મત્સ્ય, કાચબા વગેરે જળચર જીવોનું માંસ તે जलचर मांस, મનુષ્ય, ગાય, ભેંસ વગેરે સ્થલચર જીવોનું માંસ તે स्थलचर मांस, અને ચકલી, મુરઘાં વગેરે પક્ષીઓનું માંસ તે खेचर मांस કહેવાય. અથવા શાસ્ત્રમાં रुधिर-चरबी-અને चर्म (ચામડી) એ રીતે પણ ત્રણ પ્રકારનું માંસ કહ્યું છે.

તથા ઘીની પેઠે માખણ પણ ઊંટડીના માખણ વિના ચાર પ્રકારનું છે કેમકે ઊંટડીના દૂધનું દહીં નથી બનતું, તેથી તેનું ઘી પણ બનતું નથી. અહીં માખણ તે છાશથી જુદું પાડેલું હોય તો અભક્ષ્ય થાય છે.

**॥ ૪ મહાવિગઈનું અભક્ષ્યપણું ॥**

એ ચાર વિગઇઓ ઇન્દ્રિયોને તથા મનને પણ વિકાર ઉપજાવનારી હોવાથી મહા વિગઈ કહેવાય છે. તેમજ એમાં ઘણા સ્થાવર અને ત્રસ જંતુઓની ઉત્પત્તિ

---

૧. કુંતિયાં અથવા કુંતાં તે જંગલમાં ઉત્પન્ન થનારા ક્ષુદ્ર-નાના જંતુઓ છે.

થાય છે. જેથી શ્રાવક તથા સાધુને ભક્ષણ કરવા યોગ્ય ન હોવાથી એ ચારે અભક્ષ્ય વિગઈ કહેવાય છે. કહ્યું છે કે-

**आमासु य पक्कासु य, विपच्चमाणासु मंसपेसीसु ।**
**सययं चिय उववाओ, भणिओ अ निगोयजीवाणं ॥१॥**

**અર્થ** :- કાચી માંસપેશીઓમાં (=કાચા માંસમાં), પાકા (=રાંધેલા) માંસમાં તેમજ અગ્નિ ઉપર પકાતા (રંધાતા) માંસમાં એ ત્રણે અવસ્થામાં નિશ્ચય નિગોદ જીવોનો (અનન્ત બાદર સાધારણ વનસ્પતિ જીવોનો ઉપપાત-ઉત્પત્તિ નિરન્તર (પ્રતિસમય) કહેલ છે. ॥૧॥ એ પ્રમાણે માંસમાં જ્યારે અનન્ત નિગોદ જીવોની ઉત્પત્તિ પણ થાય છે, તો દ્વીન્દ્રિયાદિ અસંખ્ય ત્રણ જીવોની ઉત્પત્તિ તો સહેજે હોયજ. વળી માંસમાં બીજા અભક્ષ્યોની માફક અન્તર્મુહૂર્ત્ત બાદ જીવોત્પત્તિ થાય છે એમ નથી, પરંતુ જીવથી જુદું પડ્યા બાદ તુરત જ જીવોત્પત્તિ થાય છે. કહ્યું છે કે-

**मज्जे महुम्मि मंसंमि, नवणीयम्मि चउत्थए ।**
**उप्पज्जंति अणंता, तव्वन्ना तत्थ जंतुणो ॥१॥**

**અર્થ** :- મદિરામાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં એ ચારમાં સરખા (મદિરા વગેરેના વર્ણના સરખા) વર્ણવાળા અનન્ત ([1]અનેક) જંતુઓ (ત્રસ[2] જીવો) ઉત્પન્ન થાય છે ॥૨॥ એ કારણથી ચારે મહાવિગઈઓ અભક્ષ્ય છે.

**અવતરણ** :- હવે આ ગાથામાં બે ભાંગા (પ્રત્યા૦ લેવાના બે પ્રકાર)નું ૭ મું દ્વાર કહેવાય છે.

**मण[१]-वयण[२]-काय[३]-मणवय[४]-मणतणु[५]-वयतणु[६]-तिजोगि[७] सग सत्त ।**
**कर[१] कारणु[२] मइ[३] दु[४]तिजुइ[७], तिकालिसीयाल भंगसयं ॥४२॥**

**શબ્દાર્થ** :-

| | |
|---|---|
| **तिजोगि**=ત્રિસંયોગી ભંગ ૧ | **कर**=કરવું. |
| **सग**=સાત **सत्त**=સાત | **कार**=કરાવવું |
| ( **सगसत्त**=સાત સપ્તક) | **अणुमइ**=અનુમતિ |

---

૧-૨ અહીં "અનન્ત" શબ્દનો અર્થ અનન્ત નહિ પરંતુ અનેક છે, જેથી માંસમાં અનન્ત નિગોદ જીવોની તથા અસંખ્ય ત્રસ જીવની ઉત્પત્તિ, અને શેષ ત્રણમાં અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ હોય છે એમ જાણવું, અથવા એ ગાથા કેવળ ત્રસ જીવોની ઉત્પત્તિને અંગે પણ ગણી શકાય, તેથી અનન્ત એટલે અનેક એટલે અસંખ્ય ત્રસ જીવોની ઉત્પત્તિ એ ચારેમાં થાય છે. એવો અર્થ જાણવો.

| | |
|---|---|
| **दु(जुइ)**=દ્વિયોગી | **सीयाल**=સુડતાલીસ (૪૭) |
| **तिजुइ**=ત્રિયોગી ભંગ ૧ | **भंग**=ભાંગા-પ્રકાર |
| **तिकालि**=ત્રણે કાળના ગણતાં | **सय**=સો (૧૦૦) |

**ગાથાર્થ :-** મન-વચન-કાયા-મનવચન-મનકાયા-વચનકાયા-અને (ત્રિસંયોગી એટલે) મન,વચન,કાયા એ સાતભાંગા ત્રણ યોગના છે, તેને કરવું-કરાવવું-અનુમોદવું (તથા દ્વિસંયોગી તે) કરવું કરાવવું-કરવું અનુમોદવું-અને કરાવવું અનુમોદવું-તથા (ત્રિસંયોગી ૧ ભાંગો એટલે) કરવું-કરાવવું-અનુમોદવું એ સાત ભાંગા ત્રણ કરણના થાય (તે સાથે ગણતાં-ગુણતાં સાત સપ્તકના ૪૯ ભાંગા થાય અને) તેને ત્રણ કાળ સાથે ગુણતાં ૧૪૭ ભાંગા થાય ॥૪૨॥

**ભાવાર્થ :-** અહીં પચ્ચક્ખાણ લેનાર જુદી જુદી રીતે ૪૯ પ્રકારે અથવા ૧૪૭ પ્રકારે એમ બન્ને રીતે લઇ શકે છે, તે ભાંગા ત્રણ યોગ, ત્રણ કરણ અને ત્રણ કાળના સંબંધથી જુદી જુદી રીતે થાય છે તે આ પ્રમાણે-

ભંગગણિતની રીતિ પ્રમાણે-ત્રણ યોગના અયોગી ભાંગા ૩, દ્વિયોગી ભાંગા ૩ અને ત્રિયોગી ભાંગો ૧ થાય છે, એ પ્રમાણે ત્રણ યોગના ૭ ભાંગા થાય છે, તથા ત્રણ કરણના પણ અયોગી ભાંગા ૩, દ્વિયોગી ૩ અને ત્રિયોગી ૧ ભાંગો મળી ૭ ભાંગા થાય છે. સાત સપ્તકના ૪૯ ભાંગા થાય. અને તેને ત્રણ કાળ સાથે ગુણતાં (૪૯x૩=) ૧૪૭ ભાંગા થાય છે, જેથી એક જ પચ્ચક્ખાણ લેનાર ૪૯ જણ અથવા ૧૪૭ જણ હોય તો તે દરેકને જુદી જુદી રીતે આપી શકાય છે. અહીં યોગના તથા કરણના ૭-૭ ભાંગા આ પ્રમાણે-

| ત્રણ યોગના ૭ ભાંગા* | | ત્રણ કરણના સાત ભાંગા* | |
|---|---|---|---|
| ૧ મનથી | અસંયોગી ૩ | ૧ કરવું | અસંયોગી ૩ |
| ૨ વચનથી | | ૨ કરાવવું | |
| ૩ કાયાથી | | ૩ અનુમોદવું | |
| ૪ મન-વચનથી | દ્વિસંયોગી ૩ | ૪ કરવું-કરાવવું | દ્વિસંયોગી-૩ |
| ૫ મન-કાયાથી | | ૫ કરવું-અનુમો૦ | |
| ૬ વચન-કાયાથી | | ૬ કરાવવું-અનુમો૦ | |
| ૭ મ૦ વ૦ કાયાથી (એ ત્રિસંયોગી ૧) | | ૭ કરવું-કરા૦ અનુમો૦ (એ ત્રિસંયોગી ૧) | |

*આ સપ્તકને પરસ્પર ગણતાં જે ૪૯ ભાંગા થાય તેનો ક્રમ આ પ્રમાણે-

(ફુટનોટ ચાલુ)

(પહેલું સપ્તક)

૧ મનથી કરૂં નહિ.
૨ વચનથી કરૂં નહિ.
૩ કાયાથી કરૂં નહિં.
૪ મ૦ વ૦ થી કરૂં નહિ.
૫ મ૦ કા૦ થી કરૂં નહિ.
૬ વ૦ કા૦ થી કરૂં નહિ.
૭ મ૦ વ૦ કા૦ થી કરું નહિ.

(બીજું સપ્તક)

૧ મનથી કરાવું નહિ.
૨ વચનથી કરાવું નહિ.
૩ કાયાથી કરાવું નહિ.
૪ મ૦ વ૦ થી કરાવું નહિ.
૫ મ૦ કા૦ થી કરાવું નહિ.
૬ વ૦ કા૦ થી કરાવું નહિ.
૭ મ૦ વ૦ કા૦ થી કરાવું નહિ.

(ત્રીજું સપ્તક)

૧ મનથી અનુમોદું નહિ.
૨ વચનથી અનુમોદું નહિ.
૩ કાયાથી અનુમોદું નહિ.
૪ મ૦ વ૦ થી અનુમોદું નહિ.
૫ મ૦ કા૦ થી અનુમોદું નહિ.
૬ વ૦ કા૦ થી અનુમોદું નહિ.
૭ મ૦ વ૦ કા૦ થી અનુમોદું નહિ.

(ચોથું સપ્તક)

૧ મનથી કરૂં નહિ કરાવું નહિ.
૨ વચનથી કરૂં નહિ કરાવું નહિ.
૩ કાયાથી કરૂં નહિ કરાવું નહિ.
૪ મ૦ વ૦ થી કરૂં નહિ કરાવું નહિ.
૫ મ૦ કા૦ થી કરૂં નહિ કરાવું નહિ.
૬ વ૦ કા૦ થી કરૂં નહિ કરાવું નહિ.
૭ મ૦ વ૦ કા૦ થી કરૂં નહિ કરાવું નહિ.

(પાંચમું સપ્તક)

૧ મનથી કરૂં નહિ અનુમોદું નહિ.
૨ વચનથી કરૂં નહિ અનુમોદું નહિ.
૩ કાયાથી કરૂં નહિ અનુમોદું નહિ.
૪ મ૦ વ૦ થી કરૂં નહિ અનુમોદું નહિ.
૫ મ૦ કા૦ થી કરૂં નહિ અનુમોદું નહિ.
૬ વ૦ કા૦ થી કરૂં નહિ અનુમોદું નહિ.
૭ મ૦ વ૦ કા૦ થી કરૂં નહિ અનુમોદું નહિ.

(છટ્ઠું સપ્તક)

૧ મનથી કરાવું નહિ અનુમોદું નહિ.
૨ વચનથી કરાવું નહિ અનુમોદું નહિ.
૩ કાયાથી કરાવું નહિ અનુમોદું નહિ.
૪ મ૦વ૦થી કરાવું નહિ અનુમોદું નહિ.
૫ મ૦વ૦થી કરાવું નહિ અનુમોદું નહિ.
૬ વ૦કા૦થી કરાવું નહિ અનુમોદું નહિ.
૭ મ૦વ૦કા૦થી કરાવું નહિ અનુમોદું નહિ.

(સાતમું સપ્તક)

૧ મનથી કરૂં નહિ૦ કરા૦ નહિ અનુ૦ નહિ.
૨ વચનથી કરૂં નહિ૦ કરા૦ નહિ અનુ૦ નહિ.
૩ કાયાથી કરૂં નહિ૦ કરા૦ નહિ અનુ૦ નહિ.
૪ મ૦ વ૦ થી કરૂં નહિ૦ કરા૦ નહિ અનુ૦ નહિ.
૫ મ૦ કા૦ થી કરૂં નહિ૦ કરા૦ નહિ અનુ૦ નહિ.
૬ વ૦ કા૦ થી કરૂં નહિ૦ કરા૦ નહિ અનુ૦ નહિ.
૭ મ૦ વ૦ કા૦ થી કરૂં નહિ૦ કરા૦ નહિ અનુ૦ નહિ.

એ પ્રમાણે ૭ સપ્તકના ક્રમથી ૪૯ ભાંગા જાણવા અને તેને ત્રણ કાળથી ગુણતાં ૧૪૭ ભાંગા જાણવા

(પાછળ ફુટનોટ ચાલુ)

**अवतरण** :- પૂર્વે દર્શાવેલ પ્રત્યાખ્યાનો કેવી રીતે પાલન કરવાં ? અને પ્રત્યાખ્યાન લેવાનાં બીજા ચાર પ્રકાર તે આ ગાથામાં દર્શાવાય છે-

**एयं च उत्तकाले सयं च, मण वय तणूहिं पालणियं ।**
**जाणग जाणगपासत्ति भंगचउगे तिसु अणुन्ना ॥४३॥**

શબ્દાર્થ :-

**एयं**=એ(પૌરુષી આદિપ્રત્યા૦)
**उत्तकाले**=કહેલા કાળે. **सयं**=પોતે.
**जाणग**=પચ્ચ૦ નો જાણકાર
( **अ** )**जाणग**=પચ્ચ૦નો અજાણ
**पास**=પાસે
**त्ति**=ઇતિ, એ પ્રમાણે
**तिसु**=ત્રણ ભાંગામાં
**अणुन्ना**=અનુજ્ઞા, આજ્ઞા

**गाथार्थ :- એ (પૌરુષી આદિ) પ્રત્યાખ્યાનોને તેના કહેલા (એક પ્રહર ઈત્યાદિ) કાળ સુધી પોતે મન, વચન અને કાયા વડે પરિપાલન કરવાં (પરંતુ ભાંગવાં નહિ), તથા પ્રત્યા૦ ના જાણ અને અજાણ પાસે પ્રત્યા૦ લેવા-આપવાના ચાર ભાંગામાં ત્રણ ભાંગાને વિષે પચ્ચ૦ કરવાની આજ્ઞા છે (અને ચોથો ભાંગો અશુદ્ધ છે.) ॥૪૩॥**

**भावार्थ** :- પૌરુષી આદિ પ્રત્યાખ્યાનોના જે જે કાળ કહ્યા છે, તેટલા કાળ સુધી તે પચ્ચ૦નું પરમ આદરપૂર્વક રક્ષણ કરવું, પરંતુ કોઈપણ જાતના સાંસારિક સ્વાર્થ-લાભને ખાતર તેનો કાળ પૂર્ણ થયા પહેલાં ભોજન ઈત્યાદિ કરવું નહિ, કારણ કે સંસાર વ્યવહારમાં પણ લીધેલી પ્રતિજ્ઞા અનેક લાભ ગુમાવીને પણ પાળનાર હોય તે જ અતિ વ્યવહારકુશળ કહેવાય છે, અને પર્યન્તે તેને જ મહાન્

---

**प्रश्न** :- પ્રત્યાખ્યાન એ ભવિષ્યકાળ (માં કરવા યોગ્ય અનુચિત આચરણનો ત્યાગ કરવા)ના વિષયવાળું છે, તો તેને ત્રણે કાળના વિષયવાળું ગણીને ૧૪૭ ભાંગા ગણ્યા તે કેમ બને ? વળી ભૂતકાળમાં થઈ ગયેલા અનુચિત આચરણનો ત્યાગ પ્રત્યા૦ કરતી વખતે કેવી રીતે હોય ?

**उत्तर** :- ભૂતકાળમાં જે અનુચિત આચરણ થઈ ગયું તેની નિંદા અને ગર્હા કરૂં છું, વર્તમાન કાળમાં જે અનુચિત આચાર હું સેવી રહ્યો છું તેને સંવરૂં છું (રોકું છું), અને ભવિષ્ય કાળમાં હવેથી તેવું આચરણ નહિ કરૂં એ પ્રમાણે પ્રત્યાખ્યાનમાં ભૂતકાળની નિંદા, વર્તમાનનો સંવર અને ભવિષ્યનું પ્રત્યાખ્યાન એ રીતે (ત્રણ કાળના) ત્રણ વિષયવાળું પ્રત્યાખ્યાન છે. કહ્યું છે કે- अतीतस्य निंदया, सांप्रतिकस्य संवरणेन अनागतस्य प्रत्याख्यानेन (ઇતિ અવચૂરિઃ)

લાભ થાય છે, તો મોક્ષમાર્ગ જેવા લાભને અર્થે કરેલી આત્મધર્મને પ્રગટ કરનારી પ્રતિજ્ઞાનો સાંસારિક તુચ્છ લાભોની ખાતર ભંગ કેમ કરાય ?

વળી એ પ્રત્યાખ્યાનની જાણ-અજાણ સંબંધી ચતુર્ભંગી આ પ્રમાણે છે:-

| | |
|---|---|
| ૧ પચ્ચ૦ કરનાર જાણ, અને કરાવનાર જાણ | શુદ્ધ |
| ૨ પચ્ચ૦ કરનાર જાણ, અને કરાવનાર અજાણ | શુદ્ધ |
| ૩ પચ્ચ૦ કરનાર અજાણ, અને કરાવનાર જાણ | શુદ્ધ |
| ૪ પચ્ચ૦ કરનાર અજાણ, અને કરાવનાર અજાણ | - અશુદ્ધ |

એ પ્રમાણે ચાર ભાંગામાં પહેલા ત્રણ ભાંગા શુદ્ધ છે, કારણ કે પ્રત્યા૦ના આગાર-કાળ વગેરે સ્વરૂપના જ્ઞાતા પચ્ચ૦ કરનાર અને કરાવનાર બન્ને જણ હોય તો તે પરમ શુદ્ધ છે, પરંતુ ગુરુ કદાચ અલ્પ ક્ષયોપશમવાળા અથવા વયમાં લઘુ હોવાથી પચ્ચ૦નું સ્વરૂપ ન જાણતા હોય તો પણ શ્રદ્ધાળુ શ્રાવક અથવા શિષ્ય ગુરુના બહુમાન માટે તેમ જ ગુરુસાક્ષી-એ જ પચ્ચ૦ કરવું જોઈએ એવો શાસ્ત્રવિધિ સાચવવાને અર્થે તે અજાણ ગુરુ પાસે પ્રત્યા૦ ઉચ્ચરે તો પણ પોતે જાણકાર હોવાથી લીધેલા પ્રત્યા૦નું યથાર્થ પાલન કરી શકે છે માટે બીજો ભંગ પણ શુદ્ધ છે, તેમજ પચ્ચ૦ કરનાર અજાણ હોય પરંતુ કરાવનાર ગુરુ જો જાણ હોય તો તેને પચ્ચ૦નું સ્વરૂપ સમજાવીને પછી પચ્ચ૦ આપે, અને તેથી તે પચ્ચ૦નું યથાર્થ પાલન થાય છે, માટે ત્રીજો ભંગ પણ શુદ્ધ છે, પરંતુ ચોથા ભાંગામા તો બન્ને જણ અજાણ હોવાથી પચ્ચ૦નું સ્વરૂપ પણ સમજાય નહિ અને યથાર્થ પાલન પણ થાય નહિ માટે તે ચોથો ભંગ તો સ્પષ્ટ રીતે અશુદ્ધ જ છે. એ પ્રમાણે આ ચતુર્ભંગીનું સ્વરૂપ સમજીને પચ્ચ૦ કરનારે પોતે પચ્ચ૦નું સ્વરૂપ સમજવું અથવા તો ગુરુની પાસે સમજીને પચ્ચ૦ [૧]કરવું.

**અવતરણ** :- કરેલું પચ્ચક્ખાણ જે છ રીતે વિશેષ શુદ્ધ થાય છે. તે ૬ પ્રકારની શુદ્ધિનું ૮ મું દ્વાર આ ગાથામાં કહેવાય છે-

**फासिय पालिय सोहिय, तीरिय किट्टिय आराहिय छ सुद्धं।**
**पच्चक्खाणं फासिय, विहिणोचियकालि जं पत्तं ॥४४॥**

---

૧ એ અર્થ ઉપરથી 'પચ્ચ૦ નું સ્વરૂપ સંપૂર્ણ સમજાય તો જ પચ્ચ૦ કરવું, નહિતર કરવું જ નહિ." એમ કહેનારા પ્રત્યા૦ ધર્મના નિષેધક અને વિરાધક જાણવા.

શબ્દાર્થ :-

| | |
|---|---|
| **फासिय**=સ્પર્શિત | **किट्टिय**=કીર્તિત |
| **पालिय**=પાલિત | **आराहिय**=આરાધિત |
| **सोहिय**=શોધિત | **विहिणा**=વિધિ વડે |
| **तीरिय**=તીરિત | **उच्चियकालि**=ઉચિતકાળે |
| | **पत्तं**=પ્રાપ્ત થયું, લીધું |

**ગાથાર્થ :-** **સ્પર્શિત-પાલિત-શોધિત-તીરિત-કીર્તિત અને આરાધિત (એ છ પ્રકારની) શુદ્ધિ છે. ત્યાં વિધિપૂર્વક ઉચિતકાળે (દિવસ ઊગ્યા પહેલાં) જે પચ્ચ૦ પ્રાપ્ત કર્યું હોય (લીધું હોય) તે સ્પર્શિત પચ્ચ૦ કહેવાય. ॥૪૪॥**

**ભાવાર્થ :-** ગાથાર્થવત્ સુગમ છે. વિશેષ એ જ કે-પ્રત્યા૦ના સ્વરૂપને સમજનાર સાધુ અથવા શ્રાવક સૂર્ય ઊગ્યા પહેલાં જ પોતે એકલો અથવા ચૈત્ય સમક્ષ અથવા સ્થાપનાચાર્ય કે ગુરુ સમક્ષ પચ્ચક્ખાણ ઉચ્ચરીને ત્યારબાદ પ્રત્યા૦નો કાળ પૂર્ણ થવા પહેલાં ગુરુને વંદન કરી ગુરુ પાસે રાગ-દ્વેષ અને નિયાણા રહિત પચ્ચ૦ ગ્રહણ કરે, તે વખતે ગુરુની સાથે પોતે પણ અતિમંદ સ્વરે પચ્ચ૦ ના આલાપકના અક્ષરો બોલે, એ રીતે લીધેલું પચ્ચ૦ સ્પર્શિત પચ્ચ૦ કહેવાય.

**અવતરણ :-** પચ્ચ૦ની ૬ શુદ્ધિમાંની પહેલી શુદ્ધિનો અર્થ પૂર્વ ગાથામાં કહીને હવે આ ગાથામાં બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી શુદ્ધિનો અર્થ કહે છે-

**पालिय पुणपुण सरियं, सोहिय गुरुदत्तसेसभोयणओ ।**
**तीरिय समहिय काला, किट्टिय भोयणसमयसरणा ॥४५॥**

શબ્દાર્થ :-

| | |
|---|---|
| **पुणपुण**=વારંવાર | **समहिय**=કંઈક અધિક |
| **सरियं**=સંભાર્યું હોય | **काला**=(પચ્ચ૦ના) કાળથી |
| | **सरणा**=સ્મરણથી, સંભારવાથી |

**ગાથાર્થ :-** **કરેલા પચ્ચક્ખાણને વારંવાર સંભાર્યું હોય તો તે પાલિત (રક્ષિત) પચ્ચ૦ કહેવાય, તથા ગુરુને આપતાં જે શેષ વધ્યું હોય તે ભોજન કરવાથી પચ્ચ૦ શોધિત અથવા શોભિત (શોધ્યું-શુદ્ધ કર્યું અથવા શોભાવ્યું) કહેવાય તથા (પચ્ચ૦નો જે**

**કાળ કહ્યો છે તે કાળથી પણ) અધિક કાળ કરવાથી[1] (=મોડું પચ્ચ૦ પારવાથી) तीरित (તીર્યું) પચ્ચ૦ કહેવાય, અને કરેલું પચ્ચ૦ ભોજન સમયે પુનઃ સંભારવાથી[2] कीर्तित (કીર્ત્યું) પચ્ચ૦ કહેવાય.**

**भावार्थ :-** ગાથાર્થવત્ સુગમ છે.

**अवतरण :-** આ ગાથામાં છઠ્ઠી શુદ્ધિનો અર્થ તેમજ બીજી રીતે પણ ૬ શુદ્ધિ છે તે દર્શાવે છે-

## इय पडियरियं आरा-हियं तु अहवा छ सुद्धि सद्दहणा ।
## जाणण विणयऽणुभासण, अणुपालण भावसुद्धित्ति ॥४६॥

**શબ્દાર્થ :-**

**इय**=એ રીતે

**पडियरियं**=પ્રતિચરિત, આચરેલું

**अहवा**=અથવા, બીજી રીતે

**गाथार्थ :- એ પ્રમાણે પૂર્વોક્ત રીતિએ આચરેલું-આદરેલું (=સંપૂર્ણ કરેલું) પચ્ચક્ખાણ તે आराधित (આરાધેલું) પચ્ચ૦ કહેવાય. અથવા બીજી રીતે પણ ૬ પ્રકારની શુદ્ધિ છે તે આ પ્રમાણે, શ્રદ્ધાશુદ્ધિ-જાણશુદ્ધિ (=જ્ઞાનશુદ્ધિ)-વિનયશુદ્ધિ-અનુભાષણશુદ્ધિ-અનુપાલનશુદ્ધિ અને ભાવશુદ્ધિ એ ૬ શુદ્ધિ છે.**

**भावार्थ :-** આ પ્રત્યા૦ ભાષ્યમાં પ્રત્યા૦ નો જે સર્વ વિધિ કહ્યો તે વિધિ પ્રમાણે અથવા પૂર્વે કહેલી પાંચ શુદ્ધિ પ્રમાણે જે પચ્ચક્ખાણ આચર્યું હોય એટલે સંપૂર્ણ કર્યું હોય તે आराधित પચ્ચ૦ કહેવાય. તથા બીજી રીતે પણ ૬ શુદ્ધિ કહી છે તેનો ભાવાર્થ આ પ્રમાણે-

૧ શ્રદ્ધાશુદ્ધિ- સિદ્ધાંતમાં સાધુ સંબંધી અથવા શ્રાવક સંબંધી પ્રત્યાખ્યાન જે રીતે[3]

---

૧ પચ્ચ૦ નો કાળ પૂર્ણ થયો હોય તો પણ તે ઉપરાંત કંઈક અધિક કાળ વીત્યા બાદ ભોજન કરવું તે.

૨ ભોજન કરવા બેસતી વખતે "મારે અમુક પચ્ચ૦ હતું તે પૂર્ણ થયું, માટે હવે હું ભોજન કરીશ" એવા ઉચ્ચાર કરવાથી કીર્તિત કહેવાય (અવચૂરિઃ).

૩. અહીં "રીતિ" તે મુનિને પંચમહાવ્રતરૂપ મૂળગુણ પચ્ચક્ખાણ અને પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણ પચ્ચક્ખાણ, અને શ્રાવકને પંચ અણુવ્રતરૂપ મૂળગુણ પ્રત્યાખ્યાન અને દિશિપરિમાણ આદિ ઉત્તરગુણ પ્રત્યાખ્યાન અને તે સર્વનો ઉચ્ચારવિધિ જાણવો.

જે અવસ્થામાં[1] અને જે કાળમાં[2] કરવાનું કહ્યું છે તે રીતે તે અવસ્થામાં અને તે કાળે જ તે પ્રત્યા૦ કરવું યોગ્ય છે, એવી જે શ્રદ્ધા રાખવી તે.

૨ ज्ञानशुद्धि - અમુક પચ્ચ૦ અમુક અવસ્થામાં અમુક કાળે અમુક રીતે કરવું યોગ્ય છે અને અમુક રીતે કરવું અયોગ્ય છે એવા પ્રકારનું જે જ્ઞાન તે.

૩ विनयशुद्धि- ગુરુને વંદન કરવા પૂર્વક જે પચ્ચ૦ કરવું તે.

૪ अणुभाषणशुद्धि- ગુરુ પચ્ચ૦ ઉચ્ચરાવે તે વખતે મંદ સ્વરે પોતે પણ પચ્ચ૦નો આલાપક ગુરુ સાથે બોલવો-ઉચ્ચરવો તે. (અથવા ગુરુ પચ્ચક્ખાઇ કહે ત્યારે પચ્ચક્ખામિ અને વોસિરઈ કહે ત્યારે વોસિરામિ કહેવું તે.

૫ अनुपालनशुद्धि- વિષમ સંકટ પ્રાપ્ત થતાં પણ પચ્ચ૦ ભાંગવું નહિં પરંતુ સમ્યક્ પ્રકારે પાલન કરવું તે.

૬ भावशुद्धि- આ લોકમાં ચક્રવર્તી આદિના સુખની ઇચ્છા તથા પરલોકમાં ઈન્દ્રાદિકના સુખની અભિલાષા રહિત (=એટલે નિયાણા રહિત) તેમજ બીજા કોઈપણ પ્રકારના [3]રાગદ્વેષ રહિત થઈ પચ્ચ૦ પૂર્ણ કરવું તે.

---

૧ "अवस्था" તે સાધુને અંગે જિનકલ્પ-સ્થવિરકલ્પ-પરિહારકલ્પ-યથાલંદકલ્પ-બાર પ્રતિમાધારી, ઈત્યાદિ, તેમ જ ગ્લાનાદિ અવસ્થા, અને શ્રાવકને અંગે ૧૧ પ્રતિમાધર, પ્રતિમારહિત. નિયતવ્રતી (અમુક વખતે અમુક પચ્ચક્ખાણ કરવાની નિત્ય પ્રતિજ્ઞાવાળા), અને અનિયતવ્રતી (છૂટા) ઈત્યાદિ.

૨. "काळ" તે સુકાળ-દુષ્કાળ-વર્ષાકાળ-શેષકાળ ઈત્યાદિ, અથવા નમુક્કારસહિયંનો ગ્રહણકાળ સૂર્યોદય પહેલાં અને પૂર્ણ કાળ સૂર્યોદયથી ૧ મુહૂર્ત બાદ ઈત્યાદિ રીતે પણ પ્રત્યેક પચ્ચક્ખાણનો યથાસંભવ કાળ જાણવો.

એ ત્રણ વિષયોને અવચૂરિમાં સંક્ષેપથી કહ્યા છે તે આ પ્રમાણે- "अहवा" इति यत्साधुश्रावकविषयं मूलोत्तरगुणप्रत्याख्यानं यत्र जिनकल्पादौ यत्र सुभिक्षदुर्भिक्षादौ काले च तथा श्रीसर्वज्ञैरुक्तं तत्तत्र तथा श्रद्धत्ते इति श्रद्धानशुद्धिः ॥

૩. ગુરુને પોતાના તરફ રાગી બનાવવા માટે, લોકોને પોતાના ભક્તિભાવવાળા બનાવવા માટે, કોઈ પ્રિય વસ્તુનો વિરહ થતાં તેને પુનઃ પ્રાપ્ત કરવા માટે (બાધા-આખડીના સ્વરૂપમાં એ પ્રત્યાખ્યાન લોકપ્રસિદ્ધ છે.) ચમત્કારી શક્તિઓ ઉત્પન્ન કરવા માટે અને આ ભવ-પરભવનું સુખ મેળવવા માટે જે તપશ્ચર્યા કરવી તે સર્વ रागसहित પ્રત્યાખ્યાન કહેવાય, તથા આ વસ્તુ ભાવતી નથી અથવા ગમતી નથી તેનો ત્યાગ કરવો અથવા વિરોધીને સંતાપ ઉપજાવવાને તેજોલેશ્યાદિ લબ્ધિ પ્રાપ્ત કરવા માટે ઈત્યાદિ કારણથી द्वेषसहित પ્રત્યાખ્યાન કહેવાય. અથવા ચાલુ તપશ્ચર્યામાં

**अवतरण** :- હવે આ ગાથામાં પચ્ચ૦ કરવાથી આ લોકનું ફળ અને પરલોકનું ફળ એમ બે પ્રકારના ફળનું ૯ મું દ્વાર દૃષ્ટાન્તપૂર્વક કહે છે.

**पच्चक्खाणस्स फलं, इहपरलोए य होइ दुविहं तु ।**
**इहलोए धम्मिलाई, दामन्नगमाइ परलोए ॥४७॥**

**शब्दार्थ** :- સુગમ છે.

**गाथार्थ** :- **આ લોક ફળ અને પરલોક ફળ એમ પચ્ચ૦નું ફળ બે પ્રકારે છે. ત્યાં આ લોકને વિષે ધમ્મિલકુમાર વગેરેને શુભ ફળ પ્રાપ્ત થયું, અને પરલોકમાં દામન્નક વગેરેને શુભ ફળ પામ્ર થયું ॥૪૭॥**

**भावार्थ** :- સુગમ છે, પરંતુ બે ફળ સંબંધી બે દૃષ્ટાંત સંક્ષેપમાં આ પ્રમાણે-

## ધમ્મિલકુમારનું દૃષ્ટાંત (આ લોકના ફળ સંબંધી)

જંબૂદ્વીપના દક્ષિણ ભરતક્ષેત્રમાં કુશાર્ત નામના નગરમાં સુરેન્દ્રદત્ત નામના, શ્રેષ્ઠિને સુભદ્રા નામની સ્ત્રી હતી તેને સંતતિ ન હોવાથી બન્ને જણ અતિ ચિંતાગ્રસ્ત રહે છે, પરંતુ ધર્મના પ્રસાદથી પુત્ર પ્રાપ્તિ થશે એમ જાણી અત્યંત ધર્મારાધનમાં કાળ વ્યતીત કરે છે; કેટલેક કાળે પુત્રનો જન્મ થયો તેનું ધમ્મિલ એવું નામ સ્થાપ્યું. તે અનુક્રમે મોટો થતાં અનેક કળાઓમાં નિપુણ થયો, સાથે ધર્મશાસ્ત્ર પણ શીખ્યો અને ધર્મક્રિયામાં અત્યન્ત પ્રીતિવાળો થયો. માતા-પિતાએ એ જ નગરના ધનવસુ શેઠની યશોમતિ નામની કન્યા પરણાવી, કે જે એક જ જૈન ગુરુ પાસે ભણતાં ધમ્મિલ પ્રત્યે અનુરાગવાળી થઈ હતી. બન્ને જણ

---

તે તપશ્ચર્યા પ્રત્યે (આકરી લાગવાથી) ક્રોધ-ખેદ કરવો, અથવા બીજા કોઈ પ્રત્યે ક્રોધ કરવો, અથવા ગુરુ આદિકથી રીસાઈને આહારાદિકનો ત્યાગ કરવો, તથા તે તપ સંબંધી (હું આવો મહાન્ તપસ્વી છું એવું) અભિમાન ધરવું અથવા બીજા પદાર્થોના લાભથી પણ અભિમાની થવું, તે द्वेषसहित પ્રત્યાખ્યાન અને ચાલુ તપશ્ચર્યામાં (શ્રી મલ્લિનાથ પ્રભુના પૂર્વ ભવના જીવની પેઠે) તે તપ સંબંધી માયા-પ્રપંચ કરવો, અથવા બીજા કોઇ પ્રકારનો માયા-પ્રપંચ કરવો, તથા (તપ સંબંધી લોભ કરવા યોગ્ય હોવાથી તપ સિવાય અન્ય) ધન-ધાન્યાદિ સંબંધી લોભ કરવો તે रागसहित પ્રત્યાખ્યાન કહેવાય. માટે તેવા તેવા સર્વ પ્રકારના રાગદ્વેષ રહિત થઈ પ્રત્યાખ્યાન કરવું.

પોતાનો સંસાર-વ્યવહાર સુખપૂર્વક ચલાવે છે. પરંતુ થોડે કાળે ધમ્મિલકુમાર ધર્મવૃત્તિમાં અને અધ્યાત્મરસમાં બહુ રસિક થવાથી સંસારવ્યવહારથી વિરક્ત જેવો થયો, નવપરિણીત સ્ત્રીને પણ માયાજાળ સરખી ગણવા લાગ્યો. યશોમતિએ પોતાના પતિની વિમુખતા અને પોતાના દુઃખની વાત સખીઓને કહી, અને સખીઓ પાસેથી ધમ્મિલની માતાએ પણ તે વાત જાણી શેઠને કહી શેઠને પણ ચિંતા થઈ કે પુત્ર વ્યવહારમાર્ગ જાણતો નથી અને લોકમાં પણ તે મૂર્ખ ગણાય છે. ત્યારબાદ તેના ઉપાય માટે શેઠની ઘણી મના છતાં શેઠાણીએ સંસારકુશળ થવા માટે ધમ્મિલને જુગારીઓને સોંપ્યો તેમાંથી અનુક્રમે વેશ્યાગામી થયો. માતા વેશ્યાને ત્યાં દરરોજ ધમ્મિલના મંગાવ્યા પ્રમાણે ધન મોકલે છે. અંતે ઘણે કાળે માતાએ પુત્રને તેડવા મોકલ્યો છતાં ઘેર ન આવ્યો માતાપિતા પુત્રના વિયોગમાં ને વિયોગમાં જ મરણ પામ્યાં, અને યશોમતિને માથે સર્વ ઘરભાર આવી પડયો. પોતાના પતિ ધન મંગાવે તે પ્રમાણે મોકલતાં યશોમતિ પણ સર્વથા નિર્ધન થવાથી પિયર ચાલી ગઈ.

હવે ધનપ્રાપ્તિ બંધ થવાથી વસંતતિલકા પુત્રીનો અતિપ્રેમ છતાં વસંતસેના વેશ્યાએ (અક્કાએ) ધમ્મિલને દુર્દશા કરી ઘરમાંથી કાઢી મૂકયો. તેને ભમતાં ભમતાં શ્રી અગડદત્ત મહામુનિ મળ્યા. તેમણે પોતાનું સવિસ્તર ચરિત્ર કહીને તે દ્વારા ઉપદેશ આપ્યો. તેથી પ્રતિબોધ પામ્યા છતાં ધમ્મિલકુમારે ગુરુ મહારાજને કહ્યું કે-હે ગુરુ મહારાજ ! મને હજી સંસારસુખની ઈચ્છા રહેલી છે, તે પૂર્ણ થાય એવો ઉપાય બતાવો, પછી આપ કહેશો તેમ કરીશ. ગુરુએ કહ્યું- મુનિ સાંસારિક સુખનો ઉપાય બતાવે નહિ, પણ આમાં પરિણામે આશ્રવ તે સંવરરૂપ થનાર છે માટે ઉપાય બતાવું છું કે-તમારે છ માસ પર્યન્ત આયંબિલનો ચઉવિહાર તપ કરવો, પણ દ્રવ્યથી મુનિવેષ અંગીકાર કરવો, દોષ રહિત ગોચરી કરવી, મુનિપણું જાળવવું, અને નવકારમંત્રના નવલાખ જાપ ઉપરાંત ષોડશાક્ષરી મંત્ર હું બતાવું છું તેનો પણ જાંપ કરવો. આ પ્રમાણે છ માસ સુધી કરવાથી તમારી ઈચ્છા પૂર્ણ થશે. (અહીં શ્રી અગડદત્તમુનિએ ધમ્મિલકુમારને ઘણો વિશેષવિધિ વગેરે બતાવ્યો છે તે ધમ્મિલકુમારના ચરિત્રથી તથા રાસ વગેરેથી જાણવો.

ધમ્મિલકુમારે ગુરુ મહારાજના કહેવા પ્રમાણે યથાર્થ રીતે છ માસ પર્યન્ત તપ, જપ વગેરે કરી મુનિવેષ તજી દીધો ત્યારબાદ દેવની પ્રસન્નતાથી તેમજ પૂર્વભવમાં બાંધેલા અશુભ કર્મના ક્ષયથી રાજ્ય, સ્ત્રી, પુત્રાદિકના વૈભવરૂપ અનેક પ્રકારનાં સાંસારિક સુખ પામ્યા.

પ્રાન્તે ધર્મ રુચિ નામના ગુરુ મળ્યા, તેમણે ઉપદેશ આપ્યો અને પૂર્વભવ કહ્યો, તેથી વૈરાગ્ય પામી રાજ્ય પુત્રને સોંપી પોતે સ્ત્રીઓ સહિત ચારિત્ર અંગીકાર કર્યું અને દીર્ઘકાળ પર્યન્ત ચારિત્રનું પાલન કરી અંતે માસનું અણસણ કરી ધમ્મિલ મુનિ અને બે સાધ્વી કાળ કરી બારમા અચ્યુત નામના દેવલોકમાં ઉત્પન્ન થયાં. ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મોક્ષ પદ પામશે.

એ પ્રમાણે ધમ્મિલકુમારે પચ્ચક્ખાણના (=તપના) પ્રભાવથી આ ભવ સંબંધી સુખ મેળવ્યું, અને પ્રાન્તે મોક્ષપદ પામ્યા. ॥ इति धम्मिलकुमार द्रष्टान्तम् ॥

## **દામન્નકનું દૃષ્ટાંત** (પરલોકના ફળ સંબંધી)

રાજપુર નગરમાં રહેતા સુનંદ નામના કુલપુત્રે પોતાના મિત્ર જિનદાસ શ્રાવકના ઉપદેશથી સાધુ પાસે માંસનું પચ્ચ૦ કર્યું દેશમાં દુષ્કાળ પડવાથી સર્વ લોક માંસાહારી થયા. સુનંદનું કુટુંબ ક્ષુધાથી પીડાય છે, છતાં સુનંદ મત્સ્ય મારવા જતો નથી. એકવાર સાળો આગ્રહ કરીને સુનંદને સરોવર પર લઈ ગયો, અને જાળ આપી મચ્છ પકડવા કહ્યું તો પણ જાળમાં જે મચ્છ આવે તેને છોડી મૂકે, એમ ત્રણ દિવસ સુધી કર્યું. અન્તે સુનંદ અણસણ કરી મરણ પામી માંસ પચ્ચ૦ ના પ્રભાવે રાજગૃહ નગરમાં દામન્નક નામનો શ્રેષ્ઠિપુત્ર થયો. ત્યાં આઠ વર્ષનો થતાં સર્વ કુટુંબ મરકીના રોગથી મરણ પામ્યું, ત્યારે સુનંદ એ જ નગરમાં સાગરદત્ત નામના શેઠને ત્યાં રહ્યો ત્યાં ભિક્ષાર્થે આવેલા સાધુઓમાં મોટા સાધુએ સામુદ્રિક શાસ્ત્રના જ્ઞાનથી "આ દામન્નક શેઠના ઘરનો માલિક થશે." એમ બીજા સાધુને કહ્યું, તે શ્રેષ્ઠિએ સાંભળવાથી તેને ચંડાલો પાસે મારી નાખવા મોકલ્યો, પરંતુ ચંડાલોએ નાની આંગળી છેદી તેને નસાડી મૂકયો; તે નાસીને એ જ શેઠના ગોકુલવાળા ગામમાં ગયો. ત્યાં ગોકુલના રક્ષક સ્વામીએ તેને પુત્રપણે રાખ્યો. કેટલેક વર્ષે ત્યાં આવેલા સાગર શેઠે તેને ઓળખી ફરીથી મારી નખાવવા કાગળમાં

"વિષ આપજો" એમ લખી તે લેખ સાથે પોતાને ઘેર મોકલ્યો, પરંતુ થાક લાગવાથી તે જ નગરની બહાર દેવમંદિરમાં તે સૂતો છે; તેટલામાં ત્યાં આવેલી તે જ શેઠની વિષા નામની કન્યાએ તે દામન્નક પર મોહ પામવાથી પાસે રહેલા પત્રમાં "વિષ"ને બદલે "વિષા" સુધાર્યું, જેથી ઘેર જતાં તેને શેઠના કુટુંબીઓએ શેઠની વિષા કન્યા પરણાવી. શેઠે ઘેર આવતાં અનર્થ થયો જાણી પુનઃ મારી નખાવવાનો ઉપાય રચ્યો, પરંતુ વિધિના યોગે તેને બદલે શેઠનો પુત્ર જ હણાયો. એટલે સાધુનું વચન અસત્ય નહિ થાય એમ માની. શેઠે તેને ઘરનો માલિક કર્યો. અનુક્રમે રાજાએ પણ નગરશેઠની પદવી આપી. તે નગરમાં ગુરુ પધાર્યા જાણી વંદના કરવા ગયો. ત્યાં ધર્મદેશના સાંભળી પૂર્વભવનું માંસનું પચ્ચ૦ સ્મરણમાં આવ્યું, તેથી સમ્યક્ત્વ પામી ધર્મારાધન કરી દેવલોકમાં ગયો ત્યાંથી મહાવિદેહમાં ઉત્પન્ન થઈ મોક્ષપદ પામશે. ॥ इति दामन्नक द्रष्टान्तम् ॥

**अवतरण :-** હવે આ પ્રત્યાખ્યાનભાષ્યની સમાપ્તિના પ્રસંગે પચ્ચક્ખાણ કરવાથી જે ઉત્તમોત્તમ ફળ પ્રાપ્ત થાય છે તે દર્શાવે છે, અને તે સાથે આ ભાષ્ય સમાપ્ત થાય છે.

**पच्चक्खाणमिणं से-विऊण भावेण जिणवरुद्दिट्ठं ।**
**पत्ता अणंत जीवा, सासयसुक्खं अणाबाहं ॥४८॥**

**શબ્દાર્થ :-**

**इणं**=આ
**उद्दिट्ठं**=ઉદ્દિષ્ટ, કહેલ
**पत्ता**=પામ્યા
**सासयसुक्खं**=શાશ્વત્ સુખને, મોક્ષને
**अणाबाहं**=અનાબાધ, બાધા (પીડા) રહિત

**गाथार्थ :- શ્રી જિનેશ્વરે કહેલા આ પચ્ચક્ખાણને ભાવથી સેવીને અનંત જીવો બાધા (પીડા) રહિત એવા મોક્ષસુખને પામ્યા ॥૪૮॥**

**भावार्थ :-**પૂર્વે કહેલો પચ્ચક્ખાણનો સર્વ વિધિ અનંત જ્ઞાની શ્રી જિનેશ્વરોએ જ કહ્યો છે, અને તેનું સર્વોત્તમ ફળ જીવોને મોક્ષસુખ પ્રાપ્ત થવું તે જ છે. એ પચ્ચક્ખાણવિધિ આચરીને ભૂતકાળમાં અનંત જીવો મોક્ષસુખ પામ્યા છે, વર્તમાનકાળમાં અનેક જીવો (મહાવિદેહ ક્ષેત્રમાં) મોક્ષ સુખ પામે છે, અને ભવિષ્યમાં પણ અનન્ત જીવો મોક્ષ સુખ પામશે.

## ॥ પ્રત્યાખ્યાન ધર્મ આદરવાનો અને તે સંબંધી લૌકિક કુપ્રવચનો ત્યાગ કરવાનો ઉપદેશ ॥

વળી અહીં વિશેષ સમજવા યોગ્ય એ છે કે-પ્રભુએ પ્રરૂપેલો પ્રત્યાખ્યાન ધર્મ પાલન કરવો એ જ મનુષ્યભવ અને જૈન ધર્મ પામ્યાનું સર્વોત્કૃષ્ટ ફળ છે, તે પાલન કરવાથી જ આત્મધર્મ સંપૂર્ણ પ્રગટ થઈ પરમાનંદની (મોક્ષની) પ્રાપ્તિ થાય છે. છતાં તે પ્રભુ પ્રરૂપિત પ્રત્યાખ્યાન ધર્મને પાલન કરવા જેવી શક્તિ (વીર્યાન્તરાય કર્મની પ્રબલતા વડે) ન હોવાથી અથવા તેવો ભાવ પણ (અપ્રત્યાખ્યાનાદિ કષાય મોહનીય કર્મની પ્રબલતા વડે) ન થવાથી જો તે ગ્રહણ ન કરી શકીએ, તો પણ પ્રત્યાખ્યાન ધર્મ મોક્ષનું પરમ અંગ છે, અને કેવળ ભાવથી (અવ્યક્ત) અથવા તો દ્રવ્ય સહિત ભાવથી (વ્યક્ત) પણ પ્રત્યાખ્યાન ધર્મ જ્યાં સુધી પ્રાપ્ત નહિ થાય ત્યાં સુધી આત્માની મુક્તિ પણ નહિ જ થાય એવી સમ્યક્‌શ્રદ્ધા તો અવશ્ય રાખવી.

### ॥ પ્રત્યાખ્યાન ધર્મ સંબંધી લૌકિક કુપ્રવચનો ॥

વળી પ્રત્યાખ્યાન ધર્મની સન્મુખ થયેલા ધર્મી જીવોએ પ્રત્યા૦ ધર્મથી અને તેની ભાવનાથી પણ પતિત કરનારાં જે લૌકિક કુપ્રવચનો છે, તે જાણી-સમજીને તેનો ત્યાગ કરવો યોગ્ય છે, તે કુપ્રવચનો આ પ્રમાણે[૧]-

૧-મનની ધારણા માત્રથી ધારી લેવું તે પચ્ચક્‌ખાણ જ છે, હાથ જોડીને ઉચ્ચારવાથી શું વિશેષ છે ?-એ કુપ્રવચન.

૨-મરૂદેવા માતાએ* ક્યાં પચ્ચક્‌ખાણ કર્યું હતું ? છતાં ભાવના માત્રથી મોક્ષે ગયાં માટે ભાવના ઉત્તમ છે-એ કુપ્રવચન.

---

૧ આ કુપ્રવચનોમાં કેટલાંક વચનો શાસ્ત્રોક્ત પણ છે, પરંતુ શાસ્ત્રમાં તો તે વચનો જીવોને ધર્મ સન્મુખ કરવાની અપેક્ષાએ કહ્યાં છે, છતાં એ જ વચનો પ્રત્યા૦ ધર્મને હલકો પાડવા માટે બોલાતાં હોવાથી કુપ્રવચનો કહેવાય.

*મરૂદેવા માતા, ભરતચક્રી અને શ્રેણિકરાજા ઇત્યાદિ જીવો જો કે વ્યક્ત (લોકદૃષ્ટિમાં આવે એવો) પ્રત્યા૦ ધર્મ પામ્યા નથી, તો પણ શાસ્ત્રદૃષ્ટિએ તો વ્રત-નિયમાદિ અવ્યક્ત પણ પ્રત્યાખ્યાન ધર્મથી જ મોક્ષ ઇત્યાદિ ભાવ પામ્યા છે, તો પણ પાંચ ઇન્દ્રિયોના વિષયમાં પરાધીન બનેલા, અને તેથી જ વિષયો ત્યાજ્ય છે એવી માન્યતારૂપ શ્રદ્ધામાર્ગમાં નહિ આવેલ જીવો જ એવાં પ્રવચનો પ્રગટ કરી પ્રત્યાખ્યાન ધર્મને હલકો પાડે છે, પોતાની વિષયાધીનતાનો બચાવ કરે છે અને ભક્ષ્યાભક્ષ્ય જેવા વિવેકમાં ન આવ્યા છતાં પણ આત્મધર્મીપણું દર્શાવવા પ્રયત્ન કરે છે.

૩-ભરત ચક્રવર્તી છ ખંડનું રાજય ભોગવતાં પણ વ્રત નિયમ વિના ભાવના માત્રથી કેવલજ્ઞાન પામ્યા-એ કુપ્રવચન.

૪-શ્રેણિક રાજાએ નવકારસી જેવું પચ્ચક્ખાણ ન કરવા છતાં પણ પ્રભુ ઉપરના પ્રેમ માત્રથી તીર્થંકર ગોત્ર બાંધ્યું, માટે પચ્ચ૦થી શું વિશેષ છે ?-એ કુપ્રવચન.

૫-દાન, શીલ, તપ અને ભાવના આ ચાર ધર્મમાં પણ ભાવ ધર્મપ્રધાન કહ્યો છે, પરંતુ દાનાદિક નહિ-એ કુપ્રવચન.

૬-વ્રત-નિયમ પચ્ચક્ખાણ એ તો ક્રિયા ધર્મ છે, અને ક્રિયા તો જ્ઞાનની દાસી છે, માટે જ્ઞાનાદિકરૂપ ભાવના ઉત્તમ છે, પણ વ્રત-નિયમાદિ ક્રિયા ઉત્તમ નથી-એ કુપ્રવચન.

૭-વળી પચ્ચક્ખાણ લઈને પાળી ન શકાય તો વ્રતભંગ કરવાથી મહાદોષ પ્રાપ્ત થાય છે, તે કરતાં ભાવના માત્રથી પચ્ચક્ખાણ લીધા વિના જ વ્રત નિયમ પાળવા તે ઉત્તમ છે-એ કુપ્રવચન.

૮-પચ્ચક્ખાણ લઈને પણ મન કાબૂમાં રહેતું નથી, નિત્ય નિયમ પ્રમાણે મન તો આહાર-વિહારમાં ભમતું જ રહે છે, ત્યારે પચ્ચક્ખાણ લીધું કામનું શું ?-એ કુપ્રવચન

૯-કોઈ જીવ અણભાવતી અથવા અલભ્ય (પ્રાયઃ ન મળી શકે એવી) વસ્તુનું પચ્ચક્ખાણ કરે ત્યારે તેની હાંસી કરે કે-એમાં તેં શું છોડયું ? ના મળી નારી ત્યારે બાવો બ્રહ્મચારી-એ કુપ્રવચન.

૧૦- લોક સમક્ષ ઊભા થઇ હાથ જોડી ઠાઠમાઠથી પ્રત્યાખ્યાન ઉચ્ચરવું એ તો મેં પચ્ચક્ખાણ કર્યું એવો લોકદેખાવ-આડંબર છે, માટે જેમ ગુપ્તદાન ઘણા ફળવાળું છે, તેમ મન માત્રની ધારણાથી ધારેલું અને પાળેલું પચ્ચ૦ ઘણા ફળવાળું છે-એ કુપ્રવચન.

ઈત્યાદિ બીજાં પણ અનેક કુપ્રવચનો છે, તો પણ એ ૧૦ મુખ્ય જાણી કહ્યાં છે. એ કુપ્રવચનો પ્રત્યાખ્યાન ધર્મનાં વિઘાતક અને ધર્મથી પતિત કરનારાં હોવાથી પ્રત્યાખ્યાન ધર્મમાં ઉજમાળ થયેલા જીવોએ આદરવાં નહિ, બોલવાં નહિ તેમ સાંભળવાં પણ નહિ. ॥ इति प्रत्याख्यानधर्मे लौकिककुप्रवचनानि ॥

એ પ્રમાણે આ **પચ્ચક્ખાણ** ભાષ્ય સમાપ્ત થયું. અને તે સમાપ્ત થવા સાથે ચૈત્યવંદન ભાષ્ય, ગુરુવંદન ભાષ્ય અને પચ્ચક્ખાણ ભાષ્ય એ ત્રણેય ભાષ્ય પણ સમાપ્ત થયાં. એ ત્રણે ભાષ્યના અર્થમાં મતિદોષથી જે કોઇ ભૂલચૂક થઈ હોય તેનું મિથ્યાદુષ્કૃત હો અને સજ્જન વાચકવર્ગ તે ભૂલચૂક સુધારીને વાંચે એવી અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

**इति श्री महिसानाख्य-नगरनिवासी-सद्गतश्रेष्ठिवर्य-श्रीयुत वेणीचन्द्र-सुरचन्द्र-संस्थापित-श्री जैनश्रेयस्करमंडल सत्प्रेरणात: श्रीभृगुकच्छनिवासी-श्रेष्ठिवर्य-श्रीयुता-नुपचन्द्र-विद्यार्थी-चन्दुलाल-लिखित: श्री प्रत्याख्यानभाष्य-भावार्थ:**

**समाप्त :**

# શ્રી જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

## અમારાં પ્રકાશનો

સામાયિક ચૈત્યવંદનાદિ સૂત્રો
બે પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
બે પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
બે પ્રતિક્રમણ મૂળ (સાર્થ)
પંચ પ્રતિક્રમણ મૂળ (ગુજ.)
પંચ પ્રતિક્રમણ મૂળ (હિન્દી)
પંચ પ્રતિક્રમણ મૂળ (સાર્થ)
જીવ વિચાર
દંડક - લઘુસંગ્રહણી
ભાષ્યત્રયમ્
કર્મગ્રન્થ ભાગ ૧લો (૧-૨)
કર્મગ્રન્થ ભાગ ૨જો (૩-૪)
કર્મગ્રન્થ ભાગ ૩જો (૫-૬)
તત્ત્વાર્થાધિગમ સૂત્ર
પંચસંગ્રહ ભાગ ૩
પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)

આનંદઘન ચોવીશી સાર્થ
દ્રવ્યગુણ પર્યાયનો રાસ
જિનગુણ પદ્યાવલી
સમકિત ૬૭ બોલની સજ્ઝાય
આત્મહિતકર આધ્યાત્મિક-
વસ્તુ સંગ્રહ
અભક્ષ્ય અનંતકાય વિચાર (ગુજ.)
અભક્ષ્ય અનંતકાય વિચાર (હિન્દી)
સમાસ સુબોધિકા
સિદ્ધહેમ રહસ્યવૃત્તિ
પહેલી ચોપડી
ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
નવતત્ત્વ પ્રકરણ
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર ભાગ ૨
(પં. શ્રી પ્રભુદાસભાઈ કૃત)

## : ગ્રાહકોને સૂચના :

૧. પુસ્તકો અગાઉથી નાણાં મળ્યા પછી કે વી.પી.થી મોકલી શકાય છે.
૨. પોસ્ટેજ પેકીંગ વગેરે ખર્ચ અલગ સમજવાનું છે.

## : પ્રાપ્તિસ્થાન :

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
સ્ટેશન રોડ, મહેસાણા (ઉ.ગુજરાત)
પી. નં. ૩૮૪ ૦૦૧
ફોન : (૦૨૭૬૨) ૨૨૨૯૨૭

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
બાબુ બિલ્ડીંગ,
તળેટી રોડ, પાલીતાણા (સૌરાષ્ટ્ર)
પીન નં. :- ૩૬૪૨૭૦

આપના બાળકોને
શ્રદ્ધાળુ, જ્ઞાનવાન
અને
ચારિત્રસંપન્ન બનાવવા
મહેસાણા
પાઠશાળામાં દાખલ
કરો
પ્રવેશ પત્ર મંગાવી
નીચેના સરનામે
ભરી મોકલો

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા
ઠે. : સ્ટેશન રોડ,
મહેસાણા (ઉ.ગુ.) ૩૮૪૦૦૧.

: મુદ્રક :
ભરત પ્રિન્ટરી
(કાન્તિલાલ ડી. શાહ)
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૬૪૭૯૮